મિખાઈલ ઇલ્યીન યૅલેના સેગાલ

મનુષ્ય વિરાટ કેમ કરી બન્યો

મિખાઈલ ઇલ્યીન, યેલેના સેગાલ

મનુષ્ય વિરાટ કેમ કરી બન્યો

પ્રગતિ પ્રકાશન · મોસ્કો



અનુવાદક — અતુલ
ચિત્રકાર — યૂરી કોપીલોવ

М. Ильин и Е. Сегал

КАК ЧЕЛОВЕК СТАЛ ВЕЛИКАНОМ

На языке гуджарати

અનુક્રમણિકા

ત્રીજી કડી

ચોથી કડી

પાંચમી કડી

છઠ્ઠી કડી

સાતમી કડી

આઠમી કડી

નવમી કડી

દસમી કડી

અગિયારમી કડી

બારમી કડી

મનુષ્ય વિરાટ છે

આ પૃથ્વી ઉપર એક વિરાટ જીવ વસે છે.

તેના હાથ રેલગાડીના ઍંજિનને સહેલાઈથી ઊંચકી લેવાની શક્તિ ધરાવે છે.

તેના પગ એક દિવસમાં હજારો માઈલનું અંતર કાપી શકે છે.

પોતાની પાંખો વડે તે વાદળથીયે ઉપર ઊડી શકે છે, ગગનમાં કોઈ પણ પંખી કરતાં અધિક ઊંચે વિહરી શકે છે.

તે કોઈ પણ માછલી કરતાં વધારે સબળ મીનપક્ષ ધરાવે છે.

તેનાં નેત્ર અદૃશ્ય તત્ત્વોને જોઈ શકે છે, તેના કાન દુનિયાને બીજે છેડે બોલાયેલા શબ્દો સાંભળી શકે છે.

તે પહાડોને વીંધીને રસ્તા બનાવી શકે અને પાણીના પડતા ધોધને હવામાં અદ્ધર રોકી દઈ શકે એટલો બળવાન છે.

તે વનોની રચના કરીને, સમુદ્રોને સાંકળીને અને ઉજ્જડ રણોમાં પાણી પહોંચાડીને પૃથ્વીની કાયા પલટાવી રહ્યો છે.

એવો મહાસમર્થ વિરાટ જીવ કોણ છે?

મનુષ્ય.

પણ એ જીવ એટલો વિરાટ કેમ કરી બન્યો? તે આ પૃથ્વીનો સ્વામી કેવી રીતે બની ગયો?

એ જ વાતનું છે આ પુસ્તક.

પહેલી કડી

અદૃશ્ય પાંજરું

એક સમયે મનુષ્ય અશક્ત વામણું પ્રાણી હતો, મહાસમર્થ વિરાટ જીવ નહિ; તે કુદરતનો રાંક ગુલામ હતો, તેનો સ્વામી નહિ.

કુદરત ઉપર તે રાનમાં રઝળતા કોઈ પશુ કે હવામાં ઊડતા કોઈ પંખી જેટલો જ કાબૂ ધરાવતો હતો અને તેમના જેટલી જ આઝાદી ભોગવતો હતો.

કહેવાય છે કે પંખી જેવી આઝાદી.

પણ શું પંખી સાચેસાચ આઝાદ છે?

એ વાત ખરી કે પંખીને પાંખ હોય છે. પોતાની પાંખ વડે તે ગમે ત્યાં જઈ શકે છે, વનપ્રદેશની ઉપર વિચરે છે, પર્વતોથીયે ઊંચે ઊડે છે અને ગગનમાંથી સમુદ્રોનાં અફાટ જળને અવલોકે છે. શરદ ઋતુમાં દક્ષિણ દિશા તરફ ઊડી જતાં પંખીઓને જોઈને આપણા મનમાં કેટલીયે વાર ઈર્ષાના ભાવ જાગ્યા હશે. ઊંચે નિર્મળ આકાશમાં પાંખો ફેલાવીને ઊડી જતા ચેતનવંતા પક્ષીવૃંદને જોઈને નીચે ઊભેલા લોકો આશ્ચર્યથી માથાં ઉછાળતાં કહેશે: "અરે, પંખીઓને જુઓ તો! એ બધાં મન ફાવે ત્યાં ઊડી શકે છે!"

પણ હકીકતમાં એમ છે ખરું? શું પંખીઓ હજારો માઈલ એટલા માટે ઊડે છે કે સફર ખેડવામાં એમને મઝા આવે છે? ના, એમ નથી. એ ગમ્મત માટે નથી ઊડતાં, જરૂરત એમને આગળ ધકેલે છે. હજારો વર્ષોના ગાળામાં પક્ષીઓની અનંત પેઢીઓના જીવન ટકાવી રાખવાના સંઘર્ષ દરમિયાન આવી પ્રવાસી ટેવોનો વિકાસ થયો છે.

પક્ષી તો સહેલાઈથી ઊડીને એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈ શકે છે. તો પછી સ્વાભાવિક રીતે જ પ્રશ્ન ઊભો થાય કે દરેક જાતિનાં પક્ષી દુનિયાના દરેક ભાગમાં કેમ જોવામાં નથી આવતાં.

જો એમ હોત તો અમારા દેશના ઉત્તર વિસ્તારમાં આવેલાં પાઈન (pine) વૃક્ષોનાં વનોમાં અને બર્ચ (birch) વૃક્ષોની ઝાડીઓમાં શોભીતી પાંખોવાળાં પોપટ અને ચંડોળ પક્ષીઓ ઊભરાતાં

હોત. પણ એમ નથી અને એમ કદી બની પણ ન શકે, કારણ કે પક્ષીઓ લાગે છે એટલાં આઝાદ નથી. આ દુનિયામાં દરેક પક્ષી પોતપોતાનું નિર્ધારિત સ્થાન ધરાવે છે. એક જંગલમાં વસતું હોય છે, બીજું ખેતરમાં રહેતું હોય છે અને ત્રીજાનું ઘર સમુદ્રને કિનારે આવેલું હોય છે.

જરા કલ્પના તો કરો કે ગરુડની પાંખમાં કેટલું કૌવત હોય છે! અને છતાં માળો બાંધવાની જગ્યા પસંદ કરતી વખતે તે અદૃશ્ય સીમાઓ (એ સીમાઓ નકશા ઉપર દોરીને પણ બતાવી શકાય એવી હોય છે) કદી પણ નહિ ઓળંગે. સોનેરી ગરુડ પોતાનો મોટો માળો ખુલ્લા વૃક્ષવિહોણા મેદાનોમાં કદી પણ નહિ બાંધે. એ જ પ્રમાણે ખુલ્લા મેદાનોમાં વસતું ગરુડ પોતાનો માળો જંગલમાં કદી પણ નહિ બાંધે.

કોઈ અદૃશ્ય સીમા જંગલો અને મેદાનોને એકબીજાથી નોખાં પાડતી હોય છે. એ સીમાને દરેક પશુ કે પંખી ઓળંગી શકતું નથી.

પિંગલરંગી તેતર (hazel-grouse), કિંગ્લેટ (kinglet) કે ખિસકોલી જેવાં સાચાં વનવાસી પશુપંખી તમને મેદાનોમાં ક્યારેય જોવા નહિ મળે. એ જ પ્રમાણે બસ્ટર્ડ (bustard) કે જેરબોઆ (jerboa) જેવાં સાચાં મેદાનવાસીઓ તમને જંગલમાં ક્યારેય જોવા નહિ મળે.

એ ઉપરાંત, પ્રત્યેક વનમાં અને પ્રત્યેક મેદાનમાં અનેક નાનકડી અદૃશ્ય સીમાઓ હોય છે. એ સીમાઓ વનો અને મેદાનોને અનેક નાનકડી દુનિયાઓમાં વિભાજિત કરે છે.

વનમાં એક લટાર

વનમાં ફરવા નીકળીએ ત્યારે આપણે અનેક અદૃશ્ય સીમાઓ ઓળંગીએ છીએ. વળી ઝાડ ઉપર ચડીએ ત્યારે પણ આપણું માથું બીજી અનેક અદૃશ્ય સીમાઓ તોડતું ઉપર આગળ વધે છે. એક વિશાળ ભવનની જેમ આખું વન અનેક માળાઓમાં અને ઘરોમાં વહેંચાયેલું હોય છે. આપણે એને જોઈ નથી શકતા પણ એ બધાં સાચેસાચ અસ્તિત્વ ધરાવતાં હોય છે.

ઉદાહરણ રૂપે તમે જોશો કે ફર (fir) વૃક્ષોનું સ્થાન એકાએક પાઈનવૃક્ષોએ લઈ લીધું છે અને વળી અમુક ઠેકાણે પાઈનવૃક્ષો ખૂબ ઊંચાં ઊગેલાં છે તો અમુક બીજી જગ્યાઓએ એનાં એ પાઈનવૃક્ષો એટલાં ઊંચાં નથી ઊગ્યાં. અહીં એક ઠેકાણે તમે લીલની જાજમ ઉપર ચાલો છો તો ત્યાં બીજી તરફ જમીન ઘાસ કે સફેદ છડીલાથી છવાયેલી છે.

શહેરનો રહેવાસી કોઈ માણસ એક દિવસ માટે ગામડામાં આવે તો કહેશે કે પોતે વનમાં ભ્રમણ કરી રહ્યો છે. પણ કોઈ વન-નિષ્ણાતને પૂછશો તો એ તમને જણાવશે કે ત્યાં એક નહિ પણ ચાર વન છે. પેલું ભીનાશવાળા પોલાણમાં આવેલું છે તે ફરવૃક્ષોનું ઉપવન છે. તેમાં ચાલશો તો તમારા પગ નીચે લીલની જાડી પણ પોચી જાજમ પાથરેલી હોય એમ લાગશે. થોડેક દૂર રેતીના ઢોળાવમાં લીલી

બે વનવાસી પંખી—કાષ્ઠકૂટ અને ક્રોસબીલ

શેવાળનાં પાઈનવૃક્ષોનું ઉપવન છે અને તેમાં ઠેકઠેકાણે બ્લ્યુબેરી (blueberry) તથા બીલબેરી (bilberry)નાં છોડ ઊગેલાં છે. એથી વધારે ઊંચે રેતીની ટેકરીઓ ઉપર સફેદ શેવાળનાં પાઈનવૃક્ષોનું ઉપવન છે. એથી પણ આગળ વધીએ તો પણે ભેજવાળી જગ્યામાં ઊગેલાં પાઈનવૃક્ષોની નીચે જમીન ઉપર ઘાસ ઊગેલું છે.

વનપ્રદેશની ચાર જુદી જુદી દુનિયાઓને એકબીજાથી અલગ કરતી ત્રણ દીવાલો તમે હમણાં જ મુદ્દલ જોયા વગર જ પાર કરી ગયા.

ઘરો ઉપર જેમ નામનાં પાટિયાં હોય છે તેમ વનમાં પણ નામનાં પાટિયાં લગાવવામાં આવે તો ફરવૃક્ષોના વનમાં તમને આવાં પાટિયાં જોવા મળશે: શ્રી ક્રોસબીલ (crossbill), શ્રી સીસકીન (siskin), શ્રી કિંગ્લેટ, શ્રીમતી ત્ર્યંગુલ કાષ્ઠકૂટ... પર્ણધારક વનમાં તમને આવાં પાટિયાં જોવા મળશે: શ્રી લીલરંગી કાષ્ઠકૂટ, શ્રીમતી ગોલ્ડફીંચ (goldfinch), કુમારી બ્લ્યુ ટીટમાઉસ (blue titmouse), શ્રી ફ્લાયકેચર (flycatcher), શ્રીમતી ચીફ્ચેફ (chiff-chaff), શ્રીમતી મોકીંગબર્ડ (mockingbird), શ્રી બ્લેકકેપ (blackcap), શ્રી કૃષ્ણરંગી કાષ્ઠકૂટ, અને એવાં જ બીજાં ઘણાં.

પ્રત્યેક વનમાં ઘણા માળ હોય છે.

પાઈનવૃક્ષોના વનમાં બે અને ક્યારેક ત્રણ માળ હોય છે. ભોંયતળિયે લીલ કે ઘાસ હોય છે. વચલો માળો છોડવાઓનો હોય છે અને પાઈનવૃક્ષો સૌથી ઉપરના માળાનું સ્થાન ધરાવે છે.

ઓક (oak) વૃક્ષોના વનમાં સાત માળ હોય છે. ઓક, ઍશ (ash), લીંડન (linden) અને મેપલ (maple) વૃક્ષોની ઉપર હવામાં લહેરાતી ટોચનો બનેલો સૌથી ઉપરનો માળો ઉનાળામાં લીલા રંગના અને શરદ ઋતુમાં સોનેરી-રાતા રંગના છત્ર જેવો હોય છે. પહાડી ઍશવૃક્ષો તથા જંગલી સફરજન અને નાસપાતીનાં ઝાડોની ટોચ વિશાળ ઓકવૃક્ષોની ટોચથી લગભગ અરધી ઊંચાઈ સુધી પહોંચતી હોય છે.

એથી નીચાં હોય છે અનેક પ્રકારનાં નાનાં ઝાડવાં, જેમાં કાષ્ઠફળનાં ઝાડ અને કાંટાળા હોથોર્ન (hawthorn) વૃક્ષોનો સમાવેશ થાય છે. પછી હોય છે ફૂલના છોડવા અને ઘાસ. એમાં પણ સરખી ઊંચાઈનાં પટ હોય છે. બીજાં બધાં ફૂલોની ઉપર બ્લ્યુબેલ (blue-bell) પુષ્પો ઝળુંબી રહેતાં હોય છે. તેમની નીચે ફર્નના (fern) રોપાઓની વચ્ચે ખીણનાં કમળ અને કાઉવ્હીટ (cow-wheat) ઊગે છે અને જમીનથી જરાક જ ઊંચે પર્ણધારક વનોની મુલાયમ લીલની ઉપર વાયોલેટ (violet) પુષ્પો તથા જંગલી સ્ટ્રૉબેરી (strawberry) ઊગેલાં હોય છે.

વનનું ભંડકિયું યોગ્ય રીતે જ જમીનની નીચે હોય છે. ત્યાં આપણને વૃક્ષોનાં, ઝાડવાંનાં અને ફૂલછોડનાં મૂળિયાં જોવા મળે છે.

પાઈનવૃક્ષોના વનના કે પર્ણધારક વનના પ્રત્યેક માળના પોતાના જ રહેવાસીઓ હોય છે. બાજપક્ષી પોતાનો માળો સૌથી ઊંચે બાંધે છે. તેની નીચે, ઝાડની બખોલમાં, કાષ્ઠકૂટ પોતાના પરિવાર સાથે રહે છે. બ્લૅકકેપપક્ષી કાંટાળા હોથોર્ન ઝાડવામાં પોતાનો માળો રચે છે. ભોંયતળિયાનો રહેવાસી વૂડકોક (woodcock) નીચે આંટા મારતો રહે છે. જમીનની નીચે ભંડકિયામાં જંગલી ઉંદર પોતાનાં ઘર અને ભોંયરાં બનાવે છે.

આ વિશાળ હવેલીમાં અનેક ઘર હોય છે. ઉપરના માળાઓમાં ભરપૂર સૂર્યપ્રકાશ આવે છે અને તેથી તે સૂકા હોય છે. ભોંયતળિયે અંધારું અને ભેજ હોય છે. માત્ર ઉનાળામાં જ ઉપયોગમાં આવી શકે એવાં શીતળ ઘર પણ હોય છે અને બારેમાસ વપરાય એવાં હૂંફાળાં ઘર પણ હોય છે.

ભોંયમાં ખોદેલું દર હૂંફાળું ઘર હોય છે. વૈજ્ઞાનિકોએ પાંચ ફૂટ ઊંડા દરનું ઉષ્ણતામાન માપી જોયું છે. શિયાળામાં બહાર જમીનની ઉપર −૧૮°(સેન્ટિગ્રેડ) ઉષ્ણતામાન હતું ત્યારે દરમાં થર્મોમિટરે +૮° (સેન્ટિગ્રેડ) ઉષ્ણતામાન બતાવ્યું હતું.

ઝાડની બખોલ ઘણી વધારે શીતળ હોય છે. શિયાળામાં ત્યાં કોઈ પ્રાણી રહે તો થીજી જ જાય. પણ ઉનાળામાં રહેવા માટે એ ખૂબ જ સરસ જગ્યા બની જાય છે. ખાસ કરીને હંમેશાં 'રાતપાળી' કર્યા પછી દિવસ આખો સૂર્યના પ્રકાશથી છુપાઈને કોઈ અંધારા ખૂણામાં ઝોલાં ખાતા રહેવાનું પસંદ કરનાર ઘુવડ અને ચામાચીડિયા જેવાંને માટે તો એ બહુ જ માફક જગ્યા હોય છે.

લોકો ઘણી વખત પોતાનાં ઘર બદલીને એક ઘરમાંથી બીજા ઘરમાં રહેવા જાય છે, એક માળેથી બદલીને બીજે માળે રહેવા જાય છે. પણ વનમાં રહેતાં પશુપંખીઓ માટે એમ કરવું વસ્તુત: અશક્ય છે.

વૂડકોક પોતાનું અંધારું અને ભેજવાળું ઘર મૂકીને સૂકા અને સૂર્યના પ્રકાશથી ઝળહળતા મેડામાં રહેવા કદી નહિ જાય. એ જ પ્રમાણે મેડો પસંદ કરતું બાજપક્ષી પોતાનો માળો ઝાડને તળિયે જમીન ઉપર લઈ જવા કદી તૈયાર નહિ થાય.

વનના કેદીઓ

ધારો કે એક ખિસકોલીએ એક જેરબોઆ સાથે ઘરની અદલાબદલી કરવાનું નક્કી કર્યું. ખિસકોલી તો વનમાં રહેતી હોય, જ્યારે જેરબોઆનું ઘર હોય ઘાસના ખુલ્લા મેદાનમાં કે પછી રણમાં.

ખિસકોલીનું ઘર હોય ઝાડ ઉપર ઊંચે, બખોલમાં કે પછી ડાળીઓની વચ્ચે ક્યાંક. જેરબોઆ તો જમીનમાં ખોદેલા દરમાં રહે.

પોતાના નવા ઘરમાં જઈને વસવા માટે જેરબોઆને ઝાડ ઉપર ચડવું પડશે. પણ એમ કરવું એને માટે અશક્ય જ છે, કેમ કે તેના પગના પંજા ઝાડ ઉપર ચડવાના કામ માટે તદ્દન નકામા હોય છે.

બીજી તરફ, ખિસકોલી ભોંયમાં ખોદેલા દરમાં રહી જ ન શકે. કેમ કે તેના જીવનની ટેવો અને રીતો બધી ઝાડની ઉપર રહેનાર પ્રાણીની હોય છે.

તેની પૂંછડી અને પંજા તરફ નજર નાખીશું એટલે તરત જ કલ્પના આવી જશે કે તે ક્યાં રહે છે.

ખિસકોલીના પંજા ડાળીઓ પકડવામાં અને વૃક્ષો ઉપરથી કાષ્ઠફળ તેમ જ પાઈનવૃક્ષનાં કોચલાંવાળાં ફળ તોડી લેવામાં ઉપયોગી થાય એવી રીતે બનેલા હોય છે. તેની પૂંછડી બરાબર વિમાની છત્રી જેવી હોય છે અને, તે જ્યારે એક ડાળીએથી કૂદકો મારીને બીજી ડાળીએ જાય છે ત્યારે હવામાં સમતુલા જાળવી રાખવામાં તેને સહાયક બને છે. માર્ટેન (marten) થી બચવા માટે ખિસકોલી જ્યારે સંતાતી કૂદતી ભાગે છે ત્યારે તેની પૂંછડીથી તેને ખૂબ મદદ મળે છે.

પણ ઘાસના મેદાનમાં રહેતા જેરબોઆને સાવ જુદી જાતના પંજા હોય છે અને તેની પૂંછડીમાં ખિસકોલીની પૂંછડીને મળતું આવે એવું કશું જ નથી હોતું. ઘાસના ખુલ્લા સપાટ મેદાનમાં સંતાવા માટે ક્યાંય એકેય છોડવો કે સલામતી માટે ક્યાંય એકેય ઝાડ હોતું જ નથી. ત્યાં દુશ્મનથી બચવાનો એકમાત્ર ઉપાય હોય છે નાસી જવું, અદૃશ્ય થઈ જવું, સાચેસાચ જમીનમાં ઘૂસી જવું. અને જેરબોઆ બરાબર એમ જ કરે છે. જેવું એ ઉપર ચકરાવા લેતા સામાન્ય કે શિંગાળા ઘુવડને જુએ છે કે

તરત જ તે બને તેટલી ઝડપે ઊછળતું કૂદતું ભાગવા માંડે છે અને જમીનની નીચે તેણે બનાવેલા અનેક ભોંયરાંમાંથી એકમાં અદૃશ્ય થઈ જાય છે. એટલે જ તેના પંજા એ કામમાં ઉપયોગી થાય એવા હોય છે. કૂદતી વખતે તે પોતાના લાંબા પાછલા પગ આંચકો મારીને આગળ વધવા માટે વાપરે છે અને તેના ટૂંકા આગલા પગ જમીનને ખોદવાનું કામ કરે છે. પોતાના દુશ્મનોથી બચવા તે દરમાં જઈને છુપાઈ જાય છે. દરમાં તેને ઉનાળામાં તાપથી અને શિયાળામાં ટાઢથી રક્ષણ મળે છે.

અને એની પૂંછડી કેવી છે? જેરબોઆની પૂંછડી તેના પંજાની ઉત્તમ સહાયક છે. એ નાનકડું પ્રાણી આમતેમ નજર દોડાવવા પોતાના પાછલા પગ પર બેસે છે ત્યારે તેની પૂંછડી આધાર આપવાનું કામ કરે છે અને શરીર ટેકવવા માટે એક પ્રકારે ત્રીજા પગની ગરજ સારે છે. અને તે કૂદે છે ત્યારે કૂદકામાં પૂંછડી તેનું સુકાનની જેમ માર્ગદર્શન કરે છે. પૂંછડી ન હોત તો કૂદકો મારતાં પ્રત્યેક વેળા જેરબોઆ અદ્ધર હવામાં ગોથું ખાઈને ધબાક દેતું જમીન ઉપર પછડાઈ પડયું હોત.

એટલે જો ખિસકોલી અને જેરબોઆ પોતાનાં ઘરની અદલાબદલી કરવા માગે, વન અને ઘાસના મેદાનની અદલાબદલી કરવા માગે, બખોલ અને દરની અદલાબદલી કરવા માગે તો તેમને સાથે સાથે પૂંછડીની અને પંજાની અદલાબદલી પણ કરવી પડે.

વનોમાં અને ઘાસના મેદાનોમાં વસતાં બીજાં પશુપંખીઓનું આપણે બારીક નિરીક્ષણ કરીશું તો આપણને જાણવા મળશે કે તેમાંનું પ્રત્યેક દુનિયામાં પોતાના સ્થાન જોડે કોઈ એક અદૃશ્ય સાંકળ વડે બંધાયેલું છે, અને એ સાંકળને તોડવાનું કામ અત્યંત કઠિન છે.

વૂડકોક વનમાં ભોંયતળિયે વસે છે કેમ કે તેને મનગમતો ખોરાક ભંડકિયામાં હોય છે. તેની ચાંચ જાણે કેમ ખાસ માટીમાં ઉત્પન્ન થતા જીવડાઓને ખેંચી કાઢવા માટે બનાવવામાં આવી હોય એવી છે. વૂડકોકને પસંદ પડે એવી કોઈ ચીજ ઝાડની ઉપર હોતી નથી, એટલે આપણને વૂડકોક ઝાડની ઉપર કદી જોવા નહિ મળે.

પણ ત્ર્યંગુલ કાષ્ઠકૂટ કે ટપકાંવાળો મોટો કાષ્ઠકૂટ આપણને જમીન ઉપર ભાગ્યે જ જોવા મળશે. કાષ્ઠકૂટ પોતાના દિવસો ફરવૃક્ષ કે બર્ચવૃક્ષના થડને ચાંચ વડે ખોદ ખોદ કરીને જ વિતાવે છે.

એ ખોદ ખોદ કેમ કર્યા કરે છે? શું ગોતી રહ્યો છે?

ફરવૃક્ષના થડની થોડીક છાલ ઉખેડી નાખશો તો તેની નીચે પ્રત્યેક દિશામાં જતી વાંકીચૂકી સફેદ રેખાઓ દેખાશે. એ રેખાઓ ઝાડની છાલના ટપટપિયા જીવડાએ ચાવી ચાવીને બનાવેલી નાનકડી સુરંગો છે. આ ટપટપિયો જીવડો બધાં ફરવૃક્ષોમાં કાયમનો નિવાસી છે અને પોતાનો ખોરાક પણ તેમાંથી જ મેળવે છે. પ્રત્યેક વાંકીચૂકી રેખાને છેડે ખાડા જેવું છે. એવા પ્રત્યેક ખાડામાં ઝાડની છાલના જીવડાની ઈયળો કોશેટામાં પરિવર્તન પામે છે અને પછી પૂર્ણવિકસિત જીવડું બને છે. આ જીવડાએ ફરવૃક્ષનું જીવન અપનાવી લીધું છે અને કાષ્ઠકૂટ એ જીવડાથી ટેવાઈ ગયો છે. કાષ્ઠકૂટ પોતાની સખત ચાંચ વડે ઝાડની છાલને સહેલાઈથી વીંધી શકે છે. વળી તેની લાંબી જીભ સહેલાઈથી વળી શકે તેવી હોવાથી તે વાંકીચૂકી સુરંગોમાંથી જીભ વડે ઈયળને ખેંચી લઈ શકે છે.

અને એમ એક સાંકળ જોવા મળે છે: ફરવૃક્ષ — ઝાડની છાલનું જીવડું—કાષ્ઠકૂટ.

કાષ્ઠકૂટને વૃક્ષ સાથે અને વન સાથે સાંકળી લેતી અનેક સાંકળોમાંની આ તો માત્ર એક જ છે.

વૃક્ષ ઉપર તેને પોતાનો ખોરાક મળે છે: ફક્ત ઝાડની છાલનું જીવડું જ નહિ, બીજાં પણ જીવજંતુઓ અને તેમની ઈયળો. શિયાળામાં કાષ્ઠકૂટ પાઈનવૃક્ષના ફળના કોચલામાંથી અત્યંત સિફતથી ફળ કાઢી લે છે: કોચલાને આમતેમ હલતું અટકાવવા માટે તે થડ અને ડાળીની વચ્ચે દબાવી દે છે અને પછી ચાંચ વડે અંદરથી ગર કાઢી લે છે. પોતાના પરિવાર માટે માળો બાંધવા કાષ્ઠકૂટ ઝાડના થડને ખોદીને તેમાં બખોલ બનાવે છે. તેની દૃઢ પૂંછડી અને મજબૂત નહોર જેવા અંગૂઠા ઝાડના થડની ઉપર ચડવા કે નીચે ઊતરવા માટે ઉત્તમ સાધન જેવા હોય છે. પછી તે પોતાના વૃક્ષોના જીવનની બીજા કોઈ પણ પ્રકારના જીવન માટે અદલાબદલી ક્યારેય કેમ કરી શકે?

આમ આપણે જોયું કે કાષ્ઠકૂટ અને ખિસકોલી હકીકતમાં વનનાં રહેવાસીઓ નહિ પણ કેદીઓ છે.

માછલી કિનારે કેવી રીતે આવી

વનની નાનકડી દુનિયા તો ભેગી મળીને આપણી મોટી દુનિયાને બનાવતી અનેક નાનકડી દુનિયાઓમાંની માત્ર એક જ છે.

પૃથ્વી ઉપર ફક્ત વનો અને ઘાસનાં મેદાનો જ નથી. પૃથ્વી ઉપર પર્વતો, ટુંડ્રપ્રદેશો, સમુદ્રો અને સરોવરો પણ છે.

પ્રત્યેક પર્વત ઉપર અદૃશ્ય સીમાઓ ટચૂકડી દુનિયાઓને એકબીજીથી જુદી પાડે છે.

પ્રત્યેક સમુદ્ર પાણીની સપાટીની નીચે અદૃશ્ય છતો વડે અસંખ્ય મજલાઓમાં વિભાજિત થયેલો હોય છે.

પાણીની કોરણના ભરતીઓટના વિસ્તારમાં ખડકો અસંખ્ય શંખમચ્છીઓથી છવાયેલા હોય છે. એ બધી શંખમચ્છીઓ ખડક ઉપર એવી સખત રીતે ચોંટેલી હોય છે કે ભયંકરમાં ભયંકર ઝંઝાવાત પણ તેમને ખડકથી છૂટી પાડી શકતો નથી.

જરાક આગળ જઈએ એટલે સૂર્યના પ્રકાશમાં ચળકતા પાણીમાં રંગબેરંગી માછલીઓ લીલા અને બદામી રંગના દરિયાઈ વેલાઓ વચ્ચે આમતેમ સરકતી દેખાય છે. પારદર્શક જેલીફિશ (jellyfish) તરતી રહે છે અને સ્ટારફિશ (starfish) તળિયા ઉપર ધીરે ધીરે ખસતી નજરે પડે છે. પાણીની નીચે આવેલા ખડક ઉપર છોડવા જેવા જ નિશ્ચલ અનેક વિચિત્ર આકારનાં પ્રાણીઓ છવાયેલાં છે. એ પ્રાણીઓને ખોરાકની શોધમાં ક્યાંય જવું પડતું નથી. ખોરાક પોતાની મેળે જ તેમનાં મોંમાં આવી પડે છે. બે નાળવાળા કુંજા જેવા આકારનાં આ પ્રાણીઓ રાતાં એસિડિયન (ascidian) છે. તે

પાણીની સાથે સાથે સાવ નાનકડા જીવજંતુને પણ ચૂસી લે છે અને તેમાંથી પોષણ મેળવે છે. સમુદ્રમાં ચળકતાં એનિમોન (anemone) પ્રાણીઓ તરતી તરતી તેમની સાવ નજીક આવી જતી માછલીઓને પોતાની ફૂલની પાંખડીના આકારનાં સૂત્રાંગો વડે પકડી લે છે.

સમુદ્રને તળિયે, જ્યાં રાત પછી દિવસ કદી આવતો જ નથી અને જ્યાં નિરંતર ગમગીની છવાયેલી રહે છે ત્યાં અંધારા ભોંયતળિયામાં વળી તદ્દન જુદી જ દુનિયા વસે છે. સમુદ્રના ઊંડાણમાં પ્રકાશ પહોંચતો નથી એટલે ત્યાં દરિયાઈ વેલા હોતા નથી કેમ કે દરિયાઈ વેલાને પ્રકાશની જરૂર પડે છે.

સાગરતલ અંધારિયું કબ્રસ્તાન છે. પ્રાણીજીવનના અને વનસ્પતિ જીવનના અવશેષ તેમાં ઉપરથી ટપકતા રહે છે.

દસ પગવાળા અને લાંબાં સૂત્રાંગોવાળા કરચલા પાતળા કાદવમાં રખડતા રહે છે. પહોળા મોંવાળી માછલીઓ અંધારામાં આમતેમ તરતી રહે છે. કેટલીકને આંખો હોતી જ નથી તો વળી બીજી માછલીઓને દૂરબીન જેવી લાંબી ઊપસી આવેલી આંખો હોય છે. કેટલીક માછલીઓનાં શરીર ઉપર અંગારાની જેમ ચળકતાં ટપકાં હોય છે અને તેથી તે પ્રકાશથી ઝળહળતી ગોળ બારીઓવાળાં નાનકડાં વહાણ જેવી લાગે છે. માથા ઉપર ઊગેલી દાંડીમાંથી પ્રકાશ ફેંકતો પોતાનો જ સૂચકદીપ ધરાવતી માછલીઓ પણ હોય છે.

આપણી દુનિયા કરતાં કેટલી નિરાળી છે આ વિચિત્ર દુનિયા!

પણ એમ તો કિનારાની આ તરફ આવેલી છીછરા પાણીવાળી ભૂમિની પટ્ટી સૂકી ધરતી કરતાં કેટલી ભિન્ન છે, જો કે એ બન્નેને તો તટની એક પાતળી રેખા જ જુદી પાડે છે.

એક દુનિયાના રહેવાસીઓ બીજી દુનિયામાં જઈને વસી શકે ખરા? માછલી સમુદ્ર તજીને સૂકી જમીન પર આવી વસી શકે ખરી?

એ તો તદ્દન અશક્ય જ લાગે છે. માછલીને પાણીનું જીવન માફક આવે છે. જમીન ઉપર રહેવા માટે તેને ઝાલરને બદલે ફેફસાંની અને મીનપક્ષને બદલે પગની જરૂર પડશે. માછલી માછલી મટી જાય તો જ પાણીના જીવનની સૂકી જમીન ઉપરના જીવન સાથે અદલાબદલી કરી શકે.

પણ માછલી માછલી મટી જઈ શકે ખરી?

તમે કોઈ વૈજ્ઞાનિકને આ પ્રશ્ન પૂછશો તો એ તમને જણાવશે કે કરોડો-અબજો વર્ષ પહેલાં કેટલીક જાતની માછલીઓ ખરેખર પાણી તજીને કિનારે આવી વસી હતી અને માછલી મટી ગઈ હતી. પાણીના જીવનમાંથી જમીનના જીવનની આ સંક્રાન્તિ એક વર્ષ કે બે વર્ષમાં નહોતી થઈ પણ તેને લાખો વર્ષ લાગ્યાં હતાં.

ઓસ્ટ્રેલિયાની ધીરે ધીરે સુકાતી જતી કેટલીક નદીઓમાં શિંગાળી માછલીની એક જાત જોવામાં આવી છે. એ માછલીના પ્લવનાશયનો આકાર ફેફસાને મળતો આવે છે. વરસના સૂકા સમય દરમિયાન જ્યારે પાણીની સપાટી નીચે ઊતરી જાય છે, અને નદીઓમાં કાદવનાં ખાબોચિયાંની હાર જ ફક્ત દેખાય છે, ત્યારે બીજી બધી માછલીઓ મરી જાય છે અને તેમનાં કોહતાં શરીર પાણીને ગંદું બનાવી

છે. માત્ર શિંગાળી માછલીઓ જ એ સૂકા સમયમાં જીવતી રહે છે, કેમ કે તેમને ઝાલર ઉપરાંત ફેફસાં પણ હોય છે, એટલે જ્યારે તેમને હવાની જરૂર પડે છે ત્યારે ફક્ત માથું જ પાણીની બહાર કાઢીને હવા મેળવી લે છે.

આફ્રિકામાં અને દક્ષિણ અમેરિકામાં કેટલીક એવી જાતની માછલીઓ છે કે જે સાવ પાણી વગર પણ ચલાવી લે છે. સૂકા કાળ દરમિયાન તે કાદવમાં દટાઈને હાલ્યાચાલ્યા વિના પડી રહે છે, અને વરસાદની ઋતુ આવે ત્યાં સુધી પોતાનાં ફેફસાં વડે શ્વાસોચ્છવાસ ચાલુ રાખે છે.

આનો અર્થ એ થયો કે માછલીના શરીરમાં ફેફસાં વિકસ્યાં હોય ખરાં.

પણ પગનું શું? હા, પગ પણ એવી જ રીતે વિકસ્યા હોવાનો સંભવ છે, અને એ વાતને સાબિત કરતાં જીવંત ઉદાહરણો પણ મોજૂદ છે. ઉષ્ણકટિબંધના પ્રદેશમાં કાદવમાં છલંગ મારતા જળચર પ્રાણીઓ મળી આવે છે. એ પ્રાણીઓ કિનારે કૂદી શકે છે એટલું જ નહિ, તે ઝાડ ઉપર પણ ચડી શકે છે. તેમની જોડકી મીનપક્ષો તેમને પગનું કામ આપે છે.

આવાં બધાં વિચિત્ર પ્રાણીઓ એ વાતની જીવંત સાબિતીઓ સમાન છે કે કાળના વહેણમાં ક્યારેક માછલી પાણીની બહાર આવીને જમીન ઉપર વસવા લાગી હોય. પણ સાચેસાચ એમ બન્યું હતું કે કેમ એ આપણે કેમ કહી શકીએ?

પ્રાણીઓની જે જાતો હવે અદૃશ્ય થઈ ગઈ છે તેમનાં મળી આવતાં હાડકાં આપણને એ કહાણી કહી સંભળાવે છે. પ્રાચીન અવશેષોને ખોદતાં, પુરાતત્ત્વવિદોને એક એવા પ્રાણીનાં હાડકાં મળી આવ્યાં કે જે માછલીને ખૂબ જ મળતું આવતું હોવા છતાં માછલી નહોતું રહ્યું. તે પાણીમાં અને જમીન ઉપર બન્ને જગ્યાએ રહી શકે એવું ઉભયવાસી પ્રાણી હતું અને અમુક રીતે દેડકાને કે ટ્રાઈટનને મળતું આવતું હતું. એ પ્રાણી સ્ટીગોસેફાલુસ નામે ઓળખાતું હતું. તેને મીનપક્ષને બદલે પાંચ આંગળીવાળા નિયમિત આકારના પગ હતા. થોડા થોડા સમય માટે એ કિનારા ઉપર આવતું ત્યારે પોતાના એ પગ વડે જમીન ઉપર ચાલી શકતું, અલબત્ત ધીરે ધીરે.

હવે આપણે સામાન્ય દેડકાનું બારીક નિરીક્ષણ કરીએ. જ્યારે એ ઈંડામાંથી બહાર આવે છે ત્યારે ટેડપોલ જેવું હોય છે, અને ટેડપોલ તથા માછલી વચ્ચે બહુ ઓછો ફરક હોય છે.

એટલે એ વાત સ્પષ્ટ થાય છે કે કરોડો-અબજો વર્ષ પહેલાં માછલીની કેટલીક જાતો પાણીને છૂટી જમીનથી જુદી પાડતી સીમા ઓળંગીને જમીન પર આવી વસી. પણ એ પ્રક્રિયા દરમિયાન તે પરિવર્તન પામી. માછલીમાંથી ઉભયવાસી પ્રાણીનો વિકાસ થયો, અને આગળ જતાં એ ઉભયવાસી પ્રાણીઓ સરીસૃપ જાતિનાં પૂર્વજો બન્યાં. સરીસૃપ જાતિનાં પ્રાણીઓ પ્રાચીન સસ્તન પ્રાણીઓનાં અને પક્ષીઓનાં પૂર્વજો હતાં. એ સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓમાંથી ઘણાં તો હવે પાણીનો માર્ગ જ સાવ ભૂલી ગયાં છે.

મૂંગા સાક્ષીઓ

મૂંગા સાક્ષીઓ જેવાં ફોસિલ પ્રાણીઓનાં હાડકાં આપણને કહી જાય છે કે સજીવ પ્રાણીઓ લાખો વર્ષો દરમિયાન કશું પરિવર્તન પામ્યા વગર જેવાં હતાં તેવાં જ નહોતાં રહ્યાં.

તો પછી એ પરિવર્તન શાથી આવ્યું?

આંગ્લ વૈજ્ઞાનિક ચાર્લ્સ ડાર્વિને પોતાનો ઉત્ક્રાંતિનો સિદ્ધાંત વિકસાવ્યો નહોતો ત્યાં સુધી એ પરિવર્તનની વાત એક રહસ્ય જેવી જ હતી. તેણે આરંભ કરેલા કામને વ્લા० કોવાલેવ્સ્કી અને ક્લે० તિમિર્યાઝેવ નામના બે રશિયન વૈજ્ઞાનિકોએ આગળ ચલાવ્યું. વિષયનો વિસ્તૃત અભ્યાસ પૂરો કર્યા પછી તેમણે આપણને એવી વાતો સ્પષ્ટપણે સમજાવી દીધી કે જે આપણા વડદાદાઓ ક્યારેય નહોતા સમજી શક્યા.

પ્રત્યેક સજીવ પ્રાણીનું જીવન દુનિયામાં તેના સ્થાનને, વાતાવરણને અને તેની આસપાસના સંજોગોને અનુકૂળ થાય એ રીતે ઘડાય છે. પણ દુનિયામાં કશું જ સ્થાયી નથી હોતું: ઉષ્ણ આબોહવા શીતળ આબોહવામાં બદલાઈ જાય છે, સપાટ મેદાન જેવી ધરતીમાં પર્વતો અસ્તિત્વમાં આવી જાય છે, સમુદ્રનાં પાણી ખસી જઈને ધરતીને મુક્ત કરે છે, પાઈનવૃક્ષોનાં વનોનાં સ્થાન પર્ણધારક વૃક્ષોનાં વન લઈ લે છે.

અને આસપાસ બધું જ બદલાઈ જાય તો સજીવ પ્રાણીઓ ઉપર તેની શી અસર થાય?

તેમનામાં પણ પરિવર્તન આવે.

પણ કેવું પરિવર્તન આણવું એ વાતનો નિર્ણય તેમના હાથમાં નથી હોતો. હાથી પોતાનો પાંદડાંનો, ઘાસનો અને ફળોનો ખોરાક એકાએક તજી દઈને માંસભક્ષી ન બની જઈ શકે. "મને ગરમી લાગે છે," એમ કહીને રીંછ પોતાના જાડા વાળ ખેરવી ન દઈ શકે.

સજીવ પ્રાણીઓ સ્વેચ્છાએ પરિવર્તન પામી શકતાં નથી. નવી જાતનો ખોરાક ખાવો પડે અને નવા સંજોગોમાં રહેવું પડે એટલે તેમનામાં પરિવર્તન થવા માંડે છે. જે પરિવર્તનો આવે છે તે હંમેશાં તેમના ભલામાં નથી પરિણમતા, વળી તે હંમેશાં ઉપયોગી પણ નથી હોતા.

ઘણી વાર એવું બને છે કે નવા સંજોગોમાં આવી પડેલાં પ્રાણીઓ કે વનસ્પતિઓ ધીરે ધીરે સુકાવા લાગે છે, કેમ કે અસ્તિત્વ ટકાવી રાખવા માટે તેમના પૂર્વજોને મળતી હતી તેવી વસ્તુઓ તેમને મળતી નથી.

કાં તો એ ભૂખથી પીડાય છે અથવા થીજી જાય છે, કે પછી કદાચ અસાધારણ ગરમી અથવા અનાવૃષ્ટિનાં ભોગ બને છે. દુશ્મનો માટે તે સહેલો શિકાર બની જાય છે. તેમના વંશજો તેમનાથી પણ અધિક માંદલા હોવાને કારણે નવા સંજોગોમાં જીવન ટકાવી રાખવાની તેમની શક્તિ વધારે ઓછી હોય છે. બદલાયેલા સંજોગો સહન ન થવાથી, આખરે આખી જાતિ નષ્ટ થઈ જાય છે.

પણ એવુંયે બને કે સજીવ પ્રાણીઓમાં તેમને હાનિકારક નહિ પણ સહાયક થાય એવા ફેરફાર આવે. સાનુકૂળ સંજોગોમાં આવાં સહાયક પરિવર્તનો ભવિષ્યની પેઢીઓમાં ઊતરે છે, એકત્રિત થતાં જાય છે, અને ઉત્તરોત્તર પુષ્ટ થઈને દૃઢ બની જાય છે.

વખત જતાં આપણને જોવા મળે છે કે તેમના વંશજો પોતાના પૂર્વજો સાથે સામ્ય ધરાવતાં નથી. તેમની પ્રકૃતિ સમૂળગી બદલાઈ ગઈ હોય છે અને તેમના પૂર્વજોને હાનિકારક થયા હોત એવા સંજોગોમાં તે સહેલાઈથી જીવંત રહી શકે છે. તેમણે નવા સંજોગોને સ્વીકારીને પોતાનું જીવન એ સંજોગોને અનુકૂળ બનાવી લીધું છે. આ રીતે જે બન્યું તે ફક્ત કુદરતી પસંદગી જ હતી: જે પ્રાણીઓ પોતાનું જીવન નવા સંજોગોને અનુકૂળ ન બનાવી શક્યાં તે નષ્ટ થઈ ગયાં અને જે એમ કરી શક્યાં તેમનું જીવન ટકી રહ્યું.

તિમિર્યાઝેવે આ ઉદાહરણ પરત્વે ધ્યાન દોર્યું: મેદાનપ્રદેશનું એક હાથીચકવૃક્ષ પહાડી ભૂમિમાં રોપવામાં આવ્યું. મેદાનપ્રદેશના હાથીચકવૃક્ષને થડ ઊંચું અને પાંદડાં જાડાં હોય છે. પહાડી ભૂમિમાં એ ઝાડ વામણા છોડવામાં બદલાઈ ગયું અને તેના પાંદડાં જમીનથી સાવ નિકટ ફેલાઈ ગયાં.

આ પરિવર્તનનું કારણ એ હતું કે હાથીચકવૃક્ષ નવા સંજોગોથી ઘેરાયેલું હતું: પહાડ ઉપર આબોહવા અને માટી મેદાનપ્રદેશ કરતાં તદ્દન ભિન્ન હોય છે. આ પરિવર્તન તેને માટે ફાયદાકારક હતું. એથી પાંદડાંને હિમ તળે છુપાવીને શિયાળાના ઠંડા પવનથી તેમ જ કડકડતી ટાઢથી રક્ષણ મેળવવાનું તેને માટે વધારે સરળ બન્યું.

વાતાવરણમાં પરિવર્તન આવતાં સજીવ પ્રાણીઓની પ્રકૃતિમાં ફેરફાર થવાના આવાં ઘણાં ઉદાહરણો ઉપલબ્ધ છે.

માછલીઓનું ધીમે ધીમે ઉભયવાસી પ્રાણીઓમાં રૂપપરિવર્તન થયું તેમાં પણ આ વાત સ્પષ્ટ જોઈ શકાય છે.

એ રૂપપરિવર્તનની શરૂઆત ધીમે ધીમે સુકાતા જતા છીછરા પ્રાગૈતિહાસિક સમુદ્રોમાં અને સરોવરોમાં થઈ. માછલીની જે જાતિઓ જીવનની નવી રીતને અપનાવી ન શકી તે નષ્ટ થતી ગઈ. જે જાતિઓ જીવન ટકાવી રાખી શકી તે સમયના લાંબા ગાળાઓ માટે પાણી વગર રહેવાનું શીખી ગઈ હતી. સૂકા સમય દરમિયાન તે પોતાનાં શરીર કાદવ તળે રાખતી કે પછી મીનપક્ષને પગની જેમ હલાવીને નિકટતમ ખાબોચિયાંમાં પહોંચી જતી.

સૂકી ધરતી ઉપર સહાયભૂત થાય એવા નાના મોટા પ્રત્યેક શારીરિક પરિવર્તનનો કુદરતે ઉપયોગ કર્યો. એ માછલીઓનાં પ્લવનાશય ધીરે ધીરે ફેફસાંમાં બદલાઈ ગયાં અને જોડાયેલી મીનપક્ષો વિકસીને પગ બની ગઈ.

એમ કેટલાંક જળચર પ્રાણીઓએ ધીરે ધીરે આનુવંશિકતા, પરિવર્તનશીલતા અને કુદરતની પસંદગીને કારણે જમીન ઉપરનું જીવન અપનાવી લીધું.

પરિવર્તનશીલતાએ માછલીની મીનપક્ષોને, તેના પ્લવનાશયને અને તેની શરીરરચનાને નવા સંજોગોમાં બદલી નાખ્યાં.

કુદરતની પસંદગી જે ફેરફાર સહાયભૂત હતા તેની ઉપર જ ઊતરી અને તે અપનાવવામાં આવ્યા. જે પરિવર્તનો હાનિકારક હતાં તેને તજી દેવામાં આવ્યાં.

આનુવંશિકતાએ સહાયભૂત પરિવર્તનોને પછીની પેઢીઓમાં ઉતાર્યાં, એકત્રિત કર્યાં અને દૃઢ બનાવ્યાં.

વ્લા૦ કોવાલેવ્સ્કીએ કરેલા ઘોડાના ઈતિહાસના અભ્યાસમાંથી એથીયે વધારે વિગતો જાણવા મળે છે.

એક સમયે ગાઢ વનમાં પડી ગયેલાં ઝાડનાં થડ ઉપર ચપળતાથી ચડી ઊતરીને પોતાનો માર્ગ કરતા નાનકડા પ્રાણીમાંથી ઘોડો ઊતરી આવ્યો છે એ વાત માનવાનું સાચેસાચ મુશ્કેલ છે. એ નાનકડા પ્રાણીને પગમાં ઘોડા જેવી ખરી નહોતી પણ તેની જગ્યાએ છેડે પાંચ આંગળીવાળા પંજા હોય એવા અવયવ હતા. એથી તેને જંગલની ખાબડખૂબડ જમીન ઉપર મક્કમ ડગલાં ભરવામાં મદદ મળતી.

સમય જતાં વિશાળ વનો સંકોચાતાં ગયાં અને સપાટ મેદાન જેવી ભૂમિને વિસ્તૃત થવાનો માર્ગ મોકળો કરતાં ગયાં. વનમાં વસનારા ઘોડાના પૂર્વજોને વધારે ને વધારે વાર બહાર ખુલ્લા મેદાનોમાં આવવું પડયું. ભય ઊભો થાય ત્યારે જંગલની જેમ છુપાઈ જવાની કોઈ જગ્યા મેદાનોમાં નહોતી. બચવાનો એકમાત્ર ઉપાય હતો—પલાયન. ભયથી બચવાની જંગલની સંતાકૂકડીની રીતનું સ્થાન ખુલ્લા મેદાનમાં સાત તાળીની રીતે લઈ લીધું પણ પાછળ પડેલા ભયથી દૂર નાસતાં નાસતાં વનનાં અનેક પ્રાણીઓ નાશ પામ્યાં. માત્ર સૌથી લાંબા અને ઝડપી પગ ધરાવનારાં પ્રાણીઓ જ વિકરાળ પશુઓથી બચીને પોતાનું જીવન ટકાવી રાખી શક્યાં.

ફરી એક વાર કુદરતે પોતાની પસંદગી કરી. પ્રાણીને વધારે ને વધારે ઝડપે દોડવામાં મદદ કરે એવું પ્રત્યેક પરિવર્તન શોધી કાઢીને જાળવી રાખવામાં આવ્યું અને દોડવામાં સહાયભૂત ન થાય એવું બધું તજી દેવામાં આવ્યું.

ઘોડાના પૂર્વજોના જિંદગીએ કરેલા અવલોકને બતાવી આપ્યું કે ઝડપી ગતિએ દોડનારા પ્રાણીઓને પગમાં પાંચ આંગળીઓની જરૂર નથી. સખત અને મજબૂત હોય તો એક જ અંગૂઠો પણ ઘણો થઈ પડે તેમ હતું. વખત જતાં ત્ર્યંગુલ પ્રાણીની જાતિ અસ્તિત્વમાં આવી અને તેમાંથી છેલ્લે ફક્ત એક જ અંગૂઠાવાળા ઘોડા ઊતરી આવ્યા. આજના જે ઘોડાને આપણે ઓળખીએ છીએ તેને ફક્ત એક જ લાંબો અંગૂઠો હોય છે.

અંતમાં ઘોડો બનનાર પ્રાણી વન છોડીને બહાર આવ્યું ત્યાર પછી માત્ર તેના અમુક અવયવોમાં જ પરિવર્તન આવ્યું એવું નથી. તેનું આખું શરીર પરિવર્તન પામ્યું. દાખલા તરીકે આપણે તેનું ગળું લઈએ. ઘોડાના પગ લાંબા થયા હોત પણ તેનું ગળું પહેલાંની જેમ ટૂંકું જ રહ્યું હોત તો પગની

નીચેનું ઘાસ તે ન ખાઈ શક્યો હોત. એમ બન્યું નહિ કેમ કે કુદરતે પહેલાં જેમ ટૂંકા પગવાળા ઘોડાને રદ કરેલા તેમ ટૂંકા ગળાવાળા ઘોડાને પણ રદ કરી દીધા.

વળી ઘોડાના દાંતનું શું? તે પણ બદલાયા. મેદાનપ્રદેશમાં ઘોડાને બરછટ અને કઠણ વનસ્પતિ ખાવી પડતી. એવા ખોરાકને પેટમાં ઉતારતા પહેલાં મોટી દાઢો વડે સારી રીતે ચાવવો જરૂરી હતો. એટલે તેના દાંતમાં પણ પરિવર્તન આવ્યું. આજના ઘોડાને રીતસર ઘંટીના પડ જેવા અને ખમણી જેવા દાંત હોય છે. એ દાંત વડે ઘોડો કડબ પણ ચાવી શકે છે.

ઘોડાના અવયવોમાં અને અંગૂઠામાં, ગળામાં અને દાંતમાં પરિવર્તન આણવાના આ ભગીરથ કાર્યને પૂરું થતાં પાંચ કરોડ વર્ષ લાગ્યાં. એ પ્રક્રિયા દરમિયાન પ્રાણીઓની અનેક જાતિઓ નષ્ટ થઈ ગઈ.

છતાં, આનો અર્થ એવો થાય છે કે સમુદ્રને જમીનથી અલગ કરતી અને વનને મેદાનપ્રદેશથી અલગ કરતી સીમાઓ અવિચળ નથી. સમુદ્રો સુકાઈ જાય છે અને કિનારાથી આગળ ધસી જઈને જમીન ઉપર પાણીની રેલ પણ ફેલાવી દે છે. મેદાનપ્રદેશનું રેતીના રણમાં પરિવર્તન થઈ જાય છે. સમુદ્રના રહેવાસીઓ બહાર આવીને સૂકી જમીન પર રહેવા લાગે છે. વનમાં વસનારાં પ્રાણીઓ મેદાનપ્રદેશમાં આવીને વસે છે. પણ કોઈ પ્રાણી માટે પોતાની નાનકડી દુનિયા તજી દેવાનું અને તેને બાંધતી આસપાસના સંજોગોની શૃંખલાઓને તોડી નાખવાનું કામ કેટલું વિષમ છે! એ બેડી તોડી નાખ્યા પછી પણ એ મુક્ત થતું નથી, એ તો માત્ર એક અદૃશ્ય પાંજરામાંથી બીજા અદૃશ્ય પાંજરામાં જાય છે.

ઘોડો વન તજીને મેદાનપ્રદેશમાં આવ્યો એટલે એ વનનો વસનારો મટીને તેને બદલે મેદાનપ્રદેશનો વસનારો બન્યો. માછલીની કોઈ એક ખાસ જાતિ પાણીનું જીવન તજીને જમીન ઉપર વસવાટ કરવા આવ્યા પછી ફરી વાર કદી સમુદ્રમાં પાછી ગઈ નહિ, કેમ કે એમ કરવા માટે તેને ફરી વાર પરિવર્તિત થવું પડ્યું હોત. જમીન ઉપર આવીને વસેલી કેટલીક જાતિઓ સમુદ્રમાં પાછી ગઈ ત્યારે બરાબર એમ જ બન્યું. તેમના પગ ફરી વાર મીનપક્ષોમાં બદલાઈ ગયા. દાખલા તરીકે વ્હેલને એટલી હદે 'માછલી જેવા' બનવું પડ્યું છે કે જે લોકોને તેની મૂળ જાતિની ખબર નથી એ તેને માછલી જ સમજે છે, પણ વાસ્તવમાં વ્હેલ તો સસ્તન જાતિનું પ્રાણી છે.

મનુષ્ય મુક્ત બને છે

દુનિયામાં લગભગ દસ લાખ જુદી જુદી જાતિઓનાં પ્રાણી વસે છે. પ્રત્યેક જાતિ પોતાની નાનકડી દુનિયામાં એ દુનિયાના સંજોગોને અપનાવીને રહે છે.

કેટલેક ઠેકાણે એક જાતિને 'દૂર રહો!' એવું અદૃશ્ય પાટિયું દેખાશે તો, એ જ ઠેકાણે બીજી કોઈ જાતિને 'ભલે પધાર્યા!' એવું પાટિયું જોવા મળશે.

કોઈ ધ્રુવીય રીંછ જંગલમાં આવી ચડે તો તેનું શું થાય તેની કલ્પના કરો! તેનો રુવાંટીદાર કોટ ઉતારી શકાય એમ નથી હોતો, એટલે એ તો ગૂંગળાઈ જ જાય. પણ ઉષ્ણ પ્રદેશનું નિવાસી હાથી જેવું પ્રાણી ઉત્તર ધ્રુવના પ્રદેશમાં જઈ ચડે તો થીજીને મરી જ જાય, કેમ કે બાષ્પસ્નાનાગારમાં જીવન ગાળનારને માટે જ યોગ્ય હોય તેમ તેને ચામડી સિવાય બીજું કશું આવરણ હોતું નથી.

પૃથ્વી ઉપર એક જ ઠેકાણે તમે ધ્રુવીય રીંછને અને હાથીને પાડોશી તરીકે જોશો, ત્યાં તમને દુનિયાના બધા ભાગોનાં પ્રાણીઓ જોવા મળશે. એ ઠેકાણે મેદાનપ્રદેશનાં રહેવાસીઓ વનમાં વસનારાં પ્રાણીઓથી ફક્ત બે વારને અંતરે રહેતાં હોય છે, અને તેમની નજીક જ વળી પહાડોમાં વસનારાં પ્રાણીઓ હોય છે. એ સ્થળ છે પ્રાણીસંગ્રહાલય.

પ્રાણીસંગ્રહાલયમાં દક્ષિણ આફ્રિકાની પડખે ઑસ્ટ્રેલિયા અને ઑસ્ટ્રેલિયાની પડખે ઉત્તર અમેરિકા હોય છે. આખી દુનિયામાંથી પ્રાણીઓ ત્યાં આવ્યાં હોય છે. પણ એ બધાં પ્રાણીઓ ત્યાં પોતાની મેળે આવ્યાં નથી હોતાં. મનુષ્યે તેમને લાવીને ત્યાં ભેગાં કર્યાં હોય છે.

એ બધાંને સુખચેનમાં રાખવા માટે મનુષ્યને કેટલી જહેમત ઉઠાવવી પડતી હશે તેનો ખ્યાલ કરો! પ્રત્યેક પ્રાણી પોતાની નાનકડી દુનિયાથી ટેવાયેલું હોય છે. મનુષ્યને પ્રાણીસંગ્રહાલયમાં તેને માટે તદ્દન તેની નાનકડી દુનિયા જેવા જ સંજોગો ઊભા કરવા પડે.

પ્રાણીસંગ્રહાલયના જળાશયમાં મહાસાગરનો અંશ આવી જવો જોઈએ અને એક નાનકડું રણ રચવું પડે.

એકબીજાને ખાઈ જતા રોકવા માટે પ્રાણીઓને ખોરાક પૂરો પાડવો જોઈએ. ધ્રુવીય રીંછને નાહવા માટે શીતળ જળ જોઈએ; વાનરોને ગરમીની જરૂર પડે; સિંહને દરરોજ પોતાના ભાગનું કાચું માંસ મળી રહેવું જોઈએ; ગરુડને પાંખો ફેલાવીને ઊડવાની જગ્યા જોઈએ.

મેદાનપ્રદેશોનાં, વનોનાં, પર્વતોનાં, રણોનાં અને સમુદ્રોનાં પ્રાણીઓને કૃત્રિમ રીતે ભેગાં કરવામાં તેમને નષ્ટ થઈ જતાં રોકવા માટે મનુષ્યને દરેકને માટે કૃત્રિમ પરિસ્થિતિઓની રચના કરવી પડી.


મનુષ્ય પોતે કઈ જાતનું પ્રાણી છે: મેદાનપ્રદેશનું, વનનું કે પહાડનું?


વનમાં વસતા મનુષ્યને આપણે 'વનમાનવ' કહી શકીએ ખરા? ભીનાશભૂમિમાં રહેતા મનુષ્યને આપણે 'ભીનાશભૂમિમાનવ' કહી શકીએ ખરા?

બેશક નહિ જ.

વનમાં વસતો માણસ મેદાનપ્રદેશમાં પણ રહી શકે. વળી ભીનાશભૂમિમાં રહેતા માણસને સૂકી ધરતી ઉપર જઈને રહેવાનું મળે તો એ તો ખુશખુશ થઈ જાય.

મનુષ્ય ગમે ત્યાં રહી શકે છે. આ પૃથ્વી ઉપર હવે ભાગ્યે જ કોઈ જગ્યા એવી બચી હશે જ્યાં માણસ જઈ ન શકે, કે જ્યાં 'માનવપ્રાણી, દૂર રહો!' એવું અદૃશ્ય પાટિયું હોય. ઉત્તર ધ્રુવમાં અન્વેષણ કરનારાઓ તરતી હિમાની ઉપર રહેતા હોય છે. તેમને અચાનક ઉષ્ણતમ રણમાં જવું પડે તો તે ત્યાં પણ કોઈ ખાસ મુશ્કેલી વગર જઈ શકે.





ધ્રુવીય રીંછ અને હાથી એકબીજાના પાડોશી તો પ્રાણીસંગ્રહાલયમાં જ હોય

કોઈ માણસને મેદાનપ્રદેશમાંથી વનમાં કે વનમાંથી મેદાનપ્રદેશમાં જવું પડે તો તેને પોતાના પગ, હાથ કે દાંત બદલવા નથી પડતા. વળી તે દક્ષિણમાંથી ઉત્તરમાં જાય તો તેનું શરીર રુવાંટીદાર નથી એ કારણે જ ફક્ત તે મરી જતો નથી.

ફરનો કોટ અને ફરના બૂટ પહેરીને તે કોઈ પણ રુવાંટીદાર પ્રાણી જેટલી જ સફળતાપૂર્વક ટાઢથી પોતાનું રક્ષણ કરી શકે છે.

માણસ ઘોડા કરતાં પણ વધારે ઝડપે જવાનું શીખ્યો છે, પણ તેમ કરવા માટે તેને પોતાની એક પણ આંગળી જતી કરવી પડી નથી.

માણસ માછલી કરતાં વધારે ઝડપે તરવાનું શીખ્યો છે પણ તેમ કરવા માટે તેને પોતાના હાથ અને પગને મીનપક્ષોમાં બદલવા નથી પડયા.

સરીસૃપ જાતિનાં પ્રાણીઓને પક્ષી બનતાં કરોડો વર્ષ લાગ્યાં. એ પરિવર્તન માટે તેમને મોંઘાં મૂલ્ય ચૂકવવાં પડયાં, કેમ કે પ્રક્રિયામાં તેમણે પોતાના આગલા પંજા ગુમાવ્યા. એ પંજામાંથી પાંખો બની. માણસ સૌથી ઓછાં વર્ષોમાં ઊડતાં શીખ્યો છે, પણ એમ કરવા માટે તેને પહેલાં કાંડાં ગુમાવવા નથી પડયાં.

પ્રાણીઓને કેદમાં રાખતી અદૃશ્ય સીમાઓને પોતાનામાં કોઈ પણ જાતનું પરિવર્તન કર્યા સિવાય ઓળંગવાનું માણસે શીખી લીધું છે.

જ્યાં શ્વાસ લેવા માટે હવા ન હોય એટલી ઊંચાઈએ માણસ પહોંચી જાય છે, અને છતાં સાવ સાજોસારો પૃથ્વી ઉપર પાછો આવી જાય છે.

અવકાશયાત્રીઓએ ઊંચાઈના આગલા બધા વિક્રમો તોડયા ત્યારે તેમણે જીવધારી પ્રાણીઓ માટેની ઊંચાઈની સામાન્ય હદ ખૂબ વધારી દીધી અને જેમાં જીવધારી પ્રાણીઓ વસે છે એવી દુનિયાની સીમાઓ ઓળંગી લીધી.

પશુઓ અને પક્ષીઓ સંપૂર્ણપણે કુદરત ઉપર અવલંબિત છે. અંકગણિતના કોઈ કોયડાના ઉકેલનો આધાર તેના પદ ઉપર હોય છે. કુદરતને માટે પણ એ એટલું જ સાચું છે. પ્રત્યેક પ્રાણી જિંદગી દ્વારા સફળતાથી ઉકેલવામાં આવેલો કોયડો છે. કોયડાનાં પદ છે પ્રત્યેક ખાસ પ્રાણીને જરૂરી એવા જીવનસંજોગો, કોયડાનો ઉત્તર છે પંજા, પગ, પાંખો, મીનપક્ષો, ચાંચો, નહોર, ટેવો અને લક્ષણોના એક બહોળા સમૂહમાં... કોયડાના ઉકેલનો આધાર છે એ વાત ઉપર કે પ્રાણીને ક્યાં અને કેવી રીતે જીવન ગાળવાનું છે: ખારા કે મીઠા જળમાં કે પછી જમીન ઉપર, તટપ્રદેશમાં કે સમુદ્રની અંદર, મહાસાગરને તળિયે કે પાણીની સપાટીની સમીપ, ઉત્તરમાં કે દક્ષિણમાં, પર્વતો ઉપર કે ખીણોમાં, જમીનની ઉપર કે ભૂગર્ભમાં, ઘાસનાં મેદાનોમાં કે વનોમાં. બીજી અગત્યની વાત એ છે કે તેના પાડોશી પ્રાણીઓ કોણ કોણ છે.

પ્રાણી સંપૂર્ણપણે પોતાના વાતાવરણ ઉપર અવલંબિત હોય છે.

પણ માણસ પોતાની આસપાસ પોતાને ફાવતા સંજોગો સ્વયં સર્જે છે. અનેક વાર ફરી ફરીને તે કુદરતની પોથી કુદરતના હાથમાંથી આંચકી લે છે અને પોતાને ન ગમતા હોય એવા નિયમો તેમાંથી છેકી નાખે છે.

કુદરતની પોથી કહે છે: "રણમાં બહુ ઓછું પાણી હોય છે." પણ ઊંડી નહેરો ખોદીને આપણે રણોમાં પાણી પહોંચાડીએ છીએ ત્યારે એ નિયમને છેકી નાખીએ છીએ.

કુદરતની પોથી કહે છે: "ઉત્તર દિશામાં આવેલા પ્રદેશોની ધરતી વંધ્યા છે." એ જમીનને ખાતર વડે ફળદ્રુપ બનાવીને આપણે એ નિયમ બદલી નાખીએ છીએ. તેમાં બારમાસી શુકધાન્યની અને શિંબીધાન્યની ઘાસદાર વનસ્પતિ વાવીને પણ આપણે તેને ફળદ્રુપ બનાવીએ છીએ.

કુદરતની પોથી કહે છે: "શિયાળામાં ટાઢ પડે છે અને રાતે અંધારું હોય છે."

પણ માણસ એ શબ્દો પ્રત્યે મુદ્દલ લક્ષ આપતો નથી અને પોતાનાં ઘરોને શિયાળામાં ગરમ તથા રાત્રે ઝળહળતાં રાખે છે.

આપણે આપણા વાતાવરણમાં સતત પરિવર્તન લાવી રહ્યાં છીએ.

ચોતરફ આપણને ઘેરતાં વનોએ જૂનાં ઝાડો કપાઈ જવાને અને નવાં વૃક્ષો રોપાવાને કારણે પોતાનું અસલ સ્વરૂપ ક્યારનું ખોઈ દીધું છે.

આપણાં ઘાસથી છવાયેલાં મેદાનો હવે પહેલાં જેવા નિસ્તેજ અને વેરાન નથી રહ્યાં. માણસે એ ધરતીને ખેડીને ત્યાં અનાજ ઊગવ્યું છે.

આપણી વનસ્પતિઓ, આપણાં જવ અને ઘઉં, અને આપણાં સફરજન તથા નાસપાતીનાં ઝાડ એક સમયે જંગલમાં ઊગી નીકળતી શુકધાન્યની વગડાઉ વનસ્પતિને કે વગડાઉ ફળોનાં ઝાડને મુદ્દલ મળતાં નથી આવતાં.

રેનેટ બર્ગામોટ (rennet bergamot) જેવું 'સફરજન-નાસપાતી' ફળ આપણને કુદરતમાં

ક્યારેય જોવા મળે ખરું? વળી જેમાં અરધો સ્વાદ મિષ્ટચેરીનો (sweet-cherry) અને અરધો સ્વાદ વિહંગચેરીનો (bird-cherry) હોય એવું ફળ પણ ક્યાંય મળે ખરું? કે પછી રશિયન વૈજ્ઞાનિક અને ઉદ્યાનકલાવિદ ઈવાન વ્લાદીમિરોવિચ મિચૂરિને સર્જેલાં બીજાં અદ્‌ભુત ફળો આપણને કુદરતમાં ક્યાંય જોવા મળે ખરાં?

તેના સિદ્ધાંતોને અનુસરીને વૈજ્ઞાનિકો હવે પરિવર્તનશીલતા, આનુવંશિકતા અને સંવરણનું સંચાલન મનુષ્યને ઉપયોગી થાય એ રીતે કરવા શક્તિમાન થયા છે.

ઘોડા, ગાય અને ઘેટાં જેવાં પાળવામાં આવતાં જનાવરો હવે રાની નથી રહ્યાં. મનુષ્ય તેમને પાળે છે અને ઉછેરે છે.

મનુષ્યે રાની પશુઓને પણ પોતાની રીતો બદલવાની ફરજ પાડી છે. કેટલાંક પશુઓ ખોરાકની શોધમાં માનવરહેઠાણની અને ખેતરોની સાવ નજીક રહેતાં હોય છે, જ્યારે બીજાં પશુઓ મનુષ્યથી બચવાના પ્રયાસોના પરિણામે વગડામાં ખૂબ દૂર ચાલ્યાં ગયાં છે. મનુષ્યના આગમન પહેલાં તેના પૂર્વજો કદી એવી જગ્યાઓમાં વસતા નહોતા.

સમયના વહેણ સાથે, ભવિષ્યમાં લોકોને સાચો વગડો જોવા માટે ખાસ રક્ષિત વિસ્તારોની સફર ખેડવી પડશે, કેમ કે મનુષ્યે પૃથ્વીનું સ્વરૂપ તદ્દન બદલાવી નાખ્યું હશે.

એવા ખાસ રક્ષિત વિસ્તારોની સીમાઓ નિર્ધારિત કરતી વખતે આપણે કુદરતને કહીશું: "આ વિસ્તારની તું સમ્રાજ્ઞી છે, પણ આ રેખાની બહાર બધું અમારું છે."

કેમ કે મનુષ્ય કુદરતની ઉપર દિનપ્રતિદિન વધારે ને વધારે કાબૂ મેળવતો જાય છે.

હંમેશાં એવું નહોતું.

આપણા પ્રાગૈતિહાસિક પૂર્વજોને કુદરતે પૃથ્વી ઉપર વસતાં બીજાં પ્રાણીઓ જેટલી જ ગુલામીમાં જકડી રાખ્યા હતા.

આપણા પૂર્વજોની મુલાકાતે

લાખો-કરોડો વર્ષો પહેલાં, આપણાં આજનાં વનો અને ઉદ્યાનોને સ્થાને જુદી જાતનાં વૃક્ષો, પ્રાણીઓ અને વનસ્પતિઓ ધરાવતાં બીજાં વનો હતાં.

એ પ્રાગૈતિહાસિક વનોમાં બર્ચ, લીંડન અને મેપલનાં વૃક્ષો મર્ટલ (myrtle) લોરેલ (laurel) અને મેગ્નોલિયાની (magnolia) પડખે પડખે ઊગતાં. દ્રાક્ષલતાઓ કાષ્ઠફળોનાં ઝાડોની આસપાસ વીંટળાયેલી રહેતી અને વિપિંગ વિલો (weeping willow) નાં પાડોશીઓ હતાં કપૂરનાં અને મીઠા ગુંદરનાં ઝાડ.

મહાકાય મેમથ (mammoth) વૃક્ષોની પાસે ઊભેલાં ઓક વૃક્ષ વામણાં દેખાતાં હતાં.

આપણાં આજનાં વનોને આપણે ઘર જેવાં ગણીએ તો એ પ્રાગૈતિહાસિક વનો ગગનચુંબી ઈમારતો ગણાય.

એ ગગનચુંબી ઈમારતોના ઉપલા માળા પ્રકાશ અને ઘોંઘાટથી ભરેલા રહેતા. ત્યાં વિશાળ રંગબેરંગી ફૂલો વચ્ચે ચળકતાં પીંછાંવાળાં પક્ષીઓ આમતેમ ઊડતાં રહેતાં, અને વાનરો હીંચકા ખાઈને એક ડાળીએથી બીજી ડાળીએ જતા ત્યારે એ પક્ષીઓની ચિચિયારીઓ આખા વનમાં ગુંજી ઊઠતી.

પણે જુઓ, પેલું વાનરોનું ટોળું સેતુ ઓળંગતું હોય તેવી રીતે સડસડાટ ડાળીઓ ઉપર દોડ્યું જાય છે. માતાઓ શિશુવાનરોને છાતીએ વળગાડીને તેમનાં નાનકડાં મોંમાં લીલાં અને સૂકાં ફળોનો ચાવેલો છૂંદો ભરતી જાય છે. જરાક મોટાં વાનરબાળકો માતાઓના પગ ઝાલી રાખે છે. કાફલાનો બરછટ વાળવાળો વૃદ્ધ મુખી ચપળતાથી ઝાડના થડ ઉપર ચડી જાય છે અને આખું ટોળું તેને અનુસરે છે.


એ કઈ જાતના વાનરો છે? આજના કોઈ પણ પ્રાણીસંગ્રહાલયમાં તમને એવા વાનર જોવા નહિ મળે.

એ બધા એ જ વાનરો હતા જેમાંથી મનુષ્ય, ચિમ્પેન્ઝી અને ગોરિલાના સામાન્ય પૂર્વજો ઊતરી આવ્યા હતા. આપણે હમણાં જ જેમને મળ્યા તે આપણા પ્રાગૈતિહાસિક વનવાસી પૂર્વજો હતા.

એ બધા વનના સૌથી ઉપરને માળે રહેતા. ત્યાં, જમીનથી ખૂબ ઊંચે, તે એક ઝાડ પરથી બીજા ઝાડ પર અને એક ડાળીએથી બીજી ડાળીએ એવી રીતે જતા જાણે કેમ સેતુ ઉપર, ઝરૂખામાં કે પરસાળમાં જતા હોય.

વન તેમનું ઘર હતું. વૃક્ષોની ફંટાતી ડાળીઓના આધારે ગોઠવેલા ડાળીઓના બનેલા મોટા માળાઓમાં તે રાતે મુકામ કરતા.

વન તેમનો ગઢ હતો. સૌથી ઉપરના મજલામાં છુપાઈ રહીને તે પોતાના દુષ્ટતમ શત્રુ અસિદન્ત વાઘના અસ્તરાની ધાર જેવા દાંતથી પોતાને બચાવી રાખતા.



અસિદંત વાઘના છેદક દાંત કટાર જેટલા લાંબા હતા

વન તેમનો ભંડાર હતો. તેમના જીવન માટે જરૂરી લીલાં ફળોના અને કાષ્ઠફળોના ખોરાકના ભંડાર વૃક્ષોની સૌથી ઉપરની ડાળીઓમાં ભરેલા રહેતા.

પણ વનના છાપરા નીચે રહેવા માટે તેમને હીંચકો ખાઈને એક ડાળીએથી બીજી ડાળીએ કેવી રીતે જવું, ઝાડના થડની ઉપર અને નીચે ઝડપથી કેમ જવું આવવું અને ઠેકડો મારીને એક ઝાડ ઉપરથી બીજા ઝાડ

ઉપર કેવી રીતે જવું એ બધું શીખવું આવશ્યક હતું. ફળ તોડી શકવાની અને કાષ્ઠફળનાં કોચલાં ભાંગી શકવાની આવડત કેળવવાનું તેમને માટે જરૂરી હતું. ચપળ આંગળીઓ, તીક્ષ્ણ નજર અને મજબૂત દાંત પણ તેમના જીવન માટે અત્યંત આવશ્યક હતાં.

અનેક સાંકળો આપણા પૂર્વજોને માત્ર વન સાથે જ નહિ, વનના સૌથી ઉપલા માળ જોડે પણ જકડી રાખતી. મનુષ્ય એ સાંકળોને તોડવામાં કેવી રીતે સફળ થયો? વનમાં વસતાં પ્રાણીઓને પોતાનાં પાંજરાં તજીને પોતાનાં ઘરોની સીમાઓની બહાર જવાની હિંમત ક્યાંથી સાંપડી?

બીજી કડી

આપણી કથાના નાયકની દાદીમા અને તેનાં ભાઈભાંડુ

પુરાણા જમાનામાં કોઈ લેખક નિરાંતે બેસીને પોતે કલ્પેલા નાયકના જીવનની અને તેનાં સાહસકર્મોની કથા લખવાની શરૂઆત કરતો ત્યારે તે સામાન્ય રીતે પોતાના ગ્રંથના પ્રારંભના થોડાક અધ્યાય નાયકના પરિવાર વિશે અને તેના પૂર્વજો વિશે લખતો.

થોડાંક પાનાં વાંચતાં જ વાચકને નાયકની દાદીમા નાની બાલિકા હતી ત્યારે કેવાં સુંદર વસ્ત્રો પહેરતી, અને નાયકની માને પોતાના લગ્નની આગલી રાત્રે શું સ્વપ્ન આવ્યું હતું તે જાણવા મળી જતું. ત્યાર પછી આ દુનિયામાં નાયકના આગમનનું અત્યંત લાંબું વર્ણન શરૂ થઈ જતું. તેનો પહેલો દાંત ક્યારે અને કેવી રીતે ફૂટયો, તેની જીભ પ્રથમ શબ્દ ક્યારે બોલી, તેના પગે પહેલું ડગલું ક્યારે માંડયું, અને તેનાં પહેલાં તોફાન ક્યારે શરૂ થયાં એ બધું લંબાણથી વર્ણવાતું. દસેક અધ્યાય પછી બાળક શાળામાં પ્રવેશ કરતો. બીજા ખંડના અંતમાં તે પ્રેમમાં પડતો, અને અનેક સાહસો ખેડયા પછી આખરે ત્રીજા ખંડમાં તે પોતાની પ્રિયતમાને પામતો. કથા અચૂક રીતે ઉપસંહારમાં પૂરી થતી. ઉપસંહારમાં વયોવૃદ્ધ નાયક અને તેની ધવલ કેશ ધરાવતી પત્ની વાત્સલ્યભરી નજરે પોતાના ગુલાબી ગાલ ધરાવતા પૌત્રને પ્રથમ અસ્થિર ડગલું ભરતો જોઈ રહેતાં હોય તેનું વર્ણન આવતું.

અમે પણ તમને મનુષ્યના જીવનની અને તેનાં સાહસકર્મોની વાત કહેવા ઇચ્છીએ છીએ. વીતી ગયેલા જમાનાના પ્રખ્યાત નવલકથાકારોના ઉદાહરણને અનુસરીને, અમે પણ તમને નાયકના દૂરના પૂર્વજોની; તેના પરિવારની અને તેનાં સગાંઓની; પૃથ્વી ઉપર તેના આગમનની; તે ચાલતાં, બોલતાં અને વિચારતાં કેવી રીતે શીખ્યો તેની; તેના સંઘર્ષોની; તેના આનંદોલ્લાસની અને તેની ગમગીનીઓની; તેના વિજયોની અને પરાજયોની વાત કહીશું.

પણ અમારે એ વાતનો સ્વીકાર કરી લેવો જોઈએ કે આરંભમાં જ અમે મોટી મુશ્કેલીનો અનુભવ કરી રહ્યા છીએ.

નાયકની કરોડો-અબજો વર્ષો પહેલાં મૃત્યુ પામેલી 'દાદીમા'ને, જેમાંથી આપણી આખી જાતિ ઊતરી આવી છે એ જ વાનરદાદીમાને, અમારે કેવી રીતે વર્ણવવી? અમારી પાસે તેનું કોઈ



વાનરો અને મનુષ્યો વચ્ચેનું સામ્ય લોકોની નજરમાં ઘણા સમય પહેલાં જ આવી ગયું હતું. આ પુરાણા ચિત્રમાં તો તે અતિશયોક્તિભરી રીતે વ્યક્ત થયું છે

ચિત્ર નથી, કેમ કે બધા જાણે છે તેમ વાનરોને ચિત્રો દોરતાં નહોતું આવડતું. આ પુસ્તકની પહેલી કડીમાં વર્ણવવામાં આવેલા આપણા પ્રાગૈતિહાસિક પૂર્વજ જોડે અમારી મુલાકાત ફક્ત અજાયબઘરમાં જ શક્ય બને એ તો સ્પષ્ટ જ છે. પરંતુ તે કેવી દેખાતી હતી એ શોધી કાઢવાનું કામ તો અજાયબઘરમાંયે મુશ્કેલ બની જાય એમ છે, કેમ કે તેના શરીરમાંથી જે કંઈ બાકી બચ્યું છે તે છે આફ્રિકા, એશિયા અને યુરોપના વિવિધ ભાગોમાંથી મળી આવેલાં ફક્ત થોડાંક હાડકાં અને થોડાક દાંત જ.

નાયકનાં 'ભાઈભાંડુ'નો પરિચય સાધવાની શક્યતાઓ અધિક દેખાય છે.

પોતાના પ્રાગૈતિહાસિક ભૂતકાળ દરમિયાન મનુષ્ય ઉષ્ણકટિબંધના જે વનોમાં રહેતો હતો તે તેણે લાંબા સમય પહેલાં ક્યારનાં તજી દીધાં છે, અને હવે તે, શબ્દના સંપૂર્ણ અર્થમાં, દૃઢતાથી જમીન ઉપર ખડો છે. પણ તેનાં નિકટતમ સગાં જેવા ગોરિલા, ચિમ્પેન્ઝી, ગીબ્બન અને ઉરાંગ-ઉટાંગ હજુ પણ વનનાં વિકરાળ પશુઓ જ રહ્યાં છે. આ ગરીબ સગાંઓનું સ્મરણ કોઈ તાજું કરાવે તો લોકોને ગમતું નથી. કેટલાક લોકો તો આ પ્રાણીઓ મનુષ્યનાં દૂરનાં સગાં હોવાનો પણ ઇનકાર કરે છે. એવો મત ધરાવતા લોકો પણ પડયા છે કે મનુષ્ય અને ચિમ્પેન્ઝી એક જ પ્રાગૈતિહાસિક દાદીમાના વંશજો હોવાની વાતનો ઈશારો કરવામાંયે પાપ છે.

પણ સત્ય તો બહાર આવવાનું જ.

મનુષ્યનો વાનર સાથેનો સંબંધ સાબિત કરતાં તથ્યોથી અમે આ પુસ્તકનાં પાનાં ભરી શકીએ તેમ છીએ. પરંતુ એ વિષય ઉપર લાંબી અને અટપટી ચર્ચા વગર પણ, જેણે એકાદ કલાકેય પ્રાણીસંગ્રહાલયમાં ઉરાંગ-ઉટાંગનું અને ચિમ્પેન્ઝીનું નિરીક્ષણ કરવામાં ગાળ્યો હશે, તેનું મન મનુષ્ય અને એ વાનરોની જાતિ વચ્ચેનું સામ્ય જોઈને મુગ્ધ થઈ ગયું હશે.

આપણાં સગાં રાફાએલ અને રોઝ

કેટલાંક વર્ષો પહેલાં, પ્રખ્યાત રશિયન વૈજ્ઞાનિક ઈવાન પેત્રોવિચ પાવ્લોવની લેનિનગ્રાદની પાસે કોલ્તૂશી (હવે પાવ્લોવો) ગ્રામમાં આવેલી પ્રયોગશાળામાં રાફાએલ અને રોઝ નામનાં બે ચિમ્પેન્ઝી આણવામાં આવ્યાં.

લોકો પોતાનાં ગરીબ વનવાસી સગાં પ્રત્યે બહુ ભલમનસાઈ દાખવતા નથી અને સામાન્યત: તેમને ઝટ દઈને પાંજરાંમાં પૂરી દે છે. પણ આ વખતે આફ્રિકાના વનવાસી મહેમાનોનું ભાવભીનું સ્વાગત થયું. તેમને રહેવા માટે સ્વતંત્ર ઘર આપવામાં આવ્યું. ઘરમાં શયનખંડ, ભોજનખંડ, ક્રીડાખંડ અને સ્નાનાગારની વ્યવસ્થા હતી. શયનખંડમાં આરામદાયક પથારીઓ અને રાતે વાપરવાનાં ટેબલ ગોઠવવામાં આવ્યાં હતાં. ભોજનખંડમાં જમવાના ટેબલ ઉપર સફેદ કપડું બિછાવેલું હતું, અને ભીંતમાં જડેલા કબાટનાં ખાનાં ખોરાકથી ભરેલાં હતાં.

એ સગવડિયા ઘરમાં વાનરો વસવાના છે એ વાતનો અણસાર સરખો આપે એવી એક પણ વસ્તુ નહોતી. ભોજન હંમેશાં થાળીઓમાં પીરસવામાં આવતું. ખાવા માટે હંમેશાં ચમચા ગોઠવવામાં આવતા. રાતે નિયમિત પથારીઓ બનાવવામાં આવતી અને તકિયા ઠીકઠાક કરી દેવામાં આવતા. એ સાચું કે મહેમાનો ક્યારેક સભ્ય રીતભાતનો અભાવ દાખવીને બાફેલા ફળને સીધું થાળીમાં મોં નાખીને ખાતા, અને રાતે માથાં તકિયા ઉપર ટેકવવાને બદલે તકિયા માથાં ઉપર રાખી દેતા.

અને છતાં, રોઝ અને રાફાએલનું વર્તન તદ્દન મનુષ્યના જેવું જ ન હોય તો મનુષ્યના વર્તન સાથે સારી પેઠે સામ્ય તો ધરાવતું જ હતું.

દાખલા તરીકે, કબાટની ચાવીઓના ઝૂડાનો ઉપયોગ રોઝ કોઈ પણ ગૃહિણીની જેમ જ કરી લેતી. ચાવીઓ ઘરની સંભાળ રાખનારના ખીસામાં રહેતી. રોઝ હળવેથી તેની પાછળ જઈને ચાવીઓ ઝૂંટવી લેતી અને વીજળીની ત્વરાથી કબાટ પાસે પહોંચી જતી. પછી એક ખુરશી ઉપર ચડીને કાળજીથી સાચી ચાવી તાળામાં ભરાવતી. કાચના બારણાની આરપાર ખાનામાં પડેલા રસીલાં જરદાલુના ઢગલાની ઉપર રાખેલાં દ્રાક્ષનાં ઝૂમખાં તે સ્પષ્ટ જોઈ શકતી. કાંડાનો એક વળાંક તાળું ખોલી દેતો અને દ્રાક્ષનું એક ઝૂમખું રોઝના હાથમાં આવી જતું.

આપણે રાફાએલને સાવ ભૂલી જઈએ તે ઠીક ન ગણાય. એ ભણવા બેસતો ત્યારે કેવો લાગતો! તેની તાલીમનાં સાધનોમાં જરદાલુ ભરેલા એક વાસણનો અને લાકડાના જુદા જુદા કદના સાતચોરસ ટુકડાનો સમાવેશ થતો હતો. પણ લાકડાના ટુકડા બાળકો રમે છે એવા નહોતા. રાફાએલ પાસે બહુ મોટા ટુકડા હતા. સૌથી નાનો ટુકડો પગ ટેકવવાના સ્ટૂલ જેવડો હતો, અને સૌથી મોટો ટુકડો ત્રણ પગવાળી ખુરશી જેવડો હતો. જરદાલુ ભરેલું વાસણ છતમાં ટાંગવામાં આવતું. રાફાએલનો કોયડો હતો ગમે તેમ કરીને જરદાલુને આંબી જઈને ખાઈ જવાનો.

પહેલાં તો કોયડો ઉકેલવામાં એ નિષ્ફળ ગયો.

જંગલમાં પોતાને ઘેર તેને જોઈતું ફળ મેળવવા માટે ઘણી વાર ખૂબ ઊંચે ચડવું પડતું. પણ અહીં તો ફળ ડાળીએ નહોતાં લટકતાં, અધ્ધર હવામાં ટાંગેલાં હતાં. ઉપર ચડવા માટે લાકડાના ફક્ત સાત ટુકડા હતા. સૌથી મોટા ટુકડા ઉપર ચડે તો પણ તેનો હાથ જરદાલુ સુધી પહોંચતો નહોતો.

જરદાલુને આંબી જવા શું કરવું તેનો વિચાર કરતો કરતો રાફાએલ લાકડાના ટુકડા આમતેમ ફેરવતો હતો ત્યાં અચાનક તેણે એક શોધ કરી: એક ટુકડા ઉપર બીજો ટુકડો મૂકીને તેની ઉપર ઊભો રહે તો જરદાલુના વાસણની ખૂબ નજીક પહોંચી શકે એમ હતો. દરેક પ્રયત્ને થોડુંક નવું કરતાં શીખતાં તે પહેલાં ત્રણ ટુકડાને, પછી ચારને અને છેલ્લે પાંચ ટુકડાને પિરામિડ જેવા શંકુ આકારમાં ગોઠવવામાં સફળ થયો. આ કામ સહેલું નહોતું, કેમ કે ટુકડાઓને એકબીજાની ઉપર ગમે તેમ ગોઠવી દેવાથી તેનું કામ ચાલે તેમ નહોતું, ટુકડા તો ચોક્કસ નિર્ધારિત પદ્ધતિસર ગોઠવવાના હતા — પહેલો સૌથી મોટો ટુકડો, પછી તેનાથી નાનો, અને ત્યાર પછી એ જ પ્રમાણે કદ અનુસાર એક પછી એક બાકીના નાના ટુકડા.

પ્રયાસો દરમિયાન ઘણી વાર રાફાએલે નાના ટુકડા પહેલાં ગોઠવીને તેની ઉપર મોટા ટુકડા મૂકવાની મહેનત કરી. એવે વખતે ગોઠવાઈ ગયેલા ટુકડાઓની આખી થપ્પી હાલકડોલક થઈને પડી જવાની અણિ પર પહોંચી જતી.

એમ લાગતું કે બીજી એક ક્ષણમાં જ આખી થપ્પી ધડાક દઈને નીચે તૂટી પડશે અને સાથે સાથે રાફાએલભાઈ પણ ભોંય ભેગા થશે. પણ એમ બન્યું જ નહિ, કેમ કે તે વાનરસહજ ચપળતા અને તીવ્ર ગતિ ધરાવતો હતો.


અંતે કોયડો ઉકેલાઈ ગયો. જાણે કેમ ટુકડા ઉપર ચીતરેલા આંકડા વાંચી શકતો હોય તેમ રાફાએલે બધેબધ ટુકડા કદ પ્રમાણે બરાબર ગોઠવ્યા.

જરદાલુના વાસણને આંબી ગયો એટલે ઝૂલતા પિરામિડ ઉપર બેસીને તેણે મહામહેનતે મેળવેલા જરદાલુ લહેરથી ખાવાનું શરૂ કરી દીધું.


બીજું કયું પ્રાણી આમ મનુષ્યની જેમ વર્ત્યું હોત? કૂતરો લાકડાના ટુકડાનો પિરામિડ રચી શકે એવી કલ્પના પણ આપણે કરી શકીએ ખરા? અને છતાં, કૂતરો ખૂબ બુદ્ધિશાળી પ્રાણી તો છે જ.



રાફાએલ જમતી વખતે



કામમાં તલ્લીન રાફાએલ



રાફાએલ ચિત્રસર્જનમાં રત

જે લોકોએ રાફાએલના કાર્યનું નિરીક્ષણ કર્યું હતું તે બધા મનુષ્ય સાથેનું તેનું સામ્ય જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. તે એક ટુકડો ઉપાડીને કાંધે મૂકતો, અને તેને એક હાથને આધારે બરાબર ટેકવીને પિરામિડ પાસે લઈ જતો. એ ટુકડો ખોટા કદનો નીકળે તો તેને નીચે મૂકીને રાફાએલ તેની ઉપર બેસતો, જાણે કેમ વિચારમાં ડૂબી ગયો હોય તેમ. થોડીક પળ વિશ્રામ કરીને તે પોતાની ભૂલ સુધારવા વળી પાછો કામે વળગી જતો.

ચિમ્પેન્ઝી મનુષ્ય બની શકે ખરો?

આમ હોય તો પછી ચિમ્પેન્ઝીને શું મનુષ્યની જેમ ચાલવાનું, બોલવાનું, વિચાર કરવાનું અને કામ કરવાનું ન શીખવી શકાય?


ઘણાં વર્ષો પહેલાં, પશુઓને તાલીમ આપવા માટે ખ્યાતિ મેળવનાર વ્લાદીમિર દૂરોવે એ વાતને સત્ય બનાવવાનું સ્વપ્નું સેવ્યું હતું. મહિનાઓ સુધી તેણે પોતાના પાળેલા ચિમ્પેન્ઝી મિમૂસને તાલીમ આપી હતી. મિમૂસ ખૂબ હોશિયાર વિદ્યાર્થી હતો: તે ચમચા વડે ખાતાં, ટુવાલનો ઉપયોગ કરતાં, ખુરશીમાં બેસતાં, ટેબલ ઉપર બિછાવેલા કપડા ઉપર ઢોળ્યા વગર સેરવો પીતાં, અને પાટિયા ઉપર બેસીને ટેકરી ઉપરથી લપસી આવતાં પણ શીખી ગયો હતો.

પણ તે ચિમ્પેન્ઝીમાંથી મનુષ્યમાં કદી પણ ન જ બદલાઈ શક્યો હોત.

એમાં આશ્ચર્ય જેવું કશું નથી, કેમ કે મનુષ્યના અને ચિમ્પેન્ઝીના પંથ લાખો વર્ષો પહેલાં જ જુદા પડી ગયા હતા. મનુષ્યના પ્રાગૈતિહાસિક પૂર્વજો વૃક્ષોની ટોચ ઉપરથી નીચે જમીન ઉપર ઊતરી આવ્યા અને બે પગ ઉપર ટટ્ટાર ચાલતાં શીખીને તેમણે પોતાના હાથ બીજાં કામ માટે મુક્ત કર્યા. પરંતુ ચિમ્પેન્ઝીના પૂર્વજો નિરંતર વૃક્ષો ઉપર જ વસતા રહ્યા અને સમય વીતતો ગયો તેમ વૃક્ષોના જીવનથી વધારે ને વધારે ટેવાતા ગયા.

એટલે જ ચિમ્પેન્ઝીનું ઘડતર મનુષ્ય જેવું નથી થયું. તેના હાથ જુદી જાતના છે, તેના પગ જુદી જાતના છે, તેનું મગજ જુદી જાતનું છે અને તેની જીભ જુદી જાતની છે.

ચિમ્પેન્ઝીના હાથના ચિત્રને બારીકાઈથી જુઓ. એ હાથ મુદ્દલ મનુષ્યના હાથ જેવો નથી. ચિમ્પેન્ઝીનો અંગૂઠો તેની ટચલી આંગળી કરતાંયે નાનો છે, અને આપણા અંગૂઠાની જેમ તે બીજી આંગળીઓને સમાન ખૂણે ગોઠવાયેલો નથી. પરંતુ અંગૂઠો તો આંગળીઓમાં સૌથી વધારે મહત્વનું સ્થાન ધરાવે છે, અને હાથને નામે ઓળખાતી પાંચ આંગળીઓની ટોળીમાં સૌથી વધારે જરૂરી હોય છે. અંગૂઠો બાકીની ચાર આંગળીઓમાંથી ગમે તે એકની સાથે મળીને કે પછી એકીવખતે ચારેયની સાથે મળીને કામ કરી શકે છે. એટલે જ મનુષ્યનો હાથ અત્યંત અટપટાં ઓજારોનો ઉપયોગ પણ ખૂબ કુશળતાથી કરી શકે છે.



મનુષ્યનું મગજ ચિમ્પેન્ઝીના મગજ કરતાં ખૂબ મોટું હોય છે

ચિમ્પેન્ઝીને ઝાડ ઉપરથી ફળ તોડવું હોય તો ઘણી વાર તે હાથ વડે ડાળી પકડી રાખશે અને પગનાં આંગળાં વડે ફળ તોડશે. જમીન ઉપર ચાલતાં ચિમ્પેન્ઝીને હાથની વળેલી આંગળીઓનો આધાર લેવો પડે છે. એનો અર્થ એ થયો કે તે ઘણી વાર હાથનો પગ રૂપે અને પગનો હાથ રૂપે ઉપયોગ કરે છે.

પશુને તાલીમ આપનારા જે લોકો પોતાના ચિમ્પેન્ઝીઓને મનુષ્ય બનાવવાની ઇચ્છા સેવતા હોય છે તે હાથ અને પગના તફાવત કરતાંયે ઘણા વધારે મહત્ત્વના એક બીજા તફાવતને ઘણી વાર ભૂલી જાય છે. એ લોકો ભૂલી જાય છે કે ચિમ્પેન્ઝીનું મગજ માણસના મગજ કરતાં ખૂબ નાનું અને ઓછું વિકસેલું હોય છે.

ઈવાન પેત્રોવિચ પાવ્લોવે ઘણાં વર્ષો સુધી મનુષ્યના મગજનો અભ્યાસ કર્યો છે. તેમને રોઝ અને રાફાએલનાં વર્તનમાં રસ પડયો. 'કપિ ભવન'માં તેઓનું નિકટથી બારીક નિરીક્ષણ કરવામાં પાવ્લોવ કલાકો વિતાવતા. વાનરોનું વર્તન તદ્દન નિરર્થક હતું. તેઓ કંઈક કામ શરૂ કરતા પણ પછી મન બીજી તરફ વળી જતાં એ કામને તદ્દન ભૂલી જઈને કોઈ ઇતર પ્રવૃત્તિમાં લાગી જતા.

એમ રાફાએલ પિરામિડ રચવાના કામમાં લાગી જશે અને લીન થઈ ગયેલો દેખાશે. અચાનક તેની નજર દડા ઉપર પડતાં તે લાકડાના ટુકડાઓ વિશે બધું જ ભૂલી જશે અને વાળથી ભરેલા પોતાના લાંબા હાથ વડે દડો ઉછાળવા લાગશે. પળવારમાં જમીન ઉપર ખસતી એક માખી નજરે ચડતાં તે દડાને તદ્દન ભૂલી જશે.

આવા ગરબડગોટાળા જોઈને એક વાર પાવ્લોવ બોલી ઊઠયા:

"કેવી અંધાધૂંધી! કેવી અંધાધૂંધી!"

હા, વાનરોનું અંધાધૂંધ વર્તન તેઓના અંધાધૂંધ રીતે કામ કરતા મગજની માત્ર પ્રામાણિક પ્રતિચ્છાયા જ બતાવતું હતું. મનુષ્યના ચિંતનશીલ અને વ્યવસ્થિત રીતે કામ કરતા મગજ કરતાં તેઓનું મગજ તદ્દન ભિન્ન હતું. અને છતાં, ચિમ્પેન્ઝી ખૂબ બુદ્ધિશાળી પ્રાણી છે અને જંગલના જીવનથી તેમ જ જે નાનકડી દુનિયા જોડે તે અનેક અદૃશ્ય શૃંખલાઓથી જોડાયેલું છે તે નાનકડી દુનિયાથી સારી પેઠે ટેવાયેલું છે.

એક વાર એક છબીકાર રોઝ અને રાફાએલ રહેતા હતા ત્યાં આવ્યો. તેનો ઈરાદો એ બન્ને વિશે એક ફિલ્મ બનાવવાનો હતો. ફિલ્મની પટકથા અનુસાર કપિઓને થોડી વાર માટે બહાર છૂટા મૂકી દેવાના હતા. જે ઘડીએ એ બેઉ છૂટા થયા એ જ ઘડીએ સૌથી નજીકના ઝાડ ઉપર ચડી જઈને બન્ને આનંદથી ડાળીએ ઝૂલવા લાગ્યા. સગવડભર્યા ઘર કરતાં ઝાડ ઉપર તેઓને વધારે ફાવતું હતું.

આફ્રિકામાં ચિમ્પેન્ઝી વનના સૌથી ઉપલા માળે નિવાસ કરે છે. પોતાનું માળા જેવું ઘર તે ઝાડ ઉપર જ બનાવે છે. દુશ્મનથી બચવા તે ઝાડ ઉપર ચડી જાય છે. પોતાને જરૂરી એવો લીલાં ફળોનો અને કાષ્ઠફળોનો આહાર તે ઝાડો ઉપરથી જ મેળવી લે છે.

ઝાડના જીવનથી એ પ્રાણી એટલું બધું ટેવાઈ ગયેલું હોય છે કે સપાટ જમીન ઉપર ચાલવા કરતાં ઝાડના સીધા થડ ઉપર તે વધારે સહેલાઈથી ચડી અને ઊતરી જાય છે. જે પ્રદેશમાં વન નથી હોતાં ત્યાં તમને કદી ચિમ્પેન્ઝી જોવા નહિ મળે.

ચિમ્પેન્ઝી પોતાના કુદરતી વાતાવરણમાં કેવી રીતે રહે છે તે જોવા એક વાર એક વૈજ્ઞાનિક આફ્રિકામાં કેમેરૂન પ્રદેશમાં પહોંચ્યો.

તે ત્યાંથી લગભગ એક ડઝન ચિમ્પેન્ઝી પકડી લાવ્યો અને તે બધા આરામથી રહે એવા ઈરાદે તેઓને પોતાના ખેતર નજીકના એક જંગલમાં છૂટા મૂકી દીધા. પણ એમ કરતાં પહેલાં, તે બધા ભાગી ન જાય એટલા માટે તેણે એક અદૃશ્ય પાંજરું બનાવ્યું. અદૃશ્ય પાંજરું બનાવવા માટે તેણે ફક્ત બે સાદાં ઓજારનો ઉપયોગ કર્યો — કુહાડી અને કરવત.

પહેલાં તો કઠિયારાઓએ જંગલના એક નાનકડા વિસ્તારમાં આજુબાજુથી ઝાડ કાપી નાખીને વચ્ચે બધી તરફ ખુલ્લી જગ્યાથી ઘેરાયેલો વૃક્ષોનો એક નાનકડો ટાપુ બનાવ્યો. પછી વૈજ્ઞાનિકે પોતાના વાનરોને એ વૃક્ષટાપુમાં છૂટા મૂકી દીધા.

તેની યોજના કારગત સાબિત થઈ, કેમ કે વાનરો વનના વસનારા હોવાથી પોતાની મેળે વન તજીને કદી ક્યાંય જાય નહિ. જેમ ધ્રુવીય રીંછ રણમાં વસી શકે નહિ તેમ જ વાનર પણ ખુલ્લી જગ્યામાં વસી શકે નહિ.

પણ જો ચિમ્પેન્ઝી વનના જીવનનો ત્યાગ ન કરી શકે તો પછી તેના દૂરના સગા મનુષ્યે વન કેમ કરી તજ્યું?

પા પા પગલી!
નાયક ચાલતાં શીખે છે

વનજીવનનો ત્યાગ કરી શકવા કાજે પાંજરું તોડીને મુક્ત થતાં અને ઘાસનાં મેદાનોમાં તેમ જ વૃક્ષવિહોણા મેદાનપ્રદેશોમાં વસવાનું શીખતાં આપણા પ્રાગૈતિહાસિક પૂર્વજને હજારો વર્ષ લાગ્યાં.

વન જોડે જકડી રાખતી બેડીઓને તોડી નાખવી હોય તો વૃક્ષવાસી પ્રાણીને ઝાડ ઉપરથી નીચે ઊતરીને જમીન ઉપર ચાલતાં શીખવું પડે.

આપણા સમયમાં અને આ જમાનામાં પણ માનવશિશુ માટે ચાલતાં શીખવાનું કામ સહેલું નથી હોતું. શિશુ-મંદિર જોઈ આવેલ હરકોઈ માણસ જાણે છે કે ત્યાં ખાસ વયનાં શિશુઓ માટે 'ભાંખોડિયાં ભરનારાં શિશુઓ'નો એક ખાસ વર્ગ હોય છે. એ વયનાં શિશુઓને પડયાં રહેવાનું ગમતું નથી પણ તે ચાલતાં હજુ શીખ્યાં હોતાં નથી. એ 'ભાંખોડિયાં ભરનારાં' આગળ જઈને 'ચાલનારાં' બને તે પહેલાં તેમને કેટલાક માસ ખૂબ પરિશ્રમ કરવો પડશે. વિચાર તો કરો, એમને કોઈ પણ જાતના આધાર વગર, જમીનને હાથ અડાડયા વગર, સીધા ઊભા રહેવા માટે ખુરશી કે બાંકડાના પાયા કે હાથા ઝાલ્યા વગર ચાલતાં શીખવાનું છે! સમતુલન જાળવવાનું આ કામ સાયકલ ચલાવતાં શીખવાના કામ કરતાં ઘણું વધારે અઘરું છે.

શિશુને ચાલતાં શીખવામાં થોડાક મહિના લાગે છે, જ્યારે આપણા પ્રાગૈતિહાસિક પૂર્વજોને એ કૌશલ્ય પ્રાપ્ત કરવામાં હજારો વર્ષ લાગ્યાં હતાં.

અતીતના અત્યંત દૂરના એ દિવસોમાં આપણા પૂર્વજો થોડા થોડા વખત માટે વૃક્ષો ઉપરથી નીચે ઊતરી આવતા. શક્ય છે કે જમીન ઉપર ફરતાં તેમણે પગની સાથે સાથે પોતાનાં આંગળાંનો આધાર હંમેશાં ન પણ લીધો હોય, ચિમ્પેન્ઝી કરે છે તેમ પોતાના પાછલા પગ ઉપર તેમણે એક પછી એક એમ બેત્રણ ડગલાં પણ ભરી લીધાં હોય.

પણ બેત્રણ ડગલાં કંઈ પચાસ કે સો ડગલાંની તોલે ન આવે.


મનુષ્યના પગ તેના હાથને મુક્ત કરે છે

આપણા પ્રાગૈતિહાસિક પૂર્વજો ઝાડ ઉપર વસતા હતા ત્યારે તેઓ ધીરે ધીરે હાથનો પગ કરતાં જુદાં કાર્યો માટે ઉપયોગ કરવાનું શીખતા ગયા. તેઓ હાથનો ઉપયોગ ફળ તથા કાષ્ઠફળ તોડવા માટે અને થડના ફાંટામાં માળા બાંધવા માટે કરતા.

પાણ જે હાથ કાષ્ઠફળ તોડી લઈ શકે તે લાકડી કે પથ્થર પણ ઊંચકી લઈ શકે. હાથમાં ઝાલેલી લાકડી કે પથ્થર એ હાથને જ વધારે લાંબો બનાવે છે અને તેને વધારે તાકાત બક્ષે છે.

જે કાષ્ઠફળના કોચલાને દાંત વડે તોડવું અશક્ય બને તેને પથ્થર વડે સહેલાઈથી તોડી શકાય. લાકડી વડે જમીનમાંથી સ્વાદિષ્ટ મૂળિયું સહેલાઈથી ખોદી કાઢી શકાય.

અને એમ પ્રાગૈતિહાસિક મનુષ્ય પોતાનો ખોરાક મેળવવા માટે એ ઓજારોનો વધારે ને વધારે ઉપયોગ કરવા લાગ્યો. લાકડી વડે ખોદીને તે જમીનમાંથી મૂળિયાં અને મૂળિયાંના ગાંઠા ખેંચી કાઢતો. જૂનાં ઝાડનાં સુકાઈ ગયેલાં ઠૂંઠાં થડોને ભારે પથ્થરો વડે તોડીને તે અંદરથી જીવડાંઓની ઈયળો કાઢી લઈ શકતો. પણ હાથ વડે કામ કરવાનો તેની પાસે એક જ ઉપાય હતો — હાથને તેના બીજા કામથી, ચાલવાના કામથી, મુક્ત કરવાનો. જેમ જેમ તેના હાથ ચાલવા સિવાયના બીજાં કામોમાં વધારે ને વધારે રોકાતા ગયા તેમ તેમ તેના પગને વધારે ને વધારે વાર ચાલવાની સમસ્યા એકલા જ ઉકેલી લેવી પડી.



આપણો નાયક પોતાનું પ્રથમ ઓજાર ઉઠાવે છે

આમ, તેના હાથે તેના પગને ચાલતા કર્યા અને તેના પગે તેના હાથને બીજાં કામો માટે મુક્ત કર્યા.

અને પૃથ્વી ઉપર એક નવા પ્રાણીએ દેખા દીધી. એ પ્રાણી પોતાના પાછલા પગ ઉપર ચાલતું હતું અને પોતાના આગલા અવયવોનો ઉપયોગ બીજાં કામો માટે કરતું હતું.

દેખાવમાં એ પ્રાણી હજુ પણ પશુને ખૂબ મળતું આવતું હતું. પણ તમે તેને લાકડી કે પથ્થરો વાપરતાં જોઈ શક્યા હોત તો એકદમ બોલી ઊઠયા હોત કે આ પ્રાણી મનુષ્યજાતની પ્રાથમિક અવસ્થાનું પ્રાણી હોઈ શકે ખરું. ખરેખર, માત્ર માણસ જ ઓજારોનો ઉપયોગ કરી જાણે છે. પશુઓ પાસે કોઈ જાતનાં ઓજાર હોતાં નથી.

જેરબોઆ કે છછુંદર પોતાનાં દર ખોદે છે ત્યારે તેમની પાસે પાવડા નથી હોતા. તેમને એ કામ પોતાના આગલા પંજા વડે જ કરવાનું હોય છે. ઉંદર લાકડાના કકડાને કોતરીને કાપવા બેસે છે

ત્યારે તેની પાસે છરી નથી હોતી. તે એ કામ પોતાના દાંત વડે જ કરે છે. કાષ્ઠકૂટ ઝાડની છાલને ખોદીને કાણાં પાડે છે તે પોતાની ચાંચ વડે જ, વીંધણી વડે નહિ.

આપણા પ્રાગૈતિહાસિક પૂર્વજો પાસે નહોતી વીંધણી જેવી ચાંચો, નહોતા પાવડા જેવા પંજા કે નહોતા અસ્તરાની ધાર જેવા પાણીદાર દાંત.

પણ અત્યંત તીણા દાંતથીયે વધારે સારું અને અત્યંત મજબૂત ચાંચથીયે વધારે ઉપયોગી એવું કશુંક એમની પાસે હતું. એમની પાસે હાથ હતા અને પથ્થરના બનાવેલા કાપવાનાં ઓજાર તેમ જ લાકડાના બનાવેલા લાંબા નહોરદાર પંજા હાથમાં પકડીને તેનો ઉપયોગ કરવાની આવડત હતી.

નાયક નીચે ઊતરીને જમીન પર આવે છે

આ બધા બનાવો બની રહ્યા હતા ત્યારે આબોહવા પણ ધીરે ધીરે પરિવર્તન પામી રહી હતી. આપણા પ્રાગૈતિહાસિક પૂર્વજો રહેતા હતા તે વનોમાં રાત્રિઓ અધિક શીતળ બનતી જતી હતી, શિયાળામાં વધારે ટાઢ પડવા માંડી હતી. આબોહવામાં હૂંફ હજુ બાકી હતી, પણ તે ઉષ્ણ કહી શકાય તેવી નહોતી રહી.

ડુંગરાઓ અને પર્વતોના ઉત્તર દિશાના ઢોળાવોમાં નિત્ય લીલાંછમ રહેતાં તાડનાં, મૅગ્નોલિયાનાં અને લૉરેલનાં વૃક્ષોએ ધીરે ધીરે પોતાનું સ્થાન ઓક અને લીંડન વૃક્ષોને આપી દીધું.

નદીઓના કિનારાના પ્રદેશોમાં લોકોને ક્યારેક લાખો વર્ષો પહેલાં વરસાદનાં વાવાઝોડાંમાં ઊડી આવીને દટાઈ ગયેલાં ઓક તથા લીંડન વૃક્ષોનાં પર્ણોની ફૉસિલ છાપ મળી આવે છે.

દક્ષિણ દિશાના ઢોળાવોમાં અને પર્વતોનાં પોલાણોમાં આવેલાં અંજીરનાં ઝાડ તથા દ્રાક્ષની લતાઓ ઠંડા પવનથી બચી ગઈ. ઉષ્ણ પ્રદેશનાં વનોની સીમાઓ દક્ષિણમાં દૂર ને દૂર પીછેહઠ કરતી ગઈ. અને સાથે સાથે એ વનોના વિરલ બનતા જતા રહેવાસીઓ, હાથી અને અસિદન્ત વાઘ પણ દક્ષિણ તરફ પાછળ હઠતા ગયા.

જયાં એક સમયે ગાઢ વનની ઘટાઓ છવાયેલી રહેતી હતી તેમાં વૃક્ષોએ ઠેકઠેકાણે એકબીજાથી અળગાં થઈને ઉજાશભરી ખુલ્લી જગ્યાઓ સર્જી. એ ખુલ્લી જગ્યાઓમાં મહાકાય હરણો અને ગેંડાઓ ચરતા દેખાવા લાગ્યા. વાનરોની કેટલીક જાતિઓ પીછેહઠ કરતાં વનો ભેગી દક્ષિણ તરફ ચાલી ગઈ અને બાકીની જાતિઓ નષ્ટ થઈ ગઈ.

વનોમાં દ્રાક્ષની લતાઓ ઓછી થતી ગઈ અને અંજીરનાં ઝાડ ગોતવાનું અધિક કઠિન બની ગયું. વનમાં સફર ખેડવાનું પણ વધારે મુશ્કેલ બની ગયું હતું કેમ કે ઝાડીઓ હવે ક્ષીણ થઈ ગઈ હતી અને વૃક્ષોના એક ઝુંડમાંથી બીજા ઝુંડમા જવું હોય તો જમીન ઉપર ચાલીને જવું પડતું. વૃક્ષનિવાસી

પ્રાણી માટે એ કામ સહેલું નહોતું, કેમ કે જમીન ઉપર ચાલતાં કોઈ માંસભક્ષી પશુનો શિકાર બની જવાની પૂરી શક્યતાઓ હતી.

પણ બીજો કોઈ ઉપાય જ નહોતો. ભૂખની આગે તેમને ઝાડ ઉપરથી નીચે ઊતરી આવવાની ફરજ પાડી.

આપણા પ્રાગૈતિહાસિક પૂર્વજોને વધારે ને વધારે વખત નીચે જમીન પર ઊતરીને ખોરાકની શોધમાં આમતેમ ભટકવું પડતું હતું.

પોતાને પરિચિત પાંજરું છોડીને, જેનાથી ટેવાઈ ગયા હતા એ વનની દુનિયાને તજીને એ બહાર આવ્યા ત્યારે શું થયું?

તેમણે વનના નિયમોનો ભંગ કર્યો, કુદરતમાં દરેક પ્રાણીને પોતાને સ્થાને જકડી રાખનાર બેડીઓને તેમણે તોડી નાખી.

આપણે જાણીએ છીએ કે પ્રાણીઓ અને પક્ષીઓ પરિવર્તન પામે છે. કુદરતમાં કશું નિત્ય નથી. પણ એવું પરિવર્તન સહેલું નથી. વનમાં વસતા તીણા નહોરવાળા એક નાનકડા પ્રાણીને આપણે આજે જેને ઘોડા તરીકે ઓળખીએ છીએ એવું પ્રાણી બનતાં લાખો વર્ષ લાગ્યાં. નાની વયનું દરેક પ્રાણી પોતાનાં માબાપને ખૂબ જ મળતું આવતું હોય છે. તેમની વચ્ચે ભાગ્યે જ કોઈ ફરક દેખાય છે. કોઈ નવી જાતિની ઉત્ક્રાંતિ થતાં થતાં, મૂળ જાતિથી ભિન્ન જાતિનો વિકાસ થતાં થતાં, હજારો પેઢીઓ વીતી જાય છે.

આપણા પ્રાગૈતિહાસિક પૂર્વજોની બાબતમાં શું બન્યું?

તેઓ પોતાની ટેવો અને રીતો બદલવામાં સફળ ન થયા હોત તો તેમને પણ બીજા વાનરોની જેમ દક્ષિણ તરફ પીછેહઠ કરવી પડી હોત. પણ તેઓ વાનરોથી ભિન્ન હતા, કેમ કે હવે તેમને પથ્થર અને લાકડાના બનાવેલા દાંત તેમ જ નહોર વડે ખોરાક કેમ મેળવવો તે આવડી ગયું હતું. વનોમાં અલભ્ય બનતા જતા દક્ષિણ પ્રદેશનાં રસીલાં ફળો વગર કેમ ચલાવી લેવું એ પણ તેઓ શીખી ગયા હતા. વનોની ઘટાઓ ક્ષીણ થતી જતી હતી તેની પણ તેમને ચિંતા નહોતી, કેમ કે તેમણે ચાલતાં ક્યારનું શીખી લીધું હતું અને વૃક્ષવિહોણી ખુલ્લી જગ્યાઓનો હવે તેમને ભય નહોતો રહ્યો. ક્યારેક કોઈ શત્રુ તેમનો માર્ગ રોકીને સામો થતો તો વાનરમાનવોનું આખું ટોળું ડંડા અને પથ્થરો વડે પોતાનું રક્ષણ કરતું.

આવી પડેલો વિષમ સમય વાનરમાનવોને ખતમ કરવામાં કે દક્ષિણ તરફ ચાલ્યાં જતાં વનો સાથે પીછેહઠ કરાવવામાં સફળ ન થયો. એ કપરા કાળે તો માત્ર તેમના પ્રથમ માનવવાનર બનવાની અને પછી ફોસિલમાનવ બનવાની ઘડીના આગમનને જ ત્વરિત બનાવ્યું.

પણ આપણાં દૂરનાં સગાં વાનરોનું શું થયું?

તે બધા દક્ષિણ દિશાનાં વનો સાથે પીછેહઠ કરી ગયા અને હંમેશને માટે વનના વસનારા બની રહ્યા. સાચું પૂછો તો એ બાબતમાં પસંદગી કરવાનો તેમને અવસર જ મળે તેમ નહોતો. પોતાના

વિકાસમાં તેઓ માનવવાનરોથી પાછળ રહી ગયા હતા અને ઓજારોનો ઉપયોગ કરવાનું શીખ્યા નહોતા. તેને બદલે ઝાડ ઉપર ચડીને ડાળીએથી ઝૂલવામાં સૌથી વધારે ચપળ વાનરે એ કામમાં પહેલાં કરતાં અધિક કૌશલ્ય મેળવ્યું.

જે વાનરો ઝાડ ઉપર ચડવાની કળામાં ઓછા દક્ષ હતા અને ઝાડની ટોચ ઉપરના જીવનને સહેલાઈથી અપનાવી નહોતા શકતા એવા વાનરોમાંથી માત્ર સૌથી મોટાં શરીરવાળા અને સૌથી જોરાવર વાનરો જ બચી શક્યા. જેટલી વધારે મોટી કાયા હોય એટલી જ અધિક મુશ્કેલીઓ વાનરને વૃક્ષજીવનમાં ભોગવવી પડતી. પરિણામે એવા મહાકાય વાનરોને ઝાડ ઉપરથી નીચે ઊતરી આવવું પડ્યું. ગોરિલાઓ આજે પણ જંગલમાં ભોંયતળિયે વસે છે. તેમની પાસે ડંડા કે પથ્થરનાં હથિયારો નહિ પણ તેમનાં ખૂબ મજબૂત જડબાંમાંથી બહાર નીકળી આવતા મોટા મોટા અણિયાળા દાંત હોય છે.

એ પ્રમાણે ફોસિલમાનવના અને તેનાં દૂરનાં સગાંઓના પંથ હંમેશને માટે જુદા પડી ગયા.

ખોવાયેલી કડી

મનુષ્ય બે પગ ઉપર ચાલતાં એકદમ શીખી નહોતો ગયો. પહેલાં તો તે માંડ માંડ ડગમગતો ચાલી શકતો.

પ્રથમ વાનરમાનવો કેવા દેખાતા હતા?

પૃથ્વી ઉપર ક્યાંય એક પણ વાનરમાનવ બચ્યો નથી. પણ તેનાં હાડકાં ગોતી કાઢવાનું પણ શું શક્ય નથી?

તેનાં હાડકાં મળી જાય તો એ હાડકાં મનુષ્ય વાનરમાંથી ઊતરી આવ્યો છે તેની આખરી સાબિતી પૂરી પાડે, કેમ કે વાનરમાનવ ફોસિલમાનવ હતો અને વાનરોથી શરૂ થઈને આજના આધુનિક માનવમાં પૂરી થતી વિકાસની સાંકળમાં એક મહત્ત્વની કડીનું સ્થાન ધરાવતો હતો. પણ એ અત્યંત મહત્ત્વની કડી પોતાનું નામનિશાન છોડ્યા વિના નદીકિનારાના નિક્ષેપોમાં, માટી અને રેતીના થરોમાં ખોવાઈ ગઈ હતી.

અવશેષો શોધવા માટે જમીનને કેવી રીતે ખોદવી તે પુરાતત્ત્વવિદો જાણે છે. પણ ખોદવાનું શરૂ કરતાં પહેલાં તેમને જગ્યા નક્કી કરવી પડે છે, ખોવાયેલી કડી શોધી કાઢવા માટે ક્યાં તપાસ કરવી એ નક્કી કરવું પડે છે. કોઈ એક ખોવાયેલી ચીજ માટે આખી દુનિયામાં શોધખોળ કરવી એ કંઈ સહેલું કામ નથી. પૃથ્વી ઉપર ફોસિલમાનવનાં અસ્થિને શોધી કાઢવાનું કામ ખડની ગંજીમાં પડેલી સોયને શોધી કાઢવાના કામ કરતાં પણ અધિક મુશ્કેલ છે.

માનવવાનરનાં (કે પછી વૈજ્ઞાનિકો તેને જે નામે ઓળખે છે એ પિથેકેન્થ્રોપસનાં) અસ્થિ દક્ષિણ એશિયામાં ક્યાંક મળી આવવા સંભવ છે એવું સૂચન પહેલી વાર ઓગણીસમી શતાબ્દીના અંતમાં

અર્ન્સ્ટ હાએકેલ નામના એક જર્મન જીવવિજ્ઞાનવિદે કર્યું. તેણે તો અસ્થિ ક્યાં સચવાયેલાં પડયાં હશે તે ચોક્કસ સ્થળ પણ નકશા ઉપર બતાવ્યું. એ સ્થળ હતું સુન્દા ટાપુઓ.

ઘણા વૈજ્ઞાનિકો તેની સાથે સહમત નહોતા. પણ તેનો વિચાર ભુલાઈ ન ગયો. ખાસ કરીને એક માણસને તેમાં એટલી ઊંડી શ્રદ્ધા બેઠી કે તે પોતાની કારકિર્દી તજીને કલ્પિત પિથેકેન્થ્રોપસના કલ્પિત અવશેષ ખોળવા માટે સુન્દા ટાપુઓ તરફ ઊપડી ગયો.

એ માણસ હતો એમ્સ્ટેર્ડેમના વિશ્વવિદ્યાલયમાં શરીરરચનાશાસ્ત્રનો પ્રાધ્યાપક ડૉ૦ યુજીન દુબોઈ.

વિશ્વવિદ્યાલયના તેના ઘણા સાથીઓએ અને પ્રોફેસરોએ અજાયબીમાં માથાં ધુણાવ્યાં અને એકબીજા સાથે સહમત થયા કે સામાન્ય માનસ ધરાવતો કોઈ માણસ આવી આંધળી શોધખોળ માટે જવા કદી તૈયાર ન થાય. એ બધા માનનીય ગૃહસ્થો હતા અને તેમણે પોતાનાં જીવનમાં ખેડેલી મુસાફરીઓ વિશ્વવિદ્યાલયમાં જતાં અને ત્યાંથી પાછા આવતાં એમ્સ્ટેર્ડેમના શાંત રસ્તાઓ ઉપરથી દરરોજ પસાર થવામાં જ પૂરી થઈ જતી હતી.

પોતાની સાહસભરી યોજના પૂરી કરવા માટે ડૉ૦ દુબોઈએ વિશ્વવિદ્યાલયમાં પોતાનું સ્થાન તજી દીધું અને લશ્કરમાં જોડાઈને મુકામી દાક્તર તરીકે સુમાત્રા જવા માટે વહાણ પકડી લીધું.



પિથેકેન્થ્રોપસના અવશેષ બેંગાવન નદીને કાંઠેથી ખોળી કાઢવામાં આવ્યા હતા

ટાપુ ઉપર સ્થાયી થયા પછી પોતાનો બચતો બધો વખત તેણે અસ્થિની શોધમાં લગાવી દીધો. તેના નિર્દેશન તળે ખોદવાનું કામ કરતા મજૂરોએ જમીન ખોદી ખોદીને માટીના ડુંગરા ખડકી દીધા. એક મહિનો, પછી બીજો અને પછી ત્રીજો, એમ મહિનાઓ વીતતા ગયા પણ પિથેકેન્થ્રોપસનાં અસ્થિને મળતું આવે એવું કશું જ હાથ લાગ્યું નહિ.

માણસ કોઈ ખોવાયેલી ચીજ ગોતતો હોય ત્યારે તેને એટલી તો ખબર હોય જ છે કે એ ચીજ ક્યાંક છે જરૂર, અને પોતે ગોતવામાં ખૂબ મહેનત કરે તો એ ચીજ મળી જાય એમ છે. દુબોઈની શોધની બાબતમાં એમ નહોતું. તેને તો ફક્ત ધારણા હતી કે આવા અવશેષ અસ્તિત્વમાં છે, પણ એ વિશે ખાતરીપૂર્વક તે કંઈ કહી શકે તેમ નહોતો. તેમ છતાં, તે પોતાના નિર્ણયને વળગી રહ્યો અને શોધખોળ ચાલુ રાખી. એક વર્ષ વીતી ગયું, પછી બીજું વીત્યું અને ત્રીજુંયે વીતી ગયું, પણ 'ખોવાયેલી કડી' ક્યાંય હાથ લાગી નહિ.

તેની જગ્યાએ બીજું કોઈ હોત તો તેણે મૂર્ખાઈ ગણીને આખો વિચાર તજી દીધો હોત. ક્યારેક ક્યારેક દુબોઈને પણ એવો ખયાલ આવી જતો. પણ દુબોઈ અધવચ્ચે કામ છોડી દે એવી માટીનો નહોતો.

જ્યારે તેને પૂરી ખાતરી થઈ ગઈ કે માનવવાનરના અવશેષ સુમાત્રામાં નહિ જ મળે ત્યારે તેણે પોતાની શોધખોળ જાવામાં આગળ ચલાવવાનું નક્કી કર્યું.


આખરે ત્યાં તેને સફળતા સાંપડી.

જાવામાં ટ્રિનિલ ગામ નજીક દુબોઈએ એક ફોસિલમાનવ શોધી કાઢયો. મળી આવેલા અવશેષોમાં એક ઊરુઅસ્થિ, કેટલાક દાંત, નીચલા જડબાનો એક ટુકડો અને ખોપરીનો ઉપરનો ભાગ હતાં. પાછળથી આજુબાજુની જગ્યાઓમાં બીજાં ઊરુઅસ્થિઓના ટુકડા પણ મળી આવ્યા.

પોતાના પ્રાગૈતિહાસિક પૂર્વજની ખોપરીનું નિરીક્ષણ કરતાં દુબોઈએ એ કેવો દેખાતો હશે તેની કલ્પના કરવાનો પ્રયત્ન કર્યો. માનવવાનરનું કપાળ નીચું અને સપાટ હતું તથા તેની આંખો ઉપર હાડકાની ઊપસેલી જાડી પટ્ટી હતી. ચહેરો મનુષ્ય કરતાં વાનરને વધારે મળતો આવતો હતો. પણ મગજકોષનું બારીક નિરીક્ષણ કરતાં દુબોઈને ખાતરી થઈ કે મનુષ્યને મળતા આવતા બીજા કોઈ પણ વાનર કરતાં પિથેકેન્થ્રોપસ ઘણો વધારે બુદ્ધિશાળી હતો, કારણ કે તેનું મગજ તેમના કરતાં ઘણું વધારે મોટું હતું.

વધારે ઊંડા અભ્યાસ માટે ખોપરીનો ઉપરનો ભાગ, થોડાક દાંત અને એક ઊરુઅસ્થિ જેટલી સામગ્રી જરાય પૂરતી ન ગણાય. છતાં, બારીક અભ્યાસ દ્વારા દુબોઈ માનવવાનરના જીવનનાં ઘણાં તથ્યો સ્થાપિત કરવામાં સફળ થયો. એ રીતે, ઊરુઅસ્થિએ બતાવી આપ્યું કે તે પોતાના વળેલા પગે ડગમગતો ચાલી શકતો હતો.

દુબોઈએ કલ્પનામાં પોતાના માનવવાનરને બેવડા વળેલા શરીરે, ગોઠણ વાળીને અને હાથ જમીન સરસા રાખીને વનની કોઈ ખુલ્લી જગ્યામાં મુશ્કેલીથી ચાલતો જોયો. ભમ્મરના ભારે હાડકાની પટ્ટીની




પિથેકેન્થ્રોપસનાં અસ્થિ

નીચે આવેલી આંખો જમીન ઉપર ખોડાયેલી હતી, જાણે કેમ તે જમીન ઉપર પડેલી ખાવા લાયક કોઈ પણ ચીજ ચૂકી જવા માગતો ન હોય.

તે વાનર નહોતો રહ્યો, પણ હજુ મનુષ્ય પણ નહોતો બન્યો. દુબોઈએ તેના માનવવાનરને પિથેકેન્થ્રોપસ દ્વિપાદ (Pithecanthropus erectus) એવું નામ આપ્યું, કેમ કે વાનર સાથે સરખામણી કરતાં તે સાચેસાચ વધારે સીધો હતો.

આપણને એમ લાગે કે દુબોઈ આખરે પોતાનું લક્ષ્ય સાધી શક્યો હતો—રહસ્યમય પિથેકેન્થ્રોપસ અંતે ખોળી કાઢવામાં આવ્યો હતો. પણ આ શોધ કર્યા પછીનો સમય તેના જીવનના અત્યંત કઠિન દિવસો અને વર્ષોનો સમય હતો. તેને ખબર પડી કે માનવીના મનમાં જામી ગયેલા પૂર્વગ્રહોના જાડા થરને તોડવા કરતાં માટીના જાડા થરોને ખોદી કાઢવાનું કામ અધિક સરળ હોય છે.

યુજીન દુબોઈની શોધને બધી બાજુથી રોષ અને ઠેકડીના ભોગ બનવું પડ્યું, કેમ કે ઘણા બધા લોકોમાં મનુષ્ય અને વાનરનો એક જ સામાન્ય પ્રાગૈતિહાસિક પૂર્વજ હતો એ વાત સ્વીકારી લેવાની શક્તિ નહોતી. ધર્મસંસ્થાઓએ અને તેઓના અનુયાયીઓએ જાહેર કર્યું કે દુબોઈએ શોધી કાઢેલી ખોપરી ગીબ્બનની છે અને ઊરુઅસ્થિ મનુષ્યનું છે. દુબોઈના દુશ્મનોને જાવાના વાનરમાનવને માત્ર વાનર અને મનુષ્યના મિશ્રણમાં બદલાવી નાખવાથી જ સંતોષ ન થયો. તેઓએ એવું પુરવાર કરવાનો પ્રયાસ કર્યો કે દુબોઈએ શોધી કાઢેલા હાડપિંજર-અવશેષો તો તેના દાવા પ્રમાણે લાખો વર્ષ જૂના નહિ પણ તદ્દન અપ્રાચીન છે અને ધરતીમાં માત્ર થોડાં વર્ષો જ દટાઈને પડ્યા રહ્યા છે. તેઓએ પિથેકેન્થ્રોપસ દ્વિપાદને ફરી વાર ભોંયમાં દાટી દઈને અને તેની ઉપર



પિથેકેન્થ્રોપસ લગભગ આવો દેખાતો હશે. તે હજુ મનુષ્ય નહોતો બન્યો, પણ વાનરેય નહોતો રહ્યો

માટીના થર ચડાવી દઈને એ કદી મળી આવ્યો જ નહોતો એવો ખોટો ભ્રમ ઊભો કરવા માટે પોતાનાથી બન્યું એટલું બધું કરવામાં મુદ્દલ મણા રહેવા ન દીધી.

દુબોઈએ બહાદુરીથી પોતાની શોધનો બચાવ કર્યો. એ શોધનું વિજ્ઞાન માટેનું ઊંડું મહત્ત્વ સમજનારા બધા લોકો તેની તરફ હતા.

પોતાના વિરોધીઓ જોડે દલીલો કરીને દુબોઈએ સાબિત કરી આપ્યું કે ખોપરી ગીબ્બનની હોવાનો કોઈ જ સંભવ નહોતો, કેમ કે ગીબ્બનને લલાટવિવર હોતાં નથી, જ્યારે પિથેકેન્થ્રોપસને હતાં.

વર્ષો વીતતાં ગયાં, પણ પિથેકેન્થ્રોપસ દ્વિપાદને માનવપરિવારમાં સ્થાન ન મળ્યું.

પછી વૈજ્ઞાનિકોને અચાનક એક નવા માનવવાનરના અવશેષો હાથ લાગ્યા. એ માનવવાનર જાવા-માનવને ખૂબ મળતો આવતો હતો.

વીશમી સદીના પ્રારંભના દિવસોમાં, ચીનમાં રહેતો એક યુરોપિયન વૈજ્ઞાનિક અચાનક એક ચીની ઔષધાલયમાં જઈ ચડયો. ત્યાં પ્રદર્શિત વિચિત્ર વસ્તુઓમાં ગિનસેંગ નામનું મનુષ્યની આકૃતિને મળતું આવતું ઓસડનું એક મૂળિયું, જુદી જુદી જાતનાં તાવીજો તથા જાનવરોનાં હાડકાં અને જાતજાતના 'દૈત્ય દંત'નો એક ઢગલો વગેરે હતું. પશુઓના દાંતના ઢગલામાં તેણે એક એવો દાંત જોયો કે જે બીજા બધા દાંત જોડે કોઈ રીતે મેળ ખાતો નહોતો. એ દાંત જાણવામાં આવેલા કોઈ પ્રાણીનો નહોતો, અને છતાં મનુષ્યના દાંતને મળતો આવતો હોય એવો ઝાંખો અણસાર આપતો હતો.

વૈજ્ઞાનિકે દાંત ખરીદી લીધો અને તેને યુરોપના એક સંગ્રહાલયમાં મોકલી આપ્યો. ત્યાં તેને 'ચીની દાંત' એવા શંકાભર્યા અસ્પષ્ટ મથાળા તળે નોંધવામાં આવ્યો.

પચીસથી વધારે વર્ષો વીતી ગયાં. પછી એ દાંતના જ પ્રકારનો એક નીચલો ચર્વણ દંત પેકિંગ નજીક ચાઉ-કાઉ-ટિયેનમાં મળી આવ્યો. ત્યાર પછી એ દાંતના માલિકના અવશેષ પણ મળી આવ્યા. તેને સાઇનાનથ્રોપસ નામ આપવામાં આવ્યું.

સાઇનાનથ્રોપસનું આખું હાડપિંજર તો ક્યારેય ન મળ્યું. મળી આવેલા અવશેષોમાં લગભગ પચાસ દાંત, ત્રણ ખોપરી, અગિયાર જડબાંના છૂટક અંશ, બસ્તિપ્રદેશના હાડકાનો એક અંશ,

એક કરોડનું હાડકું, એક હાંસડી, કાંડાનું એક હાડકું અને પગના હાડકાના એક અંશનો સમાવેશ થતો હતો.


આનો અર્થ એવો મુદ્દલ નથી થતો કે એ ગુફાવાસીને ત્રણ માથાં હતાં અને એક જ પગ હતો.

એમાં વિચિત્ર ગણાય એવું કશું જ નથી. સાદી વાત છે કે ચાઉ-કાઉ-ટિયેન ગુફામાં માનવવાનરોનું એક મોટું ટોળું રહેતું હશે. એ પ્રાગૈતિહાસિક કાળ પછી જે લાખો વર્ષો વીતી ગયાં હતાં તે વર્ષો દરમિયાન ઘણાં હાડકાં ગુમ થઈ ગયાં હતાં. પણ જે અંશ મળી આવ્યા હતા તે ફોસિલ ગુફાવાસીઓના સ્વરૂપનું પુનર્નિર્માણ કરવા માટે પૂરતા હતા. વૈજ્ઞાનિકને એક આંગળી પણ મળી જાય તો તે આખું શરીર તેમાંથી ખડું કરી શકે.

આપણો ફોસિલ નાયક કેવો દેખાતો હતો?

સાચી વાત કહેવી હોય તો તે બહુ દેખાવડો નહોતો.


તમને એ રસ્તામાં ક્યાંક અચાનક ભટકાઈ જાય તો બીકથી તમારો શ્વાસ અદ્ધર ચડી જાય ખરો, કેમ કે સપાટ કપાળ, ઊપસી આવતો ચહેરો અને વાળથી ભરેલા લાંબા હાથવાળો ફોસિલમાનવ હજુ પણ લગભગ વાનર જેવો જ દેખાતો હતો. બીજી તરફ, તમે જો એમ ધારી લો કે એ વાનર છે, તો તમારે તરત જ તમારી ધારણા બદલવી પડશે કેમ કે કોઈ પણ વાનર મનુષ્યની જેટલો સીધો ચાલી શકતો નથી અને કોઈ પણ વાનરનો ચહેરો મનુષ્યના ચહેરા સાથે આટલો બધો મળતો આવતો નથી હોતો.



ફોસિલખોપરીના આધારે માનવવિદ્યાવિદોએ સાઇનાનથ્રોપસની મુખાકૃતિનું પુનર્નિર્માણ કર્યું

તમે માનવવાનરની પાછળ પાછળ તેની ગુફા સુધી જશો તો તમારી બધી શંકાઓ શમી જશે.

પોતાના વળેલા પગ વડે મુશ્કેલીથી પગલાં માંડતો તે નદીને કાંઠે ચાલ્યો જાય છે. એકાએક તે બેસી જાય છે. એક મોટા પથ્થર તરફ તેનું ધ્યાન આકર્ષાયું હોય એમ લાગે છે. પથ્થરને ઊંચકીને તે બારીકાઈથી જુએ છે, અને પછી તેને બીજા પથ્થર જોડે અફળાવે છે. પછી ઊભો થાય છે અને પોતાને જડેલો પથ્થર હાથમાં લઈને પાછો ધીરે ધીરે આગળ વધે છે. આખરે તે કાંઠા ઉપર આવેલી એક સીધા ઊંચાણવાળી જગ્યાએ પહોંચે છે. ત્યાં ગુફાના મુખ પાસે તેનો આખો પરિવાર ભેગો થયો છે. બરછટ વાળથી ભરેલા શરીરવાળો દાઢી ધરાવતો એક ઘરડો માણસ પથ્થરના ઓજાર વડે એક મરેલા હરણની લાશ ચીરી રહ્યો છે અને તેની આસપાસ બધાં ટોળે વળીને ઊભાં છે. સ્ત્રીઓ પોતાના હાથ વડે જ કાચા માંસના લોચા તોડી લે છે. બાળકો પોતાને માટે બટકાં માગતાં આમતેમ દોડાદોડી કરી રહ્યાં છે. ગુફામાં ઊંડે આઘે બળતા તાપણાનો પ્રકાશ બહાર આવે છે.



પિથેકેન્થ્રોપસના અવશેષો શોધી કાઢવા માટે પુરાતત્ત્વવિદોએ જાવામાં ઉત્ખનન કર્યું હતું



ચાઉ-કાઉ-ટિયેન ગુફા

આખરી શંકાઓ પણ હવે શમી ગઈ હશે: દુનિયામાં ક્યાંય એવો વાનર છે કે જે તાપણું સળગાવી શકે અને પથ્થરનાં ઓજારો બનાવી શકે? પણ તમે એમ પૂછી શકો: અમને કેવી રીતે ખબર પડે કે માનવવાનરે જ પથ્થરનાં અને હાડકાંનાં ઓજારો બનાવ્યાં હતાં અને અગ્નિનો ઉપયોગ કરવાનું તે જાણતો હતો?

એ પ્રશ્નનો ઉત્તર ચાઉ-કાઉ-ટિયેનની ગુફાએ આપી દીધો છે. જે નિક્ષેપમાંથી આ ફોસિલમાનવના અવશેષો મળી આવ્યા હતા તે જ નિક્ષેપમાંથી પથ્થરનાં લગભગ બે હજારથી વધારે અણઘડ ઓજારો પણ મળી આવ્યાં હતાં, અને તેમાં માટી સાથે ભળી ગયેલી રાખનો ત્રેવીસ ફૂટ જાડો થર પણ હતો. તેનો અર્થ એ થયો કે માનવવાનરો એ ગુફામાં ઘણાં ઘણાં વર્ષો સુધી વસ્યા હતા અને તેમનાં તાપણાં દિનરાત બળતાં રહેતાં હતાં. એમ લાગે છે કે તેમને આગ સળગાવતાં નહિ આવડતું હોય, અને જેમ તેઓ ખાવા લાયક મૂળિયાં અને ઓજારને લાયક પથ્થરો ભેગા કરી લાવતા, તેમ અગ્નિને પણ "ભેગો" કરી લાવતા હશે.

વનોમાં ક્યારેક ક્યારેક લાગતી આગમાંથી અગ્નિ સહેલાઈથી મેળવી શકાય એમ હતું. પ્રાગૈતિહાસિક મનુષ્ય તેમાંથી એક ચળકતો અંગારો લઈને તેને કાળજીપૂર્વક પોતાના રહેઠાણમાં લઈ જાય. ત્યાં વરસાદ અને પવનથી બચેલી રહેતી ગુફામાં તે અગ્નિને પોતાના અતિમૂલ્યવાન ખજાના રૂપે જતનથી જાળવી રાખે.

ત્રીજી કડી

મનુષ્ય નિયમો તોડે છે

આપણો નાયક લાકડી અને પથ્થરનો ઉપયોગ કરવાનું શીખી ગયો હતો. એથી તેની શક્તિમાં વધારો થયો અને તે અધિક મુક્ત બન્યો. હવે આસપાસમાં ફળનું કે કાષ્ઠફળનું કોઈ ઝાડ ન મળે તો તેની તેને પરવા નહોતી. તે પોતાના રહેઠાણથી ખોરાકની શોધમાં દૂર ને દૂર રખડી શકે તેમ હતો, વનની એક નાનકડી દુનિયામાંથી બીજીમાં જઈ શકે તેમ હતો, અને બધા નિયમોનો ભંગ કરીને લાંબા ગાળાઓ સુધી ખુલ્લા મેદાનોમાં રહી શકતો હતો, તેમ જ પોતાને ન ખાવાનો ખોરાક ખાઈને હજમ પણ કરી જતો હતો.

એમ જીવનના પ્રારંભમાં જ મનુષ્યે કુદરતના નિયમોનો ભંગ કરવાનું શરૂ કરી દીધું.

વૃક્ષોનો વસનારો ઝાડની ટોચ ઉપરથી નીચે ઊતરીને જમીન ઉપર રખડવા લાગ્યો. બે પગ ઉપર ચાલી શકવા માટે તે મક્કમતાપૂર્વક સીધો થયો. જાણે કેમ એટલું પૂરતું ન હોય તેમ તે પોતાને ન ખાવાની વસ્તુઓ ખાવા લાગ્યો અને ખોરાક મેળવવા માટે તેણે કુદરતને અજાણ્યા એવા ઉપાયો અજમાવ્યા.

દુનિયામાં બધાં પ્રાણીઓ અને બધી વનસ્પતિઓ પરસ્પરાવલંબી હોય છે, કેમ કે 'પોષણ ચક્રો' તેમને એકબીજા સાથે સાંકળી લેતાં હોય છે. જંગલોમાં ખિસકોલીનો આહાર પાઈનવૃક્ષનું ફળ હોય છે. જ્યારે માર્ટનનો આહાર ખિસકોલી હોય છે. આમ આપણને એક સાંકળ જોવા મળે છે: પાઈનવૃક્ષનું ફળ — ખિસકોલી — માર્ટન. પણ ખિસકોલીઓ ફક્ત પાઈનનાં કાષ્ઠફળ જ નથી ખાતી. તે બીજાં કાષ્ઠફળ પણ ખાય છે અને ભૂછત્ર પણ ખાય છે. વળી ખિસકોલીનો શિકાર ફક્ત માર્ટન જ કરતાં હોય છે એવું પણ નથી. બીજાં પ્રાણીઓ અને શાહબાજ (goshawk) જેવાં પક્ષીઓ પણ ભોજન માટે ખિસકોલીનો શિકાર કરવા આતુર હોય છે. આમ આપણને એક બીજી સાંકળ જોવા મળે છે: ભૂછત્ર અને કાષ્ઠફળ — ખિસકોલી — શાહબાજ. વનમાં રહેતાં બધાં પ્રાણીઓ આવી સાંકળોમાં કડીઓ બની રહેતાં હોય છે.

આપણો નાયક પણ પોતાના વનજગતના 'પોષણ ચક્ર' સાથે સાંકળની એક કડી રૂપે જોડાયેલો હતો. તે ફળ અને કાષ્ઠફળનો આહાર કરતો જ્યારે અસિદન્ત વાઘ તેનો શિકાર કરવા આતુર રહેતો.

પછી એકાએક આપણો નાયક આ બધી સાંકળો તોડવા લાગ્યો. તેણે પહેલાં કદી ન ખાધેલી વસ્તુઓ તે ખાવા લાગ્યો. લાખો વર્ષોથી તેના પૂર્વજો જેના હાથે મરતા આવ્યા હતા તે અસિદન્ત વાઘ અને બીજાં રાની પશુઓનો શિકાર બનવાનો તેણે ઇનકાર કરી દીધો.

તે એટલો બહાદુર કેવી રીતે બન્યો? નીચે ઊતરીને જ્યાં તીણા દાંતવાળા લોહી તરસ્યાં પશુઓ મોં ફાડીને તેની વાટ જોતાં બેઠાં હતાં એ જમીન પર આવવાની હિંમત તેને ક્યાંથી મળી? એ તો નીચે વાટ જોઈને બેઠેલી બિલાડીનો આહાર બનવા માટે કોઈ પક્ષી ઝાડ ઉપરથી નીચે કૂદી આવે એવી વાત થઈ.

મનુષ્યને આ નવી હિંમત પોતાના હાથમાંથી સાંપડી હતી. હાથમાં પકડેલો પથ્થર અને મૂળિયાં ખોદવા માટે વપરાતી લાકડી તેનાં હથિયારો હતાં. મનુષ્યનાં પ્રથમ ઓજાર તેનાં પ્રથમ હથિયાર બની ગયાં.

વળી, મનુષ્ય જંગલમાં એકલો ક્યારેય ન રખડતો.

કોઈ પશુ હુમલો કરે તો આખું માનવટોળું તેની ઉપર તૂટી પડતું અને પોતાનાં નવાં હથિયારો વડે તેને હાંકી કાઢતું.

આપણે અગ્નિને પણ કેમ ભૂલીએ? અગ્નિ જેવો સહાયક મળતાં, મનુષ્યને અત્યંત વિકરાળ પશુને પણ ભય પમાડીને નસાડી મૂકવાની શક્તિ પ્રાપ્ત થઈ હતી.

માનવહસ્તે સર્જેલાં એંધાણનો પીછો

પોતાને ઝાડ સાથે જકડી રાખતી બેડીઓ તોડી નાખવામાં આખરે સફળ થયા પછી પ્રાગૈતિહાસિક મનુષ્યને તેની સફરનો માર્ગ ઝાડ ઉપરથી જમીન પર અને વનોમાંથી નદીઓની ખીણોના પ્રદેશોમાં લઈ ગયો.

પણ આપણે શા આધારે માની લઈએ કે તે ખીણોના પ્રદેશ તરફ આગળ વધી રહ્યો હતો?

જતાં જતાં તેણે સર્જેલાં એંધાણ આપણને ત્યાં દોરી જાય છે.

પણ એ એંધાણ જળવાઈ કેવી રીતે રહ્યાં?

એ એંધાણ સામાન્ય પ્રકારનાં પગેરાનાં એંધાણ નથી. એ તો છે માનવહસ્તે સર્જેલાં એંધાણ.

લગભગ એક સો વર્ષ પહેલાંની વાત છે. ફ્રાંસમાં આવેલ સોમ નદીની ખીણમાં મજૂરો રેતી અને કાંકરી માટે ખોદકામ કરી રહ્યા હતા.

લાંબા સમય પહેલાં, જ્યારે સોમ નદી યુવાવસ્થામાં હતી અને ધરતીને ચીરતી પોતાનો માર્ગ કરતી આગળ વહી જતી હતી ત્યારે તેનાં પાણી એટલા તીવ્ર વેગે ધસી જતાં હતાં કે તેમાં મોટા પથ્થરો પણ તણાઈ જતા. પાણીમાં તણાતા એ પથ્થરો એકબીજા સાથે અફળાઈને અને ઘસાઈને



ચકમકનાં આવાં ઓજારો માનવહસ્તે જ ઘડયાં હોય. એક ભાલાની અણિ છે, બીજું ઓજાર ખુરચની છે, અને ત્રીજું ઓજાર છે વીંધણી

ગોળાકાર તથા લીસા બની જતા હતા અને નાના થઈ જતા હતા. સમય જતાં નદીના પાણીનો વેગ જ્યારે ઓછો થયો અને નદી શાંત બની ત્યારે એ નાનકડા ગોળ કાંકરાઓ ઉપર નદીમાં વહી આવતી રેતી અને માટીના થર જામી ગયા.

મજૂરો એ ગોળ કાંકરાઓને ખોદી કાઢવા માટે રેતી અને માટીના થરમાં ખોદકામ કરી રહ્યા હતા.

અચાનક વિચિત્ર વસ્તુઓ તરફ તેમનું ધ્યાન ખેંચાયું. કેટલાક કાંકરા લીસા અને ગોળ નહોતા. તે ખરબચડા અને બે બાજુથી તોડવામાં આવ્યા હોય એવા હતા. પથ્થરના એ ટુકડાઓને એવો આકાર કોણે આપ્યો? એ કામ નદીના પાણીનું તો હોઈ શકે જ નહિ, કેમ કે પાણી તો પથ્થરોને ફક્ત ગોળ અને લીસા જ બનાવી શકે.

વિચિત્ર આકારના એ પથ્થરો નજીકમાં રહેતા પુરાવિદ જેક્સ બાઉચેર દ પેરથેસને (Jacques Boucher de Perthes) બતાવવામાં આવ્યા. બાઉચેર દ પેરથેસ પાસે સોમ નદીની ખીણના પ્રદેશની કાંકરીમાંથી મળી આવેલી રસપ્રદ વસ્તુઓનો મોટો સંગ્રહ હતો. એ સંગ્રહમાં મૅમથ પ્રાણીના દંતૂશળ, ગેંડાનાં શિંગડાં અને ગુફામાં વસતા રીંછની ખોપરીઓ પણ હતી. એક જમાનામાં એ બધાં મહાકાય જનાવરો નદીકિનારે આજે જેમ ગાય અને ઘેટાં આવે છે તેમ પાણી પીવા આવતાં.

પણ પ્રાગૈતિહાસિક મનુષ્યનું શું? બાઉચેર દ પેરથેસને તેનાં હાડકાંનું નામનિશાન પણ નહોતું મળ્યું.

પછી તેને રેતીમાંથી મળી આવેલા પેલા વિચિત્ર આકારના કાંકરા જોવા મળ્યા. એ પથ્થરોને બે ાાજુથી કોણે તોડયા હશે? તે એવા નિર્ણય પર આવ્યો કે માત્ર મનુષ્યના હાથ જ એ કામ કરી શક્યા ોય.

બીનધંધાદારી પુરાતત્ત્વવિદે ઉત્તેજિત મને એ પથ્થરોને ચકાસ્યા. એ સાચું કે એ પથ્થર કંઈ પ્રાગૈતિહાસિક મનુષ્યના ફોસિલ અવશેષ નહોતા. પણ એ પથ્થરો તેના અસ્તિત્વનાં એંધાણરૂપ હતા, ોના ઉદ્યમની નિશાનીઓ સમા હતા. એ વાતમાં શંકાને સ્થાન જ ન હોઈ શકે કે પથ્થરને એવો આકાર આપવાનું કામ નદીનું ન હોય, મનુષ્યનું જ હોય.

બાઉચેર દ પેરથેસે પોતાની શોધ વિશે એક પુસ્તક લખ્યું. પોતાની કૃતિને તેણે નિર્ભયતાથી આવું નામ આપ્યું: 'પ્રારંભિક ઉદ્યમ વિશે' (*«De l'industrie primitive»*).

પછી તો ખરેખરો જંગ જામ્યો. આગળ જતાં દુબોઈ ઉપર થયેલા તેમ, ચારે તરફથી તેની ઉપર હુમલાઓ થયા.

એ જમાનાના મોટામાં મોટા પુરાતત્ત્વવિદોએ એમ સાબિત કરવાના પ્રયત્નો કર્યા કે એ પ્રાંતવાસી પુરાવિદને વિજ્ઞાન શું કહેવાય તેનું મુદ્દલ ભાન જ નથી, તેની પથ્થરની કુહાડીઓ 'બનાવટી' છે, અને તેના પુસ્તકને એકદમ ગેરકાયદેસર જાહેર કરવું જોઈએ, કેમ કે મનુષ્યના સર્જન વિશેના ધર્મસંસ્થાઓના સિદ્ધાંતોને તે પડકારે છે.

એ વાગ્યુદ્ધ પંદર વર્ષ સુધી ચાલ્યું.

બાઉચેર દ પેરથેસ વૃદ્ધ થઈ ગયો અને તેના કેશ ધવલ થઈ ગયા, પણ તેણે માનવજાતની અતીવ પુરાતનતા પુરવાર કરતા પોતાના વિચારો ખાતર લડવાનું ચાલુ રાખ્યું. પહેલું પુસ્તક પ્રકાશિત થયા પછી તરત જ તેણે બીજું પુસ્તક લખ્યું અને ત્યારબાદ એક ત્રીજું પણ લખ્યું.

લડાઈ અસમાન દળો વચ્ચેની હોવા છતાં બાઉચેર દ પેરથેસનો વિજય થયો. એ સમયના સૌથી વધારે જાણીતા બ્રિટિશ ભૂવૈજ્ઞાનિકો ચાર્લ્સ લ્યેલ (Charles Lyell)અને જોસેફ પ્રેસ્ટવીચે (Joseph Prestwich) બાઉચેર દ પેરથેસના સિદ્ધાંતનો જાહેર બચાવ કર્યો. બન્નેએ સોમ નદીની ખીણના પ્રદેશની મુલાકાત લઈને ખોદકામ કરવામાં આવેલી જગ્યાઓનું નિરીક્ષણ કર્યું. બાઉચેર દ પેરથેસના સંગ્રહોને તપાસવામાં તેમણે કેટલાય કલાકો ગાળ્યા, અને લાંબા સમય સુધી ખૂબ ઊંડો અભ્યાસ કર્યા પછી તેમણે જાહેર કર્યું કે શોધી કાઢવામાં આવેલાં ઓજારો સાચેસાચ, ફ્રાંસ અને યુરોપમાંથી હવે અદૃશ્ય થઈ ગયેલા વિદેશી મહાકાય હાથીઓ અને ગેંડાઓના સમકાલીન એવા પ્રાગૈતિહાસિક મનુષ્યનાં જ છે.

'મનુષ્યની પુરાતનતા'(*«Antiquity of Man»*) નામની લ્યેલની કૃતિએ (૧૮૬૩ માં પ્રકાશિત) બાઉચેર દ પેરથેસના દુશ્મનોની દલીલોનો આખરે અંત આણ્યો. પછી એ બધાએ એવો ઊહાપોહ મચાવ્યો કે સાચેસાચ તો તેણે નવું કશું જ શોધી કાઢયું નથી, કેમ કે પ્રાગૈતિહાસિક મનુષ્યનાં ઓજારો તો ત્યાર પહેલાં પણ ઘણી જગ્યાઓમાં શોધી કાઢવામાં આવ્યાં છે.

આ નવી દલીલનો સચોટ ઉત્તર લ્યેલ તરફથી આવ્યો: "જ્યારે જ્યારે વિજ્ઞાન કોઈ મહત્ત્વની શોધ કરે છે ત્યારે ત્યારે એવા અવાજો ગાજી ઊઠે છે કે એ શોધ અધાર્મિક છે, અને પછી આગળ જતાં એ જ અવાજો એવો દાવો કરે છે કે એ શોધમાં નવું કંઈ નથી, એ તો ઘણા લાંબા કાળથી સર્વત્ર જાણીતી છે."

બાઉચેર દ પેરથેસને સોમ નદીની ખીણના પ્રદેશમાંથી મળી આવેલા પથ્થરો જેવા ઘણા પથ્થરો હવે તો દુનિયાના જુદા જુદા બીજા ભાગોમાંથી પણ મળી આવ્યા છે. સામાન્ય રીતે જૂના સરિતાપટમાં જ્યાં કાંકરી અને ગોળ કંકર માટે ખોદકામ થતું હોય એવી પથ્થરની ખાણોમાંથી એવા પથ્થરો મળી આવ્યા છે.

જ્યારે ફોસિલમાનવ હજુ તો કામ કરતાં શીખી જ રહ્યો હતો એવા પ્રાગૈતિહાસિક યુગનાં ઓજારો જોડે આધુનિક માનવનો પાવડો આમ જમીનમાં અથડાઈ જાય છે.

જૂનામાં જૂનું પથ્થરનું ઓજાર છે બે બાજુથી બીજા પથ્થર વડે તોડવામાં આવેલો પથ્થર. તોડી નાખવામાં આવેલા કકડા પણ બાજુમાં પડેલા મળી આવ્યા છે.

પથ્થરનાં આ ઓજારો માનવહસ્તે સર્જેલાં એંધાણ છે અને તે આપણને નદીઓની ખીણો તરફ તથા રેતભીંતો તરફ દોરી જાય છે. ત્યાં નિક્ષેપોમાં અને છીછરા પાણીમાં ફોસિલમાનવ પોતાના પથ્થરના નહોર અને દાંત બનાવવામાં ઉપયોગી થાય એવી સાધનસામગ્રી ખોળતો રહેતો હતો.

એ કામ માનવીય કામ હતું. પ્રાણી કે પક્ષી ખોરાક શોધવા જરૂર જાય, એ ઉપરાંત પોતાનો માળો બાંધવા જરૂરી વસ્તુઓ ગોતવા પણ નીકળે. પણ પોતાને માટે વધારાના નહોર કે દાંત બનાવવામાં ઉપયોગી થાય એવી વસ્તુઓ ગોતી કાઢવા તે કદી જ ન નીકળે.

જીવતો પાવડો અને જીવતી કોઠી

પક્ષીઓની, પશુઓની અને જીવજંતુઓની બાંધકામની આવડત વિશે ઘણું કરીને તમે વાંચ્યું કે સાંભળ્યું જ હશે. પ્રાણીસૃષ્ટિના કુશળ સુથારો, પથ્થરનું કામ કરતા કડિયા, વણકર અને દરજી પણ આપણી જાણમાં છે. બીવરના તીણા દાંત કઠિયારાની કુહાડી જેટલી જ સરસ રીતે ઝાડ પાડી શકે છે. બીવર તો વળી પડી ગયેલા ઝાડનાં થડ અને ડાળીઓનો ઉપયોગ કરીને સાચા બંધ પણ બાંધે છે. બંધ બંધાતાં નદીનું પાણી એકઠું થઈને બન્ને તરફ કિનારાની ઉપર ફેલાઈ જાય છે અને એક નાનકડું શાંત સરોવર બની જાય છે. બીવરને એવું સરોવર ખૂબ પ્રિય હોય છે.

પાઈનવૃક્ષની સુકાઈ ગયેલી શૂળોનો ઉપયોગ કરીને પોતાના રાફડા બાંધનાર વનવાસી સાદી રાતી કીડીનું શું? એક લાકડી વડે રાફડો તોડીને જોશો તો તમને ખબર પડશે કે ગગનચુંબી ઇમારતની જેમ તેમાં કેટલી કુશળતાથી સંખ્યાબંધ મજલા બાંધવામાં આવેલા છે.

એથી આવો પ્રશ્ન ઊભો થાય છે: જો મનુષ્ય તેમના મજલા અને બંધ તોડી નાખવાનું બંધ કરી દે તો શું કીડી અને બીવર આગળ જતાં મનુષ્યને આંબી જઈ શકે ખરાં કે? આજથી દસ લાખ વર્ષ બાદ કીડીઓને શું પોતાનાં કીડીઅખબારો હશે ખરાં, શું કીડીઓ પોતાનાં કીડીકારખાનાંઓમાં કામ કરતી હશે ખરી, તે શું કીડીવિમાનોમાં ઊડતી હશે, અને રેડિઓ ઉપર કીડીસંગીત સાંભળતી હશે?

અલબત્ત નહિ જ. અને કારણ ફક્ત એટલું જ કે કીડી અને મનુષ્યમાં અત્યંત મહત્ત્વનો ફરક છે.

એ ફરક શું છે?

મનુષ્ય કીડી કરતાં મોટો છે એ ફરકની આ વાત છે શું?

ના.

મનુષ્યને બે જ પગ હોય છે અને કીડીને છ હોય છે એ તરફ તો નિર્દેશ નથી?

ના.

અમે જે ફરકની વાત કરીએ છીએ એ તો તદ્દન જુદી જ જાતનો ફરક છે.

વિચાર કરો કે મનુષ્ય કામ કેવી રીતે કરે છે. કામ કરવા માટે તે પોતાના ખાલી હાથનો કે દાંતનો ઉપયોગ નથી કરતો. તે કુહાડીનો, પાવડાનો કે હથોડાનો ઉપયોગ કરે છે. પણ કીડીના રાફડામાં તમે ગમે તેટલી ઊંડી તપાસ કરશો તો પણ તમને કીડીકુહાડી કે કીડીહથોડો ક્યાંય જોવા નહિ મળે.

કોઈ પણ વસ્તુને કાપીને બે કકડા કરવા હોય તો કીડી પોતાના માથાના ભાગ રૂપે બનેલી સજીવ કાતરનો ઉપયોગ કરે છે. ખાઈ ખોદવી હોય તો હંમેશાં પોતાની સાથે જ રખાતા ચાર પાવડાનો ઉપયોગ કરે છે. તેના છ પગમાંના ચાર પગ તેના ચાર પાવડા હોય છે. આગલા બે પગ ખોદવાનું કામ કરે છે, પાછલા બે પગ ખોદેલા કચરાને પાવડાની જેમ દૂર ફગાવે છે, અને વચલા બે પગ કામ કરતી વખતે ટેકો આપવાનું કામ કરે છે.

કીડીઓ પાસે તો જીવતી કોઠીઓ પણ હોય છે. તેને ક્યારેક 'કીડીની ગાય' પણ કહે છે. કેટલીક જાતિની કીડીઓ તો પોતાના રાફડામાં જીવતી કોઠીઓ વડે આખીને આખી પરસાળો ભરી રાખે છે. ત્યાં નીચાં અંધારિયાં ભંડકિયાંમાં કોઠીઓની થપ્પીઓની થપ્પીઓ છેક છતને અડે ત્યાં સુધી ખડકેલી હોય છે. તે બધી નિશ્ચલ પડી હોય છે. એકાએક કોઈ કામ કરતી કીડી ભંડકિયામાં આવે છે. તે પોતાનાં સ્પર્શસૂત્રોથી કોઠીને કેટલીક વાર સ્પર્શે છે અને કોઠીમાં પ્રાણ આવ્યો હોય તેમ તે હલે છે.

ત્યારે આપણને જોવા મળે છે કે કોઠીને તો એક માથું છે, પેટ છે અને પગ પણ છે, સાચેસાચ તો એ કીડી જ છે પણ મોટા ફૂલેલા પેટને કારણે તે કોઠી જેવી દેખાય છે. તેનાં જડબાં ઊઘડે છે અને તેના મોંમાં મધનું એક ટીપું દેખાય છે. નાસ્તા માટે હમણાં જ અંદર આવેલી કામ કરતી કીડી મધનું ટીપું ચાટી લે છે અને પોતાનું કામ ચાલુ રાખવા પાછી ચાલી જાય છે. 'કીડીની ગાય' વળી પાછી છત નીચે નિદ્રાધીન થઈ જાય છે.

આ છે કીડીનાં સજીવ ઓજારો. એ ઓજારો આપણાં ઓજારો જેવાં કૃત્રિમ ઓજારો નથી પણ ક્યારેય અળગાં ન થઈ શકે એવાં કુદરતી ઓજારો છે.

બીવરનાં ઓજારો પણ તેના શરીરના ભાગ રૂપે જ હોય છે. ઝાડને પાડવા તેની પાસે કુહાડી નથી હોતી. તે પોતાના દાંતનો ઉપયોગ કરે છે. કીડી અને બીવર પોતાનાં ઓજારો પોતે બનાવી શકતાં નથી. એ તો ઓજારો લઈને જ જન્મે છે.

અથવા આપણે ક્રૉસબીલનો દાખલો લઈએ.

જમવા બેસે છે ત્યારે ક્રૉસબીલ છરી કે કાંટાનો ઉપયોગ નથી કરતું. છરીકાંટાને બદલે તેને હોય છે એક ચીમટો. એ ચીમટા વડે તે પાઈનવૃક્ષનાં કાષ્ઠફળની હાર પછી હાર ઉઘાડતું જાય છે અને તેમાંથી અંદરનો ગર કાઢીને ખાતું જાય છે. જમી લીધા પછી ક્રૉસબીલ પોતાનો ચીમટો અળગો કરીને મૂકી દઈ શકતું નથી, રાત્રે સૂતું હોય છે ત્યારે પણ નહિ. કારણ સાવ સાદું છે. તેની પોતાની ચાંચ જ છરી અને કાંટાનું કામ કરતી હોય છે.

કાષ્ઠફળને તોડવા માટે જેટલું ઉત્તમ સાધન સૂડી છે અને બૂચને ખેંચી કાઢવા માટે જેટલું



સજીવ કોઠીઓવાળો કોઠાર



ચોપગાં સ્થપતિઓ બંધ બાંધે છે

ઉત્તમ સાધન કોર્કસ્ક્રૂ છે, એટલું જ ઉત્તમ સાધન પક્ષીની ચાંચ છે પાઈનવૃક્ષનાં કાષ્ઠફળોને તોડવા માટે.

ફરક માત્ર એટલો જ છે કે સૂડી મનુષ્યે બનાવી છે જ્યારે ક્રોસબીલ તો પાઈનવૃક્ષોના વનમાં હજારો વર્ષોના વસવાટ દરમિયાન કાષ્ઠફળમાંથી ગર કાઢતાં શીખ્યું છે. પ્રથમ દૃષ્ટિએ આપણને એવાં ઓજારોની કદાચ ઈર્ષ્યા થાય કેમ કે શરીરના ભાગ રૂપે જ બનેલું ઓજાર ક્યારેય આડુંઅવળું મુકાઈ જાય નહિ કે ખોવાઈ જાય નહિ. પણ જરાક વધારે વિચાર કરશો તો તમને સમજાશે કે એવાં ઓજાર ખરેખર સારાં ઓજાર ન ગણાય. તેમની મરામત કરવાનું કે તેમને બદલવાનું તદ્દન અશક્ય હોય છે.

મોટી અવસ્થાએ દાંત બૂઠા થઈ જાય ત્યારે બીવર સરાણિયા પાસે જઈને દાંતને ધાર ન કઢાવી શકે. એ જ પ્રમાણે કીડી પોતાને માટે વધારે ઝડપે અને વધારે ઊંડું ખોદી શકે એવો સુધારેલો નવો પગ ક્યાંયથી ન મંગાવી શકે.

મનુષ્યને હાથને બદલે પાવડો હોય તો!

ધારો કે મનુષ્ય પણ બીજાં પ્રાણીઓની જેમ સજીવ ઓજારો ધરાવતો હોય. તેની પાસે લાકડાનું, લોઢાનું કે પોલાદનું બનાવેલું એક પણ ઓજાર ન હોય.

તે નવું કોઈ ઓજાર બનાવી શકે એમ ન હોય, કે પછી જે ઓજાર લઈને જન્મે એ ઓજારને

બદલાવી શકે એમ પણ ન હોય. તેને પાવડો જોઈએ તો પાવડા જેવા હાથ લઈને જ જન્મવું પડે. અલબત્ત, આ બધા આપણા મનના તરંગ છે, સાચેસાચ તો એવું કદી બની જ ન શકે. પણ આપણે કલ્પના કરીએ કે એવું એક વિચિત્ર પ્રાણી આ દુનિયામાં પેદા થયું છે. એવું પ્રાણી ખોદવાનું કામ ખરેખર ખૂબ જ સરસ રીતે કરી શકે ખરું. પણ જેમ આંખો વડે સ્પષ્ટ જોઈ શકતું કોઈ પ્રાણી પોતાની આંખો બીજા કોઈને આપી શકે નહિ, તે જ પ્રમાણે પાવડા જેવા હાથવાળું પ્રાણી બીજા કોઈને પોતાના જેટલી સરસ રીતે ખોદવાનું શીખવી ન જ શકે.

એવા પ્રાણીને જિંદગીભર પોતાનો પાવડા જેવો હાથ ભેગો જ રાખવો પડે, પણ પાવડા જેવો એ હાથ ખોદવા સિવાય બીજા કોઈ કામ માટે તો સાવ નકામો જ થઈ પડે. એ પ્રાણી મરી જાય એટલે પાવડા જેવા હાથનો પણ તેની ભેગો જ અંત આવી જાય.

ખોદવાનું સાધન લઈને જ જન્મેલા એ વિચિત્ર પ્રાણીનો પાવડો આગળની પેઢીઓને મળવાની એક જ શક્યતા રહે—તેના પૌત્રો અને પ્રપૌત્રોને પાવડા જેવો હાથ વારસામાં ઊતરે તો જ એમ બને.

પણ એમ બને જ એની કોઈ ખાતરી નથી હોતી. કોઈ પણ સજીવ ઓજાર આગળની પેઢીઓને ઉપયોગી હોય તો જ તેમના શરીરનું એક અંગ બનતું રહે, પણ જો એ તેમને હાનિકારક હોય તો નહિ જ.

જો લોકો છછુંદરની જેમ જમીનની અંદર રહેતા હોય તો તેમને પાવડા જેવા હાથની જરૂર પડે જ એમાં શંકા નહિ.

પણ જમીનની ઉપર વસનારા જીવો માટે તો એવો હાથ એક બિનજરૂરી શોખની ચીજ ગણાય.

કોઈ પણ સજીવ અને કુદરતી ઓજાર સર્જાય તે પહેલાં અનેક વાતો લક્ષમાં લેવાતી હોય છે. પણ સદ્ભાગ્યે મનુષ્યે તો પોતાના વિકાસ માટે જુદો જ રાહ અપનાવ્યો છે. કુદરત પાવડા જેવો હાથ આપે તેની તેણે રાહ ન જોઈ. તેણે પોતાની મેળે જ પાવડો બનાવી લીધો. માત્ર પાવડો જ નહિ, તેણે તો છરી, કુહાડી અને બીજાં અનેકાનેક ઓજારો પોતે જ બનાવી લીધાં.

પોતાના પૂર્વજો પાસેથી મનુષ્યને વારસામાં હાથપગનાં મળીને વીશ આંગળાં અને બત્રીસ દાંત એટલું મળ્યું. તેમાં તેણે પોતે બનાવેલી લાંબી-ટૂંકી, જાડી-ઝીણી, તીણી-બુઠ્ઠી, વીંધી, કાપી અને ફટકારી શકે એવી અત્યંત વિવિધ પ્રકારની હજારો આંગળીઓ, વિષદંત, દાંત, નહોર અને મુઠ્ઠીઓનો ઉમેરો કર્યો છે.

અને એથી પ્રાણીસૃષ્ટિનાં બીજાં પ્રાણીઓ સાથેની દોડમાં તેને એટલી તીવ્ર ગતિ સાંપડી છે કે બીજાં પ્રાણીઓ માટે તેને ક્યારેય આંબી જવાનું તદ્દન અશક્ય બની ગયું છે.

ઉદ્યમી મનુષ્ય અને ઉદ્યમી સરિતા

ફોસિલમાનવ જ્યારે ધીરે ધીરે મનુષ્ય બનતો જતો હતો ત્યારે તેને પથ્થરના હથિયાર અને દાંત બનાવતાં હજુ નહોતું આવડતું, પણ આપણે જેમ ભૂછત્ર અને બેરી વીણી લાવીએ તેમ તે એવી ચીજો ગોતીને ભેગી કરી લેતો. નદીના છીછરા પાણીમાં રખડતો હોય ત્યારે કુદરતે તેને માટે ઘસીને લીસા અને ધારદાર બનાવેલા પથ્થરોને તે આતુરતાથી ખોળતો રહેતો.

પહેલાં ક્યારેક જ્યાં પાણીનાં વમળો નદીને તળિયે પડેલા પથ્થરોના મોટા ઢગલાઓને કોઈ વિશાળ રાક્ષસી ઘૂઘરામાં નાખીને ખખડાવતાં હોય તેમ એકબીજા જોડે અફળાવીને આમતેમ ફગાવી દેતાં તેવે ઠેકાણે એવા 'પ્રાકૃતિક' ધારદાર પથ્થરો સામાન્ય રીતે મળી આવતા. વમળે ચડેલાં પાણીની પાટમાં સખત મહેનત કરતી નદીને પોતાના 'શ્રમ'ના પરિણામોની કશી જ પરવા નહોતી. એટલેસ્તો, કુદરતે ઘડેલા પથ્થરોમાંથી માત્ર થોડાક પથ્થરો જ મનુષ્યને કંઈક કામ લાગે એવા નીકળતા.

વખત જતાં પથ્થરોને તેણે જ પોતાને જરૂરી હોય એવા આકારોમાં ઘડી લેવાનું શરૂ કર્યું. એ રીતે મનુષ્યે પોતાનાં પ્રથમ ઓજારો બનાવવાની શરૂઆત કરી.

પછી જે બન્યું તે તો માનવજાતના ઈતિહાસમાં ફરી ફરીને અનેકાનેક વાર બનતું જ રહેવાનું હતું: કુદરતમાં મૂળ હાલતમાં મળી આવતી ચીજોને ઠેકાણે તેણે પોતે જ કૃત્રિમ ચીજો બનાવી. કુદરતના મહાન કારખાનાના એક ખૂણામાં મનુષ્યે પોતાનું જ એક કરખાનું બનાવી લીધું અને ત્યાં તેણે કુદરતમાં ન મળી શકે એવી નવી ચીજોનું સર્જન કર્યું.

આ છે પથ્થરના ઓજારોની કહાણી. હજારો વર્ષ વીતી ગયાં પછી એ જ કહાણીનું ધાતુની બાબતમાં પુનરાવર્તન થયું. મળવી મુશ્કેલ પ્રાકૃતિક ધાતુનો ઉપયોગ કરવાને બદલે મનુષ્યે કાચી ધાતુને ઓગાળીને ધાતુ બનાવવાનું શરૂ કર્યું. એમ પ્રત્યેક વેળા જ્યારે તે પોતાને મળી આવેલી કોઈ પણ વસ્તુમાંથી બીજી કોઈ વસ્તુ બનાવવામાં સફળ થવા જેટલી પ્રગતિ કરતો ત્યારે તે આઝાદીની દિશામાં, કુદરતના કડક નિયમોના બંધનમાંથી મુક્તિની દિશામાં એક અધિક ડગલું આગળ ભરતો.

ઓજારો બનાવવા માટે જરૂરી સાજસામગ્રી પહેલાં મનુષ્ય પોતે જ નહોતો બનાવી લઈ શકતો. તેણે ચીજોને પોતાની જરૂરિયાત પૂરી કરી શકે એવા આકારો આપવાથી શરૂઆત કરી.

એમ, તેને કોઈ સારો પથ્થર મળી આવતો ત્યારે બીજા પથ્થર વડે એ પથ્થરની કિનારીઓ તોડી નાખીને તે પોતાનું ઓજાર બનાવી લેતો.

એ રીતે ધારિયા કે ફરસી જેવું અણિદાર છેડાવાળું વજનદાર ઓજાર બની જતું. પથ્થરને તોડતાં પડેલી ચીપોનો પણ તે આરી, ખુરચની અને વીંધણી તરીકે ઉપયોગ કરી લેતો.

જમીનમાં ઊંડેથી મળી આવેલાં પ્રાચીનતમ પ્રાગૈતિહાસિક ઓજારોના પ્રાકૃતિક પથ્થરો સાથેના અત્યધિક સામ્યને કારણે એ નક્કી કરવું ઘણી વાર ખૂબ મુશ્કેલ બની જાય છે કે એ ઓજારોને

ઘડવાનું કામ કોણે કર્યું હશે: મનુષ્યે, નદીએ કે પછી ઉષ્ણ આબોહવાના શીતળ આબોહવામાં થયેલા પરિવર્તને, કેમ કે વરસાદ અને પાણી સાથે મળીને એવું પરિવર્તન પથ્થરને પણ તોડીને ભૂકો બનાવી દઈ શકે છે.

પરંતુ જેને વિશે શંકાને મુદ્દલ સ્થાન ન રહે એવાં ઓજારો પણ મળ્યાં છે. માટી અને રેતીના જાડા થરો તળે દટાઈ ગયેલ પ્રાચીન નદીતટો અને સરિતાપટો ખોદીને વૈજ્ઞાનિકોએ પ્રાગૈતિહાસિક મનુષ્યનાં ખરેખરાં કારખાનાં શોધી કાઢયાં છે. એવાં ઉત્ખનનોમાં સંપૂર્ણ ફરસીઓ તથા ફરસી બનાવવા પસંદ કરવામાં આવેલા પથ્થરો મળી આવ્યા છે.

રશિયામાં એવી ફરસીઓ દક્ષિણ ક્ષેત્રોમાં, સુખુમી નજીક સાગર કિનારાની સીડીદાર ભૂમિમાં અને ક્રિમિયાની કીક-કોબા ગુફામાં મળી આવી છે.

એ પાષાણ - ફરસીનું આપણે બારીક નિરીક્ષણ કરીએ તો સરખી ચીપ પાડીને ધારદાર કોર બનાવવા માટે પાષાણ-હથોડીનો ઘા ક્યાં મારવામાં આવ્યો છે એ સ્પષ્ટ જોઈ શકાય છે. તેને ઘસીને લીસી અને ચળકતી બનાવવાના કામની નિશાનીઓ પણ સાફ નજરે પડે છે.

કુદરત એવું કામ કદી ન જ કરી શકે. એ મનુષ્યે જ કર્યું હોય.

આ વાત સમજવી બહુ મુશ્કેલ નથી: કુદરતમાં પ્રત્યેક વસ્તુ કોઈ પણ ખાસ યોજના કે લક્ષ્ય વિના સંજોગાનુસાર જેમતેમ બની જતી હોય છે. નદીમાં ઊંડનાં વમળો લેશ પણ કારણ વગર પથ્થરોને એકબીજા સાથે અફળાવતાં રહે છે. મનુષ્ય પણ એ જ કામ કરે છે, પણ તે એ કામને જાણી જોઈને કરે છે અને પોતે જે કરતો હોય છે તેને માટે તેની પાસે સબળ કારણ હોય છે. એ રીતે દુનિયામાં પહેલી વાર યોજના અને લક્ષ્ય અસ્તિત્વમાં આવ્યાં. પથ્થરને ઘડીને પોતાની જરૂરિયાત પોષાય એવો આકાર આપવાની નમ્ર શરૂઆતમાંથી મનુષ્ય ધીરે ધીરે કુદરતનું જ પોતાની જરૂરિયાત પ્રમાણે પરિવર્તન કરીને તેને નવું સ્વરૂપ આપવા લાગ્યો.

આથી બીજાં પ્રાણીઓની સરખામણીમાં તેનું સ્થાન હતું તેના કરતાં વળી એક પગથિયું વધારે ઊંચું થયું. તેને અધિક આઝાદી મળી, કેમ કે હવે કુદરત ધારદાર પથ્થર આપે એ ઘડીની વાટ જોઈને બેઠા રહેવાની તેને જરૂર ન રહી.

હવે તેનામાં પોતાનાં ઓજાર જાતે જ બનાવી લેવાની શક્તિ આવી ગઈ હતી.

મનુષ્યની જીવનકથાનો આરંભ

સામાન્ય રીતે જીવનકથાનો આરંભ વ્યક્તિના જન્મદિન અને જન્મસ્થાનથી થાય છે. ઉદાહરણ રૂપે:

"ઇવાન ઇવાનોવિચ ઇવાનોવનો જન્મ તામ્બોવ નગરમાં ૧૮૯૭ની સાલના નવેંબર માસની ત્રેવીસમી તારીખે થયો હતો."

એ જ માહિતી ક્યારેક અધિક અલંકારયુક્ત ભાષામાં રજૂ કરવામાં આવે છે. આ રહ્યું ઉદાહરણ :

"પોતાના પરિવારને અને જન્મદાતા નગરને ભવિષ્યમાં કીર્તિ અપાવનાર ઇવાન ઇવાનોવિચ ઈવાનોવનો જન્મ ૧૮૯૭ના નવેંબર માસમાં તામ્બોવ શહેરના ઉપનગરમાં આવેલી એક નાનકડી કુટીરમાં થયો તે દિવસે વરસાદ દિનભર વરસતો રહ્યો હતો."

પણ અહીં જુઓ તો આ પુસ્તકના ત્રીજા પ્રકરણ સુધી પહોંચી ગયા છતાં નાયકનો જન્મ ક્યાં અને ક્યારે થયો તેનો ઉલ્લેખ એક વાર પણ અમે કર્યો નથી. ખરું પૂછો તો તેનું સાચું નામ પણ અમે તમને હજુ જણાવ્યું નથી. એક ઠેકાણે અમે તેને 'વાનરમાનવ' નામે ઓળખાવ્યો છે, તો બીજી જગ્યાએ અમે તેને 'માનવવાનર' નામ આપ્યું છે. 'પ્રાગૈતિહાસિક મનુષ્ય' અને 'ફોસિલમાનવ' પણ તે જ છે એટલું જ નહિ, 'આપણો વનવાસી પૂર્વજ' નામ પણ તેને જ માટે વપરાયું છે.

નામની બાબતમાં દેખાતા આ ગરબડગોટાળાને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરીએ.

અમે ઇચ્છીએ તો પણ નાયકનું સાચું નામ તમને જણાવી શકીએ તેમ નથી, કેમ કે તેને તો ઘણાં નામ છે.

તમે જીવનકથાના કોઈ પણ પુસ્તકનાં પાનાં ફેરવી જશો તો તમને જણાશે કે પહેલા પાનાથી છેલ્લા પાના સુધી નાયકનું નામ ક્યાંય બદલતું નથી. પહેલાં તે બાળક હોય છે, પછી કિશોર બને છે અને આગળ જતાં દાઢીમૂછવાળો મોટો માણસ બને છે, પણ તેનું નામ તો પહેલાં હતું તેનું તે જ રહે છે. તેનું નામ ઈવાન પાડવામાં આવે તો પછી મૃત્યુ પર્યંત તે ઈવાન જ રહે છે.

આપણા નાયકની બાબતમાં નામનો પ્રશ્ન ઘણો વધારે ગૂંચવાડાભરેલો છે.

એક પ્રકરણથી બીજા પ્રકરણમાં પહોંચીએ ત્યાં સુધીમાં તેનામાં એટલું મોટું પરિવર્તન આવી જાય છે કે અમારે માટે એ પરિવર્તન અનુસાર નામ બદલ્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી રહેતો.

પ્રાગૈતિહાસિક મનુષ્યોમાંના લગભગ વાનર જેવા જ દેખાતા પ્રાચીનતમ મનુષ્યની વાત કરીએ તો તેનાં નામ છે પિથેકેન્થ્રોપસ, સાઈનાનથ્રોપસ અને હાઈડલબર્ગમાનવ.

હાઈડલબર્ગમાનવનું ફક્ત એક જ નિશાન મળ્યું છે. તે છે જર્મનીમાં હાઈડલબર્ગ શહેર નજીક મળી આવેલું એક જડબું.

પણ એ જડબું એટલી સાબિતી તો પૂરી પાડે જ છે કે તેનો માલિક મનુષ્ય હતો: જડબાના દાંત મનુષ્યના દાંત છે; વળી દાઢો વાનરની જેમ નીચલા દાંતની બહાર નીકળી આવતી હોય એવી નથી.

પરંતુ હાઈડલબર્ગમાનવ હજુ પૂરેપૂરો મનુષ્ય બન્યો નહોતો. તેની વાનરની જેમ ઓસરતી દાઢી આપણને એ વાત જણાવે છે.

પિથેકેન્થ્રોપસ, સાઈનાનથ્રોપસ, હાઈડલબર્ગમાનવ!

આપણા નાયક માટે જીવનના એક જ સમયે વિકાસની એક જ કક્ષાએ ત્રણ ત્રણ લાંબાં નામ!

પણ તે અપરિવર્તિત ન રહ્યો. દિવસે દિવસે તે વધારે ને વધારે પ્રમાણમાં આધુનિક મનુષ્ય જેવો બનતો જતો હતો. જેમ શિશુ કિશોર બને છે અને કિશોર યુવાન બને છે તેમ પ્રાગૈતિહાસિક મનુષ્ય નિઆન્ડર્થલમાનવ બન્યો, અને નિઆન્ડર્થલમાનવ ક્રોમેગ્નોનમાનવ બન્યો.

જોયું, આપણા નાયકને તો બીજાં પણ કેટલાંક નામ છે!

પણ આ તો આપણે જ્યાં સુધી પહોંચ્યા છીએ તેથી આગળની વાત કરવા મંડી ગયા. આ પ્રકરણમાં તેનાં નામ છે: પિથેકેન્થ્રોપસ — સાઈનાનથ્રોપસ — હાઈડલબર્ગમાનવ.

તેના દિવસો નદી કિનારે રખડવામાં અને ઓજારો બનાવી શકાય એવી વસ્તુઓ ખોળવામાં વીતતા હતા. તે ધીરજપૂર્વક પથ્થરોને તોડીને વૈજ્ઞાનિકોને પ્રાચીન નદીઓના નિક્ષેપોમાંથી હજુયે મળી આવતી અણઘડ અને કદરૂપા આકારની ફરસીઓ બનાવતો.

એટલે જ તમને તેનું નામ બતાવવું આટલું મુશ્કેલ છે.

તેનો જન્મ ક્યારે થયો હતો એ કહેવું તો એથીયે વધારે મુશ્કેલ છે.

"આપણા નાયકનો જન્મ ફલાણા વર્ષમાં થયો હતો" એમ કહેવાનું તો શક્ય જ નથી, કારણ કે મનુષ્ય કોઈ એક જ વર્ષમાં પૂરો માણસ નહોતો બની ગયો. ચાલતાં શીખવામાં અને પોતાનાં અણઘડ ઓજારો બનાવતાં શીખવામાં તેને લાખો વર્ષ લાગ્યાં હતાં. એટલે કોઈ એમ પૂછે કે મનુષ્યની ઉંમર શું છે, તો અમારે આવો જ જવાબ આપવો પડે: લગભગ દસ લાખ વર્ષ.

સૌથી વધારે મુશ્કેલ તો છે મનુષ્યના જન્મનું સ્થાન બતાવવાનું.

આપણા નાયકની દાદીમા ક્યાં રહેતી હતી તે જાણવાનો પ્રયત્ન તો આપણે કરી જોયો, જેના વંશજોમાં મનુષ્ય, ચિમ્પેન્ઝી અને ગોરિલાનો સમાવેશ થાય છે એ જ ફોસિલ દાદીમા. વૈજ્ઞાનિકોએ એ વાનરને ડ્ર્યોપિથેકસ એવું નામ આપ્યું છે. તેનું સરનામું શોધવા માંડીએ એટલે તરત જ આપણને ખબર પડે છે કે ડ્ર્યોપિથેકસ તો ઘણા બધા થઈ ગયા. કેટલાંક એંધાણ મધ્ય યુરોપ તરફ દોરી જાય છે, બીજાં કેટલાંક પૂર્વ આફ્રિકા તરફ, તો વળી ત્રીજા પ્રકારનાં એંધાણ દક્ષિણ એશિયા તરફ લઈ જાય છે.

જાણકાર લોકો પાસેથી જાણવા મળ્યું કે દક્ષિણ આફ્રિકામાં ઘણી રસપ્રદ વસ્તુઓ મળી આવી છે. વનજીવન તજી દીધા પછી ખુલ્લી જગ્યાઓમાં પાછલા બે પગ ઉપર ચાલતા વાનરોના અવશેષો ત્યાં ખોળી કાઢવામાં આવ્યા છે.

પછી તરત જ યાદ આવ્યું કે પિથેકેન્થ્રોપસ તથા સાઈનાનથ્રોપસના અવશેષો એશિયામાં શોધી કાઢવામાં આવ્યા હતા, પણ હાઈડલબર્ગ જડબું યુરોપમાં મળી આવ્યું હતું. તો પછી મનુષ્યનું જન્મસ્થાન કયું? વિચાર કરતાં અમને સમજાયું કે મનુષ્ય વાનરમાંથી મનુષ્ય કયા ખંડની ભૂમિ ઉપર

બન્યો એ વાત નક્કી કરવાનુંયે અત્યંત કઠિન બને તેમ છે ત્યાં કયા દેશમાં બન્યો એની તો વાત જ કરવી વ્યર્થ છે.

અમને લાગ્યું કે અમારી તપાસનો આરંભ જ્યાં જ્યાં પથ્થરનાં ઓજારો મળી આવ્યાં હતાં એવા દરેક સ્થળની તપાસથી થવો જોઈએ. આખરે મનુષ્ય સાચેસાચ માનવીય તો ત્યારે જ બન્યો હતો જ્યારે તેણે પોતાનાં ઓજાર જાતે જ ઘડવાનું શરૂ કર્યું હતું. એવાં સ્થળોની ભૌગોલિક સ્થિતિ ઉપરથી અમને કદાચ મનુષ્ય પૃથ્વી ઉપર સૌપ્રથમ ક્યાં દેખાયો એ વાત નક્કી કરવામાં સહાય મળે.



માનવખોપરીને મહદંશે મળતી આવતી પ્રાગૈતિહાસિક વાનરની ખોપરીના અવશેષો દક્ષિણ આફ્રિકામાં મળી આવ્યા. આ ચિત્રમાં ઑસ્ટ્રેલોપિથેકસની મુખાકૃતિનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું છે

અમે દુનિયાનો નકશો લીધો અને જ્યાં જ્યાં પાષાણ-કુહાડી મળી આવી હતી તે દરેક જગ્યાએ નિશાન કર્યાં. થોડી વારમાં જ આખો નકશો નિશાનોથી ભરાઈ ગયો. મોટા ભાગનાં નિશાન યુરોપની ભૂમિ ઉપર હતાં પણ કેટલાંક આફ્રિકામાં અને એશિયામાં પણ હતાં.

હવે ઉત્તર સ્પષ્ટ થઈ ગયો: મનુષ્ય સૌપ્રથમ જૂની દુનિયામાં દેખાયો હતો, વળી તે કોઈ એક જ ઠેકાણે અસ્તિત્વમાં નહોતો આવ્યો પણ એક સાથે જુદી જુદી ઘણી જગ્યાઓએ દેખાયો હતો.

ઘણું કરીને એમ જ બન્યું હશે, કેમ કે આખી માનવજાત 'આદમ વાનર' અને 'ઈવ વાનર' જેવા એક જ વાનરયુગલમાંથી ઊતરી આવી હોવાની વાત એક પળ માટે પણ માની શકાય એવી નથી. વાનરનું મનુષ્યમાં આવું રૂપપરિવર્તન કોઈ એક જ ક્ષેત્રમાં વસતા એક જ ટોળાનાં માળખામાં પણ નહોતું થયું. એવું રૂપપરિવર્તન એકી સાથે ઘણાં ક્ષેત્રોમાં થયું હતું, જ્યાં જ્યાં વાનરો બે પગ ઉપર ચાલતાં અને હાથ વડે કામ કરતાં શીખી ગયા હતા ત્યાં બધે જ થયું હતું. અને જેવું તેમણે કામ કરવાનું શરૂ કર્યું કે તરત જ એક નૂતન શક્તિ, એક નવું બળ અસ્તિત્વમાં આવ્યું અને એ નૂતન શક્તિએ આગળ જતાં તેમને માણસ બનાવ્યા. એ શક્તિ હતી માનવશ્રમ.

મનુષ્ય દ્વારા સમયનું સર્જન

ખાણોમાંથી કાચું લોઢું અને કોલસા કેવી રીતે ખોદી કાઢવામાં આવે છે તથા અગ્નિને કેવી રીતે સળગાવવામાં આવે છે એ તો દરેક માણસ જાણતો જ હોય છે.

પણ સમય કેવી રીતે બન્યો?

મનુષ્ય સમય સર્જતાં ઘણા લાંબા વખત પહેલાં શીખી ગયો હોવા છતાં બહુ ઓછા માણસોને આ પ્રશ્નના ઉત્તરની જાણ હોય છે. જ્યારે તેણે પહેલી વાર ઓજારો બનાવવાનું શરૂ કર્યું ત્યારે તેનું જીવન કશીક નવી પ્રવૃત્તિમાં ગૂંથાયેલું રહેવા લાગ્યું. એ નવી પ્રવૃત્તિ હતી સાચી માનવીય પ્રવૃત્તિ, શ્રમની પ્રવૃત્તિ. પણ શ્રમ તો સમય લેતો હતો. પથ્થરનું એક સારું ઓજાર બનાવવા માટે મનુષ્યને પહેલાં સુયોગ્ય પથ્થર ગોતવો પડતો, કેમ કે દરેક પથ્થરમાંથી તો ફરસી ન જ બની શકે.


ઓજારો બનાવવા માટે સૌથી ઉત્તમ પથ્થર તો સખત અને વજનદાર ચકમકનો પથ્થર જ હતો. પણ ચકમકના પથ્થર કંઈ ચાલતાં ઠેબે ચડે એટલા બધા હોતા નથી એટલે તેને તો મહેનત કરીને ગોતવા પડે એમ હતા. મનુષ્ય ચકમકના પથ્થર ગોતવામાં કલાકો વિતાવી દેતો, અને ઘણી વાર તો તેની મહેનત વ્યર્થ જતી. એમ થતું ત્યારે તેને ઓછા વજનદાર પ્રકારના ચકમક-પથ્થરનો બને તેટલો સારો ઉપયોગ કરી લેવો પડતો, કે પછી ક્યારેક તો રેતપથ્થર કે ચૂર્ણપાષાણ જેવી પોચી સામગ્રી વડે પણ ચલાવી લેવું પડતું.

પછી તેને યોગ્ય પ્રકારનો પથ્થર મળી જતો. પણ એ તો ફક્ત પથ્થર જ હતો. તેમાંથી ઓજાર બનાવવા માટે હથોડી જેવા બીજા ઓજાર વડે તેમાંથી ચીપો પાડીને તેને જરૂરી આકારમાં ઘડવો પડે એમ હતું. એમાં પણ વખત લાગતો. મનુષ્યની આંગળીઓ એ વખતે આજના જેટલી કુશળતાથી અને ઝડપથી કાર્ય નહોતી કરી શકતી, એ તો હજુ કામ કરવાનું શીખી જ રહી હતી. એટલે જ, પોતાની અણઘડ ફરસી બનાવવામાં તેને જેટલો સમય વ્યય કરવો પડતો એટલો બધો સમય તો આજના જમાનામાં પોલાદની કુહાડી બનાવવામાં પણ નથી લાગતો.

પણ આ બધાં કામ કરવા માટે જરૂર સમય તેને ક્યાંથી મળવાનો હતો?

પ્રાગૈતિહાસિક મનુષ્ય પાસે બચત સમય બહુ જ ઓછો હતો. તેની પાસે આજના સૌથી વધારે ઉદ્યમી માણસ કરતાં પણ ઓછો બચત સમય રહેતો. સવારથી લઈને છેક રાત સુધી તે પોતાને માટે અને પોતાનાં બાળકો માટે ખોરાકની તલાશમાં જંગલોમાં અને ખુલ્લી જગ્યાઓમાં રખડતો રહેતો. ખાવા લાયક જે કંઈ મળતું તે સીધું તેમના મોંમાં જઈ પડતું. રાતે સૂવા સિવાયનો બધો સમય ખોરાક ભેગો કરવામાં અને ખાવામાં જ વીતી જતો, કેમ કે પ્રાગૈતિહાસિક મનુષ્યને મળતો ખોરાક બહુ પૌષ્ટિક ન હોવાથી તેને પુષ્કળ ખોરાકની જરૂર પડતી.

તેના ભોજનમાં બેરી, કાષ્ઠફળ, ગોકળગાય, ઉંદર, તાજી કૂંપળ, મૂળિયાં, જીવડાંની ઈયળો અને એવી જ બીજી નાની નાની ચીજો હોય તો તેને કેટલું બધું ખાવું પડતું હશે તેનો વિચાર કરો!



ચકમકની વીંધણી

આજના જમાનામાં હરણોનાં ટોળાં જેમ ઘાસ તથા લીલ ચરતાં અને ચાવતાં એક જગ્યાએથી બીજી જગ્યાએ રખડતાં હોય છે તેમ એ જમાનામાં મનુષ્યોનાં ટોળાં ખોરાક મેળવવા જંગલોમાં ભમતાં રહેતાં. પણ મનુષ્યને જો આખો દિવસ ખોરાક મેળવવામાં અને ખાવામાં જ ગાળવો પડે તો પછી એ કામ ક્યારે કરે?

અને પછી તેને કામના એક અદ્‌ભુત ગુણની ખબર પડી: કામ તેનો સમય લેતું હતું ખરું, પણ સાથે સાથે તેને અધિક સમય આપતું પણ હતું.

ખરેખર, બીજા કોઈને આઠ કલાક લાગતા હોય એવું કામ તમે ચાર જ કલાકમાં કરી નાખો તો તમારા ચાર કલાક બચી જાય. એક નવું ઓજાર બનાવીને તેની મદદ વડે તમે પહેલાં કરતાં બમણી ઝડપે તમારું કામ પૂરું કરી નાખો તો સામાન્ય રીતે લાગતા સમયમાંથી અરધો સમય તમે બચાવી લીધો કહેવાય.

પ્રાગૈતિહાસિક મનુષ્યને આ હકીકત સમજાઈ ગઈ.

ચકમક-પથ્થરને અણિ કાઢવામાં તેને ઘણા કલાકો લાગતા. પણ પછી એવા અણિદાર ઓજાર વડે તે ઝાડની છાલ નીચેથી ઈયળ સહેલાઈથી કાઢી લઈ શકતો.

લાકડીના છેડાને પથ્થર વડે ઘસીને અણિદાર બનાવવામાં તેને ઘણો સમય લાગતો. પણ એક વાર અણિદાર લાકડી બની ગયા પછી તે વડે જમીનમાંથી લહેજતદાર મૂળિયાં ખોદી કાઢવાનું કે નાનાં નાનાં જનાવરોને મારી નાખવાનું ખૂબ સરળ બની જતું.

એ રીતે પ્રાગૈતિહાસિક મનુષ્યનું પોતાને માટે અને પોતાનાં બાળકો માટે ખોરાક ભેગો કરવાનું કામ વધારે સરળ અને વધારે ઝડપી બન્યું. પરિણામે કામ કરવા માટે તેને વધારે સમય મળવા લાગ્યો. બચત સમયમાં તે પોતાનાં ઓજાર વધારે સારાં અને વધારે ધારદાર થાય એવી રીતે ઘડતો રહેતો. વળી દરેક નવા ઓજારના ઉપયોગથી વધારે ખોરાક ભેગો થતો એટલે પ્રત્યેક નવું ઓજાર અંતે તેનો વધારે સમય બચાવતું.

શિકારની પ્રવૃત્તિએ મનુષ્યને સૌથી વધારે બચત સમય આપ્યો. માંસ બહુ જ પૌષ્ટિક ખોરાક હોવાથી તે માંસ ખાવામાં અરધો કલાક ગાળે તો તેની આખા દિવસની ભૂખ સંતોષાઈ જતી. પણ શરૂઆતમાં મનુષ્યોને માંસ બહુ ઓછું મળતું. મોટાં જનાવરોને લાકડી કે પથ્થર

વડે મારી નાખવાનું કામ ખૂબ મુશ્કેલ હતું, અને ઉંદરના શરીરમાં કંઈ બહુ માંસ તો ન જ હોય.

મનુષ્ય હજુ સાચો શિકારી બન્યો નહોતો.

ત્યારે મનુષ્ય શું હતો?

એ ખોરાક વીણતો જીવ હતો.

ખોરાક વીણતો મનુષ્ય

આપણા જમાનામાં કોઈ પણ ચીજ વીણીને ભેગી કરવાનું સરળ છે. તમારામાંથી ઘણાંખરાંને જંગલમાંથી બેરી અને ભૂછત્ર વીણી લાવવાનો અનુભવ હશે. લીલમાંથી ઉપર ઊપસી આવતો બદામી ભૂછત્રનો ટોપો કે પછી ઘાસમાં ઊગી નીકળેલા કંપતા ભૂછત્રનો આગની જ્વાળા જેવો લાલ ટોપો જોવા મળે ત્યારે કેવી મઝા પડે, ખરું! હાથ લીલમાં ઊંડો નાખીને, ભૂછત્રની દાંડીને નીચેથી પકડી સાવધાનીથી ખેંચી કાઢવામાં કેવી મઝા પડે, નહિ!

પણ કલ્પના તો કરો કે ભૂછત્રને અથવા કાકફળને વીણીને ભેગાં કરવાં એ તમારો મુખ્ય ધંધો હોય તો શું થાય. તમને હંમેશાં પેટ ભરીને પૌષ્ટિક ખોરાક મળે ખરો? ભૂછત્ર વીણવા જશો તો ક્યારેક તો આખી ટોપલી ભરીને અને ઉપરથી ટોપીમાં લાદીને પાછા આવશો. પણ ક્યારેક આખા દિવસની મહેનત પછી થાકીને લોથપોથ થયેલા તમે પાછા ફરશો ત્યારે તમારી મહેનતના ફળ સ્વરૂપે ટોપલીને તળિયે એક કરમાયેલા ભૂછત્ર સિવાય બીજું કંઈ જ નહિ હોય.

અમારી એક દસ વર્ષની બાલિકા-મિત્ર જ્યારે પણ ભૂછત્ર વીણવા જાય ત્યારે બણગાં ફૂંકે:

"હું એક સો સરસ ભૂછત્ર લઈ આવીશ!"

પણ મોટે ભાગે તે ખાલી હાથે જ પાછી આવતી. ઘેર પાછી આવે ત્યારે તેને ખાવા માટે બીજું કંઈ ખાવાનું રાખી ન મૂક્યું હોય તો એ ભૂખી જ મરી જાય.

પ્રાગૈતિહાસિક જમાનામાં મનુષ્યનું જીવન ઘણું વધારે અકારું હતું. તેને જે કંઈ મળી જાય તે ખાઈ લેવામાં બાધા નહોતી નડતી, અને વળી તે પોતાનો બધો જ સમય ખોરાકની શોધમાં ગાળતો. એટલે જ તે ભૂખ્યો મરી ન ગયો. વૃક્ષોમાં વસતા પોતાના પૂર્વજો કરતાં તે વધારે જોરાવર અને વધારે આઝાદ બન્યો હતો ખરો, પણ તેનું જીવન દયા ઉપજાવે એવું હતું. ખરું પૂછો તો તેની હાલત અધભૂખ્યા જનાવર કરતાં વધારે સારી નહોતી.

દરમિયાનમાં પૃથ્વીનું આખું સ્વરૂપ તદ્દન બદલાવી નાખનારી ભયાનક આફત નજીક આવી રહી હતી.

ચોથી કડી

સમીપ આવતી આફત

કદી સ્પષ્ટ નથી થયાં એવાં કારણોસર, ઉત્તરનાં હિમાવરણો પોતાને સ્થાનેથી ઊખડીને દક્ષિણ તરફ આગળ ધસવા લાગ્યાં. ઉપરથી ધસી આવતી બરફની વિશાળ નદીઓ, રાહમાં ઢોળાવો ખોદી કાઢતી, ટેકરીઓનાં શિખરો ઉડાવી દેતી, કરાડોના ભૂકા ઉડાવતી અને પોતાના વહેણમાં તૂટી પડેલા ખડકોના મોટા પહાડ તાણી આવતી, પર્વતો ઉપર અને મેદાનપ્રદેશોમાં વહી આવી. ઓગળતી હિમનદીઓમાંથી વહી આવતી ધસમસતા પૂર જેવી તોફાની નદીઓએ ધરતીમાં ઊંડી ખાઈઓ ખોદીને પોતાના પટ બનાવ્યા.

ઉત્તરમાંથી બરફ વિજેતાઓના વિશાળ સૈન્યની જેમ આગળ વધ્યો. રસ્તામાં પર્વતોના શિખરોની તથા પહાડો વચ્ચેની સાંકડી ખીણોની હિમનદીઓ તેની સાથે ભળી.

સોવિયેત સંઘ તથા તેની પાડોશના દેશોના મેદાનપ્રદેશોમાં મળી આવતી ગોળ શિલાઓમાં ભિન્ન ભિન્ન હિમનદીઓની નિશાનીઓ જોવા મળે છે. ક્યારેક કરેલિયાના ઘીચ પાઈનવનોમાં લીલથી છવાયેલી વિશાળ ગોળ શિલા એકાએક નજરે ચડે છે. એ વળી ત્યાં કેવી રીતે પહોંચી? હિમનદી તેને ત્યાં છોડીને આગળ ચાલી ગઈ હતી.

ઉત્તરની હિમનદીઓ પહેલાં પણ દક્ષિણ તરફ આગળ વધી હતી, પણ તે દક્ષિણમાં આટલે દૂર સુધી ક્યારેય નહોતી પહોંચી. હિમનદીઓ રશિયામાં તો ઠેઠ આજનાં વોલ્ગોગ્રાદ અને દ્નેપ્રોપેત્રોવ્સ્ક નગરોનાં સ્થળો સુધી પહોંચી ગઈ. પશ્ચિમ યુરોપમાં તે ઠેઠ જર્મનીના પહાડી ક્ષેત્રો સુધી પહોંચી ગઈ અને બ્રિટિશ ટાપુઓની મોટા ભાગની ભૂમિ ઉપર છવાઈ ગઈ. ઉત્તર અમેરિકામાં તે વિશાળ સરોવરોથી પણ આગળ નીકળી ગઈ.

હિમનદીઓ ધીમે ધીમે આગળ ખસતી હતી એટલે પૃથ્વીના જે ભાગમાં પ્રાગૈતિહાસિક મનુષ્ય વસતો હતો ત્યાં તેની ઠંડી હવા પ્રસરતાં વાર લાગી. પણ સમુદ્રમાં વસતાં જળચર પ્રાણીઓએ બરફ જેવા ઠંડા પવનનાં એ ઝાપટાંની અસર સૌથી પહેલી અનુભવી.

સમુદ્રના કિનારાની પટ્ટીઓના પ્રદેશોમાં હજુ હૂંફ બાકી હતી. લૉરેલ અને મૅગ્નોલિયાનાં

વૃક્ષોથી વનો ભરેલાં હતાં. દક્ષિણના મહાકાય હાથીઓ અને ગેંડાઓ મેદાનપ્રદેશમાં ઊગતા ઊંચા ઘાસમાં રખડતા રહેતા. પણ સમુદ્રોમાં પાણી દિનપ્રતિદિન વધારે ને વધારે શીતળ થતું જતું હતું. સમુદ્રોમાં થઈને વહેતી નદીઓ જેવા પ્રવાહો ઉત્તરની હિમનદીઓની ઠંડકને અને ક્યારેક તો બરફના તરતા ઢગલાઓને પણ પોતાની સાથે વહી લાવતા હતા.

સમુદ્ર કિનારાની સીડીદાર ભૂમિ આપણને ઉષ્ણ સમુદ્રોના શીતળ સમુદ્રોમાં થયેલા પરિવર્તનની કહાણી કહી સંભળાવે છે. જ્યારે જમીન ઉપર હજી ઉષ્ણતાચાહક વનસ્પતિઓ અને પ્રાણીઓ વસવાટ કરી રહ્યાં હતાં તે સમયે સમુદ્રોની પ્રજામાં પરિવર્તન આવવાની શરૂઆત થઈ ચૂકી હતી. એ જમાનાના ભૂસ્તર નિક્ષેપોનો આપણે અભ્યાસ કરીશું તો તેમાં આપણને માત્ર ઠંડા પાણીમાં જ જીવી શકે એવા મોલસ્કની છીપો જોવા મળશે.

વનોનું યુદ્ધ

હિમનદીઓના આગમનની અસર પૃથ્વી ઉપર વરતાવા લાગી.

તેમાં આશ્ચર્ય જેવું પણ કંઈ નહોતું કેમ કે આખો ઉત્તર ધ્રુવપ્રદેશ પોતાને યોગ્ય સ્થળેથી સ્થાનભ્રષ્ટ થઈને દક્ષિણ તરફ આગળ વધી રહ્યો હતો. આથી ટુંડ્રપ્રદેશમાં અને ઉત્તરનાં પાઈનવનોમાં અવ્યવસ્થિતતાનું સામ્રાજ્ય છવાઈ ગયું અને તે પાછળ પણ ધકેલાઈ ગયાં.

ટુંડ્રપ્રદેશે તાઈગાપ્રદેશ (ભીનાશભૂમિનો પાઈનવનપ્રદેશ) ઉપર ખુલ્લી લડાઈ જાહેર કરી દીધી. તાઈગાને પીછેહઠ કરવી પડી અને તેણે પર્ણધારક વનોને દબાવવાનું શરૂ કર્યું.

વનોનાં મહાન યુદ્ધનો આરંભ થઈ ચૂક્યો હતો.

વનો તો આજે પણ એકબીજાની વિરુદ્ધ જંગ ખેલી રહ્યાં છે. ફર અને એસ્પનાં (asp) વૃક્ષો પરસ્પર એકબીજાના ભયંકર દુશ્મનો છે. એસ્પને પોતાની ઉપર પડતા છાંયડા પ્રત્યે તિરસ્કાર છૂટતો હોય છે જ્યારે ફરને તેનો મુદ્દલ વાંધો નથી હોતો.

ફરના વનમાં ફરતાં ફરતાં એસ્પનાં વૃક્ષો નજરે ચડે ત્યારે તમે સ્પષ્ટ જોઈ શકશો કે તેમનું કદ નાનકડા છોડવા કરતાં જરાય મોટું નથી હોતું: તેમની ઉપર ફરનાં વૃક્ષોનો છાંયડો પડવાથી તે મુદ્દલ વધતાં નથી. પણ કઠિયારાઓ ફરનાં વૃક્ષોને પાડી નાખે પછી ચળકતો સૂર્યપ્રકાશ પામતાં જ એસ્પનાં વૃક્ષોને એકદમ નવું જીવન પ્રાપ્ત થાય છે અને તે ઝડપથી વધવા માંડે છે.

એમ થતાં જ ચારે તરફ પરિવર્તન આવવા લાગે છે. ફરવૃક્ષોની નીચે જમીન પર ઊગી નીકળેલી છાંયડામાં રાચતી હરિયાળી લીલ કરમાઈને નષ્ટ થઈ જાય છે. પાડી નાખવાને માટે અયોગ્ય ગણાય એવાં નાનકડાં કુમળાં ફરવૃક્ષો જાણે પરોઢની કડકડતી ટાઢથી માંદાં પડી ગયાં હોય એવાં થઈ

જાય છે. તેમની માતાઓ સમાં વિશાળ ફરવૃક્ષો જીવંત હતાં ત્યારે તેમના હરિયાળા પહોળા ઘાઘરા જેવા છાંયડામાં એ નાનકડાં ફરવૃક્ષો ગેલથી મોટાં થતાં હતાં. પણ ખુલ્લી જગ્યામાં એકલાં થઈ જતાં જ તે માંદાં પડીને વધતાં બંધ થઈ ગયાં.

એસ્પવૃક્ષો વિજયી બન્યાં. પહેલાં તો તેમને તેમના દુશ્મનો જેવાં ઘટાદાર ફરવૃક્ષોની ડાળીઓમાં થઈને નીચે સુધી પહોંચતાં સૂર્યનાં રડયાંખડયાં કિરણોનો લાભ માંડ માંડ મળતો. પણ ફરવૃક્ષોને પાડી નાખવામાં આવ્યા પછી એસ્પવૃક્ષો વનના હાકેમ બની ગયાં.

થોડાં વર્ષો વીતે એટલે અંધારિયા ફરવનને સ્થાને ઉજ્જવલ એસ્પવન રચાઈ જાય છે.

પણ સમયનાં વહેણ તો વહેતાં જ રહે છે, અને સમય મહાન સર્જક છે. ધીરે ધીરે, પહેલાં તો નજરે પણ ન ચડે એવી રીતે તે વનરૂપી મહેલનું પુનર્નિર્માણ કરે છે. એસ્પનાં વૃક્ષો ઊંચાં ને ઊંચાં થતાં જાય છે અને તેમની ભરાઉદાર ટોચ એકબીજાની નજીક આવતી જાય છે. પહેલાં તેમનાં થડ ઉપર પડતો થોડોક અને અલ્પજીવી છાંયડો દિવસે દિવસે વધારે ને વધારે ઘેરો થતો જઈને થડોની આસપાસ અંધારિયું વાતાવરણ સર્જે છે. ફરવૃક્ષો સાથેના યુદ્ધમાં એસ્પવૃક્ષો વિજયી થયાં હતાં ખરાં, પરંતુ તેમના વિજયમાં જ તેમનો કાળ પણ છુપાયેલો હતો.

કોઈ માણસને તેના પડછાયાએ જ મારી નાખ્યો હોય એવું ક્યારેય બન્યું નથી. પણ વૃક્ષોના જીવનમાં એવું ઘણી વાર બને છે. એસ્પવૃક્ષોની ફેલાતી જતી શાખાઓની નીચે ફરનાં અપંગ જેવાં બાળવૃક્ષો જેમતેમ જીવન વિતાવી રહ્યાં હોય છે. વખત જતાં એ ટચૂકડા દુશ્મનોમાં ફરી વાર ચેતન આવે છે. એસ્પનાં પડી ગયેલાં પાંદડાંનો જાડો થર જમીન ઉપર છવાઈને ધરતીને હૂંફ આપે છે. પરિણામે એ થરની નીચેથી થોડા સમયમાં જ નાનાં નાનાં ફર ઊગી નીકળે છે. વીશ વર્ષમાં ફરનાં ઝાડ એસ્પ જેટલાં ઊંચાં થઈ જાય છે. વનમાં હજુ પણ હવાઉજાશ છે અને વન બેઉ જાતનાં વૃક્ષોથી ભરેલું છે. આછા લીલા રંગનાં એસ્પવૃક્ષોમાં ઠેરઠેર ફરવૃક્ષોની ઘેરા લીલા રંગની અણિદાર ટોચ નજરે પડે છે. ફરવૃક્ષો વધારે ને વધારે ઊંચાં થતાં જાય છે અને વખત જતાં તેમનાં સોય જેવાં પાંદડાં એસ્પવૃક્ષો ઉપર છાંયડો પાથરી દે છે.

છાંયડો આવે છે અને ભેગો એસ્પવૃક્ષોનો અંત લેતો આવે છે. ફરના છાંયડા તળે અસ્પ કરમાવા લાગે છે. હવે ફરવૃક્ષો વળી પાછાં વનના હાકેમો બને છે. પોતાની ગુમાવેલી સત્તા તે પાછી મેળવી લે છે.

મનુષ્ય અને તેની કુહાડી વનોના જીવનમાં દખલબાજી કરે ત્યારે વનો આપસમાં આવા જંગ ખેલે છે.

પરંતુ હિમયુગની ટાઢે જ્યારે તેમના જીવનમાં દખલબાજી કરી ત્યારે વનો વચ્ચેનો જંગ ખૂબ વધારે પ્રચંડ થઈ ગયો.

ટાઢે ઉષ્માચાહક વૃક્ષોનો નાશ કરીને ઉત્તરનાં વનો માટે માર્ગ મોકળો કરી દીધો. પાઇન, ફર અને બર્ચનાં ઝાડોએ ઓક અને લીંડનનાં ઝાડોની વિરુદ્ધ યુદ્ધની ઘોષણા કરી. ઓક અને લીંડનને

પીછેહઠ કરવી પડી, અને તેમ કરતાં તેમણે નિત્ય હરિયાળાં લૉરેલ, મૅગ્નોલિયા અને અંજીરનાં વૃક્ષોનાં આખરી પ્રતિનિધિઓને ભીંસીને તગેડી કાઢ્યાં.

લાડકોડ માગતાં ઉષ્માચાહક વૃક્ષો પવનનાં ઝાપટાંથી અને કડકડતી ટાઢથી અરક્ષિત એવી ખુલ્લી જગ્યાઓમાં પોતાનું જીવન ટકાવી ન શક્યાં એટલે નષ્ટ થઈને તેમણે વિજેતાઓનો માર્ગ મોકળો કર્યો.

તેમને શરણ મળ્યું માત્ર પર્વતોમાં. ત્યાં પ્રત્યેક રક્ષિત ખીણમાં ઉષ્માચાહક વૃક્ષો છુપાઈ ગયાં. પણ પછી પર્વતોનાં શિખરો ઉપરથી બીજી હિમનદીઓ નીચે ઊતરવા લાગી અને પોતાની સાથે પહાડી ટુંડ્રને તથા પહાડી ફર અને બર્ચ વૃક્ષોને લેતી આવી.

વનોનાં આવાં યુદ્ધ હજારો વર્ષ સુધી ચાલતાં રહ્યાં. પરાજિત સૈન્યના છેલ્લા પ્રતિનિધિઓ સમાં ઉષ્માચાહક વૃક્ષો દક્ષિણ તરફ દૂર ને દૂર પાછળ હઠતાં ગયાં.

પણ હુમલાખોરોની વિરુદ્ધ લડતાં લડતાં નાશ પામ્યાં તે વનોમાં વસતાં પ્રાણીઓનું શું થયું?

આધુનિક સમયમાં કોઈ વન આગથી નષ્ટ થઈ જાય કે પછી વૃક્ષોને કાપી નાખીને વનનો નાશ કરવામાં આવે ત્યારે તેમાં વસતાં પ્રાણીઓમાંથી કેટલાંક વનની સાથે જ નાશ પામે છે, પણ બીજાં કેટલાંક નાસી જઈને જિંદગી બચાવી લે છે. ફરના વનને કાપી નાખવામાં આવે ત્યારે ક્રોસબીલ, કિંગ્લેટ અને એવાં બીજાં પક્ષીઓની બનેલી તેની મૂળ વસતિ અદૃશ્ય થઈ જાય છે.

છાંયાદાર ફરવનને સ્થાને રચાતા નવા એસ્પવનમાં એસ્પવૃક્ષો પોતાનાં જૂનાં ઘર સંભાળી લે છે. નવા ઘરમાં બીજાં પક્ષીઓ અને પ્રાણીઓ આવીને વસે છે.

ઘણાં વર્ષો પછી, વળી પાછાં જ્યારે ફરવૃક્ષો એસ્પવૃક્ષોને હરાવીને વનનો કબજો લઈ લે છે ત્યારે નવું ફરવન ખાલી નથી રહેતું. તેમાં વળી પાછાં કિંગ્લેટ, ક્રોસબીલ અને તેમનાં મિત્રો આવીને વસી જાય છે.

કોઈ પણ વન એક વાર નાશ પામ્યા પછી વળી પાછું જ્યારે પુનર્જન્મ પામે છે ત્યારે તે છોડવાઓના અને પ્રાણીઓના કેવળ કોઈ અવ્યવસ્થિત સમૂહ રૂપે જ નથી અવતરતું, પણ એક સંયુક્ત અને સુયોજિત દુનિયા રૂપે અસ્તિત્વમાં આવે છે.

હિમયુગમાં પણ એમ જ બન્યું. ઉષ્ણ વનોની સાથે સાથે જ તેમની પ્રાણીવસતિ પણ અદૃશ્ય થઈ ગઈ. મહાકાય હાથીઓ અદૃશ્ય થઈ ગયા, ગેંડા અને જળઘોડા દક્ષિણ તરફ ચાલ્યા ગયા અને મનુષ્યનો સૌથી ઝેરીલો વેરી અસિદન્ત વાઘ આખરે નષ્ટ થઈ ગયો.

અનેકાનેક નાનાં પ્રાણીઓ અને પક્ષીઓ પણ કાં તો નાશ પામ્યાં કે પછી દક્ષિણ તરફ ઉચાળા ભરી ગયાં.

એ સિવાય બીજી કોઈ શક્યતાયે નહોતી. પ્રત્યેક પ્રાણી પોતાની નાનકડી દુનિયા સાથે, પોતાના વન સાથે દૃઢ રીતે સંકળાયેલું હોય છે. એ વનની દુનિયા જ્યારે પડી ભાંગવા લાગે છે ત્યારે તેની પ્રાણીવસતિમાંથી ઘણાં પ્રાણીઓ નાશ પામે છે.


ઝાડ, છોડવા અને ઊંચું ઘાસ કરમાઈ જતાં તેને આશરે રહેતાં અને તેમાંથી પોષણ પામતાં પ્રાણીઓ ખોરાક અને આશરા વગરનાં થઈ ગયાં. વનસ્પતિના આહાર ઉપર જીવતાં એ શાંતિપ્રિય પ્રાણીઓ મરી ગયાં એટલે તેમને જ ખાઈને પોતાનું જીવન ટકાવી રાખનારાં બીજાં માંસભક્ષી પ્રાણીઓ પણ ભૂખથી ટળવળીને નાશ પામ્યાં.

વનનું મૃત્યુ થતાં, 'પોષણચક્ર' દ્વારા એકબીજા સાથે સંકળાયેલાં પ્રાણીઓ અને વનસ્પતિઓ પણ નાશ પામ્યાં.

જૂના જમાનામાં દંડનૌકામાં કામ કરતા ગુલામો વહાણ ડૂબે તો તેની સાથે જ ડૂબી જતા, કેમ કે ગુલામોને બેડીઓ વડે હલેસાં જોડે જકડી રાખવામાં આવતા. વનનો નાશ થાય ત્યારે બરાબર એમ જ થતું.

ગમે તેમ કરીને જીવતા રહેવું હોય તો પ્રાણીને પોતાને જકડી રાખતી બેડીઓ તોડી નાખવી પડતી: પોતે ટેવાયેલું હોય એવો ખોરાક તજીને બીજો ખોરાક ખાવો પડતો, પોતાના નહોર અને દાંત બદલવા પડતા, અને ટાઢથી બચવા માટે લાંબા વાળ કે રુવાંટી ઉગાડવી પડતી. બીજા શબ્દોમાં કહીએ તો પ્રાણીને પોતાને જ પરિવર્તન પામવું પડતું.

પણ પરિવર્તન પામવાનું પ્રાણી માટે કેટલું મુશ્કેલ હોય છે તે તો આપણે જાણીએ જ છીએ. ઘોડાનો ઈતિહાસ યાદ કરો. ખરીના રૂપમાં એક જ અંગૂઠો ધરાવતું, આપણે હાલ ઓળખીએ છીએ એવું પ્રાણી બનતાં તેને કેટલાં લાખો-કરોડો વર્ષો લાગ્યાં છે!




પ્રાગૈતિહાસિક કલાકારે ગુફાની દીવાલ પર દોરેલું મેમથ પ્રાણીનું ચિત્ર

હંમેશાં દક્ષિણમાં રહેલા પ્રાણી માટે ઉત્તરના વનમાં જીવતા રહેવાનું અત્યંત કઠિન હતું.

જાણે એટલું પૂરતું ન હોય તેમ, ઉત્તરનાં વનોનાં રહેવાસી બરછટ વાળધારી પ્રાણીઓ પણ વનોની સાથે દક્ષિણ તરફ આવ્યાં. એ પ્રાણીઓ હતાં ઊન જેવી રુવાંટીવાળો ગેંડો, મેમથ, બોડમાં રહેતો સિંહ અને બખોલવાસી રીંછ, બધાં ઉત્તરનાં વનોમાં આરામથી રહેતાં પ્રાણીઓ.

તેમની જાડી રુવાંટીદાર ખાલ તેમની મોટામાં મોટી સંપત્તિ હતી. મેમથને અને ઊન જેવી રુવાંટીવાળા ગેંડાને ટાઢની બીક મુદ્દલ નહોતી



ગુફાની દીવાલ ઉપર દોરવામાં આવેલા આ ચિત્રમાં ગેંડો આજના જમાનામાં
આપણને જોવા મળતા ગેંડા જેવો નથી લાગતો. આ ગેંડો તો બરછટ વાળનો
કોટ ધરાવે છે

લાગતી. તેમની પાસે તો હૂંફાળા જાડા કોટ હતા. દક્ષિણના તદ્દન કોરી ચામડી ધરાવતા હાથી, ગેંડા કે જળઘોડા જેવી તેમની હાલત જરાયે નહોતી.

ઉત્તરનાં બીજાં કેટલાંક પ્રાણીઓએ ટાઢથી બચવાનો એક બીજો ઉપાય ખોળી કાઢયો. તે ગુફામાં છુપાઈ ગયાં.

ઉત્તરનાં પ્રાણીઓને ખોરાક માટે માર્યા માર્યા રઝળવાની જરૂર નહોતી, કેમ કે તે તો પોતાનાં જ વનમાં હતાં, પોતાની જ દુનિયામાં હતાં.

પરંતુ પરાજિત વનોનાં પ્રાણીઓને તો ઉત્તરનાં વનોના નવા હાકેમો વિરુદ્ધ લડાઈમાં ઊતરવું પડ્યું.

એમાંથી બહુ થોડા જ કેમ બચ્યા છે એ વાતનું હવે તમને આશ્ચર્ય થાય છે ખરું?

પણ પ્રાગૈતિહાસિક મનુષ્યનું શું? તેનું શું થયું?

એ તો સ્પષ્ટ જ છે કે પ્રાગૈતિહાસિક મનુષ્ય બચી જનારામાંનો એક હતો, કેમ કે જો તે પણ નષ્ટ થઈ ગયો હોત તો તમે આ પુસ્તક વાંચતા બેઠા ન હોત.

ગરમ દેશોમાં વસતા લોકોને ટાઢથી બચીને જીવન ટકાવી રાખવાનો સંગ્રામ ખેલવો ન પડયો, જો કે એવા દેશોની આબોહવામાં પણ આછી શીતળતા આવી રહી હતી.

આગળ ધસતી હિમનદીઓની ભયાનકતાનો અનુભવ કરતાં માનવપ્રાણીઓના હાલ તો એથી અનેક ગણા બૂરા હતા.

તેમને માટે તો દરેક વર્ષ એક નવા શિયાળા જેવું હતું. ભયંકર ત્રાસદાયક હાલતમાં સપડાઈ ગયેલાં માનવપ્રાણીઓ કડકડતી ટાઢમાં ધ્રૂજતાં રહેતાં, થીજી જતાં અને પોતાને તેમ જ પોતાનાં બાળકોને હૂંફ આપવા એકબીજા સાથે લપાઈને પડયાં રહેતાં.

ભૂખ, ભયંકર ટાઢ અને રાની પશુઓ, એ ત્રણેએ મળીને તેમને તદ્દન નષ્ટ કરી નાખવાનો ભય ઊભો કરી દીધો.

પ્રારંભિક કાળના એ મનુષ્યોમાં પોતાની આસપાસ શું થઈ રહ્યું છે એ સમજવાની શક્તિ હોત તો તેઓ કદાચ એવા નિર્ણય પર પહોંચી ગયા હોત કે જગતના વિનાશની ઘડી, પ્રલયની ઘડી, આવી ગઈ છે.

જગતનો વિનાશ

જગતના વિનાશનાં ભવિષ્ય ઘણી વાર ભાખવામાં આવ્યાં છે.

મધ્યયુગોમાં ધૂમકેતુ પોતાની પ્રજ્વલિત પૂંછડી લઈને આકાશ ચીરતો ઝબકી જતો ત્યારે લોકો છાતીએ હાથ દઈને પ્રભુનું સ્મરણ કરતા અને કહેતા:

"જગતના વિનાશની ઘડી નિકટ આવી ગઈ છે."

'કાળા મોત'ને નામે ઓળખાતા ગાંઠિયા તાવનો રોગચાળો શહેરોનાં શહેરોની અને ગામોનાં ગામોની વસતિને ભરખી જતો અને કબ્રસ્તાનોમાં શબોના ગંજ ખડકાઈ જતા ત્યારે લોકો કહેતા:

"જગતના વિનાશની ઘડી આવી ગઈ છે."

લડાઈ અને ભૂખમરાની કઠણાઈના સમયમાં અંધવિશ્વાસુ લોકો ગભરાઈને બડબડતા:

"જગતના વિનાશની ઘડી આવી ગઈ છે!"

ભવિષ્યવાણીઓ થતી રહી પણ જગતનો વિનાશ થયો નહિ.

હવે તો આપણે જાણી ગયા છીએ કે આકાશમાં ધૂમકેતુ દેખાય તેમાં અલૌકિક કશું જ નથી. ધૂમકેતુ તો સૂર્યની આસપાસ પોતાનો પંથ ખેડતો જ રહેતો હોય છે, અને પૃથ્વીના વહેમી લોકો તેને વિશે કેવી કેવી કલ્પના કરે છે તેની ધૂમકેતુને મુદ્દલ પરવા નથી હોતી.

આપણે એ પણ જાણીએ છીએ કે ભૂખમરાથી, રોગચાળાથી કે પછી યુદ્ધોથી પણ જગતનો વિનાશ નથી થઈ જતો. આફતનું કારણ જાણી લેવું એ જ મુખ્ય વાત છે. એક વાર કારણ જાણી લઈએ એટલે આવી પડેલી આપદાનો ઉપાય શોધવાનું સરળ બની જાય છે.

પરંતુ ફક્ત અજ્ઞાની અને મૂર્ખ લોકો જ જગતના વિનાશનાં ભવિષ્યો ભાખે છે એવું નથી. જગતના વિનાશનું અને સાથે સાથે માનવજાતના વિનાશનું ભવિષ્ય ભાખનારા વૈજ્ઞાનિકો પણ આ દુનિયામાં છે ખરા. કેટલાક વૈજ્ઞાનિકોનું કહેવું છે કે માનવજાત અંતમાં ઈંધણના અભાવે નાશ

પામશે. પોતાના કથનના સમર્થનમાં એ લોકો એવી દલીલો કરે છે કે કોલસાની ખાણોના ભંડાર દિવસે દિવસે ખૂટતા જાય છે, વનોમાં વૃક્ષો ઘટતાં જાય છે અને પૃથ્વી ઉપર તેલ તો આગલી થોડીક શતાબ્દીઓ સુધી પણ ચાલે એટલું કદાચ જ હોય. પૃથ્વી ઉપર ઈંધણ જ નહિ બચે તો પછી કારખાનાંમાં યંત્રો થંભી જશે, રેલગાડીઓ દોડતી બંધ થઈ જશે અને રસ્તાઓ ઉપર તથા ઘરોમાં બત્તીઓ બુઝાઈ જતાં અંધકાર ફેલાઈ જશે. તેમના કહેવા મુજબ મોટા ભાગના લોકો સખત ટાઢનો ભોગ બનીને કે ભૂખમરાનો શિકાર થઈને કાળના ખપ્પરમાં હોમાઈ જશે અને બાકીના પહેલાંની જેમ વળી પાછા સભ્યતાવિહોણા જંગલી પ્રાણીઓ જેવા થઈ જશે.

એવું ભાવિ તો ખરેખર ભયંકર કહેવાય!

પણ શું સાચેસાચ એમ બનશે ખરું?

પૃથ્વીના ઈંધણના ભંડારો અત્યંત વિશાળ છે. અનેક નવાં કોલસા-ક્ષેત્રો અને નવા તેલ-વિસ્તારો શોધી કાઢવામાં આવ્યા છે અને ભવિષ્યમાં પણ મળી આવતા રહેશે.

વનો કાપી નાખવામાં આવે છે એ ખરું, પણ વાત માત્ર ત્યાં જ પૂરી નથી થતી. પ્રતિવર્ષ અનેક નવાં વનો રોપવામાં આવે છે.

પણ માની લઈએ કે એક દિવસ ઈંધણના ભંડાર ખૂટી ગયા. તેથી શું આપણા પરિચિત જગતનો સાચેસાચ વિનાશ થઈ જશે?

ના, એમ થવાનો કોઈ સંભવ નથી.

કેમ કે પૃથ્વી ઉપર પ્રકાશ અને શક્તિ મેળવવાનું એકમાત્ર સાધન ઈંધણ નથી. શક્તિનો મુખ્ય સ્રોત તો છે સૂર્ય. આપણા ઈંધણના ભંડાર ખૂટી જાય ત્યાં સુધીમાં વૈજ્ઞાનિકોએ સૂર્યની શક્તિનો રાતે ઘરોને અને રસ્તાઓને પ્રકાશિત કરવા, રેલગાડીને અને યંત્રોને ગતિમાન રાખવા અને આપણી રસોઈ રાંધવા માટે પણ ઉપયોગ કરવાનું શીખી લીધું હશે જ, એ વિશે આપણા મનમાં એક પળ પણ શંકા ઊઠવી ન જોઈએ. પ્રથમ પ્રાયોગિક સૌરપાવર મથકો અને સૌરપાવરચાલિત રસોઈઘરો તો ક્યારનાં અસ્તિત્વમાં આવી ગયાં છે.

જગતને દાટી દેવા તત્પર એવા લોકો અધીરા થઈને બોલી ઊઠશે: "જરા એક પળ થોભી જાઓ. આખરે સૂરજ પણ ક્યારેક તો ઠરી જ જશે ને? સૂરજ કેટલાક નવા તારાઓ જેટલો ચળકતો કે ઉષ્માવાન નથી. લાખો-કરોડો વર્ષો વીતતાં સૂરજનું તાપમાન પણ ઘટશે અને પરિણામે પૃથ્વી અધિક શીતળ બનશે.

"મહાન હિમનદીઓ માનવનિર્મિત કમજોર સંરચનાઓને પૃથ્વીના પટ ઉપરથી ભૂંસી નાખશે. આજના ઉષ્ણ પ્રદેશોમાં ધ્રુવીય રીંછ ફરતાં દેખાશે. મનુષ્ય કોઈ કાળે બચી શકશે નહિ."

એ વાતમાં શંકાને સ્થાન જ ન હોય કે જો નવો હિમયુગ આવી પડે તો જીવન ખરેખર અત્યંત વિકટ બની જાય. પણ હિમયુગના ચોતરફ ફેલાઈ ગયેલા બરફ વચ્ચે પોતાનું જીવન ટકાવી રાખવામાં તો પ્રાગૈતિહાસિક મનુષ્ય પણ સફળ થયો હતો! તો પછી આપણે એક પળ માટે પણ એમ કેમ

માની લઈ શકીએ કે ભાવિ પ્રજા (વળી ત્યારે તો વિજ્ઞાન પણ આજે છે તેથી ઘણું વધારે આગળ વધી ગયું હશે) બરફમાં નાશ પામશે?

આપણે તો એ પણ કહી શકીએ એમ છીએ કે હિમયુગ આવી પડે તો ટાઢથી બચવા ભાવિ પ્રજા શું કરશે. એ લોકો સૌરશક્તિમાં અણુશક્તિ ઉમેરશે.

અને પદાર્થના કેન્દ્રકોમાં સમાયેલી અણુશક્તિનો તો કદી અંત જ આવે એમ નથી. પ્રશ્ન છે ફક્ત એ શક્તિને સલામત રીતે મુક્ત કરવાનો.

આ તો આપણે ભવિષ્યમાં બહુ દૂર નીકળી ગયા. હવે પાછા ફરીને ભૂતકાળમાં બહુ દૂર આપણા પ્રાગૈતિહાસિક મનુષ્ય પાસે પહોંચી જવું જોઈએ..

જગતનો પ્રારંભ

પોતાના મૂળ વન સાથે તેને જકડી રાખતી બેડીઓને મનુષ્યે તોડી ન નાખી હોત તો વનજગતના વિનાશની સાથે સાથે તેનો પણ અંત આવી ગયો હોત.

પણ જગત વિનાશ નહિ, માત્ર પરિવર્તન પામી રહ્યું હતું. જૂની દુનિયાનો અંત આવી રહ્યો હતો અને નવી દુનિયાનાં પગરણ મંડાઈ રહ્યાં હતાં.

એ નવી અને બદલાયેલી દુનિયામાં જીવંત રહેવા માટે મનુષ્યને પણ બદલવું પડયું. તે પહેલાં ખાતો એ ખોરાક અદૃશ્ય થઈ ગયો હતો, એટલે તેને નવો અને જુદી જાતનો ખોરાક શોધવો પડયો. તેના દાંત માટે પાઈનવૃક્ષનાં કોચલાંદાર ફળ વધારે પડતાં સખત હતાં. વળી તે દક્ષિણના વનોનાં નરમ તથા રસીલાં ફળોથી તદ્દન ભિન્ન હતાં.

ગરમ દિવસો શીતળ બની ગયા હતા. સૂરજદાદા પૃથ્વીને સાવ વીસરી ગયા હોય એમ લાગતું હતું, અને લોકોને તેમના ઉષ્માદાયક ચળકતા પ્રકાશ વગર ચલાવી લેવું પડતું હતું.

બને તેટલી ત્વરાથી બદલવું આવશ્યક હતું!

બધાં જીવધારી પ્રાણીઓમાં એકલો પ્રાગૈતિહાસિક મનુષ્ય જ ઝડપથી બદલવા શક્તિમાન હતો.

બીજું કોઈ પ્રાણી કદી ન બદલી શકે એવી રીતે બદલી જવાનું તેણે ત્યાર સુધીમાં શીખી લીધું હતું.

મનુષ્યનો સૌથી ઝેરીલો શત્રુ અસિદન્ત વાઘ પોતાના શરીર ઉપર એકદમ લાંબો ઊની ડગલો ઉગાડી શકે તેમ નહોતો, પણ મનુષ્ય પોતાને માટે એવા ડગલાની વ્યવસ્થા ઝડપથી કરી શકે તેમ હતો. તેને તો માત્ર રીંછને મારી નાખીને તેની ખાલ ઉતારી લેવાની હતી.

અસિદન્ત વાઘ અગ્નિ ઉત્પન્ન કરવા અસમર્થ હતો, પણ મનુષ્ય માટે તો એ શક્ય હતું, કેમ કે અગ્નિનો ઉપયોગ કરવાનું તો એ પહેલેથી જ જાણતો હતો.

પોતાનામાં અને અમુક અંશે કુદરતમાં પરિવર્તન લાવી શકે એટલી પ્રગતિ પ્રાગૈતિહાસિક મનુષ્ય કરી ચૂક્યો હતો.

એ વાતને હજારો વર્ષો વીતી ગયાં હોવા છતાં આપણે આજે પણ જોઈ શકીએ છીએ કે પ્રાગૈતિહાસિક મનુષ્યે કુદરતમાં કેવાં પરિવર્તનો આણ્યાં હતાં અને પોતે પણ કેવી રીતે પરિવર્તન પામ્યો હતો.

પાષાણપૃષ્ઠોનું પુસ્તક

આપણા પગ નીચે આવેલી ધરતી એક અતિવિશાળ પુસ્તક જેવી છે.

ભૂપટલનું પ્રત્યેક પડ, નિક્ષેપનો પ્રત્યેક થર, એ પુસ્તકનું એક એક પૃષ્ઠ છે.

એ પૃષ્ઠોના સૌથી ઉપરના છેલ્લા પૃષ્ઠ ઉપર આપણે રહીએ છીએ. સૌથી પહેલાં પૃષ્ઠો મહાસાગરોના તળિયાંની નીચે આવેલાં છે, તે સમુદ્રતલની નીચે ખૂબ ઊંડે અને ખંડોનાં પાયા તળે પડયાં છે.

આધુનિક માનવી હજુ એ પૃષ્ઠો સુધી, પુસ્તકના પ્રથમ અધ્યાયનાં પૃષ્ઠો સુધી પહોંચ્યો નથી. એમાં શું લખ્યું હશે તેની આજે તો આપણે માત્ર કલ્પના જ કરી શકીએ એમ છીએ.

પરંતુ ધરતીની ઉપરની સપાટીથી પૃષ્ઠો જેમ નજીક હોય તેમ પુસ્તક વાંચવાનું આપણે માટે અધિક સરળ બને છે.


ઊકળતા લાવાના પ્રવાહોથી બળીને વિકૃત થઈ ગયેલાં કેટલાંક પૃષ્ઠો ઉપરથી આપણને જાણવા મળે છે કે પૃથ્વીની સપાટી ઉપર પર્વતમાળાઓનાં તોરણો કેવી રીતે રચાયાં. ઊપસતા અને પાછા સંકોચાઈ જતા ભૂપટલે મહાસાગરોને કેવી રીતે કિનારાથી અત્યંત દૂર ધકેલી દઈને વળી પાછા તેમને મૂળ સ્થાને લાવી દીધા, એ વાત આપણને બીજાં પૃષ્ઠો વર્ણવી બતાવે છે.

પુસ્તકમાં સમુદ્રની છીપ જેવાં શ્વેત, ખરેખર છીપનાં જ બનેલાં પૃષ્ઠો પણ છે અને કોલસા જેવાં કાળાં પૃષ્ઠો પણ છે.

એ કાળાં પૃષ્ઠો સાચેસાચ કોલસાનાં જ બનેલાં છે. કાળા જથ્થાના એ થરો આપણને પૃથ્વી ઉપર એક સમયે લહેરાતાં વિશાળ હરિયાળાં વનોની કથા કહી જાય છે.

પુસ્તકની ચિત્રાકૃતિઓની જેમ અહીંતહીં આપણને કોઈ પાંદડાની કે કોઈ પ્રાણીના હાડપિંજરની છાપ જોવા મળે છે. એવી છાપ પાછળથી બળી જઈને કોલસા બની જનારી ઝાડીના કોઈ વૃક્ષના પાંદડાની કે એ વનમાં વસતા કોઈ પ્રાણીની હોય છે.

અને એમ એક પછી એક પાનું ફેરવીને આપણે પૃથ્વીનો ઇતિહાસ વાંચી શકીએ છીએ. વાંચતાં વાંચતાં આપણે જ્યારે પુસ્તકમાં સૌથી ઉપર આવેલાં આખરી પૃષ્ઠો ઉપર પહોંચીએ છીએ



ધરતીના કોયલા-નિક્ષેપોના થરોમાં ઠેકઠેકાણે પુસ્તકનાં ચિત્રોની જેમ ફર્નપર્ણની આવી છાપો મળી આવે છે

ત્યારે જ આપણને નવા નાયક — મનુષ્યનો પરિચય થાય છે. શરૂઆતમાં આપણને એમ લાગે ખરું કે એ મહાન પુસ્તકનું મુખ્ય પાત્ર મનુષ્ય નહિ હોય, કેમ કે પ્રાગૈતિહાસિક મહાકાય હાથીઓ અને ગેંડાઓની સમક્ષ એ આપણને સાવ ઠિંગુજી જેવો લાગે. પણ જેમ આપણે આગળ વાંચતાં જઈએ તેમ આપણને નવો નાયક હિંમત મેળવતો જઈને પ્રથમ સ્થાને પહોંચી જતો દેખાય.

આગળ જતાં એવો સમય પણ આવે છે જ્યારે મનુષ્ય એ મહાન પુસ્તકનું મુખ્ય પાત્ર બની જાય છે એટલું જ નહિ, એ તેના લેખકોમાંનો એક પણ બને છે.

અહીં નદીકિનારાની ચડનીઊતરની ભૂમિના આડા છેદમાં, હિમયુગના નિક્ષેપોની વચ્ચે, આપણને એક કાળી રેખા દેખાય છે.

એ કાળી રેખા લાકડાના કોયલાની બનેલી છે. માટી અને રેતીની વચ્ચે એ કોયલાનો થર એકાએક કેવી રીતે આવી ગયો? કદાચ વનમાં લાગેલી આગને કારણે એમ બન્યું હોય?

પણ આખું વન આગથી તારાજ થઈ જાય તો બળેલાં લાકડાંનું એક વિસ્તૃત ક્ષેત્ર અસ્તિત્વમાં આવે. કોયલાની આ રેખા તો સાવ ટૂંકી છે. કોયલાનો આટલો નાનો થર તો ડેરામાં બાળવામાં આવતા તાપણાનો જ હોઈ શકે.

અને ડેરાનું તાપણું તો માનવપ્રાણીનું જ કામ હોય.

વળી તાપણાની બાજુમાં જ મનુષ્યના હાથની કરામતની બીજી નિશાનીઓ પણ આપણને જોવા મળે છે. ત્યાં ચકમકપથ્થરનાં ઓજાર અને શિકારમાં મારી નાખવામાં આવેલા પ્રાણીઓનાં તૂટેલાં હાડકાં પણ પડયાં છે.

હિમયુગના દિવસોમાં શિકાર અને અગ્નિ એ બે વસ્તુઓએ જ પ્રાગૈતિહાસિક મનુષ્યને વિનાશથી બચાવી લીધો.

વનજીવનને તિલાંજલિ

ઉત્તરનાં લૂખાં વનોમાં પ્રાગૈતિહાસિક મનુષ્યને ફાવે એવો ખોરાક ભાગ્યે જ મળતો. એટલે તેણે શિકારની શોધમાં જંગલોમાં રખડવાનું શરૂ કર્યું. તે એવા શિકારની તલાશમાં હતો જે મરજી પડે ત્યારે ઊંચકી લેવાય એમ એક જ જગ્યાએ પડયો ન રહેતો હોય પણ નાસીને છુપાઈ જતો હોય અને સામો હુમલો પણ કરતો હોય.

ઉષ્ણ દેશોમાં પણ મનુષ્ય પોતાના ખોરાકમાં માંસનું પ્રમાણ દિનપ્રતિદિન વધારતો ગયો.

માંસથી પેટ ઝટ ભરાઈ જતું, માંસ તેના શરીરને અધિક શક્તિ પ્રદાન કરતું અને બીજા કામ માટે તેને અધિક અવકાશ પણ આપતું. અને મનુષ્યનું વિકસતું જતું મગજ વધારે પોષણયુક્ત ખોરાકની માગણી કરતું હતું.

જેમ જેમ તેનાં ઓજારો સુધરમાં ગયાં તેમ તેમ તેના જીવનમાં શિકારનું મહત્ત્વ વધતું ગયું.

દક્ષિણમાં શિકાર વગર કામ ચાલી શકે તેમ હતું પણ ઉત્તરમાં શિકાર વગર જીવન ટકાવી રાખવાનું તદ્દન અશક્ય હતું.

મનુષ્યની ભૂખ હવે ઉંદર જેવા નાનકડા પ્રાણીના માંસથી સંતોષાતી નહોતી. તેને વધારે મોટા શિકારની જરૂર હતી. બરફના ઊંડા ઢોળાવ, હિમઝંઝાવાત અને કડકડતી ટાઢને કારણે ઉત્તરના વનોમાં શિકારનું કામ અત્યંત કઠિન કામ હતું. પરિણામે મનુષ્યને માંસના જથ્થા સંઘરી રાખવાની જરૂર પડી.

પ્રાગૈતિહાસિક મનુષ્ય કેવાં જનાવરોનો શિકાર કરતો?

એ સમયે વનોમાં મોટા કદનાં ઘણાં જનાવરો મળી રહેતાં. ખુલ્લી જગ્યાઓમાં હરણો ચરતાં રહેતાં. જંગલી સૂવરો વનની જમીન ખોદતાં રહેતાં. પણ મેદાનપ્રદેશોમાં મોટાં જનાવરો એથી પણ ઘણી વધારે સંખ્યામાં રખડતાં રહેતાં. વિસ્તૃત ખુલ્લાં મેદાનોમાં જાડા ગુચ્છેદાર વાળવાળા જંગલી ઘોડાઓનાં ટોળેટોળાં ચરતાં રહેતાં. બાઈસન નામે ઓળખાતાં ખૂંધાળી પીઠવાળાં જંગલી પાડા જેવાં જનાવરોનાં ટોળાં અત્યંત ઝડપે હડેડાટ કરતાં દોડી જતાં ત્યારે ધરા ધ્રૂજી ઊઠતી. લાંબા વાળવાળા મહાકાય મૅમથપ્રાણીઓ જાણે કેમ પર્વતો ફરવા નીકળ્યા હોય તેમ ધણધણાટી કરતા પસાર થઈ જતા.

પ્રાગૈતિહાસિક મનુષ્યની દૃષ્ટિમાં તો એ બધાં જનાવરો હરતુંફરતું અને છટકી જતું માંસ હતું, તેમની પાછળ પડવા માટે તેને લલચાવતું પ્રલોભન હતું.

એટલે, શિકારની શોધમાં પ્રાગૈતિહાસિક મનુષ્યે પોતાના મૂળ નિવાસનાં વનોને તજી દીધાં.

મનુષ્યોનાં નાનાં નાનાં જૂથ મેદાનપ્રદેશોમાં વધારે ને વધારે દૂર જવાની હિંમત કરવા લાગ્યાં. તેમના ડેરાનાં તાપણાંઓની અને શિકાર માટેના તેમના પડાવોની નિશાનીઓ આપણને વનોથી ખૂબ દૂર મળી આવે છે, એવી એવી જગ્યાઓએ મળી આવે છે જ્યાં મનુષ્ય, ખોરાકને વીણીને ભેગો કરનાર પ્રાણી, પહેલાં કદી રહ્યો નહોતો અને રહી શક્યો પણ ન હોત.

શબ્દની સાચી વ્યાખ્યાની આવશ્યકતા

મનુષ્યે મારી નાખેલાં જનાવરોનાં હાડકાં તેના ડેરાના સ્થળોએ મળી આવ્યાં છે. તેમાં ઘોડાની પીળી પડી ગયેલી પાંસળીઓ છે, સાંઢની શિંગડાવાળી ખોપરીઓ છે અને સૂવરના વક્ર દાંત પણ છે. ક્યારેક તો હાડકાંના મોટા ઢગલા મળી આવે છે, જે બતાવે છે કે મનુષ્ય એક જગ્યાએ ડેરા નાખીને લાંબા વખત સુધી રહ્યો હશે.

એ જાણવામાં તમને ખૂબ રસ પડશે કે બાઈસનનાં અને જંગલી સૂવર તથા ઘોડાનાં હાડકાં ભેગાં વૈજ્ઞાનિકોને ક્યારેક મહાકાય મૅમથનાં હાડકાં પણ મળી આવ્યાં છે, જેમાં મોટી વિશાળ ખોપરીઓ, લાંબા વળેલા દંતૂશળ મોટી જાળીને મળતાં આવે એવાં દાંતનાં ચોકઠાં અને શરીરમાંથી કાપી નાખવામાં આવેલા મોટા મોટા અવયવોનો સમાવેશ થાય છે.

એવા રાક્ષસી કદના પ્રાણીને મારી નાખવામાં નિ:શંક અત્યંત શક્તિ અને હિંમતની જરૂર પડી હશે જ! પરંતુ તેને મારી નાખ્યા પછી તેના શરીરના ટુકડા કરીને ડેરાના સ્થળ સુધી ઘસડી જવામાં તો એથી પણ વધારે બળ વાપરવું પડયું હશે. પ્રત્યેક પગનું વજન લગભગ એક ટન જેટલું તો હોય જ, અને દરેક ખોપરી એટલી બધી મોટી હોય કે મોટા કદનો એક માણસ તેમાં સહેલાઈથી ઊભો રહી શકે.

ખાસ પ્રકારની બંદૂકો વડે હાથીનો શિકાર ખેલતા આજના શિકારીઓ પણ મૅમથનો શિકાર સહેલાઈથી નહિ કરી શકે. પણ પ્રાગૈતિહાસિક મનુષ્ય પાસે તો બંદૂકેય નહોતી. તેની પાસે તો ફક્ત ચકમકપથ્થરની કટાર કે ચકમકપથ્થરની અણિ જડીને બનાવેલા ભાલા જેવાં હથિયારો જ હતાં.

હજારો વર્ષોના ગાળામાં ચકમકપથ્થરનાં ઓજારોમાં પણ પરિવર્તન આવ્યું. તે વધારે સરસ બન્યાં અને તેમના પ્રકારોમાં વિવિધતા આવી. પ્રાગૈતિહાસિક મનુષ્ય ચકમકપથ્થર વડે કટાર કે ભાલાની અણિ આ રીતે બનાવતો: પહેલાં તે પથ્થરનું ઉપરનું પડ ઉડાવી દેતો. પછી તે ઊપસી આવેલા ભાગોને છોડાં પાડે તેમ ઉડાવી દઈને પથ્થરની બાજુઓને સમતલ કરતો અને પથ્થરની ચીપો પાડતો. આખરે પોતાને જે જાતની છરીની જરૂર હોય તેવી છરી બનાવવા માટે એ ચીપોનો ઉપયોગ કરતો.

ચકમકપથ્થર જેવી અનુપયુક્ત અને અગવડભરી સામગ્રીમાંથી છરી જેવું હથિયાર બનાવવામાં અત્યંત સમય અને કુશળતાની જરૂર પડતી. એટલે જ પ્રાગૈતિહાસિક મનુષ્ય પોતે બનાવેલું પથ્થરનું હથિયાર એક વાર વાપરીને ફેંકી નહોતો દેતો, પણ તેને અત્યંત મૂલ્યવાન વસ્તુ ગણતો અને તેની ધાર બુઠ્ઠી થઈ જતી ત્યારે ઘસીને તેને ફરી વાર ધારદાર બનાવતો. મનુષ્ય પોતાનાં હથિયારોને ખજાનાની જેમ સંભાળી રાખતો, કેમ, કે તેને પોતાના શ્રમ અને સમય માટે ખૂબ માન હતું.

પરંતુ ગમે તેટલી મહેનત કરવામાં આવે છતાં પથ્થર તો પથ્થર જ રહે ને! મૅમથ જેવા પશુ વિરુદ્ધ લડવા માટે પથ્થરની અણિ જડીને બનાવેલો ભાલો તો સાવ મામૂલી હથિયાર ગણાય. ટૅંકને જેમ પોલાદ રક્ષણ આપે છે તેમ મૅમથનું રક્ષણ તેની જાડી ચામડી કરતી.

અને છતાંય પ્રાગૈતિહાસિક મનુષ્ય મૅમથનો શિકાર પણ કરતો. મનુષ્યના ડેરાની જુદી જુદી જગ્યાઓએથી મૅમથ પશુઓની મળી આવેલી ખોપરીઓ અને તેનાં દંતૂશળો એ વાતની સાબિતીઓ પૂરી પાડે છે.

ફોસિલમાનવ મૅમથના શિકારની યોજના કેવી રીતે ઘડતો? 'મનુષ્ય' શબ્દનો અર્થ 'લોકો' ઘટાવનારાઓ આ વાત સહેલાઈથી સમજી શકશે. હથિયારો બનાવવાની, શિકાર કરવાની, અગ્નિ ઉત્પન્ન કરવાની, ઘર બાંધવાની, જમીન ખેડવાની અને એવાં બીજાં કામ કરવાની આવડત મેળવવાનું કાર્ય કોઈ એક જ મનુષ્યનું નહોતું, એ તો હતું અનેક મનુષ્યોના હાથ તથા મગજોની સહિયારી મહેનતનું સુફળ. સંસ્કૃતિ અને વિજ્ઞાનનો વિકાસ કોઈ એક જ મનુષ્યે સાધ્યો નથી, એ તો લાખો-કરોડો માનવીઓના શ્રમ દ્વારા આખા માનવસમાજે મેળવેલી સિદ્ધિ છે.

મનુષ્ય એકલો અને એકલવાયો જ રહ્યો હોત તો તે હંમેશને માટે જંગલી પશુની સ્થિતિમાં જ રહી ગયો હોત.

મનુષ્યોના સમાજની અંદર થતા કામે જ મનુષ્યને પશુમાંથી મનુષ્ય બનાવ્યો.

કેટલાંક પુસ્તકોમાં પ્રાગૈતિહાસિક શિકારીને મહાન પ્રગતિ ન સધાય ત્યાં સુધી રોબિન્સન ક્રુઝોની જેમ ખંતથી મહેનત કરતા રહેતા પ્રારંભિક સમયના રોબિન્સન ક્રુઝો જેવો આલેખવામાં આવ્યો છે.

પરંતુ પ્રાગૈતિહાસિક મનુષ્ય જો સાચેસાચ એવો એકાંતવાસી હોત, અને પ્રથમ મનુષ્યો જો મોટાં ટોળાંમાં નહિ પણ પરિવારોમાં જ રહ્યા હોત તો તેઓ લોકો કદી ન બની શક્યા હોત અને માનવ-સંસ્કૃતિનું સર્જન કદી ન જ કરી શક્યા હોત.

વળી રોબિન્સન ક્રુઝોનું ભાગ્ય ડૅનિયલ ડિફોએ કલ્પના કરી છે એવી રીતે નહોતું ઘડાયું. ડિફોએ પોતાનું પુસ્તક વહાણમાં બળવો જગાડનાર એક નાવિકના સાચા જીવનવૃત્તાંતના આધારે લખ્યું છે. મૃત્યુનો ભોગ બની જાય એ આશયે, એ નાવિકને મહાસાગરની વચ્ચે આવેલા એક વેરાન ટાપુ ઉપર એકલો છોડી દેવામાં આવ્યો હતો. ઘણાં વર્ષો પછી કેટલાક સાગરખેડુ મુસાફરો એ ટાપુ ઉપર જઈ ચડયા. ત્યાં સુધીમાં પેલો માણસ તો સાવ જંગલી બની ગયો હતો. બિચારો વૃદ્ધ નાવિક બોલતાં પણ સાવ ભૂલી ગયેલો અને તેની હાલત મનુષ્ય કરતાં જંગલી જનાવરને અધિક મળતી આવે એવી હતી.

એકાંતમાં રહીને પોતાને માનવીય કાયમ રાખવાનું આધુનિક માનવી માટે પણ જો સહેલું ન હોય તો પછી બિચારા પ્રાગૈતિહાસિક મનુષ્યોનું શું ગજું!

તે બધા સાથે જ રહેતા, સાથે જ શિકાર કરતા અને સાથે મળીને જ હથિયારો બનાવતા એ એકમાત્ર હકીકતે જ તેમને માનવીય બનાવ્યા.

મૅમથના શિકારમાં મનુષ્યોનું આખું ટોળું ભાગ લેતું. એક નહિ પણ ડઝનબંધ ભાલા સખત ચામડીવાળા મૅમથના શરીરની જુદી જુદી બાજુઓ ઉપર ફેંકાતા. અનેક પગોવાળું અને અનેક હાથોવાળું એક જ પ્રાણી હોય તેમ આખું માનવટોળું એ પશુનો પીછો પકડતું. ડઝનબંધ હાથોને જ માત્ર નહિ, ડઝનબંધ માથાંને પણ એકી સાથે કામ કરવું પડતું.

મૅમથપ્રાણી મનુષ્યો કરતાં અનેક ગણું વિશાળ અને જોરાવર હતું, પણ લોકોમાં તેના કરતાં ઘણું વધારે બુદ્ધિબળ હતું.


મૅમથપ્રાણીનું શરીર એટલું બધું મોટું હતું કે એકાદ માણસને છૂંદી નાખવો તેને મન રમત વાત હતી. પરંતુ પ્રાગૈતિહાસિક મનુષ્યે એ પશુની વિરુદ્ધ તેના જ વજનનો ઉપયોગ કરીને, ચાલતાં ધરણી ધ્રુજાવતા એ રાક્ષસી પ્રાણી ઉપર વિજય મેળવ્યો.


મૅમથને ઘેરી લીધા પછી શિકારીઓ ચોતરફ સૂકાં ઝાડઝાંખરાં સળગાવી મૂકતા. આગની જ્વાળાઓથી પશુ ભયત્રસ્ત થઈ જતું, તેના શરીર ઉપર ઊગેલા જાડા વાળ સળગી ઊઠીને ધુમાડો પેદા કરતા અને તેની ચામડી ચચરવા લાગતી. તે એકદમ ભાગતું, પણ આગ તેનો પીછો ન છોડતી. અગ્નિનો દાહ તેને સીધો કળણના મોટા ખાબોચિયા તરફ ખેંચી જતો.




વેરાન ટાપુ ઉપર રોબિન્સન ક્રુઝો

6--2827







પ્રાગૈતિહાસિક કલાકારે દોરેલાં મૅમથ, બાઈસન
અને ઘોડાનાં ચિત્રો

શિકારીઓએ પણ ખંધાઈથી એવી જ યોજના ઘડી હતી કે તે નાસીને કળણના ખાડામાં જાય. કાદવ અને કીચડના કળણમાં મૅમથનું ભારે શરીર એકદમ ઊંડું ઊતરી જતું. કળણમાંથી પહેલાં એક અને પછી બીજો પગ બહાર ખેંચી કાઢવાના નિષ્ફળ પ્રયાસ કરતું પશુ મોટી ગર્જનાઓ કરતું. પરંતુ દરેક પ્રયાસે તે કળણમાં વધારે ને વધારે ઊંડું ઊતરતું જતું.

અને એ જ ઘડીએ શિકારીઓ તેનો ખેલ ખલાસ કરવા તેની ઉપર તૂટી પડતા.

મૅમથ જેવા મહાકાય પ્રાણીને સકંજામાં સપડાવીને મારી નાખવાનું કામ સહેલું નહોતું. પરંતુ પડાવ સુધી તેને ઘસડી જવાનું કામ તો એથી પણ વધારે દુષ્કર હતું. પડાવ સામાન્ય રીતે નદીના સૂકા અને ઊંચા તટ પર નાખવામાં આવતો. નદીમાંથી લોકોને પીવા માટે જળ મળી રહેતું અને છીછરા પ્રવાહમાંથી તેમ જ કાંઠા ઉપરથી પોતાનાં બધાં હથિયારો બનાવવાના મુખ્ય સાધનરૂપ ચકમકપથ્થર મળી જતો.

એટલે હવે મૅમથને કળણમાંથી કાઢીને નદીના ઊંચા કિનારા સુધી ઘસડી ગયા વગર છૂટકો નહોતો.

એ કામમાં પણ બે નહિ, અનેક ડઝન હાથ એક સાથે વળગી જતા. મૅમથની જાડી ચામડીને, તેની સખત કંડરાઓને અને મોટી જબર માંસપેશીઓને પોતાના ધારદાર પથ્થરો વડે કુહાડીની જેમ ઘા મારીને, કાપીને કે પછી કરવતીની જેમ વહેરી નાખીને લોકો મૅમથનું અંગેઅંગ નોખું પાડી નાખતા. વધારે અનુભવી મોટા શિકારીઓ માથાને ધડથી છૂટું કરવા માટે અને શરીરમાંથી પગને અળગા કરવા માટે ક્યાં કાપવું એ બધું નાના શિકારીઓને શીખવતા. પશુની લાશના કાપીને અનેક ટુકડા કરી લીધા પછી આખરે બધા ઊંચે આવેલા પડાવ સુધીની લાંબી સફરનો આરંભ કરતા.

કામને ઝડપી બનાવવા માટે તે બધા આલાપ જેવા રાગડા તાણતા. જુદા જુદા અવયવોને ઘસડી જવા માટે મોટા મોટા જૂથોમાં વહેંચાઈ જતા. એક જૂથ મોટો જબરો પગ લઈને ઘસડવા લાગતું, તો બીજું જમીન સાથે ઢસડાતી લાંબી સૂંઢવાળા માથાને ઘર સુધી ઘસડી જવાની જવાબદારી લઈ લેતું.

અંતે પડાવમાં પહોંચતા ત્યાં સુધીમાં તો બધા થાકીને લોથપોથ થઈ જતા. પણ કેવો આનંદોલ્લાસ છવાઈ જતો! તેમને માટે મૅમથનો શિકાર એટલે મોટી મિજબાનીનો પ્રસંગ હતો, અને મિજબાનીયે એવી કે જેની લાંબા વખતથી વાટ જોવાઈ રહી હોય. મૅમથનો શિકાર થાય એટલે તેમનો ખોરાકનો ભંડાર ઘણા ઘણા દિવસો સુધી ચાલે એટલો ભરાઈ જાય એ વાતથી તેઓ વાકેફ હતા.

હરીફાઈનો અંત

બીજાં પ્રાણીઓ સાથેની મનુષ્યની હરીફાઈનો હવે અંત આવી ગયો હતો. બધાં પ્રાણીઓમાં સૌથી મોટા પ્રાણી ઉપર વિજય મેળવીને તે લક્ષ્ય-રેખાને સૌથી પહેલો આંબી ગયો હતો.

પૃથ્વી ઉપર મનુષ્યોની સંખ્યા ઝડપથી વધવા લાગી. પ્રત્યેક સહસ્રાબ્દીને અંતે, પ્રત્યેક શતાબ્દીને અંતે, પૃથ્વી ઉપર વધારે ને વધારે લોકો જોવામાં આવતા. મનુષ્યોની સંખ્યા વધતી જ ચાલી તે ત્યાં સુધી કે મનુષ્યો આખરે દુનિયાના બધા જ ભાગોમાં વસતા થઈ ગયા.

માનવજાતિની બાબતમાં જે બન્યું તે બીજા કોઈ પણ પ્રાણીની બાબતમાં કદી પણ બની શક્યું ન હોત.

ઉદાહરણ રૂપે, સસલાંની સંખ્યા મનુષ્યની સંખ્યા જેટલી વધી શકે ખરી?

બેશક, ના. સસલાંની સંખ્યામાં મોટો વધારો થાય તેની સાથે સાથે વરુઓની સંખ્યામાં પણ મોટો વધારો થવાનો જ, અને વરુઓ નિ:સંદેહ એ વાતની પાકી ખાતરી કરી જ લેશે કે વધારે પડતાં સસલાં જીવતાં ન રહે.

એટલે જંગલી જનાવરોની સંખ્યામાં અમર્યાદિત વૃદ્ધિ થતી રહેવાનું શક્ય જ નથી. વૃદ્ધિની અમુક નિર્ધારિત સીમા સુધી પહોંચ્યા પછી એ સીમાને ઓળંગીને આગળ વધવાનું તેમને માટે અત્યંત કઠિન હોય છે.

કુદરતે મનુષ્ય જેવાં પ્રાણીઓ માટે નિર્ધારિત કરેલી બધી જ સીમાઓ અને મર્યાદાઓને મનુષ્ય લાંબા સમય પૂર્વે જ ઓળંગી ગયો છે. ઓજારો બનાવવાનું શીખી લીધા પછી તેણે પહેલાં કદી ન ખાધેલો ખોરાક ખાવાનું શરૂ કરી દીધું અને એ રીતે કુદરતને તેની તરફ વધારે ભલાઈથી વર્તવાની ફરજ પાડી. જે જગ્યામાં પહેલાં એક જ માનવટોળું રખડીરવડીને માંડ માંડ પૂરતો ખોરાક મેળવી શકતું ત્યાં થોડા જ વખત પછી બે કે ત્રણ માનવટોળાં સહેલાઈથી પૂરતો ખોરાક મેળવીને રહેવા લાગ્યાં.

અને પછી મોટાં મોટાં જનાવરોનો શિકાર કરવાનું શરૂ કરીને તો મનુષ્યે કુદરતી સીમાઓને વળી. પાછી ખૂબ દૂર ધકેલી દીધી.

હવે મનુષ્યને ખાવા લાયક વનસ્પતિ ગોતી ગોતીને પેટમાં ઓરતા જવા માટે આખો દિવસ રખડતા રહેવાની જરૂરત ન રહી. તેનું ચરવાનું કામ તો બાઇસન, ઘોડા અને મૅમથ જેવાં પ્રાણીઓ જ કરી લેતાં. એ ચોપગાં પ્રાણીઓનાં ટોળેટોળાં ઘાસના મેદાનોમાં રખડતાં રહેતાં અને ઘાસના ગંજના ગંજ પેટમાં પધરાવતા રહેતાં. દિનપ્રતિદિન અને વરસ પછી વરસ, એ પ્રાણીઓ ટનોના ટન ઘાસ ખાઈને પોષણ મેળવતાં અને એ રીતે ઘાસના ટનોનું માંસના રતલોમાં રૂપાંતર થતું રહેતું. બાઇસન કે મૅમથનો શિકાર કરીને મનુષ્ય કેટલાંય વર્ષો દરમિયાન ઉત્પન્ન થયેલી શક્તિના ભંડારનો સ્વામી બની જતો.

શક્તિના એવા ભંડાર ભરી રાખવાનું તેને માટે અત્યંત આવશ્યક હતું કેમ કે બહાર પવન તોફાને ચડયો હોય કે વાતાવરણ હિમઝંઝાવાતમાં સપડાયું હોય અથવા ટાઢ અસહ્ય હોય ત્યારે શિકાર માટે બહાર નીકળવાનું તેને માટે અશક્ય બની જતું. ગમે ત્યારે બહાર નીકળી શકાય એવી રુચિકર ગરમી ધરાવતા શિયાળા-ઉનાળાનો જમાનો તો હવે ભૂતકાળની સ્મૃતિ માત્ર જ રહ્યો હતો.

અને એક પરિવર્તનમાંથી બીજું પરિવર્તન ઉત્પન્ન થયું.

ખોરાકનો સંઘરો કરવાથી મનુષ્યને એક જ સ્થળે લાંબા ગાળા માટે રહેવું પડે એવા સંજોગો ઊભા થયા, તેને માટે ડેરો તજીને ચાલી નીકળવાનું વધારે મુશ્કેલ બન્યું. તેને માટે મૅમથના આખા શરીરનું માંસ ભેગું ઢસડીને એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતા રહેવાનું સ્વાભાવિક રીતે જ શક્ય નહોતું.

એક જ જગ્યાએ સ્થાયી થઈને રહેવાનાં બીજાં કારણો પણ હતાં. પહેલાંના જમાનામાં રાની પશુઓથી બચવા તે રાતે ઝાડને પોતાનું ઘર બનાવતો. હવે તેને પશુઓની તો બહુ ઝાઝી બીક નહોતી, પણ એક નવા દુશ્મનથી બચવાનું હતું. એ નવા દુશ્મનનું નામ હતું ટાઢ.

મનુષ્ય માટે તેને કડકડતી ટાઢથી અને હિમઝંઝાવાતથી બચાવી શકે એવા સલામત રહેઠાણની આવશ્યકતા ઊભી થઈ.

પોતાની દુનિયાનું સ્વયં સર્જન

આખરે એવો સમય પણ આવી જ ગયો જ્યારે ચોતરફ ફેલાયેલી અસહ્ય ટાઢની દુનિયાની વચ્ચે મનુષ્યે પોતાની નાનકડી હૂંફાળી દુનિયા રચવાનું પણ શરૂ કરી દીધું. કોઈ ગુફાના દરવાજાની બહાર કે પર્વતની ખોમાં પડેલી ફાટની નીચે તે જનાવરોની ખાલ અને ડાળડાંખળાં વડે બનાવેલું છાપરારૂપી આકાશ રચી લેતો અને એ રીતે વરસાદ, બરફ કે પવનને પોતાના રહેઠાણમાં પેસી જતાં રોકતો. પોતાની નાનકડી દુનિયામાં અગ્નિરૂપી સૂર્ય ઉત્પન્ન કરીને તે રાત્રે ઘરમાં પ્રકાશ ફેલાવતો અને શિયાળામાં ઘરને ગરમ રાખતો.

પ્રાગૈતિહાસિક શિકારીઓના કેટલાક ડેરાઓની જગ્યાઓએ તંબુના વાંસડા ખોડવા માટે ખોદવામાં આવેલા ખાડાઓનાં નિશાન આજે પણ જોવા મળે છે. વાંસના વર્તુળની મધ્યમાં પડેલા મળી આવતા બળેલા પથ્થર પ્રાગૈતિહાસિક મનુષ્યના કૃત્રિમ સૂર્ય જેવી ભઠ્ઠીની આસપાસ ગોઠવવામાં આવેલા પથ્થર છે.

તેના તંબુની ભીંતો તો જમાનાઓ પહેલાં ઢળીને માટી સાથે મળી ગઈ છે. પણ એ વખતે એ ભીંતો ક્યાં ખડી હશે તે ચોક્કસ સ્થળની આપણને ખબર છે. એ નાનકડી દુનિયાની જમીનની સમગ્ર સપાટી આપણને જે માનવપ્રાણીઓએ એ દુનિયાનું સર્જન કર્યું હતું તેમની કહાણી કહી સંભળાવે છે.

ચકમકની છરીઓ, ચકમકની ચીપો અને ચકમકના ટુકડા, પશુઓના તૂટેલાં હાડકાં, કોયલા અને ભઠ્ઠીની રાખ, એવી બધી વસ્તુઓએ રેતી અને માટી સાથે મળી જઈને જે મિશ્રણ બનાવ્યું છે તે કુદરતના સર્જનમાં કદી પણ જોવા નહિ જ મળે.

અગણિત વર્ષો પહેલાં અદૃશ્ય થઈ ગયેલા તંબુની અદૃશ્ય દીવાલોને ઓળંગીને આપણે બહાર આવીએ અને થોડાંક જ ડગલાં ભરીએ કે તરત જ આપણને મનુષ્યના ઉદ્યમનું સ્મરણ કરાવે એવી પ્રત્યેક વસ્તુ અદૃશ્ય થઈ જાય છે. પછી આપણને ધરતીમાંથી દટાયેલાં ઓજારો મળતાં નથી, કોયલા કે ભઠ્ઠીની રાખ નજરે ચડતાં નથી, કે નથી દેખાતાં તૂટેલાં પશુ-અસ્થિ.

એમ એક અદૃશ્ય રેખા મનુષ્યે સર્જેલી ભિન્ન પ્રકારની કુદરતને, તેને ચોતરફથી ઘેરતી દરેક કુદરતી વસ્તુઓથી નોખી પાડે છે.

જેમ જેમ આપણે ધરતીને ખોદીને તેના ગર્ભમાંથી મનુષ્યના હાથની કારીગીરીની નિશાનીઓ શોધી કાઢતા જઈએ છીએ, ચકમકની છરીઓને અને ખુરચનીઓને તપાસતા જઈએ છીએ, લાખો વર્ષો પહેલાં ટાઢી પડી ગયેલી ભઠ્ઠીઓના કોયલા માટીથી અલગ કરતા જઈએ છીએ, તેમ તેમ આપણને તદ્દન સ્પષ્ટ રીતે સમજાતું જાય છે કે મનુષ્યની પ્રથમ દુનિયા નાશ પામી ત્યારે માનવજાતિનો અંત નહોતો આવ્યો, કેમ કે મનુષ્યે તો પોતાને માટે એક નાનકડી દુનિયાનું સર્જન સ્વયં કરી લીધું હતું.

પાંચમી કડી

અતીતમાં પ્રથમ પ્રવાસ

બાઈસન તથા મૅમથના શિકારીઓના પડાવોમાં મળી આવતાં પથ્થરનાં ઓજારોમાં બે ઓજારો સૌથી વધારે સામાન્ય રીતે જોવામાં આવ્યાં છે, એક મોટું અને બીજું નાનું. તેમાંનું મોટું ઓજાર ત્રિકોણ આકારનું છે અને તેનો ઉપયોગ બે તરફથી થઈ શકે છે, જ્યારે નાનકડું ઓજાર ધારદાર કોરવાળી અર્ધગોળાકાર ચકતીના આકારનું છે.

એ તો સ્પષ્ટ જ છે કે પ્રત્યેક ઓજાર ખાસ કામને લક્ષ્યમાં રાખીને જ બનાવવામાં આવ્યું હશે. એમ ન હોત તો પછી તેમના આકારોમાં આટલું બધું અંતર પણ ન હોત.

પ્રત્યેક ઓજાર કયા ખાસ કામ માટે બનાવવામાં આવ્યું છે એ વાત આપણે કેવી રીતે સમજવી?

ઓજારોના આકારોમાંથી જ આપણને થોડાક સંકેત મળે છે.


બન્ને ઓજાર ધારદાર કોરવાળાં છે. એ ઉપરથી જણાય છે બન્નેનો ઉપયોગ કાપવા અને તોડવા માટે થતો હતો. તેમાંથી એક બીજાની સરખામણીમાં વધારે વજનદાર અને આકારમાં વધારે મોટું છે. તેનો અર્થ એવો થયો કે એ ઓજારનો ઉપયોગ ભારે કામ માટે થતો હતો. તેનો ઉપયોગ કરવા માટે વધારે તાકાતની પણ જરૂર પડતી.

પણ સૌથી સારું તો એ જ કે આપણે પાછા પાષાણયુગમાં જઈએ અને જોઈએ કે પ્રાગૈતિહાસિક મનુષ્યો પોતાનાં પથ્થરનાં ઓજારોનો ઉપયોગ કેવી રીતે કરતા.

ઘણી વાર આપણને નવલકથામાં આવું વાક્ય વાંચવા મળે છે: "ચાલો આપણે દસ વર્ષ પહેલાંના સમયમાં પાછા જઈએ." એવા પુસ્તકના લેખક માટે તો એ સાવ સહેલી વાત હોય છે કેમ કે તે જ્યારે મન ફાવે ત્યારે અને જ્યાં મન ફાવે ત્યાં પાછો જઈ શકે છે અને પોતાનાં પાત્રો વિશે અવનવી તરંગી કહાણીઓ ઉપજાવી કાઢી શકે છે.

પરંતુ સાચેસાચ બનેલી આ કથા આલેખતાં અમારે શું કરવું? કોઈ પણ અસત્ય બિના ઉપજાવી કાઢવાનો અમને અધિકાર નથી. વળી, પાછા જતાં અમારે તો હજારો વર્ષ પાછા જવાનું છે!

છતાંયે, આપણે પાષાણયુગમાં પાછા જઈ શકીએ તેમ છીએ.



આ ઓજારોને ઘડવા સારુ અનેક કલાકો સુધી ધીરજપૂર્વક મહેનત કરવી પડી હશે

તેમ કરવા માટે તમારે બધી આવશ્યક સાધન સામગ્રી ભેગી કરવી પડશે. સૌપ્રથમ તો તમારે કેન્વાસનો એક તંબુ જોઈએ. પછી આખા તંબુની જગ્યા ઉપર પથરાઈ જાય એવડું કેન્વાસનું પાથરણું જોઈએ. એ બન્ને વસ્તુઓ ઘડી વાળીને લઈ જઈ શકાય એવી હોવી જોઈએ. પછી તંબુ બાંધવા માટે વાંસડા, દોરડું બાંધવા માટે ખીલા, અને જમીનમાં ખીલા ઠોકવા માટે નાનકડી કુહાડી કે હથોડી પણ જોઈએ. એ ઉપરાંત તમારે ઢગલો થાય એટલી બીજી ચીજોની પણ જરૂર પડશે: તડકાથી માથાનું રક્ષણ કરવા બૂચનો ટોપો, કડાઈ, રસોઈ કરવા સ્ટવ, પ્યાલો, છરી, ચમચો અને કાંટો, એક કંપાસ અને નકશો. બધી ચીજો એકઠી થઈ જાય એટલે ખભે બંદૂક ભરાવીને (પાષાણયુગમાં ખોરાક માટે શિકાર નહિ કરો તો જીવતા નહિ રહો) પહોંચો કોઈ સફરના એજન્ટ પાસે, અને ખરીદી લો વહાણની એક ટિકિટ.

પણ એજન્ટને કહેશો નહિ કે તમારે પાષાણયુગમાં જવું છે. એમ કહેશો તો એ સમજશે કે તમને ગાંડપણ ચડયું છે એટલે તરત જ તમને દાક્તરને હવાલે કરી દેશે.

તમારી ટિકિટ ઉપર 'પાષાણયુગમાં જવાની અને પાછા ફરવાની ટિકિટ' એવું કશું નહિ લખ્યું હોય. એ તો સાવ સાદી ટિકિટ હશે, અને તમે ક્યાં જવાના છો એ સૂચવતો એક જ શબ્દ 'મેસ્ઑર્ન' તેની ઉપર છાપેલો હશે.

ટિકિટ તમારા હાથમાં આવે એટલે તમારે સાગરની સફરે જતા વહાણમાં બેસીને ઑસ્ટ્રેલિયા જવા રવાના થઈ જવાનું.

થોડા સપ્તાહમાં તમે મેલ્બોર્ન પહોંચી જશો.

પથ્થરનાં ઓજારો વડે કામ કરતા લોકો વસતા હોય એવી જગ્યાઓ આ પૃથ્વી ઉપર હજુ પણ મળી આવે છે એ બિના રસપ્રદ છે. એવી જગ્યાઓ ધરાવતા પ્રદેશોમાંનો એક ઑસ્ટ્રેલિયા ખંડ છે. એટલે સમયની યાત્રાને બદલે તમારે એ સમયના સંજોગો ધરાવતા સ્થળની જ યાત્રા કરવાની રહી. અતીતના ગર્તમાં અદૃશ્ય થઈ ગયેલા સમયમાં લોકોનું જીવન કેવું હતું એ જાણવા માટે વૈજ્ઞાનિકો આવી જ યાત્રાઓ કરતા હોય છે.

સોવિયેત સંઘમાં પછાત જાતિઓને તેમની પોતાની જ આધુનિક સંસ્કૃતિ વિકસાવીને આધુનિક સમાજનું સંપૂર્ણ સભ્યપદ પ્રાપ્ત કરવામાં આગળ વધી ગયેલી જાતિઓએ સહાય કરી.

પણ આ દુનિયામાં એવાયે દેશો છે કે જ્યાં ગગનચુંબી ઇમારતો ધરાવતા વિશાળ નગરોથી સહેલાઈથી પહોંચી શકાય એટલે અંતરે તમને એવી પ્રારંભિક અવસ્થાની વસતિઓ જોવા મળશે, જ્યાં ઘર કાં તો તંબુનાં હશે કે પછી ભોંય ખોદીને બનાવેલા ભંડકિયા જેવાં હશે.

ઑસ્ટ્રેલિયામાં પથ્થરનાં ઓજારોનો ઉપયોગ કરતા આદિવાસીઓ વસે છે. એ લોકો એવાં ઓજારોનો ઉપયોગ કેવી રીતે કરે છે એ જાણવા માટે આપણે તેમની જ મુલાકાતે જઈએ.

આપણે ઠેરઠેર કાંટાળા છોડવાઓથી છવાયેલા ઉજ્જડ શુષ્ક મેદાનોમાં થઈને ઑસ્ટ્રેલિયન શિકારીઓના ડેરાની જગ્યાઓમાં પહોંચીએ છીએ. આ રહ્યા તેમના તંબુ, પણે નદીને કિનારે ઝાડનાં ઝુંડ તળે. એ તંબુ ઝાડની છાલ અને ડાળીઓ વડે બનાવવામાં આવ્યા છે.

બાળકો તંબુની પાસે આમતેમ રખડે છે. પુરુષો અને સ્ત્રીઓ તંબુની પાસે કામમાં ડૂબેલા બેઠા છે.

માથે જાડા વાળવાળો અને લાંબી દાઢીવાળો પેલો ઘરડો માણસ બેઠો બેઠો કાંગારુની ખાલ ઉતારી રહ્યો છે. તેના હાથમાં ત્રિકોણ આકારનું ચકમકનું ઓજાર છે અને તેનો કાપવા માટે ઉપયોગ થઈ રહ્યો છે. અરે, એ તો પેલું જ ચકમકનું ઓજાર છે જેને વિશે જાણકારી મેળવવા તો આપણે આ આખી સફર ખેડી છે!

ઑસ્ટ્રેલિયાના આદિવાસીઓ પ્રાગૈતિહાસિક મનુષ્યો નથી એ તો સ્પષ્ટ જ છે. તેમની અને તેમના પ્રાગૈતિહાસિક પૂર્વજોની વચ્ચે તો હજારો પેઢીઓનું અંતર છે. તેમનાં પથ્થરનાં ઓજારો તો ભૂતકાળનો માત્ર ગૌણ અવશેષ જ છે. પણ ભૂતકાળનો આ અવશેષ આપણા ઘણા કોયડાઓ ઉકેલી દે છે. કામ કરતા એ ઑસ્ટ્રેલિયનોને આપણે બારીક નજરે જોતા રહીએ તો આપણને જણાય છે કે પેલો ત્રિકોણાકાર ચકમક મનુષ્યનું ઓજાર છે, શિકારીનું હથિયાર છે, અને શિકારી એ હથિયારનો ઉપયોગ સપડાઈ ગયેલા કે ઘવાયેલા પશુને મારી નાખવા માટે, તેના શરીરને ચીરવા માટે અને તેની ખાલ ઉતારી લેવા માટે કરે છે.



ઑસ્ટ્રેલિયન શિકારી

અર્ધગોળાકાર ચકતી જેવા બીજા પ્રારંભિક ઓજારનો ઉપયોગ કેવી રીતે થાય છે તે જોવા માટે આપણે હજી વધારે દૂર, ઑસ્ટ્રેલિયાની દક્ષિણે આવેલા તાસમાનિયા ટાપુ પર જવું પડશે. બહુ થોડા વખત પહેલાં ત્યાંની સ્ત્રીઓ ચકમકના એ ઓજારનો ઉપયોગ કપડાં વેતરવા માટે, ચામડામાંથી પટ્ટા કાપવા માટે અને ચામડું ઉઝરડવા માટે કરતી.

ઓજારોના ઉપયોગનું આવું વિભાજન બતાવે છે કે લોકોમાં કામનું પણ વિભાજન થયું હશે, અને એવું વિભાજન પાષાણયુગના શિકારીઓના જમાનામાં જ શરૂ થઈ ગયું હશે.

જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ કામના પ્રકારોની વિવિધતા પણ વધતી ગઈ. બધાં જ કામોને ન્યાય આપવા માટે જરૂરી બન્યું કે અમુક લોકો એક પ્રકારનું કામ કરે અને બીજા લોકો બીજા પ્રકારનું કામ કરે. પુરુષો શિકારે જાય ત્યારે સ્ત્રીઓ કામ વગર ભઠ્ઠી પાસે ખાલી બેઠી નહોતી રહેતી, પણ નવા તંબુ બાંધવાનું, પશુઓની ખાલ વેતરીને કપડાં બનાવવાનું, ખાવાલાયક મૂળિયાં ભેગાં કરીને ખોરાકનો સંઘરો કરી રાખવાનું, વગેરે કામોમાં ગૂંથાયેલી રહેતી.

એ ઉપરાંત કામનું એક બીજા પ્રકારનું વિભાજન પણ કરવામાં આવ્યું હતું. એ વિભાજન હતું જુવાનોની અને વૃદ્ધોની વચ્ચે.

સહસ્રવર્ષીય શાળા

દરેક કામને કરવાની એક યોગ્ય રીત હોય છે. વળી કામ કરવાની એવી રીત કંઈ આસમાનમાંથી નીચે ટપકી પડતી નથી. જ્ઞાન તો એવી વસ્તુ છે જે બીજાઓ પાસેથી મેળવવી પડે છે.

જો દરેક સુથારને કુહાડી, કરવત અને રંધા જેવાં ઓજાર પોતાની કલ્પનામાં નવેસરથી યોજીને બનાવવાં પડે, અને એ બધાં ઓજારોને કેમ વાપરવાં એ નવેસરથી શોધી કાઢવું પડે તો તો આ દુનિયામાં એક પણ સુથાર ન હોય.

જો ભૂગોળ શીખવા માટે આપણામાંથી દરેકને પહેલાં પૃથ્વીનું એક ચક્કર મારવું પડે, અમેરિકાને ફરી વાર શોધી કાઢવો પડે, આફ્રિકામાં ફરીથી અન્વેષણ કરવું પડે, એવરેસ્ટ પર્વતનું ફરીથી આરોહણ કરવું પડે, બધી ભૂશિરોની અને અખાતોની ગણતરી કરવી પડે તો એક હજાર વર્ષની આવરદા મળે તોયે આપણને એ બધાં કામ કરવા માટે પૂરતો સમય ન રહે.

જેમ જેમ આપણે વધારે પ્રગતિ કરતા જઈએ તેમ તેમ આપણે વધારે ને વધારે અભ્યાસ કરવો પડે છે. પ્રત્યેક નવી પેઢીના લોકોને પાછલી પેઢીના લોકો પાસેથી નિરંતર વધતા જતા પ્રમાણમાં જ્ઞાન, માહિતી અને નવી શોધો મળતાં જાય છે.

બસો વર્ષ પહેલાં સોળ વર્ષના કિશોરો પ્રાધ્યાપકો બની શકતા. આજે તમને સોળ વર્ષનો પ્રાધ્યાપક ક્યાંય જોવા નહિ મળે!

પ્રાથમિક અને માધ્યમિક શાળામાં આપણે દસ વર્ષ ગાળીએ છીએ. ભવિષ્યમાં વિદ્યાર્થીઓને એવી શાળાઓમાં એથી પણ લાંબો સમય ગાળવો પડશે, કેમ કે વિજ્ઞાનના દરેક ક્ષેત્રમાં પ્રત્યેક વર્ષે નવી શોધો થયા જ કરે છે. વળી, વિજ્ઞાનોની સંખ્યા પણ વધતી જાય છે. પહેલાં પદાર્થવિજ્ઞાન એક જ હતું, હવે આપણે ભૂપદાર્થ વિજ્ઞાન અને ખગોળપદાર્થ વિજ્ઞાન પણ શીખવાં પડે છે. પહેલાં રસાયણવિદ્યા એક જ હતી, હવે આપણે ભૂરસાયણવિદ્યા, જીવરસાયણવિદ્યા અને કૃષિરસાયણવિદ્યા પણ શીખવી પડે છે.

નવા જ્ઞાનના દબાણ તળે વિજ્ઞાનો પણ જાણે કેમ સજીવ કોષ હોય તેમ વિસ્તૃત થાય છે અને વૃદ્ધિ પામે છે.

એ તો સ્પષ્ટ જ છે કે પાષાણયુગમાં કોઈ જાતનાં વિજ્ઞાનો હતાં જ નહિ. માનવજાતિના અનુભવના સંચયનો એ વખતે હજુ આરંભ જ થઈ રહ્યો હતો. એ વખતે મનુષ્યના ઉદ્યમો આજે છે એટલા અટપટા નહોતા. એટલે જ કોઈ પણ વ્યક્તિને પોતાનું શિક્ષણ પૂરું કરતાં બહુ સમય નહોતો લાગતો. છતાં, તેને પણ શીખવી જ પડે એવી અમુક વસ્તુઓ હતી જ.

પશુનો પીછો પકડીને તેને મારી નાખવા તથા તેની ખાલ ઉતારી લેવા માટે, તંબુ બાંધવા માટે અને ચકમકની છરી બનાવવા માટે તેને જ્ઞાન અને કૌશલ્યની જરૂર પડતી.

જ્ઞાન કેવી રીતે મળે?

મનુષ્ય કોઈ પણ જાતની કુશળતા લઈને જ નથી અવતરતો. તેને કૌશલ્યો હાંસલ કરવાં પડે છે.

એટલું સમજતાં જ આપણને એ પણ સમજાઈ જાય છે કે મનુષ્ય પ્રાણીજગતને કેટલું દૂર પાછળ રાખી દઈને આગળ નીકળી ગયો છે.

જનાવરને પોતાની રુવાંટીનો રંગ અને પોતાના શરીરનો આકાર જેમ વારસામાં મળે છે, તે જ પ્રમાણે તેનાં બધાં સજીવ ઓજારો અને એ ઓજારોને વાપરવાની આવડત પણ તેઓનામાં પોતાનાં માબાપ પાસેથી વારસામાં જ ઊતરે છે. ડુક્કરને નાક વડે કચરાના ઢગલા વીંખવાનું શીખવું નથી પડતું, કેમ કે ખાસ એ કામ માટે જ લાંબું નાળચા જેવું નાક લઈને જ તે જન્મે છે. બીવરને લાકડું કેમ ચાવી ખાવું એ શીખવું નથી પડતું, કેમ કે તેના મોંમાં તીણા દાંત આપમેળે જ ઊગે છે. એટલે જ, જનાવરોને નથી હોતાં કારખાનાં કે નથી હોતી શાળાઓ.

બતકનું ટચૂકડું બચ્ચું ઈંડામાંથી નીકળતાવેંત માખીઓને અને પાણીના જીવડાંને પકડવાનું શરૂ કરી દે છે. એ કામ વિશે તેને કોઈએ કંઈ જ શીખવ્યું હોતું નથી. કોયલનાં બચ્ચાં અજાણ્યા માળાઓમાં મોટાં થાય છે. તેઓની સંભાળ રાખવા તેઓનાં માબાપ તેઓની સાથે નથી હોતાં. પણ શરદ ઋતુનાં વાયરા વાય કે તરત જ તે બધાં ઊડીને આપમેળે આફ્રિકાની દિશામાં ગમન કરી જાય છે. એ દિશા કોઈએ તેઓને પહેલાં ક્યારેય બતાવી નથી હોતી.

જનાવરો પણ પોતાનાં માબાપ પાસેથી ઘણું શીખતાં હોય છે એમાં શંકા નહિ. પણ એવું શિક્ષણ કોઈ પણ રીતે શાળાને જરાકેય મળતું આવવાનો તો સવાલ જ ઊભો ન થાય.

મનુષ્યોની વાત તો એથી તદ્દન નિરાળી જ છે.

મનુષ્ય ઓજારો લઈને જન્મતો નથી એટલે પોતાનાં ઓજારો પોતે જ બનાવી લે છે. એનો અર્થ એ થયો કે મનુષ્ય ઓજારોના વપરાશની આવડત કે પોતાનાં કૌશલ્યો માબાપ પાસેથી વારસામાં નથી મેળવતો, પણ એ બધું પોતાના વડીલો પાસેથી કે શિક્ષકો પાસેથી શીખે છે.

લોકો જો વ્યાકરણ અને ગણિતનું જ્ઞાન લઈને જ જન્મે તો આળસુ વિદ્યાર્થીઓને મઝા જ પડી જાય. પછી તો શાળાની જરૂર જ ન રહે. પણ હકીકતમાં એથી તેને કંઈ ખાસ ફાયદો ન થાય. શાળાઓ ન હોય તો લોકોને નવું કંઈ જ શીખવા ન મળે. બધાં જ માનવીય કલાકૌશલ્યો અને જ્ઞાન એક જ કક્ષાએ થંભી જાય. ઉદાહરણ તરીકે આપણે ખિસકોલીને લઈએ. તેના કસબ એક જ કક્ષાએ થંભેલા રહે છે, તેનો વિકાસ થતો નથી.

માનવજાતિનું એ સદ્ભાગ્ય છે કે લોકો કલાકૌશલ્યો લઈને જ જન્મતા નથી. તેમને અભ્યાસ કરીને શીખવું પડે છે, અને પ્રત્યેક પેઢી માનવજાતિના સામાન્ય અનુભવ-ભંડારમાં પોતાનું જ એવું કંઈક નવું ઉમેરતી જાય છે. અનુભવના એ ભંડાર સતત અધિક સમૃદ્ધ થતા જાય છે, અને માનવજાતિ અજ્ઞાન રૂપી સીમાઓને વધારે ને વધારે દૂર ધકેલતી જાય છે.

અમારા દેશમાં બાળક સાત વર્ષનું થાય એટલે તેને નિશાળમાં દાખલ કરવામાં આવે છે.

અમારો આખો દેશ પણ અનુભવોની શાળામાં શિક્ષણ મેળવે છે અને પ્રતિદિન વધારે ને વધારે જ્ઞાન હાંસલ કરતો જાય છે.

સહસ્રવર્ષીય શાળાએ, માનવીય ઉદ્યમની શાળાએ જ મનુષ્યને આજે તે જેવો છે એવો બનાવ્યો છે, તેને વિજ્ઞાન આપ્યું છે, તેને ઇજનેરી વિદ્યા અને કલા અર્પ્યાં છે, તેને સંસ્કૃતિનો વારસો પ્રદાન કર્યો છે.

સહસ્રવર્ષીય શાળામાં મનુષ્ય પહેલી વાર દાખલ થયો પાષાણયુગમાં. મોટી વયના અનુભવી શિકારીઓએ જુવાન છોકરાઓને શિકારની અઘરી કળા શીખવી. જનાવરને તેનાં પગલાં ઉપરથી કેવી રીતે ઓળખવું, જનાવરને ભડકાવ્યા વગર સાવ તેની નજીક કેવી રીતે પહોંચી જવું, એ બધું અનુભવી મોટેરાંઓએ જુવાન છોકરાઓને શીખવ્યું.

આજના જમાનામાં પણ શિકારમાં ઊંડા કૌશલ્યની જરૂર પડે છે. છતાં, શિકાર કરવાનું એ જમાના કરતાં આજે સહેલું છે. આજના શિકારીઓને પોતાનાં હથિયાર સ્વયં નથી બનાવવાં પડતાં. પાષાણયુગમાં શિકારીઓ પોતાને માટે ડંડા, કટારીઓ અને ભાલાની અણિઓ પોતે જ બનાવતા. મોટી વયના અનુભવી શિકારી પાસે પોતાની ટોળીના જુવાન છોકરાઓને શીખવવા માટે અનુભવના બહોળા ભંડાર હતા.

સ્ત્રીઓના કામમાં જુદી જાતની કારીગીરીની અને નિપુણતાની જરૂર પડતી. સ્ત્રીઓમાં તો ગૃહિણીના ડહાપણનો, ગૃહશિલ્પીના જ્ઞાનનો, કઠિયારાની મહેનતનો અને દરજીની કારીગીરીનો સુમેળ સધાતો.

દરેક કુળમાં અનુભવી વૃદ્ધ પુરુષો અને સ્ત્રીઓ પોતે લાંબી જિંદગી દરમિયાન મેળવેલ અનુભવ અને જ્ઞાન કુળના ઉંમરલાયક છોકરા-છોકરીઓને આપતા.

પણ કસબ અને અનુભવ એક મનુષ્ય બીજા મનુષ્યને કેવી રીતે આપે?

પોતે જે જાણતો હોય તે બીજાઓને સમજાવીને અને કરી બતાવીને.

તેને માટે મનુષ્યને ભાષાની જરૂર પડે.

જનાવરને સજીવ ઓજારોનો ઉપયોગ કેવી રીતે કરવો, પંજાનો અને દાંતનો ઉપયોગ કેવી રીતે કરવો તે પોતાનાં બચ્ચાંને શીખવવું નથી પડતું. એટલે જનાવરોને બોલવાનું શીખવાની જરૂર નથી પડતી.

પણ પ્રાગૈતિહાસિક મનુષ્યને તો બોલવાનું શીખવાની જરૂર પડી.

બીજાઓની સાથે મળીને કરવાનાં કાર્યો માટે તેને બધા સમજી શકે તેવી ભાષાની જરૂર પડી. જૂની પેઢીઓના અનુભવો અને કૌશલ્યોને નવી પેઢીઓ સુધી પહોંચાડવા માટે લોકોને શબ્દોની જરૂર પડી.

પાષાણયુગના પ્રાગૈતિહાસિક લોકો એકબીજા જોડે વાતચીત કેવી રીતે કરતા?

અતીતમાં બીજો પ્રવાસ

ચાલો આપણે ફરી એક વાર અતીતના પ્રવાસે જઈએ. પણ આ વખતે આપણે પહેલાં કરતાં સહેલો પ્રવાસ ખેડશું.

દૂરના દેશોમાં જવા માટે હંમેશાં વહાણમાં બેસીને જ જવું પડે એવું કંઈ નથી. ક્યારેક ઘરની બહાર નીકળ્યા વગર પણ એવો પ્રવાસ થઈ શકે.

રેડિયો ચાલુ કરીને બટન ફેરવો એટલે ઓરડાની બહાર ગયા વગર જ તમે દેશના કોઈ પણ ભાગમાંથી અવાજ સાંભળી શકો. તમારી પાસે ટેલિવિઝન હોય તો અવાજ સાંભળવા ઉપરાંત માઈલોના માઈલ દૂર આવેલા લોકોને પણ તેમાં જોઈ શકો. રેડિયો અને ટેલિવિઝને આપણને લાંબાં અંતરોની અડચણને દૂર કરવામાં સહાય કરી છે.

પણ જે લોકો આપણાથી ઘણાં ઘણાં વર્ષો દૂર હોય તેમને આપણે કેવી રીતે જોઈ કે સાંભળી શકીએ?

જેમ રેડિયો અને ટેલિવિઝન આપણને બીજાં સ્થળોએ લઈ જઈ શકે છે તેમ આપણને કાળના પ્રવાસે લઈ જાય એવું કોઈ સાધન છે ખરું?

હા, એવું સાધન પણ છે: સિનેમા.

રૂપેરી પડદા ઉપર આપણે આખી દુનિયાને જોઈ શકીએ. વળી આજની દુનિયા જોઈ શકીએ એવું પણ નથી, સિનેમાના પડદા ઉપર તો આપણે વીતી ગયેલા જમાનાની દુનિયા પણ જોઈ શકીએ.

પ્રથમ ઉત્તર ધ્રુવીય અન્વેષણના વીરલાઓ પાછા આવ્યા ત્યારે તેમનું સ્વાગત કરવા રેડ સ્કવેરમાં યોજાયેલા સ્વાગતનિદર્શનનું દૃશ્ય આપણે સિનેમાના પડદા ઉપર જોઈ શકીએ છીએ. એ જ પ્રમાણે પૃથ્વીના નવા કૃત્રિમ ગ્રહ જેવું દેખાતું પેલું વિશાળ સફેદ બલૂન હવામાં ઊંચે ઊડતું આપણને પડદા ઉપર દેખાય છે. એ બલૂન સમતાપ મંડલના અભ્યાસ અર્થે છોડવામાં આવેલું બલૂન છે.

પરંતુ ચલચિત્રનો કૅમેરા તો એવા પ્રકારનું વહાણ છે જેમાં બેસીને આપણે જે વર્ષમાં એ કૅમેરાની શોધ થઈ હતી તે વર્ષ સુધીના જ પ્રવાસે જઈ શકીએ. અને ચલચિત્રના કૅમેરાની શોધ તો તદ્દન તાજી શોધ છે. પ્રથમ 'બોલતાં' ચલચિત્રો ૧૯૨૭માં બનાવવામાં આવ્યાં હતાં.

વીતેલા કાળના આપણા પ્રવાસમાં આપણે જેમ આગળ વધીએ તેમ આપણે ઘણી વાર વહાણ બદલવું પડશે અને પ્રવાસની પ્રગતિની સાથે સાથે વહાણો ખરાબ થતાં જશે. વરાળથી ચાલતા વહાણમાંથી આપણે સઢવાળા વહાણમાં બદલી કરવી પડશે; અને પછી નાવડીનો આશરો લેવો પડશે.

હવે આપણે પડદા ઉપર મૂક ચલચિત્રો જોઈએ. આપણને ભૂતકાળનાં દૃશ્યો દેખાય છે, પણ અવાજ સાંભળવા મળતો નથી.

પછી ગ્રામોફોનનો વારો આવે છે. આપણને અવાજ સંભળાય છે, અને અવાજ સ્પષ્ટ છે, પણ કોણ બોલી રહ્યું છે તે આપણે જોઈ શકતા નથી.

અને વળી, આપણું વહાણ જે કિનારેથી તેને સૌપ્રથમ વહેતું મૂકવામાં આવ્યું હતું એ કિનારાથી આપણને આગળ લઈ જઈ શકે એમ નથી.

૧૮૯૫ પહેલાં શું હાલત હતી એ આપણને કોઈ પણ ચલચિત્ર ન બતાવી શકે.

અને ૧૮૭૭માં પ્રથમ ગ્રામોફોન શોધાયું ત્યાર પહેલાં બોલાયેલા શબ્દો આપણને કોઈ પણ ગ્રામોફોન ન જ સંભળાવી શકે.

ધ્વનિઓ વિલીન થઈને ફક્ત અક્ષરોના આકારમાં પુસ્તકોમાં એકસરખી સમાંતરે છપાયેલી પંક્તિઓમાં સ્થાન પામે છે.

જૂની ફેશનની છબીઓમાં કે પારાની વરાળની પદ્ધતિએ ત્રાંબાની તકતી ઉપર લેવામાં આવેલી તસ્વીરોમાં આપણને એ વખતના લોકોનાં ભાવહીન સ્મિત અને દૃષ્ટિપાત જોવા મળે છે.

તમારા કુટુંબનું જૂનું આલબમ કાઢીને જુઓ. લીલા મખમલના પૂંઠાઓ વચ્ચે કાંસાના આંકડાઓ વડે બંધાયેલ એ પૃષ્ઠો ઉપર તમે કેટલીય પેઢીઓનું જીવન જોઈ શકશો.

એમાંના એક પૃષ્ઠ ઉપર એક નાનકડી બાલિકાનો ઝાંખો પડી ગયેલો ફોટો દેખાય છે. બાલિકાનાં કપડાં ઓગણીસમી સદીના આઠમા દાયકામાં પહેરાતાં તેવાં છે. બાલિકા બગીચાના નકશીદાર દરવાજાને અઢેલીને ઊભી છે. હવે તો એવો દરવાજો કોઈ તસવીરકારના તસવીરાલયમાં ગોઠવેલી છબીમાં જ જોવા મળે.

આલબમના એ જ પાના ઉપર બાલિકાની છબીની બાજુમાં જે બીજી છબી છે તેમાં ધવલ વસ્ત્રો પરિધાન કરેલી એક નવવધૂ તેના જાડિયા અને ટાલિયા વરરાજાની જોડે ઊભી છે. આંગળીએ મોટી વીંટીવાળો પોતાનો હાથ વરે સંગેમરમરના અર્ધખંડિત સ્તંભની ઉપર ટેકવ્યો છે. વહુ કરતાં વરની ઉંમર ઓછામાં ઓછી ત્રીસ વરસ અધિક હોય એમ લાગે છે. વહુની આંખો આપણે પહેલી છબીમાં જોઈ હતી તે બાલિકાની આંખો જેટલી જ નિર્દોષ અને ભયભીત દેખાય છે.

અને આ રહી ચાળીસ કે પચાસ વર્ષ પછી લેવાયેલી તેની તસવીર. આ છબીમાં તે માંડ માંડ ઓળખાય છે. લેસની કાળી ટોપીની નીચે તેના કપાળમાં અસંખ્ય કરચલીઓ પડી ગઈ છે, તેની આંખોમાં થાક દેખાય છે, અને તેના ગાલ ઊંડા ઊતરી ગયા છે. તસવીરની પાછળ તસવીરાલયનો પરિચયસંકેત છપાયેલો છે: હાથમાં કૅમેરા લઈને ઊભેલો એક નાનકડો દેવદૂત. દેવદૂતની આકૃતિની ઉપર વૃદ્ધાવસ્થાના ધ્રૂજતા હાથે કંઈક લખાયેલું છે: “મને અત્યંત વહાલી મારી પૌત્રીને, દાદીમાના વહાલ સાથે.”

આલબમના આ એક પૃષ્ઠ ઉપર એક વ્યક્તિનું આખું જીવન જોવા મળે છે.


છબી પડાવનારાઓની વૃદ્ધાવસ્થા જેટલી વધારે છે તેટલા પ્રમાણમાં તેમના હાવભાવ છબીમાં ઓછા ઝડપાયા છે. આજે તો ફાળ ભરતા ઘોડાની કે તરવા માટે પાણીમાં ઝંપલાવતા કોઈ માણસની ઉત્તમ છબી સહેલાઈથી કૅમેરામાં ઝડપી લઈ શકાય છે. પણ છબીકલાના પ્રારંભના દિવસોમાં તો છબીકાર પટ્ટાવાળી એક ખાસ પ્રકારની આરામખુરશી રાખતો અને છબી પડાવનાર માણસ તસુના એક અંશ જેટલોયે હલી ન જાય એટલા માટે તેના માથાને અને ખભાઓને આરામખુરશી સાથે પટ્ટા વડે બાંધી રાખતો. એટલે જ આ છબીઓમાં લોકોના ચહેરા ભાવહીન અને વિચિત્ર લાગે છે અને તેમના મોં ઉપર સ્વાભાવિકતા મુદ્દલ દેખાતી નથી.

પરંતુ ૧૮૩૮ પહેલાં તો છબીઓ પણ નહોતી પડાતી. આપણા પ્રવાસને આગળ લંબાવવો હોય તો હવે આપણે સંપૂર્ણ આધાર બીજા સાક્ષીઓ ઉપર જ રાખવો પડશે, જોકે એ સાક્ષીઓ નથી કૅમેરાની આંખ જેટલા ચોક્કસ કે નથી એટલા વાસ્તવદર્શી.

ભૂતકાળને ફરી વાર આપણી સમક્ષ ખડો કરવો હોય તો આપણે બીજા સાક્ષીઓના ચિત્રસંગ્રહોમાં, પુરાલેખગૃહોમાં અને પુસ્તકાલયોમાં સાચવી રાખેલા પુરાવાઓની તુલના કરવી પડશે.

એમ કરીએ તો રાજમાર્ગ ઉપર સફર કરતાં ઝડપથી દેખાતા જતા માર્ગસ્તંભોની જેમ સેંકડો પછી સેંકડો વર્ષ આપણી દૃષ્ટિ તળેથી તીવ્ર ગતિએ પસાર થઈ જશે.

એ રીતે આગળ વધતાં ૧૪૪૦માં આપણે વળી બદલી કરવી પડશે. ૧૪૪૦ પહેલાં છાપેલાં પુસ્તકોનું અસ્તિત્વ જ નહોતું. કંપોઝીટરની સ્પષ્ટ છપાઈનું સ્થાન હવે લહિયાના હસ્તલિખિત અક્ષરો લઈ લે છે.







વીતેલા યુગના સાક્ષીઓ: ચર્મપત્ર પર રોમન અભિલેખ; માટીના ચોસલા ઉપર એસિરિયન ફાચરલીપીના વર્ણો; પ્રાગૈતિહાસિક ખડકચિત્ર

તેનું પીંછું ચર્મપત્ર ઉપર ધીરે ધીરે ઘસાતું જાય છે અને તેના એક એક અક્ષર સાથે એક એક ડગલું ભરતા આપણે ભૂતકાળમાં આગળ વધીએ છીએ.

જેમ પ્રવાસમાં આગળ વધતા જઈએ છીએ તેમ આપણે ચર્મપત્રોનાં પુસ્તકોથી તાડપત્રોનાં ભૂંગળા સુધી અને ત્યાંથી મંદિરોની દીવાલો ઉપર કોતરવામાં આવેલાં લખાણો સુધી પહોંચી જઈએ છીએ.

અને ભૂતકાળના લોકો દ્વારા તેમની ભાવિ પેઢીઓને સોંપાયેલાં એ લખાણો વધારે ને વધારે વિચિત્ર અને રહસ્યમય બનતાં જાય છે.

આખરે લખેલો અક્ષર પણ અદૃશ્ય થઈ જાય છે અને તેની સાથે સાથે ભૂતકાળના અવાજો લુપ્ત થઈ જાય છે.

ત્યાર પછી શું કરવું?

ત્યાર પછી આપણે ધરતીમાં મનુષ્યની કરામતનાં એંધાણ ગોતીએ, ભુલાઈ ગયેલા કબ્રસ્તાનો ઉપર બનેલા ટીંબાઓ ખોદીએ, પ્રાચીન ઓજારો તપાસીએ, પુરાતન રહેઠાણોના પથ્થરોનું નિરીક્ષણ કરીએ, દીર્ઘ કાળ પહેલાં ઠંડી પડી ગયેલી ભઠ્ઠીઓના કોયલા જોઈએ.

અતીતના એવા બધા અવશેષો આપણને મનુષ્ય કેવી રીતે રહેતો હતો અને કેવી રીતે કામ કરતો હતો તેની કથા કહી સાંભળાવે છે.

પણ એ અવશેષો શું આપણને કહી શકે ખરા કે મનુષ્ય કેમ બોલતો હતો અને કેમ વિચારતો હતો?

સંકેતની ભાષા

ઊંડી કોઈ ગુફામાં કે પ્રાગૈતિહાસિક શિકારીઓના પડાવને સ્થળે વૈજ્ઞાનિકોને ઘણી વાર પ્રાગૈતિહાસિક લોકો પોતે જ મળી આવ્યા છે, એટલે એમ કે પ્રાગૈતિહાસિક મનુષ્યોના અવશેષો મળી આવ્યા છે.

૧૯૨૪માં સોવિયેત પુરાતત્ત્વવિદોએ સિમ્ફેરોપોલ નજીક આવેલી કિઈક-કોબા ગુફામાંથી એક ફોસિલમાનવના અવશેષો શોધી કાઢયા. હાડપિંજર ગુફાના કેન્દ્રભાગમાં ખોદવામાં આવેલા લંબચોરસ ખાડામાં દટાયેલું હતું. એક સાબરના અવશેષો અને કેટલાંક ચકમકનાં બનેલાં ઓજારો પણ તેમને ગુફાની પાસે જ અડોઅડ ઊભેલી કરાડોમાં સુરક્ષિત રહી ગયેલાં મળી આવ્યાં.

પાષાણયુગનું પડાવનું એવું જ એક બીજું સ્થળ ઉઝબેકિસ્તાનમાં તેશિકતાશ ગુફામાં શોધી કાઢવામાં આવ્યું છે.

પ્રાગૈતિહાસિક મનુષ્યો પર્વતોની સાંકડી ખીણોના ઢોળાવ ઉપર રહેતા. મક્કમ ડગલે સીધી ચડાઈ ચડવામાં એ લોકો પાવરધા હોવા જોઈએ, કેમ કે પહાડી બકરો તેમનો મુખ્ય શિકાર હતો. અને એ પ્રાણીને સપડાવીને મારી નાખવાનું કામ અત્યંત મુશ્કેલ હોય છે.

એ જ ગુફામાં, ચકમકનાં ઓજારોની અને જનાવરોનાં હાડકાંની પાસે, લગભગ આઠ વર્ષના એક બાળકની ખોપરી અને હાડકાં મળી આવ્યાં હતાં.

જૂના પાષાણયુગના મનુષ્યોના ફોસિલ અવશેષો ફક્ત રશિયામાં જ મળી આવ્યા છે એમ નથી, બીજા ઘણા દેશોમાં પણ એવા અવશેષો મળી આવ્યા છે. હકીકતમાં, એક અમેરિકા સિવાય બીજા બધા જ ખંડોમાં એવા અવશેષો મળી આવ્યા છે.

એવા અવશેષોની સૌથી પહેલી શોધોમાંની એક રહાઈન પ્રાંતની નિઆન્ડર્થલ નામની ખીણમાં થઈ હતી એટલે પુરાતત્ત્વવિદોએ એ અવશેષોને નિઆન્ડર્થલમાનવના અવશેષો એવું નામ આપ્યું છે.

આપણા નાયકને હવે આપણે નિઆન્ડર્થલમાનવને નામે ઓળખીશું. અમે તેને નવું નામ એટલા માટે આપ્યું છે કે તેના પૂર્વજ પિથેકેન્થ્રોપસના સમય પછી વીતી ગયેલા લાખો વર્ષો દરમિયાન તેનામાં બહુ મોટું પરિવર્તન આવી ગયું છે:

હવે તેની પીઠ વધારે સીધી થઈ છે, તેના હાથ અધિક ચપળ બન્યા છે, અને તેનો ચહેરો મનુષ્યના ચહેરાને વધારે પ્રમાણમાં મળતો આવે છે.

સામાન્ય રીતે લેખકો તેમની કથામાં નાયકના આગમનનું વર્ણન અત્યંત કલ્પનાસભર રીતે અને ઊંડી વિગતે કરતા હોય છે. ઉદાહરણ રૂપે, તેઓ "તેનાં પ્રજળતાં નેત્રો", "તેનું ગર્વીલું રોમન નાક", "તેના કેશ કાગડાની પાંખ જેવા કાળા હતા" એવી અભિવ્યક્તિઓ વાપરતા હોય છે. પરંતુ એ લેખકો નાયકના મગજના કદની વાત કદી પણ કરતા નથી.

પણ અમારી વાત સાવ જુદી છે. નાયકનું મગજ અમારે માટે અત્યંત મહત્ત્વ ધરાવે છે, અને તેની આંખોનાં ભાવ કરતાં કે તેના કેશના રંગ કરતાં અમને તેના મગજમાં વધારે રસ છે.

નિઆન્ડર્થલમાનવની ખોપરીને અત્યંત સંભાળપૂર્વક માપી જોયા પછી એ કહેતાં અમને હર્ષ થાય છે કે તેનું મગજ પિથેકેન્થ્રોપસના મગજ કરતાં નિ:શંક મોટું છે જ.

જોયું ને, હજારો વર્ષોનું કામ એળે નહોતું ગયું. કામનાં એ વર્ષોએ મનુષ્યને સર્વાંગે પરિવર્તિત કર્યો હતો એ ખરું, પણ શરીરના બીજા અંગો કરતાં હાથ અને મસ્તકને અધિક પ્રમાણમાં પરિવર્તિત કર્યાં હતાં, કેમ કે તેના હાથ કામ કરતા થયા હતા અને મસ્તક હાથને દોરવણી આપતું રહ્યું હતું.

પ્રાગૈતિહાસિક મનુષ્ય જ્યારે ચકમકને નવો આકાર આપવાની વેતરણમાં ચકમકની ફરસી ઉપર નવા નવા અખતરાઓ કરીને તેને સુધારવાના પ્રયાસો કરતો હતો ત્યારે તે પોતાનામાં અને પોતાની આંગળીઓમાં ધીરે ધીરે પરિવર્તન આણી રહ્યો હતો. તેની આંગળીઓ વધારે ચપળ અને કુશળ બનતી જતી હતી. એ ઉપરાંત એ ક્રિયા દ્વારા તે પોતાના મગજમાં પણ પરિવર્તન આણી રહ્યો હતો, તેનું મગજ વધારે જટિલ બનતું જતું હતું.


નિઆન્ડર્થલમાનવ પ્રત્યે એક જ દૃષ્ટિ ફેંકતાં તમે સ્પષ્ટ જોઈ શકશો કે તે વાનર નથી.

અને છતાં, તે વાનરને હજુ પણ કેટલો બધો મળતો આવે છે!

તેનું નીચું કપાળ તેની આંખોની ઉપર ઊપસી આવેલું છે. તેની રાક્ષીઓ તેના બીજા દાંતોથી કાંઠીય સ્થિતિમાં છે અને મોંમાંથી બહાર નીકળી આવે છે.

નિઆન્ડર્થલમાનવને તેનું કપાળ અને તેની હડપચી એ બે અંગો આપણાથી તદ્દન ભિન્ન બનાવે છે. તેનું કપાળ પાછળ ખસતું જતું હોય એવું છે, અને હડપચી તો નામનીયે નથી.

આધુનિક માનવીના મગજમાં હોય છે તેવા કેટલાક ભાગો નિઆન્ડર્થલમાનવની લગભગ કપાળ વગરની ખોપરીમાં નથી. વળી, હડપચીને નીચેથી વહેરી નાખવામાં આવી હોય એવું નીચલું જડબું માનવીય વાચા માટે માફક આવે એવી રીતે બનેલું નથી જ.





ડાબી બાજુ — નિઆન્ડર્થલમાનવની ખોપરી; જમણી બાજુ — નિઆન્ડર્થલમાનવના અવસાનને હજારો વર્ષો વીતી ગયાં પછી પુનર્નિર્મિત કરવામાં આવેલી તેની મુખાકૃતિ

એવું કપાળ અને એવી હડપચી ધરાવતો મનુષ્ય આપણે જે રીતે વિચારીએ અને બોલીએ છીએ એ રીતે વિચારી કે બોલી ન જ શકે.

પણ પ્રાગૈતિહાસિક મનુષ્યને બોલવું તો પડતું જ હતું. સહિયારું કામ કરવામાં વાચા આવશ્યક બને, કેમ કે ઘણા લોકોએ સાથે મળીને કોઈ કામ કરવાનું હોય તો શું કામ કરવું છે એ વિશે સંમત થવા માટે વાતચીત કરવી જ પડે. કપાળ વધારે વિકસે અને જડબું અધિક મોટું થાય તેની વાટ જોવાનું મનુષ્યને પરવડે તેમ નહોતું. એવી વાટ જોવા જાય તો હજારો વર્ષો વીતી જાય.

તો પછી તેણે પોતાના વિચારો બીજાઓ સુધી કેવી રીતે પહોંચાડયા?

એ દિશામાં તેણે પોતાનાથી બનતા બધા પ્રયાસો કર્યા અને પોતાની વાત કહેવા માટે તેણે પોતાના આખા શરીરનો ઉપયોગ કર્યો. હજુ સુધી તેની પાસે બોલવાનું કોઈ ખાસ અંગ નહોતું, એટલે તેણે પોતાના હાથનો, ચહેરાની માંસપેશીઓનો, ખભાનો અને પગનો ઉપયોગ કર્યો.

તમે કોઈ વાર કૂતરા જોડે વાત કરી છે? કૂતરો જ્યારે પોતાના માલિકને કંઈક કહેવા માગતો હોય ત્યારે તે માલિકની આંખમાં નજર નાખે છે, પોતાનું નાક માલિકના શરીર ઉપર ઘસે છે, તેના ખોળામાં પગના પંજા ટેકવે છે, પૂંછડી પટપટાવે છે, અને શરીર ખજવાળે છે તથા ઉત્તેજનાને કારણે આવતાં બગાસાં ખાય છે. તે મોઢેથી શબ્દો બોલી શકતો નથી એટલે પોતાની વાત સમજાવવા માટે નાકના ટેરવાથી પૂંછડીના છેડા સુધીના પોતાના આખા શરીરનો ઉપયોગ કરે છે.

પ્રાગૈતિહાસિક મનુષ્યને પણ મોઢેથી શબ્દો બોલતાં નહોતું આવડતું. પણ તેને હાથ હતા,

અને એ હાથ તેને પોતાની વાત બીજાઓને સમજાવવામાં સહાયક થતા. કામ કરવા માટે તે હાથનો ઉપયોગ કરતો, પણ કામ કરવા માટે તેને ભાષાનીયે જરૂર હતી.

"ઘા મારીને કાપો" એમ કહેવાને બદલે પ્રાગૈતિહાસિક મનુષ્ય પોતાનો હાથ ઘા મારતો હોય એમ હવામાં વીંઝતો, "એ ચીજ મને આપો" એમ કહેવાને બદલે તે પોતાના હાથ લાંબા કરતો, "અહીં આવો" એમ કહેવાને બદલે તે હાથને પોતાની જ તરફ હલાવતો. વળી હાથને મદદ કરવા તે પોતાના ગળાનો ઉપયોગ કરતો. પોતાના હાથના ઇશારાઓ તરફ બીજા માણસનું ધ્યાન ખેંચવા માટે તે ગરજી ઊઠતો, ઘુરઘુર અવાજ કરતો કે પછી જોરથી રાડ પાડતો.

પણ એ બધી વાતો આપણને કેવી રીતે જાણવા મળી?

જમીનમાંથી મળી આવતું ચકમકનું પ્રત્યેક તૂટેલું ઓજાર ભૂતકાળના એક અંશ જેવું હોય છે. પણ ઇશારાઓના તૂટી ગયેલા કકડાઓ આપણને ક્યાંથી મળે ? દીર્ઘ કાળ પૂર્વે ખાક થઈને ધૂળમાં ભળી ગયેલા હાથના ઇશારાઓને આપણે ફરી વાર કેવી રીતે આકાર આપી શકીએ ?

એ પ્રાગૈતિહાસિક લોકો આપણા પૂર્વજો હતા, અને એટલે આપણે માટે વારસો મૂકી ગયા હતા. એ સત્ય જો સત્ય ન હોત તો આપણે માટે એ ઇશારાઓને ફરી વાર આકાર આપવાનું કદી શક્ય ન જ બન્યું હોત.

બોલતા હાથ

થોડા વખત પહેલાં અમેરિકાની મૂળ વતની ઇન્ડિયન જાતિનો એક માણસ લેનિનગ્રાદની મુલાકાતે આવ્યો. તે નેઝ પેર્સે (આ શબ્દોનો અર્થ થાય છે 'વીંધેલાં નાક') નામની પેટાજાતિનો સભ્ય હતો. જેમ્સ ફેનિમોર કૂપરે જેમને વિશે વિસ્તારથી લખ્યું છે એવા પરશુધારી ઇન્ડિયનોને તે જરાય મળતો નહોતો આવતો.

અમેરિકાથી આવેલા મુલાકાતીના પગમાં મોકાસિનનાં પગરખાં નહોતાં, કે નહોતી તેને માથે પીંછાંની ટોપી. તેણે તો બધા પહેરે છે એવો સુટ પહેરેલો. તે અંગ્રેજી ભાષા અને તેની જાતિની ભાષા, બન્ને ખૂબ સરળતાથી બોલી શકતો હતો.

પરંતુ એ બે ભાષાઓ ઉપરાંત તેને એક ત્રીજી ભાષા પણ આવડતી હતી. એ ત્રીજી ભાષા ઇન્ડિયન જાતિના લોકોમાં હજારો વર્ષોથી જળવાઈ રહી છે.

એ ભાષા દુનિયાની સૌથી સાદી ભાષા છે. તમે એ ભાષા શીખવાનું નક્કી કરો તો તમારે ક્રિયારૂપો અને સંજ્ઞારૂપો નહિ શીખવાં પડે, તેમાં સંકેતવાચક ક્રિયાર્થભેદ, કૃદન્ત કે ક્રિયાવિશેષણ પણ નથી હોતાં. એ બધી માથાકૂટમાંથી તમે બચી જશો. સાચા ઉચ્ચાર શીખી લેવાનું તો સરળથી પણ અધિક સરળ બની જશે, કેમ કે એ ભાષામાં ઉચ્ચારો હોતા જ નથી!

ઈન્ડિયન મુલાકાતીને ત્રીજી જે ભાષા આવડતી હતી તે ધ્વનિઓની નહિ પણ ઇશારાઓની ભાષા હતી.

એ ભાષાનો કોશ રચવામાં આવે તો તે લગભગ આવો હોય:

સંકેતની ભાષાના કોશનું એક પાનું

ધનુષ — એક હાથમાં કલ્પિત ધનુષ હોય અને બીજો હાથ કલ્પિત દોરી ખેંચતો હોય.

મઢૂલી — બન્ને હાથની આંગળીઓ એકમેકમાં ભરાવીને કરાતી તંબુના આકારની રચના.

ગોરો માનવી — હેટની ગોળ કિનારી દર્શાવવા માટે કપાળ ઉપર ધરાતો હાથ.

વરુ — બે કાન દર્શાવવા માટે બીજી આંગળીઓ દબાવીને ફક્ત બે આંગળીઓ આગળ કરેલો હાથ.

સસલું — ઉપરની જેમ જ બે આંગળીઓ આગળ કરેલો હાથ, અને સસલાના લાંબા કાન તથા તેની ગોળ પીઠ દર્શાવવા માટે ગોળાકારે હાથ હલાવીને કરાતી સંજ્ઞા.

માછલી — માછલીને પાણીમાં તરતી બતાવવા માટે અને તેની પૂંછડી જમણીથી ડાબી બાજુ ખસતી દર્શાવવા માટે હાથ ઉપર હાથ દબાવીને કરાતી વાંકીચૂકી ક્રિયા.

દેડકો — દેડકો કૂદકા મારે તે દર્શાવવા માટે પાંચેય આંગળીઓનાં ટેરવાં મેળવીને તરત જ નોખાં કરવાની ક્રિયા.

વાદળ — આકાશમાં વાદળ દર્શાવવા માટે માથા ઉપર ધરી રખાતી બન્ને મૂઠીઓ.

હિમવર્ષા — ઉપરની જેમ જ માથા ઉપર ધરાતી બન્ને મૂઠીઓ, પણ હિમકણ પડતા દર્શાવવા માટે ધીરે ધીરે ઊઘડીને હવામાં તરતી હોય એમ નીચે આવતી આંગળીઓ.

વરસાદ — ઉપરની જેમ જ માથા ઉપર ધરાતી બન્ને મૂઠીઓ, પણ આંગળીઓ એકદમ ઊઘડીને ઝડપથી નીચે આવી જાય.

તારો — તારાને આકાશમાં ચમકતો દર્શાવવા માટે માથા ઉપર બને તેટલે ઊંચે બે આંગળીઓને ભેગી કરીને નોખી કરવાની ક્રિયા.

એ ભાષાનો પ્રત્યેક શબ્દ હવામાં દોરાતું ચિત્ર હોય છે.

સૌથી પ્રાચીન લેખન જેમ અક્ષરોના બનેલા શબ્દોનું નહોતું પણ ચિત્રોના શબ્દોનું હતું, તેમ સૌથી પ્રાચીન સંકેત પણ હવામાં દોરાતા ચિત્રશબ્દોના હતા.

ઈન્ડિયન જાતિઓની સંકેતની ભાષા પ્રાગૈતિહાસિક મનુષ્યની સંકેતની ભાષા નહોતી એ તો સ્પષ્ટ જ છે. હાલ અસ્તિત્વ ધરાવતી ઈન્ડિયન જાતિઓની સંકેતની ભાષામાં એવા ઘણા શબ્દો

છે જે પ્રાગૈતિહાસિક મનુષ્યની ભાષામાં કદી હોઈ જ ન શકે. કેટલાક સાવ નવા 'ચિત્ર'શબ્દો આ રહ્યા:

મોટરગાડી—બે પૈડાં બતાવવા માટે હાથ વડે દોરાતાં બે વર્તુળો અને પછી નિદર્શનચક્ર ફેરવાતું હોય એવી ક્રિયા.

રેલગાડી—પૈડાં બતાવવા માટે હાથનાં બે વર્તુળો, અને પછી ઍન્જિનમાંથી ધુમાડો ઉપર જતો બતાવવા માટે હલતા હાથ અને કાંડાં ઉપર જતાં હોય એવી ક્રિયા.

આ બધા તો તદ્દન નવા સંકેત છે. પરંતુ સંકેતની ભાષાના કોશમાં આપણને એવા શબ્દો પણ મળે છે જે ઘણું કરીને પ્રાગૈતિહાસિક કાળથી જ ઊતરી આવીને આપણને મળ્યા હશે:

અગ્નિ—પડાવની જગ્યામાંથી નીકળીને ઊંચે જતો ધુમાડો બતાવવા માટે હલતા હાથ અને કાંડાં ઉપર જતાં હોય એવી ક્રિયા.

કામ—હવામાં ઘા મારતો હાથ.

કોને ખબર, સંકેતની ભાષામાં 'કામ' શબ્દ કહેવા માટે પ્રાગૈતિહાસિક લોકો કદાચ હવામાં ઘા મારતા પણ હોય. સૌથી પહેલું ચકમકનું ઓજાર તો **ફરસી** જ હતું.

આપણી પોતાની સંકેતભાષા

આપણે પણ આપણી પોતાની જ એક સંકેતભાષા જાળવી રાખી છે.

આપણે "હા" કહેવું હોય ત્યારે હંમેશાં શબ્દ નથી વાપરતા. ઘણી વાર આપણે ફક્ત માથું હલાવીને જ "હા" પાડીએ છીએ.

"ત્યાં" એમ કહેવા માટે આપણે ક્યારેક ફક્ત આંગળી જ ચીંધીએ છીએ. આપણી પાસે તો એક ખાસ "બોલતી આંગળી" પણ છે. આપણે તેને તર્જની કહીએ છીએ.

કોઈ પરિચિત માણસ મળી જાય તો આપણે ઘણી વાર ફક્ત માથું જરાક નમાવીને જ સલામ કરી લઈએ છીએ. આપણે માથું ધુણાવીએ છીએ, ખભા સંકોચીએ છીએ, ખભા ઊંચા કરીએ છીએ અને આપણા હાથ પહોળા કરીએ છીએ, આપણે ભવાં સંકોચીએ છીએ, હોઠ કરડીએ છીએ, કોઈની તરફ આંગળી હલાવીએ છીએ, ટેબલ ઉપર મૂઠી ઠોકીએ છીએ, પગ પછાડીએ છીએ, હાથ હલાવીએ છીએ, હાથ ચોળીએ છીએ, છાતીએ હાથ દઈએ છીએ, કાંડાં આગળ કરીએ છીએ, હાથ ધરીએ છીએ અને હાથને બચ્ચી ભરીને ચૂમી ફેંકીએ છીએ.

એ થયો આખો સંવાદ, પણ તેમાં એકેય શબ્દ બોલાયો નથી.

વળી આ "વાચાહીન ભાષા", આ સંકેતભાષા લય પામવા તૈયાર નથી. એવી ભાષાના પણ ઉપયોગી ગુણો છે એ વાત સાચી. ઘણી વાર ફક્ત એક સંકેત કોઈ લાંબા ભાષણ કરતાં ઘણું

વધારે સમજાવી જાય છે. કોઈ કુશળ અભિનેતા અવાક રહીને પણ પોતાનાં ભવાં, આંખો અને હોઠના હલનચલન દ્વારા અરધા કલાકમાં આપણને સેંકડો બોલાયેલા શબ્દો કરતાં પણ અધિક વાતો સમજાવી શકે.

પરંતુ વાતચીતમાં સંકેતભાષાનો ઉપયોગ કરવો એ સારી રીતભાતની નિશાની નથી.

કોઈ પણ વાત શબ્દો વડે સહેલાઈથી કહી શકાતી હોવા છતાં એ વાત કહેવા માટે હાથપગનો ઉપયોગ શા સારુ કરવો પડે! આપણે કંઈ પ્રાગૈતિહાસિક લોકો નથી. પગ પછાડવા જેવી, આંગળી ચીંધવા જેવી કે હાથ હલાવવા જેવી ટેવો ભૂલી જવાય તો જ સારું.

અને છતાં, ક્યારેક એવા પ્રસંગો પણ ઊભા થાય છે કે આપણે જે કહેવાનું હોય તે ફક્ત મૂક ભાષા જ વ્યક્ત કરી શકે.

ધ્વજસંકેત દ્વારા પરસ્પર "વાતચીત કરતાં" બે વહાણ તમે ક્યારેય જોયાં છે? પવન સુસવાટા કરતો હોય, મોજાં મસ્તીએ ચડીને ગરજતાં હોય, અને ક્યારેક તો બંદૂકોના ધડાકા પણ થતા હોય ત્યારે કંઈ કહેવા માટે અવાજથી કામ ન ચાલે, એ માટે તો ધુમ્મસભૂંગળની જરૂર પડે! એવે વખતે કાન કામ કરવાની ના જ પાડે, એટલે આપણે આંખ ઉપર આધાર રાખવો પડે.

તમે ઘણી વાર સંકેતભાષાનો ઉપયોગ કરતા હશો. નિશાળમાં વર્ગ ચાલતો હોય ત્યારે શિક્ષકનું ધ્યાન ખેંચવાની જરૂર ઊભી થાય તો તમે તમારો હાથ ઊંચો કરો છો, ખરું? એ બરાબર છે. ત્રીસ કે ચાળીસ વિદ્યાર્થીઓ એક સાથે બોલવાનું શરૂ કરે તો શું થાય તેની કલ્પના આવે છે?

આપણે જોયું કે સંકેતભાષાના સારા ગુણ પણ છે. એટલે જ તે આટલાં હજારો વર્ષો દરમિયાન જીવંત રહી છે અને આજે પણ આપણે માટે જરૂરી છે.

વાચાએ સંકેતભાષા ઉપર વિજય મેળવ્યો છે ખરો, પણ એ વિજય સંપૂર્ણ નથી. પરાજિત હવે વિજેતાનો ગુલામ બની ગયો છે. એટલે જ, કેટલીક પ્રજાઓમાં સંકેતભાષા હજુ પણ નોકરોની, તાબેદારોની અને હલકા ગણાતા લોકોની ભાષા તરીકે જળવાઈ રહી છે.

મહાન ઑકટોબર સમાજવાદી ક્રાંતિ પહેલાં કૉકેસસ વિસ્તારનાં આર્મેનિયન ગામડાંમાં સ્ત્રીને પોતાના પતિ સિવાય બીજા કોઈ પુરુષ જોડે બોલવાનો અધિકાર નહોતો. પોતાના પતિ સિવાય બીજા કોઈ પુરુષને કંઈ કહેવું હોય તો તેને સંકેતભાષાનો ઉપયોગ કરવો પડતો.

સીરિયામાં, ઈરાનમાં અને દુનિયાના બીજા ઘણા ભાગોમાં સંકેતભાષા અસ્તિત્વમાં હતી.

દાખલા તરીકે ઈરાનના શાહના મહેલમાં નોકરોને ફક્ત સંકેતભાષા જ વાપરવાની છૂટ હતી. સરખી પદવીના માણસો જોડે વાત કરતા હોય ત્યારે જ તેઓ શબ્દો બોલી શકતા. એ કમનસીબ લોકોને "વાણી સ્વાતંત્ર્ય"થી પૂરેપૂરા અર્થમાં વંચિત રાખવામાં આવ્યા હતા.

એમ આજના યુગમાં પણ દીર્ઘ કાળ પહેલાં અદૃશ્ય થઈ ગયેલા ભૂતકાળની બચી રહેલી અસરો જોવા મળે છે.

મનુષ્ય બુદ્ધિ કમાય છે

વનમાં દરેક પ્રાણી બધી દિશાઓમાંથી આવતા હજાર સંકેતોને કાન દઈને સાંભળે છે અને આંખ માંડીને જુએ છે.

ક્યાંક ડાળખી તૂટે છે, અને કદાચ કોઈ દુશ્મન હશે એમ ધારીને જનાવર નાસી જવાની કે પોતાનો બચાવ કરવાની તૈયારી કરવા લાગે છે.

વાદળ ગરજે છે, વનને ચીરતો પવન ફૂંકાય છે અને ડાળીઓ ઉપરથી પાંદડાંને ઉડાડી જાય છે ત્યારે પશુપંખીઓ આવી રહેલા ઝંઝાવાતથી બચવા પોતપોતાના માળામાં કે દરમાં જઈને છુપાઈ જાય છે.

ભીનાશવાળી કોહતાં પાંદડાં અને ભૂછત્રની દુર્ગંધ સાથે ભળીને જમીન ઉપર ફેલાયેલી શિકારની ગંધને પારખીને જનાવર એ ગંધને આધારે પોતાના શિકારનો પીછો પકડે છે.

પાંદડાં હલવાનો પ્રત્યેક અવાજ, પ્રત્યેક ગંધ, ઘાસ ઉપર પડેલાં પગલાંનું પ્રત્યેક નિશાન, પ્રત્યેક ચિચિયારી કે સિસોટી વાગતી હોય એવા પ્રત્યેક અવાજનો કંઈ ને કંઈ અર્થ હોય છે અને તે એકદમ ધ્યાન ખેંચે છે.

પ્રાગૈતિહાસિક મનુષ્ય પણ બહારની દુનિયાના સંકેતો સાંભળતો હતો. પણ થોડા વખતમાં તેણે એક બીજા પ્રકારના સંકેતોને સમજવાનુંયે શીખી લીધું. એ હતા તેના કુળના લોકો દ્વારા તેને અપાતા સંકેતો.

દાખલા તરીકે કોઈ પ્રાગૈતિહાસિક શિકારીને વનમાં સાબરનાં પગલાંનાં નિશાન દેખાય કે તરત જ તે હાથ હલાવીને પાછળ આવતા શિકારીઓને સંકેત આપે. એ શિકારીઓએ જનાવરને જોયું પણ ન હોય છતાં સંકેત મળવાથી તે બધા સાવધાન થઈ જાય. જાણે કેમ તેમણે પોતે જ સાબરનાં લાંબાં શાખાદાર શિંગડાં અને ફફડતા કાન જોયા હોય તેમ હથિયારો ઉપર તેમની પકડ વધારે દૃઢ થઈ જાય.

જનાવરનાં પગલાંનાં નિશાન પણ એક પ્રકારનો સંકેત હતો.

બીજાઓને ખબર આપવા માટે શિકારીએ લાંબો કરેલો હાથ પણ સંકેત વિશેનો સંકેત જ હતો.

દરેક વખતે જ્યારે કોઈ શિકારીને જમીન ઉપર જનાવરના પગનું નિશાન દેખાતું, કે નીચી ઝાડીમાં કોઈ પશુના ધીરે ધીરે ખસવાનો અવાજ સંભળાતો એટલે તરત જ પોતાને મળેલા એ સંકેત વિશેનો સંકેત તે બીજા શિકારીઓને પાઠવતો.

આમ કુદરત તરફથી મળતા સંકેતો તથા કુળના માણસો એકબીજાને કરતા તેવા સંકેતોમાં એક વધારે સંકેતનો, વાણીના સંકેતનો ઉમેરો થયો.

પોતાની એક કૃતિમાં ઈવાન પેત્રોવિચ પાવ્લોવે મનુષ્યની વાણીને "સંકેતો વિશેના સંકેત" રૂપે વર્ણવી છે.

વાણીના એ સંકેતો પહેલાં તો ફક્ત અવાજો અને ઈશારાઓ જ હતા. માણસની આંખ અને કાન એ સંકેતો મેળવીને તેમને કેંદ્રીય ટેલિફોન મથકની જેમ મગજ પાસે મોકલી દેતા. મગજને

"કોઈ જનાવર નજીક આવી રહ્યું છે" એવો "સંકેત વિશેનો સંકેત" મળતો કે તરત જ તે હુકમો છોડતું: હાથ, તમે ભાલા વધારે મજબૂતીથી પકડો; આંખો, તમે ઝાડી ઉપર વધારે સાવધાનીથી નજર રાખો; કાન, તમે પાંદડાંનો પ્રત્યેક ખણખણાટ અને ડાળખાં ભાંગવાનો પ્રત્યેક અવાજ બરાબર ધ્યાનથી સાંભળવા સાવચેત રહો. જનાવર તો હજુ દૃષ્ટિમર્યાદા તથા શ્રવણમર્યાદાથી બહાર જ હતું, પણ શિકારી તેને માટે તૈયાર થઈ ગયો હતો.

સંજ્ઞાઓની અને ચિત્કારોની સંખ્યા જેમ વધતી ગઈ, મગજને પહોંચતા "સંકેત વિશેના સંકેતો" જેમ વધતા ગયા, તેમ તેમ મનુષ્યની ખોપરીના આગળના ભાગમાં આવેલા "કેંદ્રીય મથક" પાસે કામ વધતું ગયું. તેના પરિણામે "કેંદ્રીય મથક"ને સતત વિસ્તૃત બનતું જવું પડયું. મગજમાં નિરંતર નવા નવા કોષો બનતા ગયા અને કોષો વચ્ચેનાં અરસપરસ જોડાણો વધારે ને વધારે જટિલ બનતાં ગયાં. મગજ પણ વધીને મોટું થતું ગયું.

પિથેકેન્થ્રોપસ કરતાં નિઆન્ડર્થલમાનવનું મગજ ચારસોથી પાંચસો ઘન સેંટિમીટર જેટલું મોટું હતું. મગજનો વિકાસ થતાં પ્રાગૈતિહાસિક મનુષ્ય વિચાર કરતાં શીખ્યો.

તે જયારે "સૂર્ય" એવા અર્થનો સંકેત સાંભળતો કે જોતો ત્યારે, એ વખતે મધ્યરાત્રિ હોય તોપણ, તેના મનમાં સૂર્યના વિચાર આવતા.

તેને જઈને ભાલો લઈ આવવાનો સંકેત મળતો ત્યારે આસપાસ ક્યાંય ભાલો ન દેખાતો હોવા છતાં તેને ભાલાના વિચાર આવતા.

સહિયારા શ્રમે મનુષ્યને બોલતાં શીખવ્યું, અને તે બોલતાં શીખ્યો એટલે વિચારતાં પણ શીખ્યો.

મનુષ્યને બુદ્ધિ કુદરત પાસેથી ભેટમાં નહોતી મળી. તેણે બુદ્ધિ પોતાના હાથની મહેનત વડે કમાઈને મેળવી હતી.

જીભ અને હાથનું પરસ્પર સ્થાનપરિવર્તન

બહુ થોડાં ઓજારો અસ્તિત્વમાં આવ્યાં હતાં ત્યાં સુધી અને પ્રાગૈતિહાસિક મનુષ્યનો અનુભવ ખૂબ જ મર્યાદિત રહ્યો ત્યાં સુધી, એક માણસ માટે પોતાનાં કૌશલ્યો બીજાને શીખવવા થોડાક સાદા સંકેતો પૂરતા હતા.

પણ માનવીય ઉદ્યમ જેમ જેમ વધારે અટપટો બનતો ગયો તેમ તેમ સંકેતો પણ વધારે અટપટા બનતા ગયા. દરેક વસ્તુ માટે ખાસ સંકેત જરૂરી બન્યો. વળી દરેક સંકેતમાં વર્ણનની ચોકસાઈ હોય એ પણ જરૂરી બન્યું. એ વખતે ચિત્રસંકેત અસ્તિત્વમાં આવ્યો. પ્રાગૈતિહાસિક મનુષ્ય હવામાં જનાવરોનાં, ઓજારોનાં, ઝાડનાં અને બીજી ચીજોનાં ચિત્રો દોરવા લાગ્યો.

દાખલા તરીકે, તેને શાહુડીનું વર્ણન કરવું હોય તો હવામાં શાહુડીની આકૃતિ દોરીને જ તે વાત પૂરી ન કરી દેતો, પણ થોડી વાર માટે પોતે જ શાહુડી બની જતો. શાહુડી જમીન ખોદીને પોતાના પંજા વડે માટીને કેવી રીતે બાજુ પર નાખી દે છે અને તેનાં અણિદાર પીંછાં કેવી રીતે ટટ્ટાર થાય છે એ બધું તે બીજાઓને બતાવતો.

એવી આખી વાત નકલ કરીને કહી શકવા માટે પ્રાગૈતિહાસિક મનુષ્યને દરેક વસ્તુનું, આજના જમાનામાં કેવળ સાચા કલાકારો જ કરે છે એવું, બારીક નિરીક્ષણ કરવું પડતું.

તમે એમ કહો કે "મેં પાણી પીધું" તો સામા માણસને તમારા શબ્દોથી એ ન સમજાય કે તમે પાણી પ્યાલો ભરીને પીધું, બાટલીમાંથી પીધું કે ખોબે પીધું.

પોતાની વાત સંકેતની ભાષામાં કહેવાનું ભૂલી ન ગયો હોય એવો માણસ એ વાત જુદી રીતે કહેશે.

તે તો પોતાના હાથનો ખોબો મોઢે દઈને કલ્પિત પાણીના ઘૂંટડા ભરવા લાગશે. તેને જોઈ રહેતા લોકો એથી સમજી જશે કે પાણી કેટલું સ્વાદિષ્ટ, શીતળ અને તાજગીબક્ષ છે.

આપણે કહીશું "પકડો" કે "શિકારને મારો". પણ પ્રાગૈતિહાસિક મનુષ્ય તો શિકારનું આખું દૃશ્ય ભજવી બતાવતો.

સંકેતની ભાષા ક્યારેક તો ખૂબ અર્થવાહી હોય છે, પણ ક્યારેક અર્થને સ્પષ્ટ કરવાને તદ્દન અશક્ત નીવડે છે. સંકેતની ભાષા કોઈ પણ ઘટના કે વસ્તુનું એકદમ આબેહૂબ ચિત્ર ખેંચતી એટલે તે અર્થવાહી હતી. પણ સાથે સાથે તે ખૂબ મર્યાદિત પણ હતી.

સંકેતની ભાષામાં ડાબી કે જમણી આંખ તો સરળતાથી બતાવી શકાતી, પણ માત્ર "આંખ" કહેવાનું અત્યંત મુશ્કેલ હતું.

ઈશારાઓનો ઉપયોગ કરીને આપણે કોઈ પણ વસ્તુનું ચોકસાઈભર્યું વર્ણન કરી શકીએ ખરા, પરંતુ કોઈ પણ જાતના ઈશારાઓ અમૂર્ત ખ્યાલને વ્યક્ત ન જ કરી શકે.

સંકેતની ભાષામાં બીજી ખામીઓ પણ હતી. સંકેતની ભાષામાં રાતને વખતે કશું જ કહેવું શક્ય નહોતું, કેમ કે અંધારામાં કોઈ ગમે તેટલા હાથ હલાવે પણ તે શું કરે છે તે કોઈ જોઈ શકે નહિ. વળી, દિવસના ખુલ્લા પ્રકાશમાં પણ સંકેતની ભાષા દ્વારા એકબીજાની વાત સમજી લેવાનું લોકો માટે હંમેશાં શક્ય નહોતું બનતું.

ઘાસના મેદાનોમાં તો લોકો એકબીજા જોડે સંકેતની ભાષામાં વાતચીત કરી લેતા, પણ ગાઢ ઝાડીઓમાં એકબીજાથી વિખૂટા રહેતા શિકારીઓ માટે તેમ કરવું તદ્દન અશક્ય હતું.

એ વખતે લોકોને એકબીજાની વાત સમજવા માટે અવાજની આવશ્યકતાનું ભાન થયું.

પ્રાગૈતિહાસિક મનુષ્યની જીભ અને તેના ગળાનું વર્તન શરૂઆતમાં તો બહુ જ નિરંકુશ હતું. તેના મોંમાંથી નીકળતા બધા ધ્વનિઓ એકબીજાને ખૂબ જ મળતા આવે એવા હતા. જુદા જુદા ધ્વનિઓને મેળવીને એક પ્રકારનો અવાજ ઉત્પન્ન કરવાના તેના પ્રયાસો ઘુરકિયામાં, રાડમાં કે ચીસમાં



સંકેતભાષાનો પ્રયોગ કરતો ઈન્ડિયન

પરિણમતા. જીભને સ્પષ્ટ બોલતી કરવામાં મનુષ્યને લાંબો સમય લાગ્યો.

બધા સંકેતોમાં જીભને હલાવીને કરાતો સંકેત સૌથી ઓછો દૃશ્ય હતો, પણ એ સંકેતની મોટી ખૂબી એ હતી કે તે સાંભળી શકાતો હતો.

ઈવ જાતિના લોકો ચાલવાની ક્રિયા દર્શાવવા માટે ફક્ત "ચાલવું" એમ નથી કહેતા, પણ આવા શબ્દો વાપરે છે: "ઝો દઝે દઝે"—મક્કમ પગલે ચાલવું; "ઝો બોહો બોહો"—જાડા માણસો ચાલે તેમ ભારે ચાલે ચાલવું; "ઝો બુલા બુલા"—ઝડપથી ધસી જવું; "ઝો પિયા પિયા"—અચકાતા અચકાતા ચાલવું; "ઝો ગોવુ ગોવુ"—માથું આગળ નમાવીને જરાક લંગડાતા ચાલવું.

આમાંની પ્રત્યેક અભિવ્યક્તિ કોઈ એક માણસની ચાલની દરેક વિગત વર્ણવતું ધ્વનિચિત્ર છે. તેમાં દૃઢ કદમના, પાતળા અને લાંબા માણસના દૃઢ કદમના તેમ જ ગોઠણ વાળ્યા વગર અક્કડ ચાલતા માણસના દૃઢ કદમના ધ્વનિચિત્રનો સમાવેશ થાય છે.

મનુષ્યની ચાલના જેટલા વિવિધ પ્રકારો છે તેટલા જ શબ્દગુચ્છો એ ચાલપ્રકારોના વર્ણન માટે પણ છે.

એ રીતે વખત જતાં ચિત્રસંકેતનું સ્થાન ધ્વનિસંકેત લઈ લીધું.

પ્રાગૈતિહાસિક મનુષ્ય એ રીતે સંકેતો અને શબ્દો દ્વારા બોલતાં શીખ્યો.

સરિતા અને તેને મળતાં ઝરણાં

આપણા અતીતના પ્રવાસોમાં આપણને શું જાણવા મળ્યું?

જેમ કોઈ અન્વેષક કોઈ નદીનો ઉપરવાસ તરફ પ્રવાસ કરતો કરતો આખરે તેનું ઉગમસ્થાન શોધી કાઢે છે તેમ આપણે પણ માનવઅનુભવની વિશાળ સરિતાના ઉગમસ્થાન સમા નાનકડા ઝરણા પાસે પહોંચી ગયા છીએ.



ત્યાં નદીના મૂળ પાસે આપણે માનવ-સમાજનો પ્રારંભ કરનાર ભાષા અને તર્ક કેમ અસ્તિત્વમાં આવ્યાં તે પણ જોયું.

નદીમાં એક પછી એક શાખા મળતાં નદી જેમ ઊંડી થતી જાય તેમ માનવ-અનુભવની સરિતા પણ પ્રત્યેક પેઢી દરમિયાન એકત્રિત થતા અનુભવોની શાખાઓ મળતાં નિરંતર વધારે ને વધારે ઊંડી અને પહોળી બનતી જાય છે.

એક પછી એક પેઢી અતીતમાં વિલીન થતી ગઈ. લોકો અને જાતિઓ નામનિશાન મૂક્યા વગર અદૃશ્ય થઈ ગયાં, નગરો અને ગામડાંઓ ધરાશાયી થઈને ધૂળમાં મળી ગયાં અને સદાને માટે લુપ્ત થઈ ગયાં. કાળની વિનાશક શક્તિ વિરુદ્ધ દુનિયાની કોઈ પણ વસ્તુ ટકી ન જ શકે એવો આભાસ ઉત્પન્ન થયો. પરંતુ માનવજાતિનો એકત્રિત થતો જતો અનુભવ જીવંત રહ્યો. તેણે કાળ ઉપર વિજય પ્રાપ્ત કર્યો અને આપણી ભાષા, આપણાં કલાકૌશલ્યો તથા આપણાં વિજ્ઞાનોમાં તે આજે પણ જીવિત છે. ભાષાનો પ્રત્યેક શબ્દ, કાર્યની પ્રત્યેક ગતિ અને વિજ્ઞાનની પ્રત્યેક સંકલ્પના વીતી ગયેલી પેઢીઓના એકત્રિત અનુભવને વ્યક્ત કરે છે.

જેમ નદીની એક પણ શાખા નકામી જતી નથી તેમ એ બધી પેઢીઓનો શ્રમ પણ વ્યર્થ ગયો નથી. આપણી પહેલાં જીવી ગયેલા બધા લોકોના અને આજે જીવી રહેલા બધા લોકાના શ્રમના નિષ્કર્ષનો પ્રવાહ જઈને માનવ-અનુભવની સરિતામાં મળી જાય છે.

તો હવે આપણે નદીના મૂળ પાસે, બધી માનવીય પ્રવૃત્તિઓના શ્રીગણેશ મંડાયા હતા એ યુગમાં પહોંચી ગયા છીએ. કામ કરતા, બોલતા અને વિચારતા પ્રાણીનું, માનવીનું અસ્તિત્વ આમ ઉત્પન્ન થયું.

આપણને વાનરોથી નોખા પાડતા લાખો વર્ષો ઉપર દૃષ્ટિપાત કરતાં ફ્રેડરિક એંગેલ્સે કહેલા શબ્દો અનાયાસે યાદ આવી જાય છે કે મનુષ્યને શ્રમે સર્જ્યો છે.

છઠ્ઠી કડી

ઉજ્જડ મકાનમાં


લોકો જ્યારે કોઈ મકાન તજીને ચાલ્યા જાય ત્યારે કચરાપટ્ટી જેવી લાગતી નકામી વસ્તુઓને ત્યાં જ છોડી જવાના. અહીં જુઓ, ખાલી ઓરડાઓમાં કાગળના ડૂચા, તૂટેલાં વાસણોના કકડા અને નકામા ડબલાંડબલી આમતેમ વેરાયેલાં પડયાં છે. ઠંડા ચૂલા ઉપર ભાગ્યાંતૂટયાં વાસણકૂસણનો ઢગલો પડયો છે. બારીની પાળ ઉપર પડેલો એક તળિયું તૂટેલો લૅમ્પ આ બધી અવ્યવસ્થા તરફ ઉદાસ દૃષ્ટિ ફેંકી રહ્યો છે. પણે દૂરના ખૂણામાં પડેલી આરામખુરશીના પેટમાંથી રૂ બહાર નીકળી આવ્યું છે પણ તેની પરવા કર્યા વગર તે તો નિરાંતે તંદ્રા માણી રહી છે. બીચારીને એક પગ ઓછો છે એટલે જ કદાચ એ જૂના નિવાસીઓ ભેગી ચાલી નહિ ગઈ હોય.

મકાન છોડી જનાર કુટુંબ આ ઘરમાં કેવી રીતે રહેતું હશે તેની કલ્પના પાછળ બચેલા આવા ભાંગ્યાતૂટયા થોડાક સરસામાન ઉપરથી કરવાનું કામ મુશ્કેલ તો ખરું. પણ પુરાતત્ત્વવિદને બરાબર આવી જ સમસ્યાનો સામનો કરવો પડે છે. તેની સ્થિતિ હંમેશાં મકાનમાં સૌથી છેલ્લે પ્રવેશ કરનારના જેવી હોય છે. વળી, તેને તો મકાન પણ મળે તો તેનું સદ્‌ભાગ્ય. સામાન્ય રીતે જ્યારે તે પહોંચે ત્યારે છેલ્લા નિવાસીએ મકાન તજી દીધાને હજારો વર્ષો વીતી ગયાં હોય છે. ક્યારેક તો તેને તૂટેલી દીવાલોનાં ખંડેરો અને પાયાના બચી ગયેલા ભાગ જ માત્ર જોવા મળે છે. એવા સંજોગોમાં પ્રત્યેક ઠીકરું પણ એક નવી શોધ જેવું હોય છે અને ઈમારતનો બચેલો પ્રત્યેક અંશ ભાગ્યની કૃપા જેવો હોય છે.


પોતાની ભાષા સમજનાર કોઈ માણસ મળી જાય તો જૂની ઈમારત પાસે કહેવા માટે એટલી બધી વાતો હોય છે કે બસ!

જૂના પથ્થરના ચીંથરેહાલ લેબાસધારી મિનારાઓએ અને લીલ છવાયેલી દીવાલોએ કેટલા બધા લોકોનાં જીવન નીરખ્યાં હોય છે અને કેટલી બધી ઘટનાઓને ઘટતી નિહાળી હોય છે!

પણ બીજાં મકાનોએ, દુનિયાનાં સૌથી પુરાતન મકાનો જેવી પ્રાગૈતિહાસિક મનુષ્યોની ગુફાઓએ, એથીયે અધિક નીરખ્યું હોય છે.



આ લોકો ગુફાઓમાં કે ભોંયરાંઓમાં નહોતા રહેતા, તેઓ ઘરોમાં રહેવા લાગ્યા હતા.
આ છે વર્જિનિયાના ઇન્ડિયન લોકોનો પડાવ સોળમી શતાબ્દીમાં



ઓજારોના આકારમાં વિવિધતા આવી. આ ઓજારોમાં બે ભાલોડાં છે, એક શારડી છે, એક ધારદાર પાનું છે, અને જુદા જુદા કામો માટે વપરાતી છોલણીઓ તથા ખુરચનીઓ છે

અરે, પચાસ હજાર વર્ષો પૂર્વે લોકો જેમાં રહેતા હતા એવી ગુફાઓ પણ મળી આવી છે! સદ્‌ભાગ્યે પર્વતો નિત્ય પદાર્થના બનેલા હોય છે અને એટલે ગુફાઓની દીવાલો માનવરચિત ઇમારતોની દીવાલોની જેમ ભાંગીને ભોંય ભેગી નથી થઈ જતી.

આ રહી એવી એક ગુફા. તેના નિવાસીઓ નિરંતર બદલાતા રહેતા. એક ભૂગર્ભ ઝરણું એ ગુફાનું પ્રથમ માલિક હતું. એ ઝરણું પોતાની સાથે માટી, રેતી અને કંકર લઈ આવ્યું.

વખત જતાં પાણી ઊતરી ગયું અને ખાલી પડેલી ગુફામાં લોકો રહેવા લાગ્યા. માટીમાંથી મળી આવેલી અણઘડ ચકમક-છરીઓ ઉપરથી આપણને તેમને વિશે થોડુંક જાણવા મળે છે. પ્રાગૈતિહાસિક લોકો એ છરીઓનો ઉપયોગ જનાવરોની લાશોને ચીરવા, હાડકાં ઉપરથી માંસને અળગું કરવા, અને મજ્જા કાઢી લેવા હાડકાંને તોડવા માટે કરતા. એ હકીકત બતાવે છે કે એ લોકો શિકારીઓ હતા.

વર્ષો વીતી ગયાં. શિકારીઓ ગુફા છોડીને ચાલ્યા ગયા. પછી નવા નિવાસીઓ આવ્યા. ગુફાની ભીંતો લીસી અને ચકચકિત છે. એ કામ હતું ગુફાવાસી રીંછનું. પોતાનો જાડા વાળનો ડગલો ઘરની ખરબચડી ભીંતો ઉપર ઘસી ઘસીને તેણે ભીંતોને લીસી અને ચકચકિત બનાવી. અને આ રહ્યું એ રીંછ, એટલે સાચેસાચ રીંછ નહિ પણ તેની પહોળા કપાળવાળી અને મોંના સાંકડા નાળચાવાળી ખોપરી.

નિક્ષેપના ત્યાર પછીના થરમાં આપણને માનવ-વસવાટનાં વધારે એંધાણો જોવા મળે છે. એ એંધાણો છે પડાવનાં તાપણાંના કોયલા તથા રાખ, તૂટેલાં હાડકાં અને ચકમકનાં તેમ જ હાડકાંનાં ઓજારો. ગુફામાં વળી પાછો માનવ-વસવાટ થયો. આપણે તેમને જોઈ શકીએ તેમ નથી એ ખરું, પણ તેમની સાથે સંબંધ ધરાવતી અનેક વસ્તુઓ આપણે જરૂર ખોળી કાઢી શકીએ તેમ છીએ. તેને માટે તેમણે પાછળ છોડેલા ભંગાર ઉપર એક જ નજર ફેંકવી બસ થઈ પડશે.

કોઈ બિનઅનુભવી માણસ તો એમ જ કહેશે કે એ બધા માત્ર ચકમકના કકડા જ છે, પણ બારીક નિરીક્ષણ કરશો તો તમે તેમાં ભાવિ છરીના, આરના, અને આરીના અણવિકસિત આકારની રેખાઓ જોઈ શકશો. એક ઓજાર છરીની જેમ કાપવામાં કામ લાગે એવી ધારવાળું છે, બીજું આર જેવું અણિદાર છે, અને ત્રીજું એક તરફ ખાંચા પાડેલું આરી જેવું છે.

એ ઓજારો આપણાં આધુનિક ઓજારોના પૂર્વજો જેવાં છે. તેમાંનું સૌથી જૂનું ઓજાર આપણી હથોડીનું પૂર્વજ છે. એ છે ચકમકની ગોળ ફરસી.

એ ફરસી વડે કઢંગા આકારના પથ્થરનાં છોડાં પાડીને પથ્થરને સરખી સપાટી અને સરખા આકારનો બનાવવામાં આવતો અને પછી એ પથ્થરમાંથી ઓજાર બનાવવામાં આવતું. અને જયાં હથોડો હોય ત્યાં એરણ પણ હોય જ,

ગુફાને તળિયે જામેલા કચરાના થરને ખોદીએ એટલે હથોડીની નજીક આપણને એરણ પણ મળી આવશે.

હથોડી ચકમકપથ્થરની બનેલી છે.

એરણ હડકાની બનેલી છે.

વળી, એ એરણ આપણે જોયેલી એરણો જેવી બિલકુલ નથી દેખાતી એ ખરું, પણ તેણે પોતાનું કામ વફાદારીપૂર્વક બજાવ્યું છે. તેમાં ઠેકઠેકાણે કાપા અને ઘોબા પડી ગયા છે, કેમ કે ઓજાર ઘડાતું ત્યારે પડતા ઘાનું જોર તેની ઉપર પડતું.

અને ઓજારો પોતે જ આપણને શું જણાવે છે?

ઓજારો ઉપરથી આપણને જાણવા મળે છે કે ગુફામાં રહેવા આવેલા નવા માનવનિવાસીઓ પાછલા નિવાસીઓ કરતાં ખૂબ વધારે આગળ વધેલા હતા. હજારો વર્ષોનો જે ગાળો વીતી ગયો હતો તે દરમિયાન માનવીય ઉદ્યમો ખૂબ વિવિધ અને અટપટા બન્યા હતા.

પ્રથમ નિવાસીઓ દરેક પ્રકારના કામ માટે એક જ જાતના ધારદાર પથ્થરનો ઉપયોગ કરતા. પણ તેને બદલે હવે કાપવા માટે એક ઓજાર હતું, ઘા મારીને કટકા કરવા કે ફાડવા માટે બીજું ઓજાર હતું, છોલવા સારુ વળી એક જુદું ઓજાર હતું, અને કાણાં પાડવા માટે પણ એક ખાસ ઓજાર હતું. કપડાં બનાવવા માટે કાપવામાં આવતી જનાવરોની ખાલમાં કાણાં પાડવા માટે પાતળી તીણી અણિવાળું ઓજાર વપરાતું. ટૂંકી ધારદાર કોરવાળું ખુરચની જેવું ઓજાર માંસ કાપવા અને ચામડાં ઉઝરડવા માટે વપરાતું. તીરની અણિના આકારની તીણી નોકવાળું હથિયાર હતું ભાલો.





ચકમકનાં ઓજારો ઉપરાંત, હવે તો હાડકાંનાં અને શિંગડાંનાં ઓજારો પણ બનવા લાગ્યાં. આ છે રેઇનડીયરનાં શિંગડાંમાંથી બનાવવામાં આવેલી કટાર તથા મત્સ્યભાલાની અણિઓ

મનુષ્યનું કામ વધ્યું હતું અને તેની ચિંતાઓ પણ વધી હતી. સમય બદલાઈ ગયો હતો, આબોહવા ઠંડી અને વસમી બની હતી. મનુષ્યને હવે રીંછની ખાલમાંથી બનતાં કપડાંની ચિંતા કરવી પડતી, શિયાળા માટે ખોરાક સંઘરી રાખવાની ચિંતા કરવી પડતી, અને રહેવા માટે હૂંફાળી જગ્યાની ચિંતા કરવી પડતી. એ બધાં કામ કરવા માટે એક જ ઓજાર નહિ પણ અનેક ઓજારો જરૂરી હતાં.

એમ, આપણા પોતાના જ દૂરના પૂર્વજના રહેઠાણમાં આપણને આજના આપણાં ઓજારોના અને આપણી ચીજોના પૂર્વજો મળી આવે છે.

પરંતુ આપણને તો ફક્ત એવી વસ્તુઓ જ જડે છે જે સમયે આપણે માટે જાળવી રાખી હોય અને સમય તો સાવ નમાલો રખેવાળ છે. તે તો ફક્ત ટકાઉ સાધનસામગ્રીની બનેલી વસ્તુઓને જ જાળવી રાખે છે. આ બાબતમાં તેણે કેવળ પથ્થર અને હાડકાંની બનેલી ચીજો જ જાળવી રાખી છે. લાકડાની અને જનાવરોની ખાલની બનેલી વસ્તુઓ સમયે ખોઈ નાખી છે. એટલે આપણને આર તો મળી આવે છે, પણ જે કપડાં બનાવવા માટે તેનો ઉપયોગ થતો હતો એ કપડાં મળતાં નથી; એટલે જ આપણને તીર ઉપર જડવામાં આવેલી અણિ મળી આવે છે ખરી, પણ તીરની લાકડી મળતી નથી.

અદૃશ્ય થઈ ગયેલી વસ્તુઓ શું અને કેવી હશે તેનું અનુમાન આપણે બાકીની મળી આવતી વસ્તુઓના આધારે બાંધવું પડે છે. હજારો વર્ષો પૂર્વે માટીમાં મળી ગયેલી વસ્તુઓને આપણી કલ્પનામાં આકાર આપવાનું કામ આપણને મળી આવતી ઝાંખી નિશાનીઓ અને કટકીઓના આધારે જ આપણે કરવું પડે છે.

પણ ચાલો, આપણે આપણી શોધખોળ આગળ ચલાવીએ.

કોઈ પુરાતત્ત્વવિદ જ્યારે ખંડેરોને ખોદી કાઢવાનું કામ કરતો હોય છે ત્યારે સામાન્ય રીતે તે શરૂઆત ઉપરથી કરે છે અને ધીરે ધીરે નીચેની તરફ આગળ વધતો જાય છે. સૌપ્રથમ તે ઉપરના થરોને ચકાસે છે, અને પછી વધારે ને વધારે નીચે ખોદતો જાય છે. જેમ જેમ તે ધરતીના પેટાળમાં ઊંડો ઊતરતો જાય છે તેમ તેમ તે વધારે ને વધારે પ્રમાણમાં ઇતિહાસની ગહનતા પણ ઉકેલતો જાય છે. ઇતિહાસના પુસ્તકને પુરાતત્ત્વવિદ ઊંધી તરફથી વાંચે છે. તે અંતથી શરૂ કરીને સૌથી પહેલાં છેલ્લું પ્રકરણ વાંચે છે અને વાંચતો વાંચતો સૌથી છેલ્લે પહેલું પ્રકરણ વાંચે છે. પણ આપણી આ કથાનો આરંભ જુદી રીતે થયો છે. આપણે તો સૌથી નીચલા થરોથી વાતની શરૂઆત કરી છે, ગુફાના ઇતિહાસના પ્રથમ અધ્યાયથી કથાનો આરંભ કર્યો છે. એટલે આપણે તો ઉપર ને ઉપર આગળ વધીશું અને એ રીતે આધુનિક યુગની વધારે ને વધારે નજીક પહોંચતા જઈશું.

પછી શું બન્યું?

નિક્ષેપોના થરોનો અભ્યાસ કરતાં આપણે જોયું કે સમયના વહેણ સાથે લોકોએ ગુફાને ઘણી વાર તજી દીધી અને ઘણી વાર લોકો પાછા તેમાં આવી વસ્યા. ગુફામાં મનુષ્યોનો વસવાટ ન હોય ત્યારે તેમાં ઝરખ કે ગુફાવાસી રીંછ આવીને રહેતાં, અને દરમિયાનમાં તેની અંદર માટીના અને ધૂળના થર ઉપર થર જામતા જતા. ખડકની છતમાંથી મોટી શિલાઓ ક્યારેક તૂટી પડતી અને તેનો ભૂકો ગુફાને તળિયે વેરાઈ જતો. પરિણામે ઘણાં વર્ષો બાદ જ્યારે કોઈ નવું માનવટોળું ગુફાને શોધી કાઢતું ત્યારે ગુફાના આગલા રહેવાસીઓ વિશે માહિતી આપે એવી કોઈ ચીજ તેમને ત્યાં દેખાતી નહિ.

વર્ષો, શતાબ્દીઓ અને સહસ્રાબ્દીઓ વીતી ગઈ. ગુફાઓના કુદરતી રક્ષણનો લાભ લેવો બંધ કરીને લોકોએ ખુલ્લી જગ્યાઓમાં ઘરો બાંધવાનું શરૂ કર્યું. આખરે ગુફાને તદ્દન જ તજી દેવામાં આવી. પર્વતો ઉપર આવેલા હરિયાળા ચરાઓમાં ઢોર ચારતા ભરવાડો ક્યારેક ગુફામાં એકાદ દિવસ મુકામ કરતા, કે પછી વરસાદમાં સપડાઈ ગયેલા મુસાફરો ક્યારેક ગુફામાં આશરો લેતા.

અને પછી ગુફાના ઇતિહાસનું આખરી અને અંતિમ પ્રકરણ શરૂ થયું. લોકો વળી પાછા ગુફામાં આવ્યા. પણ આ વખતે તેઓ ત્યાં આશરો લેવા નહોતા આવ્યા. એ તો આવ્યા હતા ગુફામાં પહેલાં વસી ગયેલા મનુષ્યો વિશે બને તેટલી માહિતી ખોળી કાઢવા.

મોડા મોડા આવેલા આ લોકો પથ્થરનાં પ્રાચીન ઓજારોને ખોદી કાઢવા માટે પોતાની સાથે પોલાદનાં આધુનિક ઓજારો લઈને આવ્યા હતા.

અને એક પછી એક થર ખોદીને ઇતિહાસના એ સંશોધકોએ ગુફાના ઇતિહાસને સાવ પહેલેથી માંડીને છેક છેલ્લે સુધી વાંચ્યો.

મળી આવેલા ઓજારોને એકબીજાની સાથે સરખાવતાં તેમણે જોયું કે જેમ પેઢી પેછી પઢી વીતતી ગઈ તેમ વિવિધ કૌશલ્યો અને માનવ-અનુભવો કેવી રીતે વિકાસ અને વૃદ્ધિ પામતાં રહ્યાં

હતાં. તેમણે જોયું કે પ્રાગૈતિહાસિક સમયના વહેવા સાથે અણઘડ ઓજારોનું સ્થાન દિન પ્રતિદિન વધારે સરસ અને વિવિધ પ્રકારનાં ઓજારો લેતાં ગયાં હતાં. એ રીતે અણઘડ ફરસીનું સ્થાન પહેલાં તો ત્રિકોણાકાર છરીઓએ અને અર્ધગોળાકાર ખુરચનીઓએ લીધું, અને આગળ જતાં સરસ આકારના ચકમકના ટુકડામાંથી બનાવેલ તીરની અણિ, ખુરચની, છીણી અને આર જેવાં વિવિધ પ્રકારનાં ઓજારો અસ્તિત્વમાં આવ્યાં. પછી તો પ્રચલિત ચકમક-ઓજારોના સમૂહમાં બીજી સામગ્રીમાંથી, હાડકાં અને શિંગડાંમાંથી બનાવેલાં ઓજારો ઉમેરાયાં. હાડકા ઉપર, જનાવરની ખાલ ઉપર અને લાકડા ઉપર વાપરવા માટે ખાસ પ્રકારનાં ઓજારો બનાવવામાં આવ્યાં હતાં. પ્રાગૈતિહાસિક મનુષ્યે ચકમકનો ઉપયોગ હાડકાં કાપવાનું ઓજાર બનાવવા માટે, જનાવરની ખાલ ઉઝરડવાની ખુરચની બનાવવા માટે અને સમુદ્રની છીપોમાં કાણાં પાડવાની વીંધણી બનાવવા માટે કર્યો. જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ તેના કૃત્રિમ નહોર અને દાંત વધારે તીણા બનતા ગયા તથા તેમાં અધિક વૈવિધ્ય આવતું ગયું, અને એ રીતે શિકારને પકડવા માટે વપરાતો તેનો હાથ વધારે ને વધારે લાંબો બનતો ગયો.

લાંબો હાથ


પ્રાગૈતિહાસિક મનુષ્યે લાકડીને એક છેડે તીરની અણિ જડીને ભાલો બનાવ્યો એટલે તેનો હાથ લાંબો થયો.

એથી તે અધિક બહાદુર અને હિંમતવાન બન્યો.

પહેલાં તેને અચાનક કોઈ રીંછ ભટકાઈ જાય તો તે ભયભીત થઈને એકદમ પલાયન થઈ જતો, કેમ કે એ ગુફાવાસી ધિંગા જનાવર જોડે લડતાં તેને અત્યંત બીક લાગતી. કોઈ નાનકડા જનાવરને પકડીને ખતમ કરી નાખવામાં તેને વધારે પડતી જહેમત નહોતી ઉઠાવવી પડતી, પણ તેનામાં રીંછને પડકારવાની હિંમત નહોતી. તેને પૂરેપૂરું ભાન હતું કે એક વાર રીંછના તીણા નહોરદાર પંજામાં સપડાયા પછી બચવાનો કોઈ આરો ન જ રહે.

પણ એ તો ભાલો બનાવતા પહેલાંની વાત થઈ. ભાલો બનતાં તેનામાં વધારે હિંમત આવી. હવે રીંછને જોતાં તે બીને નાસી ન જતો, પણ હિંમતથી તેની ઉપર હુમલો કરતો. શિકારી ઉપર ધસવા માટે રીંછ પોતાના પાછલા પગ ઉપર ઊભું થતું. પણ રીંછના પંજા શિકારી સુધી પહોંચે તે પહેલાં તો શિકારીના ચકમકભાલાની અણિ રીંછના મોટા પેટમાં ઘૂસી જતી, કેમ કે રીંછના પંજા કરતાં ભાલો ઘણો વધારે લાંબો હતો.

ઘવાયેલું રીંછ ગુસ્સાના આવેશમાં એકદમ આગળ ધસતું, અને એ રીતે ભાલાને પોતાના પેટમાં વધારે ઊંડો ઉતારતું.



પ્રાગૈતિહાસિક કલાકારે દોરેલું મારી નાખવામાં આવેલા રીંછનું ચિત્ર

પણ જો ભાલો તૂટી જાય તો તો શિકારીને બચવાનો કોઈ ઉપાય ન રહે.

એમ થાય તો રીંછ શિકારીની ઉપર ચડી બેસે અને પોતાના નહોર વડે તેને ત્યાં ને ત્યાં જ પૂરો કરી નાખે.

પણ રીંછ જીતી જાય એવું ભાગ્યે જ બનતું. તમને યાદ હશે કે પ્રાગૈતિહાસિક યુગમાં મનુષ્ય શિકાર કરવા એકલો ક્યારેય ન નીકળતો. ભયનો પહેલો અવાજ સંભળાતાં જ આખું ટોળું દોડી આવતું. લોકો રીંછને ચારે તરફથી ઘેરી લેતા અને પોતાની પથ્થરની છરીઓ વડે તેને ખતમ કરી નાખતા.

ભાલો બનતાં પ્રાગૈતિહાસિક મનુષ્ય માટે પહેલાં તો સ્વપ્નમાં પણ કલ્પના ન થઈ શકે એવા શિકાર કારવાનું શક્ય બન્યું. ગુફાના ઊંડાણમાં પથ્થરની શિલાઓ ગોઠવીને બનાવેલા કોઠારો પુરાતત્ત્વવિદોને હજુ પણ ક્યાંક ક્યાંક મળી આવે છે. શિલાઓને હટાવીને દૂર કરે એટલે નીચે રીંછનાં હાડકાંના ઢગલા હોય છે. એ હકીકત ઉપરથી એક જ સાર નીકળે કે રીંછ સાથેની લડાઈમાં શિકારીઓ જ જીતી જતા હતા, કેમ કે કોઠારોમાં સંઘરી રાખવા જેટલું રીંછનું માંસ તેમને મળી રહેતું હતું.

મનુષ્યને જો રીંછ જેવાં મોટી ભારે કાયાવાળાં પશુઓનો જ શિકાર કરવાનો હોત તો તો બધા સંભવિત હથિયારોમાં ભાલો જ ઉત્તમ હથિયાર બની રહેત. પણ તેને તો બીજાં પશુઓનો શિકાર પણ કરવો પડતો, અને તેમાંનાં કેટલાંક પશુઓ તો રીંછ કરતાં પણ ઘણાં વધારે ઝડપી અને ચપળ હતાં.

મેદાનપ્રદેશોમાં રખડતાં રખડતાં શિકારીઓને જંગલી ઘોડાનાં અને બાઇસનનાં ટોળાં મળી જતાં. શિકારીઓ ઘાસમાં ચરતાં પશુઓ તરફ પેટે ચાલીને સાવધાનીથી ધીરે ધીરે આગળ વધતા, પણ પહેલા જ ખાણખાણાટ કે અવાજે આખું ટોળું સડસડાટ દૂર નાસી જતું.

એવા પશુઓનો શિકાર કરવા માટે પ્રાગૈતિહાસિક મનુષ્યના હાથ હજુ બહુ જ ટૂંકા હતા. પણ શિકારે જ તેમને એક નવું અને મજબૂત સાધન પૂરું પાડ્યું. એ નવું સાધન હતું હાડકું.

પોતાની ચકમકછરીનો ઉપયોગ કરીને તેણે હાડકામાંથી તીરની હલકી અને તીણી અણિ બનાવી, અને તેને ટૂંકી લાકડીને એક છેડે જડી દીધી. એમ તેણે એક નવું હથિયાર બનાવ્યું. એ હથિયાર હતું બરછી. ફાળ ભરીને નાસતા ઘોડાને ભાલો ફેંકીને મારી નાખવાનું શિકારી માટે શક્ય નહોતું, પણ હલકા વજનની બરછીથી તે ધાર્યું નિશાન વીંધી શકે એમ હતો, કેમ કે ઘા કરીને ફેંકાતી બરછી ખૂબ દૂર સુધી પહોંચી શકતી.

હવે મનુષ્યનો હાથ અધિક લાંબો બન્યો. બરછી જેવું ઊડતું હથિયાર વાપરીને ચારેપગે નાસી જતા ઘોડાને અદૃશ્ય થતાં પહેલાં મારી નાખવા શિકારી શક્તિમાન બન્યો.

ઝડપથી ખસતા લક્ષ્યને વીંધવાનું કામ સહેલું નહોતું એ વાત સાચી. એવા કામ માટે મનુષ્યને સશક્ત હાથની અને તીવ્ર દૃષ્ટિની જરૂર પડતી.

શિકારી દસ વર્ષનો છોકરો હોય ત્યારથી બરછી ફેંકવાનું શીખતો. છતાં એકસો બરછી ફેંકાય તેમાંથી ફક્ત એક ડઝન જેટલી જ ધાર્યું નિશાન વીંધે એવા બનાવો અસામાન્ય નહોતા.

વીતતી જતી સદીઓનો સરવાળો વધતો જઈને હજારો વર્ષોનો થયો. જંગલી ઘોડાનાં અને બાઈસનનાં ટોળાં દુર્લભ બન્યાં. તેમના વિનાશ માટે મુખ્યત્વે પ્રાગૈતિહાસિક મનુષ્ય જ જવાબદાર હતો. હવે શિકારીને વધારે ને વધારે વાર ખાલી હાથે ઘેર પાછા ફરવું પડતું. એક નવા હથિયારની આવશ્યકતા ઊભી થઈ. બરછી કરતાં વધારે દૂર પહોંચીને નિશાન વીંધે એવા હથિયારની શિકારીને જરૂર પડી. પ્રાગૈતિહાસિક મનુષ્યને તેનો હાથ વધારે લાંબો બનાવે એવું કશુંક નવું બનાવવું જ રહ્યું.

અને તેણે નવું હથિયાર બનાવ્યું પણ ખરું. તેણે તાજા ઊગતા મજબૂત બાલવૃક્ષને કાપીને અર્ધગોળાકારે વાળ્યું અને બન્ને છેડા વચ્ચે દોરી બાંધી.


મનુષ્યને કામઠું મળી ગયું.

તેણે કામઠાની દોરી ધીરે ધીરે ખેંચી તો તેના તણાતા સ્નાયુઓની બધી શક્તિ એકત્રિત થઈને એ કામઠામાં ઊતરી.

ખેંચેલી દોરીને પછી તેણે છોડી દીધી એટલે દોરીમાં સમાયેલી બધી શક્તિ તીરને મળી. અને જાણે આકાશમાં ઊડતું કોઈ બાજપક્ષી જમીન ઉપર શિકાર જોતાં જ તીવ્ર ગતિએ નીચે આવે તેમ અત્યંત ઝડપે તીર છૂટયું.

બરછીની સરખામણીમાં તીર ઘણું વધારે દૂર જતું. તીર અને બરછીમાં બે ભાઈઓ જેટલું સામ્ય છે, ફેર માત્ર એટલો જ છે કે તીર ઉંમરમાં બરછી કરતાં હજારો વર્ષ નાનું છે.

પ્રાગૈતિહાસિક મનુષ્યને તીર બનાવતાં હજારો વર્ષ લાગ્યાં.


શિકારી પાસે હવે તો તીરકામઠું પણ હતું
(ગુફાચિત્ર)

તે શરૂઆતમાં તો કામઠામાંથી તીર નહિ પણ બરછી છોડતો. એટલે તેને કામઠાં બહુ જ મોટાં બનાવવાં પડતાં. ઘણાં કામઠાં તેના પોતાના શરીર જેટલાં ઊંચાં હતાં.

એ રીતે મનુષ્યે પોતાના દુર્બળ અને ટૂંકા હાથને લાંબો અને જોરાવર બનાવ્યો. સાબરના શાખાદાર શિંગડાની અણિમાંથી કે મેમથના દંતૂશળની અણિમાંથી જ્યારે તેણે પોતાના તીરની અણિઓ બનાવવાનું શરૂ કર્યું ત્યારે તેણે જનાવરોનાં શિંગડા અને દંતૂશળ જેવાં હથિયારોનો જનાવરોની જ વિરુદ્ધ ઉપયોગ કર્યો. અને એ સફળતાએ તેને બધાં જ સજીવ પ્રાણીઓમાં સૌથી વધારે શક્તિશાળી બનાવ્યો.

બરછી ફેંકનારો અને ધનુષની દોરી ખેંચનારો હાથ હવે કોઈ સામાન્ય હાથ નહોતો રહ્યો. એ હાથ તો વિરાટનો હાથ હતો.

બાળ-વિરાટ શિકારે જતો ત્યારે લપાતો છુપાતો એક જ જનાવર મારીને પાછો નહોતો આવતો. એ તો આખે આખાં ટોળાંના શિકાર કરતો.

સજીવ જળધોધ

ફ્રાન્સ દેશમાં આવેલ સોલુત્રે નામના સ્થળે એક તદ્દન ઊભી કરાડ છે.

પુરાતત્ત્વવિદોએ એ કરાડને તળિયે હાડકાંનો એક જંગી ગંજ શોધી કાઢ્યો. એ અસ્થિગંજમાં મેમથના ખભાનાં હાડકાં હતાં, પ્રાગૈતિહાસિક સાંઢનાં શિંગડાં હતાં અને ગુફાવાસી રીંછની ખોપરીઓ પણ હતી.


પણ તેમાં બીજાં બધાં જનાવરો કરતાં ઘોડાનાં હાડકાંની સંખ્યા સૌથી વધારે હતી. કેટલેક ઠેકાણે તો હાડકાંના ઢગલાની ઊંચાઈ મનુષ્યની ઊંચાઈ કરતાં પણ વધારે હતી. વૈજ્ઞાનિકોએ આખરે જ્યારે બધાં હાડકાં તપાસીને અલગ અલગ કર્યાં ત્યારે તેમને જણાયું કે તેમાં ઘોડાનાં હાડકાં લગભગ એક લાખ ઘોડાનાં હોય એટલાં હતાં.

ઘોડાનું આટલું વિશાળ કબ્રસ્તાન ત્યાં કેવી રીતે બન્યું હશે?

વધારે બારીક નિરીક્ષણ કરતાં તેમને જણાયું કે ઘણાં હાડકાં તૂટેલાં, વચ્ચેથી ફાડવામાં આવેલાં અને બળેલાં હતાં. એથી એટલું સ્પષ્ટ થયું કે એ બધાં હાડકાં પ્રાગૈતિહાસિક બબરચીઓના હાથમાં થઈને પછી ત્યાં પહોંચ્યાં હતાં. એ અસામાન્ય અશ્વ-કબ્રસ્તાન હકીકતમાં તો કોઈ મોટા જબ્બર રસોડાની કચરાપેટી સિવાય બીજું કશું જ નહોતું.

એવડો જંગી ગંજ એક વર્ષમાં તો ન જ ખડકાયો હોય. એટલે એવું અનુમાન બાંધી શકાય કે લોકો ત્યાં ઘણાં ઘણાં વર્ષો સુધી રહ્યા હશે.

પણ એ ઉકરડો ત્યાં કરાડને તળિયે જ કેમ બન્યો? પ્રાગૈતિહાસિક શિકારીઓએ પોતાનો પડાવ



ઘોડા અને રેઈનડીયર (હાડકા ઉપર દોરવામાં આવેલું ચિત્ર)

મેદાનપ્રદેશની સમતલ ભૂમિ ઉપર ન બનાવતાં એવા સ્થળે બનાવ્યો એ શું આકસ્મિક ઘટના જ હતી?

ઘણું કરીને વાત આમ બની હોવી જોઈએ.

મેદાનપ્રદેશમાં ઘોડાનું ટોળું જોઈને શિકારીઓ ઊંચા ઘાસમાં છુપાતા સાવધાનીથી ધીરે ધીરે આગળ વધ્યા. પ્રત્યેક શિકારીની પાસે બરછીઓ ઠીક સંખ્યામાં હતી. સૌથી આગળના શિકારીઓએ બીજાઓને સંકેત કરીને સમજાવ્યું કે ઘોડા ક્યાં છે, કેટલા છે અને કઈ દિશામાં આગળ વધી રહ્યા છે.

પછી શિકારીઓ એક પછી એક એમ ગોળાકારે ગોઠવાઈને ટોળાને ઘેરતા ધીરે ધીરે વધારે ને વધારે નજીક પહોંચતા ગયા. ઘાસના મેદાનમાં પહેલાં દૂરથી માત્ર કાળાં ટપકાં જેવા દેખાતા ઘોડા હવે સ્પષ્ટ નજરે પડયા. ઘોડાને મોટાં માથાં, પાતળા પગ અને ચામડી ઉપર લાંબા જાડા વાળના કોટ હતા.

એકાએક ટોળું ચેતી ગયું. ઘોડાને દુશ્મનની ગંધ આવી અને તે નાસી જવા તૈયાર થયા. પણ વેળા વીતી ગઈ હતી. જાણે કોઈ પાંખવિહોણાં લંબચાંચુ પંખીઓનું મોટું ઝુંડ ધસી આવતું હોય તેમ બરછીઓનું એક આખું વાદળ તેમની ઉપર વરસી પડયું.

બરછીઓએ ઘોડાના પગની પિંડીઓને, પીઠોને અને ગળાંને વીંધી નાખ્યાં. નાસીને ક્યાં જાય? ઘોડા ત્રણ બાજુથી દુશ્મનો વડે ઘેરાયેલા હતા અને શિકારીઓ નજીક આવી રહ્યા હતા. આસપાસ અચાનક ખડી થઈ ગયેલી સજીવ દીવાલોથી બચીને ભાગી છૂટવાનો ફક્ત એક જ માર્ગ ખુલ્લો હતો. શિકારીઓથી બચવા ટોળાએ ખુલ્લો માર્ગ લીધો અને વ્યાકુળ હણહણાટી કરતું ધરતી ધ્રુજાવતું ટેકરી તરફ ભાગ્યું. શિકારીઓ તો ઘોડા એ માર્ગ લે તેની જ વાટ જોતા હતા. તેમણે ઘોડાઓને ટેકરી ઉપર વધારે ને વધારે ઊંચે કરાડ તરફ હાંક્યા. ભયથી ગાંડા થયેલા ઘોડા ક્યાં જઈ રહ્યા છે તેની પરવા કર્યા વગર ચારેપગે ભાગતા જ ગયા. ફરફરતી પૂંછડીઓ અને પરસેવો નીતરતી પીઠો સજીવ ધોધની જેમ અતિ વેગે આગળ ધસી રહી. નીચેથી ઉપર વહેતો ધોધ ટેકરીની ટોચ સુધી પહોંચ્યો. અને ત્યાં તો એકાએક સામે ઊંડી કરાડ દેખાતી. એક પળમાં જ સૌથી આગળના ઘોડા

કરાડની કોર ઉપર પહોંચી ગયા. ભય જોઈને તીવ્ર હણહણાટી કરતા એ ઘોડા ગતિ રોકવા માટે બે પગે ખડા થઈ ગયા. પણ વળી પાછી વેળા વીતી ચૂકી હતી. પાછળથી અત્યંત વેગે આવતા ઘોડાઓના ધસારાએ તેમને અટકવા ન દીધા અને તે કરાડની કોર ઉપરથી ઊંડી ખીણમાં ફેંકાઈ ગયા.

અને એમ એ સજીવ અશ્વ-ધોધ સજીવ જળધોધની જેમ ટોચ ઉપરથી નીચે જઈ પડયો અને તળિયે જઈને ક્ષતવિક્ષત મૃત શરીરોનો ઢગલો માત્ર બની ગયો.


શિકાર પૂરો થયો.

કરાડને તળિયે પડાવનાં તાપણાં ઝળહળી રહ્યાં. શિકારમાં સાંપડેલી લૂંટની સંપત્તિ તો મનુષ્યોના આખા ટોળાની હતી એટલે વૃદ્ધોએ સહુને ભાગ પાડી આપ્યા. સૌથી વધારે બહાદુર તથા સૌથી અધિક કુશળ શિકારીઓને ઉત્તમ ભાગ મળ્યા.

નવા લોકો


ઘડિયાળના કલાકના કાંટા ઉપર નજર માંડશું તો આપણને લાગશે કે એ કાંટો તો ગતિહીન છે. પણ એક કે બે કલાક વીત્યા પછી ફરી વાર જોઈશું તો આપણને જણાશે કે કાંટો તો હલતો જ રહ્યો છે.

જીવનનું પણ એવું જ છે. આપણી આસપાસના વાતાવરણમાં કે આપણા પોતાનામાં જ આવતાં પરિવર્તનો પ્રત્યે આપણું ધ્યાન એકદમ ખેંચાતું નથી. આપણને એમ જ લાગે છે કે ઈતિહાસનો કલાકનો કાંટો સાવ ગતિહીન છે. પછી કેટલાંક વર્ષો બાદ આપણને એકાએક જણાય છે કે કાંટો તો હલતો જ રહ્યો છે, આપણે પોતે પણ બદલાયા છીએ, અને આપણી આસપાસ બધું પહેલાં કરતાં ભિન્ન છે.



ક્રોમેગ્નોનમાનવનું સ્વચિત્ર (મેમથ પ્રાણીના હાડકા ઉપર દોરવામાં આવેલું ચિત્ર)

આપણી નોંધપોથીઓ અને છબીઓ દ્વારા તેમ જ આપણાં અખબારો અને પુસ્તકો દ્વારા આપણે જૂના સમયને નવા સમય સાથે સરખાવી શકીએ. તુલના દ્વારા પરિવર્તન જાણવાનાં સાધનો આપણી પાસે છે. પરંતુ આપણા પ્રાગૈતિહાસિક પૂર્વજો પાસે જૂનાની નવા જોડે સરખામણી કરવાનું કોઈ સાધન નહોતું. તેઓ તો એમ જ





ક્રોમેગ્નોનમાનવ દેખાવમાં આધુનિક માનવી કરતાં બહુ ઓછો ભિન્ન હતો. આ મુખાકૃતિઓ ક્રિમિયામાં મળી આવેલી ખોપરીઓને આધારે રચવામાં આવી છે

માનતા કે જીવન ગતિહીન છે, અપરિવર્તનશીલ છે. ઘડિયાળના મોં ઉપર સંખ્યા દર્શાવતી સંજ્ઞાઓ ન હોય તો કલાકના કાંટાની ગતિ જાણવાનું જેમ અશક્ય બની જાય તેવી જ રીતે જૂનાને નવા સાથે સરખાવ્યા વગર જૂનામાં આવેલા પરિવર્તનને જાણવાનું અશક્ય બને.

પથ્થરનાં ઓજારો ઘડતો પ્રત્યેક કારીગર પોતાને કારીગીરી શીખવનાર ઉસ્તાદના હાથની પ્રત્યેક ગતિનું તથા તેની પ્રત્યેક રીતનું અનુકરણ કરતો.

નવા ઘરમાં વસવા આવે ત્યારે સ્ત્રીઓ ચૂલાની વ્યવસ્થા કરવામાં તેમની પહેલાં તેમની દાદીમાઓએ અપનાવેલી રીતોને જ બરાબર અનુસરતી.

શિકારીઓ પોતાના શિકારને સપડાવવાના કામમાં પણ પ્રાચીન રિવાજને અનુસરતા.

અને છતાં કોઈનેય ખબર પડયા વગર લોકોએ પોતાનાં ઓજારોમાં, પોતાનાં રહેઠાણોમાં અને કામ કરવાની પોતાની રીતોમાં પરિવર્તન આણ્યું.

પ્રત્યેક નવું ઓજાર શરૂઆતમાં તો લગભગ સાવ જૂના જેવું જ દેખાતું. પ્રથમ બરછી ભાલા કરતાં બહુ વધારે ભિન્ન નહોતી. પરંતુ ભાલા અને તીર વચ્ચે તો જમીન આસમાનનું અંતર છે. વળી તીરકામઠાં વડે કરાતા શિકારમાં અને ભાલા વડે કરાતા શિકારમાં મુદ્દલ સામ્ય નથી.

મનુષ્યનાં ઓજારો અને હથિયારો જ માત્ર નહોતાં બદલાયાં, તેના પોતાનામાં પણ પરિવર્તન આવી રહ્યું હતું. જુદાં જુદાં ઉત્ખનનસ્થળોએ મળી આવેલાં હાડપિંજરો ઉપરથી એ પરિવર્તન સ્પષ્ટ

જોઈ શકાય છે. ગુફામાં રહેવા આવનાર પ્રથમ મનુષ્યને આપણે હિમયુગને અંતે ગુફાજીવનને અંતિમ તિલાંજલિ આપનાર મનુષ્ય જોડે સરખાવીએ તો આપણને એમ જ લાગે કે એ બન્ને ભિન્ન પ્રકારનાં પ્રાણીઓ હોવાં જોઈએ. ગુફામાં પ્રથમ પ્રવેશ કરનાર મનુષ્ય નિઆન્ડર્થલમાનવ હતો. તેની પીઠ વળેલી હતી, તે ચાલતો નહિ પણ આખડિયાં ખાતો, તેના ચહેરામાં કપાળ તો નામમાત્રનું જ હતું, અને હડપચી તો તેને હતી જ નહિ. પરંતુ ગુફાજીવનને આખરી સલામ કરનાર ક્રોમેગ્નોનમાનવ ભરાઉદાર શરીરનો અને ઊંચો હતો. તેના દેખાવમાં અને આપણા દેખાવમાં કદાચ જ કોઈ તફાવત હોય એવો એ લાગતો.

'મકાનના ઇતિહાસ'નું પહેલું પ્રકરણ

મનુષ્યના જીવનની રીત બદલાતાં તેના રહેઠાણમાં પણ પરિવર્તન આવ્યું. તેના ઘરનો ઇતિહાસ લખવો હોય તો આપણે ગુફાથી શરૂઆત કરવી પડે. કુદરતે સર્જેલું એ રહેઠાણ પ્રાગૈતિહાસિક મનુષ્યે શોધી કાઢ્યું હતું, બનાવ્યું નહોતું.


પરંતુ કુદરત તો લાપરવા સર્જક છે. તેણે પર્વતો બનાવ્યા અને પર્વતોમાં ગુફાઓ બનાવી, પરંતુ એ વાતની મુદ્દલ પરવા ન કરી કે એ ગુફાઓમાં કોઈ ક્યારેય વસવાટ કરશે કે નહિ. એટલે જ, પ્રાગૈતિહાસિક લોકો રહેવા માટે ગુફાની શોધમાં નીકળતા ત્યારે તેમને જોઈએ એવી જગ્યા ભાગ્યે જ મળતી. કાં તો છત વધારે પડતી નીચી હોય, દીવાલો પડી જવા જેવી થઈ ગઈ હોય, કે પછી અંદર જવાનું બાકોરું એટલું બધું નાનું હોય કે લાંબા થઈને પેટે ઘસડાતા પણ માંડ માંડ અંદર જઈ શકાય.

રહેઠાણને રહેવા લાયક બનાવવા માટે આખું માનવટોળું કામે લાગી જતું. ચકમકની છોલણીઓ અને કાઠીઓ લઈને એ લોકો તળિયાને ઘસીને સમતલ બનાવતા અને દીવાલોને સપાટ કરતા.

ગુફાના પ્રવેશની પાસે જ અંદરના ભાગમાં એ લોકો ખાડો ખોદીને ચૂલો બનાવતા અને ચૂલાની આસપાસ પથ્થરો ગોઠવી દેતા, શિશુઓ માટે અને નાનાં બાળકો માટે માતાઓ જમીનમાં છીછરા ખાડા ખોદીને 'ખાટલીઓ' બનાવતી અને તેમાં ગાદલાં મૂકવાને બદલે ચૂલાની હૂંફાળી રાખ ભરી દેતી.

ગુફાના કોઈ આઘા ખૂણામાં રીંછનું માંસ અને ખાવાપીવાની બીજી ચીજો સંઘરીને એ જગ્યાનો ગજાર તરીકે ઉપયોગ કરતા.

કુદરતે બનાવેલી ગુફામાં આ રીતે સુધારાવધારા કરીને પ્રાગૈતિહાસિક મનુષ્યો પોતાના શ્રમ દ્વારા તેને મનુષ્યનું રહેઠાણ બનાવતા.



પ્રાગૈતિહાસિક કલાકારો પોતાનાં ઘરોનાં આવાં ચિત્રો દોરતા

જેમ વખત જતો ગયો તેમ લોકો પોતાનાં રહેઠાણોને સગવડનાં સાધનોથી સજ્જિત કરવાના વધારે ને વધારે પ્રયાસો કરતા ગયા.

પર્વતમાં બનેલી બખોલની કુદરતી છત તેમને ક્યાંક મળી જતી તો એ લોકો તેની નીચે દીવાલો ચણી લેતા. એ જ પ્રમાણે છતવિહોણી ચાર દીવાલો જેવી કોઈ જગ્યા મળી જતી તો લોકો તેની ઉપર છત બાંધી લેતા.

દક્ષિણ ફ્રાન્સના પહાડોમાં પ્રાગૈતિહાસિક રહેઠાણના અવશેષો આજે પણ હયાત છે. સ્થાનિક લોકોએ તેને વિચિત્ર નામ આપ્યું છે. એ લોકો તેને 'દૈત્યનો ચૂલો' કહે છે. તેમને લાગ્યું કે વિશાળ ખડકોના બનેલા એ રહેઠાણના ચૂલે આવીને ગરમાવો મેળવનાર તો કોઈ દૈત્ય જ હોય. પોતાના પ્રાગૈતિહાસિક પૂર્વજો વિશે એ લોકોનું જ્ઞાન વધારે હોત તો તેમને સમજાયું હોત કે એ દૈત્યના ચૂલાની રચના મનુષ્યને હાથે જ થઈ છે.

પ્રાગૈતિહાસિક શિકારીઓને ત્યાં પર્વતની બખોલની કુદરતી છત વડે રક્ષાયેલી બે દીવાલો તૈયાર મળી ગઈ. પર્વત ઉપરથી ગબડી આવતા પથ્થરો વડે એ દીવાલો રચાઈ ગઈ હતી. તૈયાર મળી આવેલી દીવાલોને જોડતી બીજી બે દીવાલો તેમણે પોતે જ બાંધી લીધી. એક દીવાલ પથ્થરની મોટી મોટી શિલાઓ વડે બાંધવામાં આવી હતી અને બીજી દીવાલની રચના મોટી મોટી લાકડીઓને ડાળખીઓ વડે ઉપર નીચે વણી લીધા પછી તેની ઉપર જનાવરોની ખાલ ઢાંકીને કરવામાં આવી હતી. ચોથી દીવાલ કેવી દેખાતી હશે તેની આપણે તો માત્ર કલ્પના જ કરવી રહી, કેમ કે સમયના વહેણ સાથે તે ધીરે ધીરે નષ્ટ થતી ગઈ અને આખરે ધૂળમાં મળી ગઈ.

ચારે દીવાલોની વચ્ચે જમીનમાં ભોંયરા જેવો એક મોટો ખાડો હતો. એ ખાડાને તળિયેથી પુરાતત્ત્વવિદોએ ચકમકના કટકા અને હાડકાનાં તથા શિંગડાનાં ઓજારો શોધી કાઢ્યાં.

દૈત્યનો ચૂલો અરધું ઘર છે અને અરધી ગુફા છે. ત્યાંથી સાચા ઘર સુધીનું અંતર વધારે નહોતું, કેમ કે બે દીવાલ બાંધવાનું એક વાર શીખ્યા પછી તરત જ ચાર દીવાલ બાંધવાનું પણ પ્રાગૈતિહાસિક મનુષ્ય શીખી ગયો.

અને એ રીતે પ્રથમ મકાનો અસ્તિત્વમાં આવ્યાં. એ નવાં રહેઠાણો હવે ગુફાઓમાં નહોતાં બનાવવામાં આવ્યાં, કે નહોતાં રચાયાં એ રહેઠાણો પર્વતની બખોલના કુદરતી રક્ષણ તળે. એ મકાનો તો બહાર ખુલ્લી જગ્યાઓમાં બનાવવામાં આવ્યાં હતાં.

પ્રાગૈતિહાસિક શિકારીઓનું રહેઠાણ

૧૯૨૫ની શરદ ઋતુના એક દિવસે, દોન નદીને કાંઠે વસેલા ગાગારિનો ગામમાં અન્તોનોવ નામનો અક કિસાન પોતાના વાડામાં માટી ખોદી રહ્યો હતો. નવી છાપરીમાં પ્લાસ્તર કરવા માટે તેને માટીની જરૂર પડી હતી.

પણ તેનો પાવડો તો જમીનમાં દટાયેલાં હાડકાં જોડે ટકરાતો રહ્યો.

બરાબર એ જ વખતે ગામની શાળાનો શિક્ષક વ્લાદીમિરોવ ત્યાંથી નીકળ્યો. અન્તોનોવે સાદ પાડીને તેને ફરિયાદ કરી:

“જમીનમાંથી આટલાં બધાં હાડકાં ક્યાંથી નીકળી આવ્યાં એ જ મને તો સમજાતું નથી! આમાં તો ખોદાતું જ નથી. મારો પાવડોય ભાંગતો ભાંગતો રહી ગયો.”

શિક્ષકને બદલે બીજો કોઈ માણસ એ વખતે ત્યાંથી નીકળ્યો હોત, અને અન્તોનોવે તેની સાથે વાત કરી હોત તો એ માણસ તો એકાદ મિનિટ ઊભો રહીને પછી પોતાને રસ્તે પડયો હોત.

પરંતુ ગ્રામશિક્ષકને વિજ્ઞાનમાં ઊંડો રસ હતો.

વાડામાં આવીને તેણે પીળા દંતૂશળના એક જાડા કકડાનું નિરીક્ષણ કર્યું. દંતૂશળના કકડાને ઘસીને લીસો બનાવવામાં આવ્યો હોય એમ લાગતું હતું.

એ તો સ્પષ્ટ જ હતું કે આટલો મોટો દંતૂશળ મહાકાય મૅમથનો જ હોય.

દોન નદીને કાંઠે મૅમથ પ્રાણીઓ! ખરેખર આશ્ચર્યની વાત તો ખરી જ.

શિક્ષકે હાડકાં ગાડામાં ભર્યાં અને નજીકના જ એક શહેરમાં નાનકડું સ્થાનિક સંગ્રહસ્થાન હતું ત્યાં લઈ ગયો.

એવા નાનકડા સંગ્રહસ્થાનમાં તમે ક્યારેય ગયા હો તો તમને ખબર હશે કે તેનાં ખાનાંમાં ઘણી વાર અત્યંત વિચિત્ર વસ્તુઓ એકબીજાની પડખે પ્રદર્શિત કરવામાં આવેલી હોય છે. એક જ ખંડમાં તમને કામદેવની સંગેમરમરની પ્રતિમા અને સત્તરમી શતાબ્દીના કોઈ ઉમરાવનું તૈલચિત્ર જોવા મળશે.

બીજા ખંડમાં તમને સ્થાનિક ખનિજ પદાર્થો તથા વનસ્પતિઓના સંગ્રહની બાજુમાં જ પોતાના ખરબચડા હાથમાં દંડો પકડીને ઊભેલા પિથેકેન્થ્રોપસનું પેપિયરમાશીનું બનેલું પૂતળું જોવા મળશે.

વ્લાદીમિરોવ હાડકાં લઈને ગયો તે સંગ્રહસ્થાન એવા જ પ્રકારનું સંગ્રહસ્થાન હતું.

સંગ્રહસ્થાનના અધ્યક્ષે મૅમથના દંતૂશળને અને બીજાં હાડકાંને ફક્ત સૂચિપત્રકમાં નોંધીને ખનિજ પદાર્થો તથા પિથેકેન્થ્રોપસની બાજુમાં પ્રદર્શિત કરી દીધાં હોત તો પણ ચાલત.

પરંતુ તેણે તે ઉપરાંત કંઈક વધારે પણ કર્યું. તેણે માનવ-વિજ્ઞાન તથા જાતિ-વિજ્ઞાનના સંગ્રહસ્થાનને નામે એક પત્ર લેનિનગ્રાદ રવાના કરી દીધો. નેવા નદીને કિનારે એક જૂની ઈમારતમાં આવેલું એ સંગ્રહસ્થાન રશિયન વૈજ્ઞાનિકો તથા અન્વેષકોએ દુનિયાના બધા ભાગોમાંથી મેળવીને ભેટ આપેલા અત્યંત સુંદર સંગ્રહો ધરાવે છે.

થોડા વખતમાં જ ઝામ્યાતિન નામનો એક પુરાતત્ત્વવિદ લેનિનગ્રાદથી ગાગારિનો ગામે પહોંચ્યો અને તેણે ગ્રામશિક્ષક સાથે મળીને ઉત્ખનન કાર્ય શરૂ કર્યું.

અમારા દેશમાં એમ ઘણી વાર બને છે: ગામડાના શિક્ષકને કે ગ્રંથપાલને પ્રાચીન સંસ્કૃતિને લગતી કોઈ વસ્તુ મળી આવે તો તે પોતાની શોધ વિશે નજીકના કોઈ સંગ્રહસ્થાનને લખી જણાવે. ત્યાર પછી થોડા સમયમાં જ ઉત્ખનન કાર્ય શરૂ કરવા માટે શહેરમાંથી વૈજ્ઞાનિકો આવી પહોંચે.

ગાગારિનોમાં તેમને શું મળ્યું?

ઉત્ખનનના પ્રારંભના જ દિવસોમાં તેમને ચકમકની ખુરચનીઓ અને છરીઓ, હાડકાની આર, ધ્રુવીય શિયાળનો કાણું પાડેલો દાંત, ચૂલાના કોયલા જોડે ભળી ગયેલાં મૅમથનાં તથા બીજાં પશુઓનાં હાડકાં, વગેરે મળી આવ્યું.

અન્તોનોવે છાપરીની દીવાલો ઉપર પ્લાસ્તર કરવા વાપરી લીધેલી માટીમાંથી પણ એવાં ચકમક-ઓજારોના અને દંતૂશળના કટકા મળી આવ્યા. એ બધાં એટલી મોટી સંખ્યામાં માટી સાથે ભળેલાં હતાં કે પ્લાસ્તર કરતાં પહેલાં તેમને વીણીને નોખાં કરવામાં સમય ન વેડફવાનું જ કિસાન પરિવારે યોગ્ય માન્યું હતું.

એ લોકો મહિનાઓ પર્યંત ખોદતા રહ્યા અને રોજ નવી નવી વસ્તુઓ ખોદી કાઢતા રહ્યા. તેમને જડેલી વસ્તુઓમાં ઓજારો, આભૂષણો, નાનકડી પ્રતિમાઓ અને જનાવરોનાં હાડકાંનો સમાવેશ થતો હતો. દરેક વસ્તુ અત્યંત કાળજીપૂર્વક પેટીઓમાં બંધ કરીને લેનિનગ્રાદ રવાના કરી દેવામાં આવી. પછી ત્યાં વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોએ આગળનું કામ ઉપાડી લીધું.

ખનિજવિજ્ઞાનવિદોએ ઓજારો બનાવવા માટે વપરાયેલા પથ્થરને ચકાસીને તેનો પ્રકાર નક્કી કર્યો. પ્રાગૈતિહાસિક લોકો કયાં જનાવરોનો શિકાર કરતા તે શોધી કાઢવા માટે પ્રાચીન-પ્રાણીવિજ્ઞાનવિદોએ હાડકાંની બારીક ચકાસણી કરી. પુન:વિકરણના કુશળ કારીગરોએ કાળ દ્વારા


ખંડિત કરવામાં આવેલી હાડકાના નકશીદાર પ્રતિમાઓને પાછી તેમનાં મૂળ સ્વરૂપમાં આણી દીધી.

દરમિયાનમાં પુરાતત્ત્વવિદોના એક જૂથે ઉત્ખનનકાર્યના બધા નિયમોનું પાલન કરતાં ખોદવાનું કામ ચાલુ રાખ્યું. થોડા વખતમાં જ પ્રાગૈતિહાસિક મનુષ્યોના એ રહેઠાણનો સ્પષ્ટ ખ્યાલ તેમને આવવા લાગ્યો.

આકારમાં તે ગોળ ભોંયરા જેવું હતું. દીવાલોના બહારના ભાગના રક્ષણ માટે પથ્થરની શિલાઓ, મૅમથના દંતૂશળો અને જડબાંના હાડકાં ગોઠવવામાં આવ્યાં હતાં. દીવાલો ઘણું કરીને જનાવરોની ખાલ વડે ઢંકાયેલી લાંબી લાકડીઓની બનેલી હોવાનું અનુમાન થયું. લાકડીઓના છેડા ઉપર મળી જઈને છત રચતા. પથ્થરની ભારે શિલાઓને અને મૅમથનાં હાડકાંને રોડવીને બહારની દીવાલોની છેક પાસે ગોઠવવામાં આવતાં અને એ રીતે દીવાલોને વધારે મજબૂત બનાવવામાં આવતી.

એ ઘર બહારથી એક મોટા તંબુ જેવું લાગતું. દીવાલો પાસેથી તેમને હાડકામાંથી કોતરેલી બે પ્રતિમાઓ મળી આવી. બન્ને પ્રતિમાઓ સ્ત્રીઓની હતી એક પ્રતિમા ખૂબ જાડી સ્ત્રીની હતી, જ્યારે બીજી પાતળી સ્ત્રીની હતી. હાડકાના નકશીગરે બન્ને પ્રતિમાઓ ઘણું કરીને જીવંત વ્યક્તિઓને સમક્ષ રાખીને ઘડી હશે. સ્ત્રીઓના કેશની અટપટી સજાવટને બહુ સુંદર રીતે બારીક નકશીમાં ઉતારવામાં આવી છે.

ઘરના મધ્ય ભાગમાં જમીનમાં ખોદેલો ખાડો પટારાનું કામ આપતો. તેમાંથી મળી આવેલી વસ્તુઓ એ જમાનામાં ખૂબ મૂલ્યવાન ગણાતી હશે. એ ચીજોમાં હાડકાની બનેલી એક સોય હતી, ધ્રુવીય શિયાળના દાંતના બનેલા મણકા હતા, અને મૅમથની પૂંછડી હતી.



થોમ્સન નદીને કિનારે વસતા ઈન્ડિયન લોકોનું શિયાળામાં રહેવાનું ઘર. ઘરની રચના પ્રાગૈતિહાસિક ઘરની રચનાને મળતી આવે છે

એ ઘરના પ્રાગૈતિહાસિક રહેવાસીઓ સોયનો ઉપયોગ સીવવા માટે કરતા હોય, અને મણકા એટલે આભૂષણ. પણ મૅમથની પૂંછડીને તેમણે આટલા જતનપૂર્વક સંભાળીને શા માટે રાખી હશે?

ત્યાંથી મળી આવેલી બીજી નકશીદાર પ્રતિમાઓ જનાવરની ખાલને પૂંછડું નીચે લટકતું રહે એવી રીતે ખભા ઉપર નાખીને ઊભેલા પ્રાગૈતિહાસિક શિકારીઓની હતી. પ્રતિમાઓ ઉપરથી લાગતું હતું કે ખાલ ઓઢીને ઊભેલો શિકારી તેણે જે જનાવરની ખાલ ઓઢી હોય એ જનાવર જેવો જ દેખાય તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એમ શા માટે કરવામાં આવ્યું હશે? તેનાં કારણોનો વિચાર આપણે આગળ ઉપર કરીશું. હાલ તો આપણે પ્રાગૈતિહાસિક મનુષ્યના રહેઠાણ વિશે બને તેટલી માહિતી ખોળી કાઢવામાં પડ્યા છીએ.



હાડકાંમાંથી બનાવેલા મણકાની કંઠમાળા

ગાગારિનો ગામમાં મળી આવેલા પડાવ જેવા અનેક પડાવસ્થળો સોવિયેત સંઘના જુદા જુદા ભાગોમાં મળી આવ્યા છે. વોરોનેઝ નજીક એક નાનકડા ગામમાં એટલાં બધાં હાડકાં મળી આવ્યાં કે થોડા વખતમાં એ ગામનું નામ જ કોસ્તેન્કી (અસ્થિગ્રામ) પડી ગયું.

એ બધાં હાડકાં મૅમથ, ગુફાવાસી સિંહ, ગુફાવાસી રીંછ અને ઘોડા જેવાં પ્રાગૈતિહાસિક લોકોનાં શિકારનાં જનાવરોનાં હતાં.

યેફીમેન્કો અને ઝામ્યાતિન નામના બે સોવિયેત પુરાતત્ત્વવિદોએ કોસ્તેન્કી પડાવસ્થળનો તલસ્પર્શી અભ્યાસ કર્યો.

તેમની તપાસ દરમિયાન તેમને જણાયું કે શિકારીઓ એકમાં નહિ પણ ઘણાં ભોંયરાગૃહોમાં રહેતા અને શિકાર એ બધા સાથે મળીને કરતા. ત્યાંથી ચકમકનાં અને હાડકાનાં સરસ રીતે બનાવેલાં ઓજારો અને દંતૂશળમાંથી કોતરેલી સ્ત્રીઓની કેટલીક સુંદર પ્રતિમાઓ મળી આવી. એક પ્રતિમામાં સ્ત્રીના શરીર ઉપર છૂંદણાનાં ચિત્રો હતાં અને તેણે ચામડાનું મળવસ્ત્ર પરિધાન કર્યું હતું. એ ઉપરથી જણાયું કે એ લોકોને ચામડું કેળવતાં આવડતું હતું.

એ પ્રાગૈતિહાસિક શિકારીઓનાં રહેઠાણ આપણાં ઘરો જેવાં બિલકુલ નહોતાં. બહારથી તો એ રહેઠાણોનું ફક્ત છાપરું જ દેખાતું, અને તે ગોળ ટીંબા જેવું લાગતું. રહેઠાણમાં દાખલ થવાનો માર્ગ 'ધુમાડિયા'માં થઈને હતો, કેમ કે છાપરામાં એક જ બાકોરું હતું અને તેમાંથી અંદર બળતી આગનો ધુમાડો પણ બહાર નીકળતો.

માટીની ભીંતની પાસે બાંકડાને બદલે મેમથનાં જડબાંનાં હાડકાં ગોઠવવામાં આવતાં. વળી ધરતીમાતાનો ખોળો જ તેમની શય્યા હતી. સમતલ બનાવેલા લંબચોરસ ભાગમાં માટીના ઢગલાના તકિયા ઉપર માથું ટેકવીને એ લોકો નિદ્રાધીન થઈ જતા.

અસ્થિ-આસનો અને ભૂમિશય્યાવાળાં એ ઘરોમાં ટેબલ પથ્થરનાં બનેલાં હતાં.

ચૂલા પાસે સૌથી વધારે પ્રકાશિત જગ્યામાં કામ કરવાનો ઓટલો બનાવવામાં આવતો. ઓટલાની રચના લીસા પથ્થરની તકતીઓ વડે કરવામાં આવતી. એવા ઓટલા ઉપરથી પુરાતત્ત્વવિદોને ઘણાં ઓજારો, ચકમક તથા હાડકાંના ઘણા કટકા તેમ જ ચીપો, અને ઘડતાં અધૂરી રહી ગયેલી વસ્તુઓ મળી આવી. અસ્થિના બનેલા મૂઠીભર મણકા ટેબલ ઉપર વીખરાયેલા પડયા હતા. તેમાંના કેટલાક મણકા ઘસીને ચકચકિત બનાવવામાં આવ્યા હતા તથા તેમાં કાણાં પણ પાડવામાં આવ્યાં હતાં. બાકીના મણકા હજુ અધૂરી હાલતમાં હતા. કારીગરે હાડકાની એક ચીપમાં કેટલેય ઠેકાણે કાપા પાડી લીધા હતા, પણ તેને તોડીને મણકા બનાવવા જેટલો સમય નહોતો રહ્યો. લોકોને કામકાજ બંધ કરીને ઘર છોડી એકદમ ભાગી નીકળવું પડે એવું કંઈક બની ગયું હતું. ભય સાચેસાચ ખૂબ મોટો રહ્યો હશે, નહિતર તીરની આવી ઉત્તમ અણિઓ, છિદ્ર પાડેલી અસ્થિ-સોયો કે વિવિધ કામ કરતી ચકમકની છરીઓ પડતી મૂકીને એ લોકો આમ ઉતાવળમાં કદી નાસી ન ગયા હોત.


એ બધાં ઓજારો સહેલાઈથી નહોતાં બની ગયાં. રહેઠાણમાં મળી આવેલી પ્રત્યેક વસ્તુને બનાવવામાં અનેક કલાકોની મહેનત ખરચાઈ હતી. ઉદાહરણ રૂપે આ અસ્થિ-સોયને જ જુઓ. માનવજાતિના ઇતિહાસમાં એ પ્રથમ પ્રકારની સોય છે. દેખાવમાં તો ખરેખર એ સાવ ટચૂકડી ચીજ છે, પણ એવી એક સોયને બનાવવા માટે અત્યંત કૌશલ્યની જરૂર પડી છે.

એક બીજા પડાવસ્થળે અસ્થિ-સોય બનાવવાની એક આખી કાર્યશાળા શોધી કાઢવામાં આવી છે. એ કાર્યશાળામાં અસ્થિ-સોયના ઉત્પાદન માટે જરૂરી બધો સાધનસરંજામ, અસ્થિ-ચીપો અને અરધી ઘડાયેલી સોયો મળી આવી છે. બધી જ વસ્તુઓ પડતી મૂકવામાં આવેલી અવસ્થામાં જ જેમની તેમ પડી હતી.

આપણી આધુનિક દુનિયામાં જો અસ્થિ-સોયની જરૂર પડતી હોય તો એ સ્થળે ખરેખર કાલથી જ ઉત્પાદન શરૂ કરી શકાય.

પરંતુ એ કામને પૂરું કરી શકે એવો કારીગર શોધવાનું આપણે માટે મુશ્કેલ બને ખરું.

અસ્થિ-સોય આ રીતે બનાવવામાં આવતી: પહેલાં તો ચકમકની છરી વડે સસલાના હાડકામાંથી



હાડકાંમાંથી બનાવવામાં આવેલી સોયો અને સોયને ઘસીને અણિદાર બનાવવાનું પાનું

એક પાતળી ચીપ પાડવામાં આવતી. પછી ચકમકની અતરડી વડે ઘસીને તેનો એક છેડો અણિદાર બનાવવામાં આવતો. પછી ચકમકની વીંધણી વડે તેને માથે એક કાણું પાડવામાં આવતું. છેલ્લે તેને પથ્થરની તકતી ઉપર ઘસીને લીસી અને ચકચકિત બનાવવામાં આવતી.

એમ એક સોય બનાવવામાં કેટલાં બધાં ઓજારોની જરૂર પડતી અને કેટલો બધો સમય લાગતો!


દરેક માનવકુળ પાસે અસ્થિ-સોય બનાવી શકે એવા કુશળ કારીગરો નહોતા. પ્રાગૈતિહાસિક યુગમાં અસ્થિ-સોય અત્યંત મૂલ્યવાન વસ્તુઓમાંની એક ગણાતી.

ચાલો આપણે પ્રાગૈતિહાસિક શિકારીઓના પડાવસ્થળમાં એક આંટો મારીએ.


બરફ છવાયેલા ઘાસના મેદાનની વચ્ચે આપણને કેટલાક નાના ટીંબા દેખાય છે. દરેક ટીંબામાંથી ધુમાડાની સેર નીકળી રહી છે. આપણે તેમાંના એક ટીંબા પાસે પહોંચીએ છીએ અને આંખોમાં બળતરા ઉત્પન્ન કરતા ધુમાડાના ગોટાઓની પરવા કર્યા વગર ધુમાડિયા વાટે અંદર જઈએ છીએ.

માની લો કે આપણે માથે જાદુઈ ટોપી ઓઢીને અદૃશ્ય રૂપ ધારણ કરી લીધું છે. કોઈ આપણને જોઈ શકતું નથી. રહેઠાણમાં અંદર ધુમાડો ભરાયેલો છે, બધે અંધારું અંધારું હોય એવું લાગે છે અને શોરબકોર જામ્યો છે. અંદર ઓછામાં દસ મોટા માણસો છે અને તે ઉપરાંત ઘણાં બાળકો છે.

આપણી બળતી આંખો ધુમાડાથી ટેવાઈ જાય એટલે આપણને લોકોના ચહેરા અને તેમની કાયાઓ દેખાવા લાગે છે. તેમનાં શરીર જરાય વાનર જેવાં નથી. બધા લોકો ઊંચા, બાંધી દડીના અને સશક્ત છે. તેઓ ઊંચાં ગંડાસ્થિ ધરાવે છે અને તેમની બન્ને આંખો નજીક નજીક છે. તેમનાં કાળાં શરીર ઉપર લાલ રંગ વડે ભાતો પાડવામાં આવી છે.



કલાકાર ઘોડાનું ચિત્ર દોરતો,
અને પછી ઘોડાના શરીર ઉપર કેટલાક
તંબુઓ અંકિત કરતો



ચિત્રમાં મૅમથના શરીર
ઉપર દોરવામાં આવેલા બે તંબુ

સ્ત્રીઓ જમીન ઉપર ગોળાકારે બેઠી બેઠી અસ્થિ-સોય વડે જનાવરોની ખાલનાં કપડાં સીવી રહી છે. બાળકો પાસે રમકડાં નથી એટલે એ બધાં ઘોડાની ટાંગ વડે અને સાબરના શિંગડા વડે રમી રહ્યાં છે. ચૂલાની બાજુમાં કામ કરવાના ઓટલા ઉપર બેઠો બેઠો એક કારીગર લાકડાની ફળીને એક છેડે હાડકાનું બનાવેલું શલ્ય જડીને બરછી બનાવી રહ્યો છે. તેની બાજુમાં બેઠેલો એક બીજો કારીગર ચકમકની છરી વડે આકૃતિ કોતરી રહ્યો છે.

ચાલો આપણે તેની વધારે નજીક જઈએ અને તે શાની આકૃતિ કોતરી રહ્યો છે તે જોઈએ.

હાડકાની તખતી ઉપર કુશળતાથી ઘસરકા મારીને તેણે ચરતા ઘોડાનું ચિત્ર રચ્યું છે. અત્યંત ધીરજ અને કારીગીરીથી તેણે ઘોડાના સુંદર પગ, વાંકી ગરદન, ટૂંકી કેશવાળી અને મોટું માથું કોતર્યાં છે. એમ લાગે છે કે પ્રાણી જીવતું છે અને ચાલી નીકળવા તૈયાર ઊભું છે. કલાકાર ચિત્ર કોતરતી વખતે પોતાની મનની આંખો વડે જીવતા ઘોડાની પ્રત્યેક વિગત જોતો હોય છે એટલે જ ચિત્રમાં પ્રાણ પૂરી શકે છે.

ચિત્ર તો પૂરું કોતરાઈ ગયું છે, પણ કલાકારનો હાથ અટકતો નથી. તે તો પોતાનું કામ ચાલું જ રાખે છે. ઊંડો ઘસરકો મારીને તે ઘોડાના શરીર ઉપર એક રેખા કોતરે છે, અને પછી બીજી અને ત્રીજી રેખા કોતરે છે. પ્રાણીના શરીર ઉપર એક વિચિત્ર દેખાતી આકૃતિ રચાય છે. પ્રાગૈતિહાસિક કલાકાર આ શું કરી રહ્યો છે? આધુનિક યુગનો કોઈ પણ કલાકાર ગર્વ અનુભવે એવી સુંદર કલાકૃતિને એ બગાડી કેમ રહ્યો છે?

ઘોડાના શરીર ઉપર કોતરાતી આકૃતિ વધારે ને વધારે અટપટી બનતી જાય છે. અને પછી ઘોડાના ચિત્રની ઉપર તંબુનું ચિત્ર કોતરાઈ ગયેલું જોઈને આપણે વિસ્મિત થઈ જઈએ છીએ. એક તંબુની બાજુમાં કલાકાર બીજો તંબુ કોતરે છે, અને તેની જોડે જ વળી એક વધારે તંબુ કોતરે છે. અરે, આ તો પડાવનું ચિત્ર કોતરાઈ ગયું!

પણ આખર આ વિચિત્ર ચિત્ર છે શાનું? ચિત્રને એ પ્રમાણે કોતરવા માટે શું કલાકારની ધૂન જ કારણભૂત હશે?

ના, આવાં વિચિત્ર ચિત્રોના આખા ને આખા સંગ્રહો પ્રાગૈતિહાસિક શિકારીઓની ગુફાઓમાંથી જડી આવ્યા છે. મૅમથના એક ચિત્રની ઉપર બે તંબુ દોરેલા હતા, અને બાઈસનની એક આકૃતિની ઉપર ત્રણ તંબુ કોતરેલા હતા. એક તખતી ઉપર મધ્ય ભાગમાં બાઈસનની અરધી ખાઈ લીધા પછી બાકી બચેલી અરધી લાશનું ચિત્ર અંકિત થયું હતું. માથું, કરોડરજ્જુ અને પગને કોઈ મુદ્દલ અડયું પણ નહોતું. દાઢીવાળું વિશાળ માથું આગલા બે પગની વચ્ચે ઢળેલું પડયું હતું. લાશની બન્ને તરફ બે હરોળમાં લોકો ઊભા હતા.

જનાવરોનાં, લોકોનાં અને તંબુઓનાં આવાં અનેક વિચિત્ર ચિત્રો હાડકાની તખતીઓ ઉપર, પથ્થરની શિલાઓ ઉપર અને કરાડો ઉપર કોતરેલાં મળી આવ્યાં છે. પણ એવાં ચિત્રો અત્યંત મોટી સંખ્યામાં તો ગુફાઓની દીવાલો ઉપર જોવામાં આવ્યાં છે.



હાડકા ઉપર દોરવામાં આવેલું આ ચિત્ર શું દર્શાવવા માગતું હશે?

આપણી ગુફા ખોદાતી હતી ત્યારે તેની દીવાલો ઉપર આપણને તો એવી કોઈ આકૃતિ કોતરેલી નહોતી દેખાઈ.

પરંતુ આપણે તો ગુફામાં લોકો જયાં ખાતા, સૂતા અને કામ કરતા એવા અગ્રભાગ સુધી જ ગયા હતા.

ચાલો હવે આપણે સેંકડો વાર લાંબી સુરંગોને રસ્તે ગુફામાં વધારે ઊંડે જઈને તેનો પ્રત્યેક ખૂણોખાંચો તપાસીએ.

ભૂગર્ભ કલા પ્રદર્શની

ચાલો, પોતપોતાની હાથબત્તીઓ લઈ લો એટલે આપણે ગુફાના શોધ-પ્રવાસે ઊપડીએ. પ્રત્યેક વળાંક અને પ્રત્યેક ચોક યાદ રાખવો પડશે કેમ કે ગુફામાં ખોવાઈ જવાનું ખૂબ સહેલું છે.

પથ્થરનો રસ્તો વધારે ને વધારે સાંકડો થતો જાય છે. છતમાંથી પાણી ટપકે છે. હાથબત્તીઓનો પ્રકાશ ઊંચે ફેંકીને આપણે દીવાલોનું નિરીક્ષણ કરીએ છીએ.

ભૂગર્ભ ઝરણાંએ ચળકતા પાસલા રચીને ગુફાને સુશોભિત બનાવી છે. પરંતુ મનુષ્યના હાથની કરામત અહીં ક્યાંય કળાતી નથી.

આપણે આગળ વધીએ છીએ. અચાનક કોઈ મોટેથી બોલી ઊઠે છે:

"આમ જુઓ!"

દીવાલ ઉપર બાઈસનની એક મોટી આકૃતિ દેખાય છે. આકૃતિ લાલ અને કાળા રંગો વડે ચીતરવામાં આવી છે. તેની ખૂંધાળી પીઠમાં અનેક બરછીઓ ખૂંચેલી બતાવવામાં આવી છે.



બાઈસનનાં ગુફાચિત્રો

આપણે ચિત્ર સમક્ષ અવાક ઊભા રહીએ છીએ. એ ચિત્ર હજારો વર્ષો પૂર્વેના સમયમાં થઈ ગયેલા કોઈ કલાકારનું દોરેલું છે.


જરાક આગળ જતાં આપણને એક બીજું ચિત્ર જોવા મળે છે. વિચિત્ર આકારનો કોઈ દૈત્ય જાણે નાચતો હોય એમ લાગે છે. હાં, તો એ જનાવર જેવો દેખાતો મનુષ્ય છે કે પછી મનુષ્ય જેવું દેખાતું જનાવર છે? દૈત્યને મોઢે દાઢી ઊગેલી છે અને માથે વાંકાં શિંગડાં છે, તેની પીઠમાં ખૂંધ છે અને તેને બરછટ વાળવાળી જાડી પૂંછડી છે. તેના હાથપગ મનુષ્ય જેવા છે. તેણે હાથમાં કામઠું પકડ્યું છે.

બારીક નિરીક્ષણ કરતાં જણાય છે કે દૈત્ય તો બાઈસનની ખાલ ઓઢીને ઊભેલો મનુષ્ય જ છે.

વધારે આગળ જઈએ એટલે વળી એક બીજું ચિત્ર મળે છે, ત્યાર પછી ત્રીજું અને ચોથું ચિત્ર પણ દેખાય છે...

આ તે વળી કેવા પ્રકારની ચિત્રપ્રદર્શની છે?

આજકાલ તો કલાકારો સારી રીતે પ્રકાશિત કરવામાં આવેલી કલાશાળાઓમાં કામ કરતા હોય



કામઠું પકડીને ઊભેલું આ વિચિત્ર પ્રાણી શું હશે: માનવી કે પશુ?

છે. પ્રદર્શનીઓમાં ચિત્રો એવી રીતે ગાઠવવામાં આવે છે કે તેમની ઉપર સારી પેઠે પ્રકાશ પડે.

તદ્દન સ્પષ્ટ છે કે કલાકારે આ ચિત્રો બીજાઓને બતાવવા માટે ન જ દોર્યાં હોય.

પણ એમ હોય તો પછી તેણે ચિત્રો દોર્યાં જ શા માટે? મોઢે જનાવરોનાં મહોરાં પહેરીને વિચિત્ર રીતે નાચ કરતી આ આકૃતિઓ આખર છે શેની?

રહસ્ય અને તેનો ઉકેલ

"નાચમાં ઘણા શિકારીઓ ભાગ લે છે. દરેકને શરીરે કાં તો બાઈસનની ખાલ છે કે પછી મોઢે બાઈસનનું શિંગડાંવાળું મહોરું છે. પ્રત્યેક શિકારીના હાથમાં કાં તો ભાલો છે કે પછી કામઠું છે. નાચની રચના બાઈસનના શિકારના પ્રતીક રૂપે થઈ છે. કોઈ શિકારી થાકી જાય ત્યારે અનિચ્છાએ ઢળી પડાતું હોય એવો ઢોંગ કરતો જમીન ઉપર પછડાય છે. પછી બીજો નૃત્યકાર તેની ઉપર બૂઠું તીર છોડે છે. બાઈસન ઘવાયો છે. પગ ઝાલીને તેને નૃત્યવર્તુળમાંથી બહાર ખેંચી કાઢવામાં આવે છે અને બીજા શિકારીઓ તેની ઉપર છરીઓ ઉગામતા રહે છે. પછી એ લોકો તેને પડતો મૂકે છે અને વર્તુળમાં તેનું સ્થાન બીજો નૃત્યકાર લઈ લે છે. તેણે પણ મોઢે બાઈસનનું મહોરું પહેર્યું હોય છે. કેટલીક વાર તો આવો નાચ એક પળ પણ થંભ્યા વગર બે કે ત્રણ અઠવાડિયાં સુધી ચાલતો રહે છે."

પ્રારંભિક સમયના શિકારીઓના નાચનું આવું વર્ણન કોઈએ નજરે જોઈને લખ્યું છે. પણ તેણે એ સમયનો નાચ વળી ક્યાં જોયો હશે?

તેણે એ નામ ઉત્તર અમેરિકાના મેદાનપ્રદેશમાં જોયો હતો. ત્યાં કેટલીક ઈન્ડિયન જાતિઓએ પ્રાચીન શિકારીઓના રિવાજો આજ પર્યંત જાળવી રાખ્યા છે.

પ્રાગૈતિહાસિક કલાકારે ગુફાની દીવાલ ઉપર જે નાચનું ચિત્ર આલેખ્યું હતું એ જ નાચનું નજરે જોયેલું વર્ણન આપણને આમ અચાનક જ કોઈ અન્વેષકની નોંધપોથીમાં મળી જાય છે.

રહસ્યમય ચિત્રનો અર્થ તો આપણને હવે સમજાઈ ગયો. પરંતુ એક રહસ્ય ઉકેલતાં આપણે બીજા રહસ્યમાં અટવાઈ ગયા. એવો તે વળી કઈ જાતનો નાચ હોય કે જે કેટલાંય અઠવાડિયાં સુધી વણથંભ્યો ચાલતો જ રહે?


આપણી દૃષ્ટિએ નૃત્ય એટલે કાં તો મઝા માણવાની એક રીત કે પછી કલાનું એક રૂપ. સતત ત્રણ અઠવાડિયાં સુધી નાચતાં નાચતાં થાકીને લોથપોથ થઈ જાય અને જમીન ઉપર ઢળી પડે એટલી હદ સુધી શું ઈન્ડિયનો ખરેખર મઝા માણવા ખાતર નાચતા હશે, કે પછી પોતાના ઊંડા કલાપ્રેમ ખાતર એટલું નાચતા હશે? વળી તેમનો નાચ તો નૃત્યકલાના રૂપ કરતાં કોઈ વિધિને વધારે મળતો આવે છે.

ભૂવો પોતાની ભૂંગળીમાંથી ધુમાડો કોઈ ખાસ દિશામાં ઉડાડે છે અને નાચતા શિકારીઓ જાણે કોઈ કલ્પિત જનાવરનો પીછો પકડતા હોય તેમ એ ધુમાડાની દિશામાં જાય છે. ભૂવો ધુમાડાની સેર વડે નાચનું સંચાલન કરે છે અને નાચનારાઓને ઉત્તર કે દક્ષિણ, પૂર્વ કે પશ્ચિમ, મન ફાવે તે દિશામાં મોકલે છે.

પરંતુ નાચનું સંચાલન જો ભૂવાને હસ્તક હોય તો પછી એ નાચ નહિ પણ કોઈ જાતની મંત્રવિધિ જ હોય.

ઇન્ડિયનો એવું વિચિત્ર હલનદોલન કરીને બાઇસનોને મંત્રમુગ્ધ કરી દેવાની અને મંત્રની અદ્‌ભુત શક્તિ વડે લલચાવીને તેમને ઊંચા ઘાસમાંથી બહાર લાવવાની આશા સેવતા હતા.

તો ગુફાની દીવાલ ઉપર આલેખાયેલા ચિત્રમાં નાચતી આકૃતિનું સાચું રહસ્ય આવું છે! એ માણસ ફક્ત નાચ જ નથી કરતો, પણ નાચ દ્વારા મંત્રવિધિ કરે છે. વળી, ભૂગર્ભમાં ઊંડે જઈને તાપણાના પ્રકાશમાં ચિત્ર દોરનાર માણસ ફક્ત કલાકાર જ નહોતો, જાદુગર પણ હતો.



ગિલ્યાક લોકોની 'રીંછ મિજબાની'. રીંછના મોઢા પાસે મોટા કદની કેટલીક માછલીઓનો ભોગ ધરવામાં આવ્યો છે

મોઢે જનાવરોનાં મહોરાં પહેરેલા શિકારીઓનું અને ઘવાયેલા બાઇસનનું ચિત્ર દોરીને તે મંત્રવિધિ કરી રહ્યો હતો, શિકારને સફળ બનાવવા ખાતર તે મંત્ર મારી રહ્યો હતો.

અને તેને દૃઢ શ્રાદ્ધા હતી કે વિધિ-નૃત્ય એ બાબતમાં સહાયભૂત થશે જ.

આપણને એ વાત તરંગી અને હાસ્યાસ્પદ લાગે છે.

આપણે નવું ઘર ચણાવતા હોઈએ ત્યારે પાયા પાસે જઈને સુથાર અને કડિયાની નકલ કરતા હોઈએ એમ ચેનચાળા નથી કરવા લાગતા. શિકારે જવા નીકળતાં પહેલાં આપણે બંદૂક લઈને નાચવા નથી મંડી જતા. પરંતુ આપણને મૂર્ખાઈભરી લાગતી વાતો આપણા પ્રાગૈતિહાસિક પૂર્વજોની દૃષ્ટિમાં ખૂબ ગંભીર બાબતો હતી.

રહસ્યમય ચિત્રોમાંના એકનો પાર આપણે હવે પામી ગયા છીએ. આપણને સમજાઈ ગયું છે કે નાચતા મનુષ્યની આકૃતિ દીવાલ ઉપર શા માટે દોરવામાં આવી છે.


પરંતુ ત્યાં તો એટલાં જ વિચિત્ર બીજાં ચિત્રો પણ હતાં.

યાદ કરો, ગુફામાં દાખલ થતાં જ આપણે એક આખી કહાણી હાડકાની તખતી ઉપર અંકિત થયેલી જોઈ હતી. એ ચિત્રમાં બાઇસનની લાશની બેઉ બાજુએ લોકો હારબંધ ઊભા હતા. ફક્ત બાઇસનના માથાને અને આગલા બે પગને જ કોઈ અડક્યું નહોતું.

એ ચિત્રનો અર્થ શું હશે?

એ પ્રશ્નનો જવાબ જોઈતો હોય તો આ વખતે આપણે ઉત્તર અમેરિકાને બદલે રશિયાના દૂર ઉત્તરના ભાગની સફર ખેડવી પડશે.

સાઇબિરિયામાં એવાં સ્થળો છે કે જ્યાં ફક્ત ત્રીસ કે ચાળીસ વર્ષો પહેલાં શિકારીઓ રીંછનો શિકાર કરી લીધા પછી 'રીંછ-ઉજાણી' ઊજવતા. રીંછની લાશને ઘરમાં લઈ જઈને માનભર્યા સ્થાને રાખવામાં આવતી. રીંછના માથાને એ લોકો આગલા બે પંજાની વચ્ચે રાખતા. પાંઉરોટીમાંથી કે બર્ચવૃક્ષની છાલમાંથી બનાવવામાં આવેલી સાબરની ઘણી આકૃતિઓ રાછના માથા પાસે મૂકવામાં આવતી. એ હતો રીંછને ધરાતો નૈવેદ્ય. રીંછના માથાને



જનાવરની ખાલ ઓઢીને અને જનાવરનાં મોઢાંનાં મહોરાં પહેરીને નાચતા નૃત્યકારો (ગુફાચિત્ર)

બર્ચવૃક્ષની છાલના ગૂંછળાં વડે શણગારવામાં આવતું અને તેની આંખો ઉપર ચાંદીના સિક્કા મૂકવામાં આવતા. પછી પ્રત્યેક શિકારી ઊભો થઈને રીંછના મોંના નાળચા ઉપર બચ્ચી ભરતો.

આ તો હતી મિજબાનીની ફક્ત શરૂઆત. પછી મિજબાની તો કેટલાય દિવસ, કે સાચી રીતે કહીએ તો કેટલીય રાત્રિઓ સુધી ચાલ્યા કરતી.

પ્રત્યેક રાતે શિકારીઓ લાશની આસપાસ એકઠા થઈને નાચગાનની ધૂમ મચાવતા. બર્ચવૃક્ષની છાલનાં કે લાકડાનાં મહોરાં મોઢે ચડાવીને રીંછની લાશ પાસે જતા, અને તેની સમક્ષ નીચા નમીને પછી નાચવાનું શરૂ કરતા. રીંછની કઢંગી ચાલનું અનુકરણ કરતા હોય એવા પ્રકારનો નાચ એ લોકો કરતા.

નાચગાનનો જલસો પૂરો થાય એટલે એ લોકો રીંછના માંસની મઝા માણવા બેસતા, પણ રીંછના માથાને કે આગલા બે પંજાને ક્યારેય કોઈ અડકતું નહિ.

હાડકાની તખતી ઉપર કોતરવામાં આવેલા ચિત્રનો અર્થ હવે આપણને સમજાયો. એ ચિત્ર હતું 'બાઈસનના માંસની મિજબાની'નું. ચિત્રમાં લોકો બાઈસનની આસપાસ એકઠા થઈને બાઈસન પ્રત્યે અહેસાનની લાગણી વ્યક્ત કરે છે કેમ કે બાઈસને પોતાનો પ્રાણ તજીને તેમને માંસ આપ્યું છે. લોકો બાઈસનને ફરી વાર પણ એવી જ ભલાઈ દેખાડવા પ્રાર્થના કરી રહ્યા છે.

આપણે વળી પાછા અમેરિકન ઈન્ડિયનોને ત્યાં જઈએ તો આપણને જાણવા મળશે કે એ લોકો પણ એવી મિજબાનીઓ ઊજવતા રહ્યા છે.

કવીચુઆન જાતિના શિકારીઓ સાબરને મારીને તેની લાશને પાછલા પગ પૂર્વ દિશામાં રહે એ રીતે ગોઠવે છે અને એક વાસણમાં ખાવાનું ભરીને તેના માથા પાસે રાખે છે. પછી દરેક શિકારી ઊભો થઈને વારાફરતી સાબરને માથાથી પૂંછડી સુધી પંપાળે છે અને મારી નાખવા દેવા માટે સાબર પ્રત્યે અહેસાન વ્યક્ત કરે છે.

મરેલા જનાવરને શિકારી કહે છે:

"તારો આત્મા શાંતિ પામો, મોટેરા ભાઈ!"

પછી ભૂવો ઊભો થઈને સાબરને સંબોધીને આખરી શબ્દો કહે છે:

"તેં અમને તારાં શાખાદાર શિંગડાં આપ્યાં છે એ માટે અમે તારા અહેસાનમંદ છીએ."

સાતમી કડી

અજાયબીઓ ત્યાં અપરંપાર...

રાજકુમાર ઈવાન અને રૂપવતી વાસીલીસાની પરીકથા, અગ્નિપંખી અને ખૂંધાળા ઘોડાની પરીકથા, તથા જેમાં જનાવરો સ્વરૂપ બદલીને માણસ બની જતા હોય અને માનવીઓ સ્વરૂપ બદલીને જનાવરો બની શકતા હોય એવી અનેક પરીકથાઓ બધાં જ રશિયન બાળકો જાણતાં હોય છે.

પરીકથાઓને સાચી માની લઈએ તો આખી દુનિયા દયાળુ અને નિર્દય તથા દૃશ્ય અને અદૃશ્ય રહસ્યમય જીવોથી ભરાઈ જાય. એવી કલ્પિત દુનિયામાં નિર્દય જાદુગરોની અને ભયંકર ડાકણોની મંત્રમોહિનીઓથી આપણે સતત ચેતતા રહેવું પડે.

વળી, આપણી પોતાની નજર ઉપર વિશ્વાસ રાખવાનું પણ મુશ્કેલ બની જાય. કોને ખબર, કોઈ અત્યંત કદરૂપો દેડકો ક્યારે એકાએક રૂપ બદલીને સુંદર કુમારિકા બની જાય, કે પછી કોઈ રૂપાળો યુવાન અચાનક જ બિહામણો સર્પ બની જાય. એ દુનિયામાં તો પ્રત્યેક વસ્તુ પોતાના જ નિર્ધારિત નિયમોને અનુસરે: મડદાં સજીવન થાય, કપાઈ ગયેલું માથું બોલવા માંડે અને જળમાં ડૂબી ગયેલા લોકો માછીમારોને પાણીમાં જવા લલચાવે.

પ્રખ્યાત રશિયન કવિ અલેકસાન્દર પૂશ્કિને પોતાની એક કવિતામાં નીચેની પંક્તિઓ લખી છે:

> અજાયબીઓ ત્યાં અપરંપાર, મારે પ્રેત લટાર
> વિરાજે જલસુંદરી આસને ડાળીઓના...

પરીકથા વાંચતી વખતે એ બધું માની લેવા આપણું મન તૈયાર હોય. પણ ચોપડી બંધ કરતાં જ આપણે પાછા આપણી વાસ્તવિક દુનિયામાં આવી જઈએ. આપણી એ સાચી દુનિયામાં જાદુગરોને અને ડાકણોને કોઈ સ્થાન નથી હોતું અને પ્રત્યેક વસ્તુના અસ્તિત્વ તથા સંયોગને સમજી શકાય એમ હોય છે. પરીકથા ગમે તેટલી મનમોહક હોય તો પણ એવી માયાવી દુનિયામાં રહેવાનું આપણને સાચેસાચ મન નહિ થાય. જ્યાં બુદ્ધિ પણ નિરુપાય થઈ જાય, જ્યાં માણસને ચમત્કારી વરુ કે ડાકણ સાથેની પહેલી જ ઝપાઝપીમાંથી જીવતા બચી જવા માટે સદ્ભાગ્ય લઈને



ન્યુ પોમેરાનિયામાં મંત્રવિધિનું નૃત્ય

જ જન્મવું પડે, એવી દુનિયામાં રહેવાનું મન આપણી દુનિયાના માનવીને સ્વાભાવિક રીતે ન જ થાય.

પરંતુ આપણા પ્રાગૈતિહાસિક પૂર્વજો તો માનતા કે દુનિયા ખરેખર પરીકથાઓ જેવી માયાવી જ છે. કલ્પિત માયાવી દુનિયા અને તેમની વાસ્તવિક દુનિયા વચ્ચે તેમને કોઈ ફરક ન દેખાતો. તેમની માન્યતા પ્રમાણે દુનિયામાં જે કંઈ બનતું તે બધું પૃથ્વી ઉપર શાસન કરતા ભલા કે દુષ્ટ પ્રેતાત્માઓની ઇચ્છા પ્રમાણે જ બનતું.

પથ્થરની ઠેસ ખાઈને પડી જઈએ ત્યારે આપણે આપણા પોતાના સિવાય કે આપણી બેદરકારી સિવાય બીજા કોઈને દોષ નથી દેતા.

પણ પ્રાગૈતિહાસિક મનુષ્યને તેમાં પોતાનો વાંક ન દેખાતો. તે તો તેના રસ્તામાં પથ્થર મૂકનાર દુષ્ટ પ્રેતાત્માને જ દોષિત ગણતો.

કોઈ માણસના શરીરમાં કટાર ભોંકીને તેને મારી નાખવામાં આવે તો આપણે કહીશું કે તેનું કટાર વડે ખૂન થયું છે.

પરંતુ પ્રાગૈતિહાસિક મનુષ્ય તો કહેશે કે કટાર મંતરેલી હતી એટલે જ એ માણસનું મૃત્યુ થયું.

કોઈની 'નજર લાગે' એટલે મંદવાડ આવે, કોઈ પણ કામનો આરંભ સોમવારે કરવાનું અશુભ છે, કાળી બિલાડી રસ્તે આડી ઊતરે તો દુર્ભાગ્યના ભોગ બનવું પડે, એવી એવી માન્યતાઓ ધરાવતા લોકો આજે પણ દુનિયામાં છે ખરા.

આપણે એવા લોકોને મૂર્ખ ગણીએ છીએ. આપણા સમય કે યુગમાં એવા વહેમોમાં માનવાને મુદ્દલ અવકાશ છે જ નહિ. શુભ અને અશુભ પ્રેતાત્માઓ વિશેની માન્યતાઓ અજ્ઞાનમાંથી ઉદ્ભવે છે. અને અજ્ઞાન તો અંધારા ખૂણાઓમાં બાઝતા કરોળિયાના જાળા જેવું છે.

ખેર, જાદુગરો અને દુષ્ટ પ્રેતાત્માઓમાં માન્યતા ધરાવનારા આપણા પૂર્વજોની આપણે હાંસી નહિ ઉડાવીએ. કુદરતના કોયડાઓના સાચા ઉકેલ મેળવવા માટે તેમની પાસે બહુ જ ઓછા જ્ઞાનની મૂડી હતી. એટલે કુદરતના નિયમોને સમજાવવાની એવી રીત તેઓએ અપનાવી હતી.

પ્રારંભિક અવસ્થાનું જીવન ગુજારતી ઑસ્ટ્રેલિયાની ઘણી જાતિઓ આજ સુધી એ જ કક્ષાએ રહી ગઈ છે.

એટલે જ એ જાતિઓમાં પાષાણયુગના વહેમો અને પૂર્વગ્રહો આજ સુધી જળવાઈ રહ્યા છે તેમાં આશ્ચર્ય જેવું કશું જ નથી.

વીશમી શતાબ્દીના આરંભ કાળમાં એક અન્વેષકે આ મુજબ લખ્યું છે:

"સમુદ્રકિનારાની મૂળ વસતિના લોકો નવી રીતે બંધાયેલા સઢવાળું વહાણ જોઈને કે પછી બીજી આગબોટો કરતાં વધારે ભૂંગળાં ધરાવતી આગબોટ નજરે પડતાં અત્યંત ઉત્તેજિત થઈ જાય છે. રેઈનકોટ, વિચિત્ર આકારની હૅટ, ડોલતી ખુરશી કે પછી પહેલાં ક્યારેય ન જોયેલું કોઈ નવું ઓજાર એ લોકોને અત્યંત શંકાશીલ બનાવે છે."

પહેલાં કદી જોવામાં ન આવેલી વસ્તુ જરૂર જાદુમંતર જોડે જ સંબંધિત હોય એવી દૃઢ માન્યતાને કારણે જ તેઓના મનમાં એવા સંદેહ ઊપજે છે.

અનુભવે તેઓને બતાવ્યું છે કે બધી વસ્તુઓ એક યા બીજી રીતે પરસ્પર સંકળાયેલી હોય છે. પણ એમ શા માટે હોય છે તેના અજ્ઞાનને કારણે એ લોકો અમુક વસ્તુઓની બીજી વસ્તુઓ ઉપરની જાદુઈ અસરમાં માનતા રહે છે.

એ લોકો માને છે કે તાવીજ પહેરો તો જ 'અશુભ નજર' લાગવાથી બચી શકાય. એ તાવીજનું રૂપ મગરના દાંતના હારનું પણ હોય કે હાથીની પૂંછડીને ટેરવે ઊગેલા વાળના બનેલા બાજૂબંધનું પણ હોય. તેઓની દૃષ્ટિમાં તાવીજ એટલે પહેરનારને સંકટથી બચાવનારો ચોકીદાર હોય છે.

પ્રાગૈતિહાસિક લોકોનું દુનિયા અને કુદરત વિશેનું જ્ઞાન આજ પર્યંત પ્રારંભિક અવસ્થામાં રહી ગયેલી એ જાતિઓ કરતાં જરાય વધારે નહોતું.


ઘણું કરીને એ લોકો પણ જાદુમંતર અને ભૂતપિશાચમાં માનતા હશે એમ લાગે છે. પુરાતત્ત્વ સંબંધી ઉત્ખનનનાં સ્થળોએથી શોધી કાઢવામાં આવેલાં તાવીજોમાં અને ગુફાઓમાં મળી આવેલાં જાદુમંતરનાં ચિત્રોમાં આપણને એ વાતની સાબિતીઓ જોવા મળે છે.

આપણા પૂર્વજોની દૃષ્ટિએ દુનિયા

કુદરતના નિયમોને જાણ્યા વગર દુનિયામાં રહેવાનું માણસ માટે અઘરું હતું. તેને નબળાઈનો અને લાચારીનો તથા તદ્દન અજાણ્યા બળોના સકંજામાં પૂરેપૂરો સપડાઈ ગયો હોવાનો અનુભવ થતો.



લેપ્લેન્ડર લોકો શિકારની સફળતા માટે પૂર્વજોની પ્રાર્થના કરે છે (સત્તરમી શતાબ્દીનું કોતરકામચિત્ર)



જાદુઈ છડીઓ: એસ્કિમો શિકારીનાં તાવીજો

ને એમ જ માનતો કે મરેલાઓના વેરીલા અને અવગતિયા જીવ ચોતરફ જીવિત લોકો ઉપર તૂટી પડવા તૈયાર ઊભા હોય છે. શિકારનો ભોગ બનેલું પ્રત્યેક જનાવર ગમે ત્યારે પાછું આવીને તેની હત્યા કરનારા શિકારી ઉપર વેર વાળે. એવા સંકટથી બચવા માટે માણસને હરદમ પ્રેતાત્માઓની પ્રાર્થના અને ખુશામત કરવી પડતી અને નૈવેદ્ય ધરાવીને તેઓને શાંત રાખવાના પ્રયાસો કરવા પડતા.

અજ્ઞાન ભયને જન્મ આપે છે.

મનુષ્ય પાસે જ્ઞાન નહોતું એટલે તેનામાં પૃથ્વીના સ્વામી તરીકે વર્તવાની શક્તિ નહોતી. તેની હાલત તો હતી કોઈ ભયભીત અધમ ભિખારી જેવી.

મનુષ્ય પોતાને કુદરતનો સ્વામી ગણી શકે એવો સમય આવવાને હજુ ઘણી વાર હતી. દુનિયાનાં બીજાં બધાં પ્રાણીઓ કરતાં તે હવે વધારે જોરાવર બન્યો હતો અને તેણે મૅમથ ઉપર પણ વિજય મેળવી લીધો હતો, એ વાત સાચી. પણ કુદરતની મહાન શક્તિઓ ઉપર કાબૂ મેળવવાનું જ્ઞાન તેની પાસે નહોતું અને એ શક્તિઓની તુલનામાં તો મનુષ્ય સાવ દુર્બળ જીવ હતો.

એક શિકાર નિષ્ફળ જતો તો અઠવાડિયાં સુધી તેને ભૂખે મરવું પડતું. એક હિમઝંઝાવાત આવે તો તેનો આખો પડાવ બરફ તળે દબાઈ જતો.

તો પછી ઝૂઝતા રહેવાની અને ધીરે ધીરે એક એક કદમે કુદરત ઉપર પ્રભુત્વ મેળવવાની દિશામાં આગળ વધવાની શક્તિ મનુષ્યને ક્યાંથી મળી?

પોતે એકલો નથી એ હકીકતના ભાનમાંથી તેને એ શક્તિ મળી.

આખા સમાજે, આખી જાતિએ, એક થઈને કુદરતના પ્રતિકૂળ બળોનો સામનો કર્યો અને જંગ ખેલ્યો. બધા મળીને કામ કરતા અને સહિયારા ઉદ્યમ દ્વારા તેઓએ જ્ઞાન અને અનુભવ હાંસલ કર્યાં.

એ સાચું કે આ બધા વિશે તેઓ પોતે ભાગ્યે જ સજાગ હતા. બીજી રીતે કહીએ તો તેઓ એ વાતને પોતાની રીતે જ સમજતા.



ગુફામાં મંત્રવિધિ રૂપે દોરવામાં આવેલું ભાલાઓથી વીંધાયેલા બાઈસનનું ચિત્ર

માનવસમાજ એટલે શું એ તેઓ નહોતા જાણતા. પણ પોતે પરસ્પર બંધાયેલા છે એ હકીકત પ્રત્યે તેઓ સજાગ હતા, અને તેઓને એ વાતનું પણ ભાન હતું કે એક જ કુળના બધા લોકો ભેગા મળીને હકીકતમાં તો કોઈ મહાન, અનેક હથિયારધારી એક જ યોદ્ધા જેવા બની જતા હતા.

બધાને એકસાથે બાંધી રાખનાર બંધન કયું હતું?

તેઓ બધા લોહીના બંધને બંધાયેલા હતા. લોકો વિશાળ પરિવારોમાં રહેતા: બાળકો પોતાની મા સાથે રહેતાં, અને મોટાં થઈને પોતે જ બાળકો પેદા કરે ત્યારે પણ પોતાનાં ભાઈ-બહેનો, કાકા-કાકીઓ તથા મા અને દાદીમા જોડે જ રહેવાનું ચાલુ રાખતાં.

એ રીતે કુટુંબ મોટું થતું ગયું.

પ્રાગૈતિહાસિક સમાજ એટલે શિકારીનો પોતાનો જ પરિવાર, એક જ પૂર્વજમાંથી ઊતરી આવેલો વંશવેલો. તેઓને મળેલી બધી વસ્તુઓ માટે લોકો પોતાને પૂર્વજોના ઋણી માનતા. પૂર્વજોએ તેમને શિકાર કરતાં અને ઓજારો બનાવતાં શીખવ્યું હતું, રહેવા માટે રહેઠાણો આપ્યાં હતાં અને અગ્નિના ઉપયોગનું જ્ઞાન આપ્યું હતું.

કામ કરીને અને શિકાર કરીને પોતે પૂર્વજોની ઇચ્છાઓ પૂરી કરે છે એમ લોકો સમજતા. પૂર્વજોની આજ્ઞાનું પાલન કરનાર માણસ સંકટ અને ભયથી સદા બચેલો રહેતો. પૂર્વજો તેઓના રોજિંદા જીવનના અદૃશ્ય ભાગ જેવા હતા. શિકારે જાય ત્યારે પૂર્વજોના આત્માઓ તેઓની સાથે રહેતા, અને રહેઠાણમાં પૂર્વજોના આત્માઓ સદા હાજર રહેતા. તેઓ સર્વદર્શી તથા સર્વજ્ઞ હતા. બૂરું કામ કરનારને સજા કરવાની અને સારું કામ કરનારને બદલો આપવાની શક્તિ તેઓ ધરાવતા.

એમ, પ્રાગૈતિહાસિક મનુષ્યના મનમાં સૌના ફાયદા માટે કરાતા સહિયારા ઉદ્યમનો અર્થ સૌના એક જ પૂર્વજની ઇચ્છાની પૂર્તિ અને આજ્ઞાના પાલન સિવાય બીજો કશો જ નહોતો.

આજે આપણે સમજીએ છીએ તેમ પ્રાગૈતિહાસિક મનુષ્ય પોતાના શ્રમનું મહત્ત્વ નહોતો સમજી શકતો.

આપણે એમ સમજીએ છીએ કે પ્રાગૈતિહાસિક શિકારી બાઈસનને મારીને પોતાનું અને પોતાના પરિવારનું પેટ ભરતો. પણ એ તો એમ જ માનતો કે બાઈસન જ તેને ખવડાવે અને જીવડાવે છે. પ્રાચીન યુગની બચેલી અસર તળે આપણે ગાયને પાલનહાર ગણીએ છીએ અને ધરતીને 'ધરતીમાતા'

કહીએ છીએ. ગાયને દોહતી વખતે આપણે તેની પરવાનગી નથી માગતા. છતાં આપણે કહીએ છીએ કે આપણને ગાય દૂધ 'આપે છે.'


પ્રાગૈતિહાસિક શિકારીના 'પાલનહાર'નું રૂપ હતું જનાવરનું, પછી તે બાઇસન હોય, મૅમથ હોય કે સાબર હોય. શિકારી કદી એમ ન માનતો કે પોતે જનાવરને મારી નાખ્યું છે. એ તો એમ જ માનતો કે જનાવરે જ તેને સ્વેચ્છાએ માંસ અને ખાલ આપ્યાં છે. અમેરિકાની ઇન્ડિયન જાતિઓના લોકો એમ માનતા કે કોઈ પણ જનાવરને તેની ઇચ્છા વિરુદ્ધ મારી નાખવાનું શક્ય જ નથી. બાઇસન જ્યારે લોકોની જિંદગી માટે પોતાની જિંદગીનું બલિદાન આપવા તૈયાર થાય, તે જ્યારે સ્વેચ્છાએ હણાઈ જવા તૈયાર થાય, ત્યારે જ શિકારમાં તેને મારી નાખવાનું શક્ય બને.

એ રીતે લોકો બાઇસનને આખી જાતિના પાલનહાર અને રક્ષક તરીકે ગણતા. સાથે સાથે સૌના સામાન્ય એક પૂર્વજને પણ એ લોકો આખી જાતિના રક્ષક તરીકે ગણતા.

એ રીતે પ્રાગૈતિહાસિક લોકોના (તેઓ જે દુનિયામાં રહેતા એ દુનિયા વિશે તેઓને હજુ સાવ આછો જ ખ્યાલ હતો) મનમાં પૂર્વજ-રક્ષક અને જાતિને ખોરાક પૂરો પાડનાર પ્રાણી-રક્ષક પરસ્પર મળી જઈને એકરૂપ થઈ ગયા.

શિકારીઓ કહેતા: "અમે તો બાઇસનનાં બાળકો છીએ." અને તેઓ સાચેસાચ માનતા કે બાઇસન જ તેમનો પૂર્વજ છે. પ્રાગૈતિહાસિક કલાકાર બાઇસનનું ચિત્ર દોરીને બાઇસનના શરીર ઉપર ત્રણ તંબુ ચીતરતો ત્યારે એ આખા ચિત્રનો અર્થ હતો 'બાઇસનનાં બાળકોનો પડાવ'.

પોતાની રોજિંદી મહેનતમજૂરીમાં મનુષ્યને જનાવરો સાથે નિકટ સહચાર જાળવવો પડતો. પણ લોહીના સંબંધ સિવાય બીજો કોઈ સંબંધ તેની સમજમાં આવતો નહિ. કોઈ પણ પ્રકારના સહચારનો અર્થ જ એ કે બન્ને પક્ષો વચ્ચે કંઈ ને કંઈ સમાનતા હોય જ. કોઈ જનાવરને મારી



આ ઈન્ડિયનોનાં માથાંની ઉપર દોરવામાં આવેલાં ચિત્રો તેઓનાં કુલચિહ્નોનાં છે

નાખતો ત્યારે તે તેને મોટા ભાઈ તરીકે સંબોધીને તેની પાસે ક્ષમાયાચના કરતો. નૃત્યોમાં અને મંત્રવિધિઓમાં તે જનાવર-ભાઈનું અનુકરણ કરતો, તેની ખાલ ઓઢીને તેની હાલચાલની નકલ કરતો.

મનુષ્ય હજુ પોતાને 'હું' કહેતાં નહોતો શીખ્યો. તે પોતાને કુળના જ ભાગ રૂપે કે હથિયાર રૂપે ગણતો. પ્રત્યેક કુળને પોતાનું નામ કે પ્રતીક હતું. એ નામ કે પ્રતીક કુળના સૌ સભ્યોના સામાન્ય પૂર્વજ અને રક્ષક ગણાતા જનાવર ઉપરથી લેવાતું. એ રીતે એક કુળનું નામ 'બાઈસન' હોય, બીજાનું 'રીંછ' હોય, તો વળી ત્રીજાનું 'હરણ' હોય. કુળના સભ્યો એકબીજાને ખાતર પોતાનો જીવ આપવા તૈયાર રહેતા. કુળના રિવાજોને તેઓ રક્ષકની આજ્ઞા સમાન ગણતા, અને રક્ષકની આજ્ઞા એટલે કાયદો એમ મનાતું.

પૂર્વજો સાથે વાતચીત

ચાલો આપણે વળી પાછા પ્રાગૈતિહાસિક મનુષ્યની ગુફામાં જઈએ અને ચૂલા આગળ તેની પાસે જઈને બેસીએ અને તેની માન્યતાઓ તથા તેના રિવાજો વિશે તેને પૂછીએ.

તે પોતે જ આપણને કહી શકે કે આપણી ધારણાઓ સાચી છે કે ખોટી, તેણે આપણે માટે રાખી મૂકેલ ગુફાચિત્રો તથા સુશોભિત અસ્થિતાવીજોને આપણે સાચી રીતે સમજ્યા છીએ કે નહિ.

પણ આપણે ગુફાસ્વામીને બોલતો કેવી રીતે કરીશું?

ચૂલાની રાખને પવને હજારો વર્ષો પહેલાં ઉડાડી મૂકી છે. એક જમાનામાં આ ચૂલા પાસે બેસીને ચકમકનાં કે હાડકાનાં ઓજારો ઘડતા કે જનાવરોની ખાલમાંથી કપડાં સીવતા લોકોનાં હાડકાં તો ક્યારનાં ધૂળ થઈને માટીમાં ભળી ગયાં છે. સુકાઈને પીળી પડી ગયેલી ફોસિલમાનવખોપરી તો પુરાતત્ત્વવિદોને જમીનમાંથી કવચિત જ મળે છે.

આપણે ખોપરીને બોલતી કરી શકીએ ખરા?

આપણે ગુફાને ખોદી કાઢીને તેમાંથી ઓજારોની ચીપો અને ઓજારોના કટકા શોધી કાઢયા. એ ઓજારોને આધારે આપણે શોધી કાઢ્યું કે પ્રાગૈતિહાસિક મનુષ્ય કામ કેવી રીતે કરતો હતો.

પણ પ્રાગૈતિહાસિક મનુષ્યની વાણીની ચીપો અને કટકા આપણને ક્યાંથી મળે?

તેઓની વાણીના ખંડિત અવશેષોને આપણે આપણી પોતાની આધુનિક ભાષાઓમાંથી જ શોધી કાઢવા પડશે.

આ પ્રકારના ખોદકામ માટે આપણને પાવડાની જરૂર નહિ પડે કેમ કે આપણે જમીન ખોદવાની નથી પણ કોશનું મંથન કરવાનું છે. પ્રત્યેક ભાષામાં, પ્રત્યેક શબ્દાવલીમાં ભૂતકાળના અણમૂલ અંશ

જળવાઈ રહ્યા હોય છે. અને એ સ્વાભાવિક જ છે. સેંકડો અને હજારો પેઢીઓના અનુભવો આપણને આખરે તો આપણી ભાષાઓમાં ઊતરીને જ મળ્યા છે.

તમે કદાચ કહેશો: અભ્યાસ કરીને ભાષા વિશેની વાતો શોધી કાઢવા કરતાં વધારે સરળ બીજું શું હોય! ટેબલ પાસે બેસીને કોશનાં પાનાં ઊથલાવવા સિવાય બીજું તેમાં કરવાનું જ શું હોય વળી!

વાત તમે ધારો છો એટલી સાદી નથી.

પ્રાચીન શબ્દોની શોધમાં સંશોધકો આખી પૃથ્વીની સફર ખેડે છે, ઊંચા સીધા પર્વતો ચડે છે અને મહાસાગરો પાર કરે છે. ક્યારેક એવું બને છે કે ઊંચા પર્વતાની દીવાલોની પાછળ પોતાના નાનકડા સમાજમાં વસતા લોકોએ બીજી ભાષાઓમાંથી ક્યારના અદૃશ્ય થઈ ગયેલા પ્રાચીન શબ્દોને પોતાની ભાષામાં જાળવી રાખ્યા હોય.

પ્રત્યેક ભાષા માનવજાતિના લાંબા પંથમાં પડાવના સ્થળ જેવી છે. ઑસ્ટ્રેલિયા, આફ્રિકા અને અમેરિકાની શિકારી જાતિઓની ભાષાઓના પડાવોને આપણે લાંબા સમય પૂર્વે જ પાછળ રાખી દઈને આગળ વધી આવ્યા છીએ. આપણને તદ્દન ભુલાઈ ગયેલી પરિભાષાઓ અને અભિવ્યંજનાઓને ખોળી કાઢવા માટે સંશોધકો મહાસાગર પાર કરીને પોલીનેસિયાની સફર પણ ખેડે છે.

શબ્દોની અંતહીન શોધમાં તેઓ દક્ષિણના વેરાન રણોમાં અને ઉત્તરના ટુંડ્રપ્રદેશમાં દૂર દૂર સુધી રખડે છે.

જ્યારે અંગત મિલકતનું અસ્તિત્વ જ નહોતું, જ્યારે લોકો 'મારું ઘર' અને 'મારું કૂતરું' જેવાં શબ્દ-જોડકાંમાં વપરાતા 'મારું' શબ્દનો અર્થ જ નહોતા જાણતા એવા યુગમાંથી તેઓની ભાષામાં ઊતરી આવેલા શબ્દો સોવિયેત સંઘના દૂર ઉત્તરના પ્રદેશમાં વસતા લોકો આજે પણ વાપરે છે.

આપણે પ્રાચીન વાણીના અવશેષો શોધી કાઢવા હોય તો પુરાતત્ત્વવિદો જેમ પ્રાગૈતિહાસિક પડાવસ્થળોમાંથી રહેઠાણોના અને ઓજારોના અવશેષો ખોદી કાઢે છે તેમ આપણે પણ એવી ભાષાઓમાં ઊંડાં મંથન કરવાં પડશે.

પ્રત્યેક માણસ કોશ-પુરાતત્ત્વવિદ નથી બની શકતો. તેને માટે તો ખાસ પ્રકારની તાલીમની અને ખાસ પ્રકારના જ્ઞાનની જરૂર પડે છે. સંગ્રહસ્થાનમાં પ્રાચીન વસ્તુઓ પ્રદર્શિત થાય છે તેમ પ્રાચીન શબ્દો ભાષામાં પ્રદર્શિત કરવામાં નથી આવ્યા. શતાબ્દીઓ દરમિયાન શબ્દો અનેક વાર પરિવર્તન પામ્યા છે. શબ્દો એક ભાષામાંથી બીજી ભાષામાં સફર કરી ગયા છે, પરસ્પર મળીને એકરૂપ થયા છે, અને શબ્દોના અનુગો તથા પૂર્વગો બદલાયા છે. કેટલીક વાર તો કોઈ બળી ગયેલા જૂના વૃક્ષના મૂળિયાની જેમ જૂના શબ્દનું કેવળ મૂળ સિવાય બીજું કશું જ બાકી બચ્યું નથી હોતું. પણ કોઈ શબ્દ સૌપ્રથમ ક્યાંથી આવ્યો છે એ તો આપણે તેના મૂળ ઉપરથી જ જાણી શકીએ.

સહસ્ત્રો વર્ષો દરમિયાન શબ્દોનાં રૂપો બદલાઈ ગયાં છે એટલું જ નહિ, શબ્દોના અર્થ પણ બદલાઈ ગયા છે. ઘણી વાર શબ્દોને તેઓના મૂળ અર્થથી તદ્દન ભિન્ન નવા અર્થ આપી દેવામાં આવ્યા હોય છે.

આજે પણ એમ બનતું જ રહે છે. કોઈ નવી વસ્તુ શોધી કાઢવામાં કે ઉત્પન્ન કરવામાં આવે ત્યારે દરેક વખતે આપણે નવો શબ્દ નથી બનાવતા. ક્યારેક આપણે શોધખોળ કરીને કોઈ જૂનો શબ્દ ગોતી કાઢીએ છીએ અને જાણે કેમ એ શબ્દ લેબલ હોય તેમ તેને નવી વસ્તુ ઉપર ચોડી દઈએ છીએ.

અતીતના ગર્ભમાં આપણે જેમ ઊંડા ઊતરતા જઈએ તેમ આપણું કામ વધારે મુશ્કેલ બનતું જાય છે. શબ્દોના લુપ્ત થઈ ગયેલા પ્રાચીન અર્થ તો ભાષાવિજ્ઞાનના પ્રખર અભ્યાસીઓ જ શોધી કાઢી શકે.

પ્રાચીન વાણીના ખંડિત અવશેષ

એકેડેમિશિયન મેશ્ચાનીનોવ પોતાના લખાણમાં યુકાગિર લોકોની ભાષાના એક વિચિત્ર શબ્દનો ઉલ્લેખ કરે છે. ત્રણ શબ્દોના જોડાણથી બનેલો એ શબ્દ ગુજરાતીમાં આમ લખાય: 'માનવમૃગહત્યા'. શબ્દ લાંબો અને કઢંગો તો છે જ, પણ તેનો અર્થ સમજવાનું ઘણું વધારે અઘરું છે.


કોણે કોની હત્યા કરી? માનવે મૃગની હત્યા કરી, મૃગે માનવની હત્યા કરી, બન્નેએ મળીને ત્રીજા કોઈની હત્યા કરી, કે પછી કોઈ ત્રીજાએ બન્નેની હત્યા કરી?

પણ યુકાગિર જાતિનો માણસ એ શબ્દનો અર્થ બરાબર સમજે છે. તેને એમ કહેવું હોય કે "માનવે મૃગની હત્યા કરી" ત્યારે તે એ શબ્દ વાપરે છે.

એવો વિચિત્ર શબ્દ કેવી રીતે બન્યો હશે?

મનુષ્ય જ્યારે પોતાનો ઉલ્લેખ 'હું' તરીકે કરતાં હજુ નહોતો શીખ્યો, જ્યારે તેને હજુ એ વાતનું ભાન નહોતું થયું કે પોતે જ કામ કરે છે, પોતે જ શિકાર કરે છે, પોતે જ લપાતો છુપાતો હરણનો પીછો કરે છે અને તેને મારી નાખે છે, એ જમાનાની આ વાત છે. મનુષ્ય તો એમ જ માનતો કે હરણને મારનાર પોતે નહિ પણ તેનું આખું કુળ છે; તેનું કુળેય નહિ પણ દુનિયાની દરેક વસ્તુ ઉપર શાસન કરતી રહસ્યમય અજ્ઞાત શક્તિઓ છે. ઊંડા ભૂતકાળના અત્યંત દૂરના એ યુગમાં મનુષ્યે કુદરત ઉપર હજુ કાબૂ નહોતો જમાવ્યો અને એટલે તે અત્યંત શક્તિહીનતાનો અને અસહાયતાનો અનુભવ કરતો હતો.

કોઈ અજ્ઞાત શક્તિની ઈચ્છાને અનુસરીને 'માનવમૃગહત્યા' એક દિવસ સફળ થતી તો બીજે દિવસે મનુષ્યો નાસીપાસ થઈને ખાલી હાથે પડાવમાં પાછા ફરતા. સફળતા કે નિષ્ફળતાની જવાબદારીનો ઉલ્લેખ 'માનવમૃગહત્યા' શબ્દમાં નથી. અને પ્રાગૈતિહાસિક મનુષ્યને કેવી રીતે ખબર પડવાની હતી કે જવાબદારી કોની ગણાય—તેની પોતાની કે હરણની? તે તો એમ જ માનતો હતો ને કે હરણ તો તેને તેના અજ્ઞાત રક્ષક તરફથી, તેના અને હરણના બેઉના સામાન્ય પૂર્વજ તરફથી અપાતું હતું!



'માનવમૃગહત્યા' (પ્રાગૈતિહાસિક ચિત્ર)

ભાષાની ઉત્પત્તિની આપણી તલાશમાં આપણે જો મનુષ્યની વાણીના સૌથી ઉપરનાં પડોથી શરૂઆત કરીને આગળ વધતા જઈએ તો ઘણી વાર આપણને વાણીના અત્યંત પ્રાચીન અવશેષો મળી આવશે અને એ અવશેષો આપણને એવા સમયમાં દોરી જશે જ્યારે મનુષ્ય પોતાને રહસ્યમય શક્તિઓના હાથનું માત્ર સાધન જ સમજતો હતો.

ચુકચી લોકોની ભાષાનું એક વાક્ય આવું છે:

"દ્વારા માણસ માંસ આપે છે તેના કૂતરાને."

તમે જોઈ શકશો કે આખું વાક્ય ગરબડગોટાળા જેવું છે. આપણે આજે વિચારીએ છીએ એવી રીતે લોકો વિચારી નહોતા શકતા એવા જમાનામાં ઘણા લાંબા સમય પૂર્વે બાઝેલા વાણીના પડમાંથી અમે આ વાક્ય ખોદી કાઢ્યું છે.

"માણસ પોતાના કૂતરાને થોડુંક માંસ ખવડાવે છે," એમ કહેવાને બદલે એ લોકો કહે છે: "દ્વારા માણસ માંસ આપે છે તેના કૂતરાને".

તો પછી માણસ દ્વારા કોણ આપે છે?


મનુષ્યનો સાધન તરીકે ઉપયોગ કરતી રહસ્યમય શક્તિ.

ડકોટાની ઈન્ડિયન જાતિની ભાષામાં "હું ગૂંથું છું" એમ કહેવાને "મારા વડે ગૂંથાતું" એમ કહેવાય, જાણે કેમ ગૂંથનાર વ્યક્તિ ગૂંથવા માટે સોઈયાનો ઉપયોગ કરનાર ન હોય પણ પોતે જ ગૂંથવાના કામ માટે વપરાતો સોઈયો હોય.

પ્રાચીન વાણી પ્રકારોના અવશેષો બધી યુરોપિયન ભાષાઓમાં આજે પણ જોવા મળે છે.

ફ્રેંચ ભાષામાં «Il fait froid» "ટાઢ છે" એમ કહેવા માટે વપરાતા વાક્યના શબ્દે શબ્દનું ભાષાંતર કરવામાં આવે તો સાચેસાચ આવો અર્થ નીકળશે: "તે ટાઢ ઉત્પન્ન કરે છે."

ફરી વાર આપણને દુનિયા ઉપર શાસન કરતો રહસ્યમય 'તે' જોવા મળે છે.



ચાંચમાંથી વીજળી અને વાદળોના ગડગડાટ ઉત્પન્ન કરતું રહસ્યમય પક્ષી


પણ ઉદાહરણો માટે અમારે વિદેશી ભાષાઓમાં જ તપાસ કરવી પડે એવું નથી. પ્રાચીન વાણીના, અને એટલે પ્રાચીન વિચારપ્રકારોના જોઈએ તેથી વધારે ઉદાહરણો રશિયન ભાષામાં મોજૂદ છે.

દાખલા તરીકે અમે કહીએ છીએ: "તેને શરદી લાગી ગઈ," કે "તે બેવડ વળી ગયો." એવી કઈ શક્તિ છે જે માણસને શરદી લગાડી દે છે કે તેને બેવડ વાળી દે છે?

આપણે કોઈ પણ જાતની રહસ્યમય શક્તિઓમાં માનતા નથી એ ખરું, પણ એવી શક્તિઓમાં ઊંડી શ્રદ્ધા ધરાવનારા આપણા પ્રાગૈતિહાસિક પૂર્વજોની ભાષાઓના અવશેષો આપણી વાણીમાં જળવાઈ રહ્યા છે.

આમ ભાષાનાં પડોને ઉખેડતાં આપણને પ્રાગૈતિહાસિક લોકોના શબ્દો મળી આવે છે એટલું જ નહિ, તેઓના વિચારો પણ આપણને જોવા મળે છે. પ્રાગૈતિહાસિક મનુષ્ય વિચિત્ર અને રહસ્યમય દુનિયામાં વસતો. એ દુનિયામાં તે પોતે કદી પણ કામ કે શિકાર ન કરતો પણ કામ કરાવવા અને હરણની હત્યા કરાવવા કોઈ તેનો ઉપયોગ કરતું. એ દુનિયામાં જે કંઈ બને તે બધું અજ્ઞાત કોઈની ઈચ્છા અનુસાર જ બનતું.

પણ સમય વહેતો રહ્યો. મનુષ્ય જેમ જેમ અધિક શક્તિમાન બનતો ગયો તેમ તેમ આસપાસની દુનિયા વિશેની અને એ દુનિયામાં તેના પોતાના સ્થાન વિશેની તેની સમજણ પણ વધતી ગઈ.



મહાન પ્રેતાત્માના માનાર્થે જાદુઈ પ્રતીકો વડે રચવામાં આવેલું ગીત

તેની ભાષામાં 'હું' શબ્દે પ્રવેશ કર્યો અને તેની સાથે સાથે મનુષ્યનું પરિવર્તન કામ કરતી, સંઘર્ષ કરતી, વસ્તુઓ બનાવતી અને પોતાની ઇચ્છાને પરિપૂર્ણ કરવાની કુદરતને ફરજ પાડતી વ્યક્તિમાં થયું.

હવે આપણે "માનવમૃગહત્યા" એમ નથી કહેતા, પણ "માનવે મૃગની હત્યા કરી" એમ કહીએ છીએ અને છતાં કોઈ પણ ભાષા ઉપર ભૂતકાળની છાયા ક્યારેક ક્યારેક ફરકી જરૂર જાય છે. આપણે ઘણી વાર નથી કહેતા: "એમ બને જ નહિ," "એમ જ હોય," "દુર્ભાગ્યની વાત છે"?

આમ કે તેમ બને કે નહિ એ નક્કી કરનાર શક્તિ કઈ છે? સંજોગોને દુર્ભાગ્યના સંજોગો કોણ બનાવે છે?

નસીબ!

પરંતુ નસીબ તો પ્રાગૈતિહાસિક મનુષ્યને અત્યંત ભયભીત કરી મૂકનાર પેલું અજ્ઞાત 'કશુંક' જ છે.

આપણી ભાષાઓમાં 'નસીબ' શબ્દ હજુ પણ અસ્તિત્વ ધરાવે છે. પણ આપણે ખાતરીપૂર્વક કહી શકીએ એમ છીએ કે ભવિષ્યમાં એ શબ્દ આપણી ભાષાઓમાંથી અદૃશ્ય થઈ જ જવાનો.

ખેડૂત હૈયે સંપૂર્ણ આત્મવિશ્વાસ ધરીને ધરતી ખેડે છે. સારા કે નબળા પાકનો આધાર તેની પોતાની ઉપર છે એ વાતથી તે સજાગ છે.

વેરાન ધરતીને ફળદ્રુપ બનાવવામાં ઘણી જાતનાં કૃષિયંત્રો અને ખાતરો તેની સહાય કરે છે. વળી છોડવાઓના વિકાસનું યોગ્ય સંચાલન કરવામાં વિજ્ઞાન તેને મદદ કરે છે.

નાવિક સંપૂર્ણ આત્મવિશ્વાસ લઈને સાગર ખેડવા નીકળી પડે છે. ખાસ પ્રકારનાં સાધનો તેને અગાઉથી છીછરા પાણીની ચેતવણી આપે છે, અને દરિયે તોફાન આવવાનું હોય તો તેની ખબર તેને પહેલેથી જ આપે છે.

"તેનું નસીબ જ એવું હશે", "વિધાતાએ લખેલા લેખ પ્રમાણે જ થયું" એવા ઉદ્ગારો આપણને દિન પ્રતિદિન ઓછા ને ઓછા સાંભળવા મળે છે.

અજ્ઞાન ભયને જન્મ આપે છે. જ્ઞાન આત્મવિશ્વાસ પ્રેરે છે, તે મનુષ્યને કુદરતની ગુલામીમાંથી મુક્ત કરીને તેને કુદરતનો સ્વામી બનાવે છે.

આઠમી કડી

હિમનદીઓની પીછેહઠ

પ્રત્યેક વર્ષે બરફ ઓગળવા માંડે એટલે જ્યાં જુઓ ત્યાં, જંગલોમાં અને ખેતરોમાં, ગામની શેરીઓમાં અને રસ્તાને કિનારે આવેલી નાળીઓમાં, બધે જ ધસમસતાં અને ઊછળતાં પાણી વહાવતાં ઝરણાં, નાનકડી નદીઓ અને અનેક જળધોધ એકાએક અસ્તિત્વમાં આવે છે.

બાળકો ઘરમાં ગોંધાઈ ન રહેતાં જેમ ધસારાપૂર્વક બહાર ભાગી છૂટે છે તેમ એ બધા જળપ્રવાહો ગંદા બરફના જામેલા પડ નીચેથી જોશભેર ફૂટી નીકળે છે. એ ઝરણાં પથ્થરોની ઉપર અને રસ્તાઓની આરપાર વહેતાં આગળ ધસતાં જાય છે અને પોતાના ઉલ્લાસમય ખળખળ ધ્વનિથી હવાને ભરી દે છે. સૂર્યનો પ્રકાશ પામતા ઢોળાવો અને ખુલ્લાં ખેતરોમાંથી બરફ ઓગળીને અદૃશ્ય થઈ જાય છે, ખીણોમાં, ખાઈઓમાં અને દીવાલોની પાછળ છાંયાવાળા ખૂણાઓમાં સંતાઈ જાય છે. એવી સૂર્યના ઉષ્ણ કિરણોથી વંચિત રહેતી જગ્યાઓમાં બરફ ક્યારેક તો મે મહિના સુધી છુપાયેલો પડયો રહે છે.

કુદરત જાણે એક જ રાત્રિ દરમિયાન બદલાઈ જતી હોય એવું લાગે છે. નગ્ન ટેકરીઓને હરિયાળા ઘાસનાં વસ્ત્રોથી સજાવતાં અને વૃક્ષોની લૂખી ડાળીઓને પર્ણોથી ભરી દેતાં સૂર્યને ફક્ત થોડાક જ દિવસ લાગે છે.

દરેક વર્ષે શિયાળામાં સર્વત્ર છવાઈ ગયેલો બરફ વસંતના આગમન સાથે ઓગળવા લાગે ત્યારે આમ જ બને છે.

પરંતુ પ્રાગૈતિહાસિક યુગમાં દુનિયાને માથે સફેદ ટોપી હોય એવી રીતે છવાયેલું બરફનું અતિ વિશાળ આવરણ આખરે ઓગળવા લાગ્યું ત્યારે શું થયું?

ત્યારે બરફની નીચેથી નાનકડાં ઝરણાં કે લઘુ સરિતાઓને બદલે વિશાળ ઊંડી નદીઓ ધસી આવી. તેમાંની ઘણી નદીઓ તો આજના જમાનામાં પણ સમુદ્ર તરફ વહેતી રહે છે અને માર્ગમાં મળતાં નાનકડાં ઝરણાંના તથા નાનકડી નદીઓના પાણીને પોતાનામાં સમાવતી જાય છે.

એ હતી કુદરતની મહાન જાગર્તિ, ઉત્તરનાં મેદાનપ્રદેશોની નગ્ન ધરતીને વિશાળ વનોનાં વસ્ત્રોથી શણગારનાર મહાન વસંત ઋતુ.

પરંતુ વસંત એકીસમયે તો પૂરેપૂરી ખીલી ન ઊઠે. મે મહિનામાં પણ ક્યારેક સ્વચ્છ આકાશમાં પ્રકાશતા સૂર્યના પ્રકાશે હૂંફાળા બનાવેલા દિવસ પછી તરત જ એકાએક ઠંડો પવન ફુંકાવા લાગે છે, અને બીજે દિવસે સવારે ઊઠીએ ત્યારે ઘરોનાં છાપરાં બરફથી લદાયેલાં દેખાય છે. જાણે કેમ વસંતનું આગમન થયું જ ન હોય તેમ બહાર બધે સફેદ બરફ છવાયેલો હોય છે.

મહાન પ્રાગૈતિહાસિક વસંતમાં પણ એમ જ બન્યું. ટાઢ એકદમ અદૃશ્ય ન થઈ ગઈ. હિમનદીઓ પાછળ હઠતી હતી ખરી, પણ ધીમે ધીમે, જાણે કેમ તેઓ ઇચ્છાવિરુદ્ધ પાછળ ધકેલાતી ન હોય! જ્યાં જ્યાં શક્ય બન્યું ત્યાં ત્યાં હિમ નદીઓ સદીઓના ગાળા પર્યંત પોતાનાં સ્થાનોને વળગી રહી.



ટુંડ્રપ્રદેશમાં મનુષ્યના જીવનનિર્વાહનું એકમાત્ર સાધન રેઈનડીયર હતું

ક્યારેક તો હિમનદીઓ જરાક પાછળ ખસીને પછી જાણે પોતાની શક્તિ એકત્રિત કરતી હોય તેમ અટકી જતી, અને વળી પાછી આગળ વધતી. તેઓની સાથે સાથે ટુંડ્રપ્રદેશ પણ દક્ષિણ તરફ ખસતો ગયો અને સાથે પોતાના નિત્યના સાથી રેઈનડીયરને પણ લેતો ગયો.

મેદાનપ્રદેશોમાંથી ઘાસને હાંકી કાઢીને છોડીલો અને લીલ સર્વત્ર છવાઈ ગયાં. બાઈસન અને ઘોડા દક્ષિણની ઘાસવાળી ભૂમિમાં રહેવા ચાલ્યા ગયા.

ઉષ્મા અને ટાઢ વચ્ચેનું યુદ્ધ ઘણો લાંબો સમય ચાલ્યું પણ આખરે ઉષ્માનો વિજય થયો.

ઓગળતી હિમનદીઓની નીચેથી વિશાળ નદીઓ ધસમસતી વહેવા લાગી.

ધરતીને ઢાંકી દેતી બરફની ટોપી સંકોચાતી ગઈ અને તેમાં કરચલીઓ પડવા લાગી. બરફની સીમારેખા ઉત્તર તરફ દૂર ખસી અને તેની સાથે ટુંડ્રપ્રદેશ પણ ખસતો ગયો. જે ક્ષેત્રોમાં સર્વત્ર લીલ અને છોડીલો છવાયેલાં રહેતાં, અને જ્યાં નાનકડાં વળી ગયેલાં પાઈનવૃક્ષો છૂટાંછવાયાં ક્યાંક ક્યાંક જ નજરે ચડતાં એ ક્ષેત્રોમાં પાંચપાંચ ફૂટ વ્યાસનાં થડ ધરાવતાં પાઈનવૃક્ષોનાં વિશાળ વનો ઊગી નીકળ્યાં.

દરમિયાનમાં ગરમી દિવસે દિવસે વધતી ગઈ.

ઘેરા લીલા રંગના પાઈનવૃક્ષોના ઝુંડ વચ્ચેથી એસ્પન અને બર્ચ વૃક્ષોની ચળકતા લીલા રંગની ટોચો વધારે ને વધારે વાર બહાર નીકળી આવવા લાગી. તેમની પાછળ પહોળાં પાંદડાં ધરાવતા ઓક અને લાર્ચ વૃક્ષોનું મોટું લશ્કર પણ ઉત્તર તરફ આગળ વધી રહ્યું હતું.

'પાઈનયુગ'નું 'ઓકયુગ'માં પરિવર્તન થઈ ગયું. એક વનઈમારતને સ્થાને બીજી વનઈમારત રચાઈ ગઈ.

દરેક વનઈમારતને પોતાના જ નિવાસીઓ હોય છે.

ઉત્તર તરફ ખસતાં પર્ણધારક વનોની સાથે સાથે નાના છોડવા, ભૂછત્રો અને બેરિના છોડવાઓ, તથા એ વનોનો ખોરાક ખાઈને જીવતા પ્રાણીઓ પણ ઉત્તર તરફ ગયા. એ પ્રાણીઓમાં સૂવર, સાબર, બાઈસન તથા ભવ્ય શાખાદાર શિંગડાં ધરાવતાં લાલ હરણ પણ હતાં. મીઠી ચીજોનું શોખીન ભૂખરું રીંછ જંગલી મધની ગંધનો પીછો પકડતું પકડતું નાના છોડવાને પગ તળે કચરતું આગળ વધ્યું. સસલાની પાછળ પડતા વરુઓ જમીન ઉપર પડેલાં પાંદડાં અવાજ ન કરે એટલા માટે હલકે પગે આગળ વધ્યાં. વનનાં ઝરણાં ઉપર ગોળ મોઢું અને ટૂંકા પંજા ધરાવતા બીવરોએ પોતાના બંધ બાંધ્યા. અસંખ્ય પંખીઓએ પોતાના ગીતના સૂરોથી જંગલનું વાતાવરણ ગુંજવી દીધું, અને વનનાં સરોવરોને કિનારેથી રાજહંસના તથા બતકના અવાજો સંભળાવા લાગ્યા.

બરફના કેદીઓ

કુદરતમાં આવાં મહાન પરિવર્તનો આવી રહ્યાં હતાં ત્યારે સ્વાભાવિક રીતે જ મનુષ્ય પ્રેક્ષક તરીકે બાજુએ ઊભો ન રહ્યો. નાટયગૃહમાં બદલાતાં દૃશ્યોની જેમ તેની આસપાસ પ્રત્યેક વસ્તુ બદલાઈ રહી હતી. પરંતુ નાટકથી ભિન્ન, કુદરતમાં તો પ્રત્યેક અંક પૂરો થતાં હજારો વર્ષ લાગતાં હતાં, અને રંગભૂમિ કરોડો ચોરસ માઈલના વિસ્તારમાં પથરાયેલી હતી.

સમગ્ર દુનિયાને આવરી લેતું એ દૃશ્ય જોવા મનુષ્ય કંઈ પ્રેક્ષકગણમાં નહોતો બેઠો, મનુષ્ય તો રંગભૂમિ ઉપર અભિનય કરતા અદાકારોમાંનો એક અદાકાર હતો.

જ્યારે જ્યારે રંગભૂમિ ઉપર દૃશ્ય બદલાતું ત્યારે મનુષ્યને પોતાનું જીવન ટકાવી રાખવા માટે જિંદગીની રીત બદલવી પડતી.

ટુંડ્રપ્રદેશ દક્ષિણ તરફ ખસવા લાગ્યો ત્યારે પોતાની સાથે રેઈનડીયરને લેતો ગયો, જાણે કેમ તેમાં વસતાં પ્રાણીઓ તેના ગુલામ હોય અને તેની સાથે સાંકળ દ્વારા સંકળાયેલાં હોય. એ અદૃશ્ય સાંકળને એક છેડે હતું રેઈનડીયર અને બીજે છેડે હતી ટુંડ્રપ્રદેશની લીલ અને છડીલા જેવી વનસ્પતિઓ.

રેઇનડીયર ટુંડ્રપ્રદેશમાં રખડતું રહેતું અને લીલ તથા છડીલો ચરતું રહેતું. અને મનુષ્ય તેનો પીછો કરતો કરતો તે જ્યાં જતું ત્યાં જતો.

ખુલ્લાં મેદાનોમાં મનુષ્ય બાઇસનનો અને ઘોડાનો શિકાર કરતો. ટુંડ્રપ્રદેશમાં તેને રેઇનડીયરનો શિકાર કરવો પડતો.

ટુંડ્રપ્રદેશમાં શિકાર માટે રેઇનડીયર સિવાય બીજું મળે પણ શું?

મૅમથનો તો સંપૂર્ણ નાશ થઈ ગયો હતો. મનુષ્યે મૅમથને હજારોની સંખ્યામાં મારી નાખીને પ્રાણીની એ જાતિ જ નષ્ટ કરી નાખી હતી, અને પોતાનાં રહેઠાણસ્થળો પાસે મૅમથનાં હાડકાંના ડુંગરા ખડકી દીધા હતા. તેણે ખોરાક માટે ઘોડાનાં મોટાં મોટાં ટોળાંને મારી નાખ્યાં હતાં. મેદાનોમાં હરિયાળા ઘાસનું સ્થાન સૂકા છડીલાએ લઈ લીધું ત્યારે બચી ગયેલા ઘોડા દક્ષિણ તરફ દૂર ચાલ્યા ગયાં.


એ રીતે ટુંડ્રપ્રદેશમાં મનુષ્યને ખોરાક પૂરો પાડવા માટે ફક્ત રેઇનડીયર જ બચ્યું. મનુષ્ય મૃગમાંસ ખાતો, મૃગચર્મનાં કપડાં પહેરતો અને ભાલા તથા કાંટાદાર બરછીઓ બનાવવા રેઇનડીયરનાં શાખાદાર શિંગડાંનો ઉપયોગ કરતો. એમ મનુષ્યને પોતાની સમગ્ર જીવનપદ્ધતિ રેઇનડીયરને આધારે રચવી પડતી.

રેઇનડીયરનાં ટોળાં જ્યાં જતાં ત્યાં મનુષ્ય તેની પાછળ જતો. મનુષ્યોનું કોઈ કુળ પડાવ નાખવાનું નક્કી કરે એટલે તરત જ સ્ત્રીઓ તંબુઓ ખોડીને ઉપર ખાલ ઢાંકી દેતી. એ લોકો જાણતા કે ઝાઝો વખત એક જ જગ્યાએ રહેવા નહિ મળે. મચ્છરોનાં વાદળો આવી ચડે ત્યારે રેઇનડીયરનાં ટોળાં નવા ચરાની શોધમાં નીકળી પડતાં. લોકોને પણ ઉચાળા ભરીને તેમની પાછળ ચાલી નીકળ્યા સિવાય બીજો ઉપાય ન રહેતો. સ્ત્રીઓ તંબુ છોડીને પોતાની પીઠે લાદી લેતી અને થાકતી હાંફતી ટુંડ્રપ્રદેશમાં સફર ખેડતી. પુરુષો હાથમાં ભાલા કે કાંટાદાર બરછી સિવાય બીજું કશું ન ઉપાડતા, એટલે થાક્યા વગર ચપળતાથી સ્ત્રીઓની પડખે ચાલતા. ઘરવહીવટની બાબતો વિશે ચિંતા કરવાનું કામ પુરુષનું નહોતું.

પણ પછી ટુંડ્રપ્રદેશ ઉત્તર તરફ પાછળ ખસવા લાગ્યો અને રેઇનડીયર પણ તેની સાથે જ ગયું. ટુંડ્રપ્રદેશને સ્થાને પાર ન કરી શકાય એવાં ગાઢ વન ઊગી આવ્યાં.

એ વખતે પ્રાગૈતિહાસિક માનવકુળોનું શું થયું?

કેટલાંક શિકારી કુળ રેઇનડીયરની પાછળ પાછળ ઉત્તર તરફ ચાલ્યાં અને ઉત્તરધ્રુવપ્રદેશમાં



ચકમકની કુહાડી માટે લાકડાનો હાથો

જઈ પહોંચ્યાં. ત્યાર સુધીમાં મનુષ્ય ઉત્તરની આબોહવાથી ટેવાઈ ગયેલો હોવાથી તેને માટે એ જ સૌથી સરળ માર્ગ હતો. હિમયુગની આકરી ટાઢ હજારો વર્ષો સુધી ચાલી હતી. એ હજારો વર્ષોના ગાળામાં મનુષ્યે ટાઢ વિરુદ્ધ લડતાં અને જનાવરોની હૂંફાળી રુવાંટીમાંથી કપડાં બનાવતાં શીખી લીધું હતું. બહાર જેમ વધારે ટાઢ પડે તેમ ભોંયરા જેવા રહેઠાણની અંદર ચૂલામાં આગ વધારે તેજ બળતી.

પાછળ રહી જવા કરતાં ઉત્તરધ્રુવપ્રદેશ તરફ ઉચાળા ભરી જવાનું અધિક સરળ હતું. પરંતુ ઓછું કષ્ટ પડે એવો ઉપાય હંમેશાં ઉત્તમ ઉપાય નથી હોતો. મનુષ્યજાતિનો જે ભાગ સરળ માર્ગ અપનાવીને ઉત્તરધ્રુવ તરફ ચાલ્યો ગયો તે અંતે તો ખોટમાં જ રહ્યો. એ ભાગને માટે હિમયુગનો કાળ હજારો વર્ષ અધિક લંબાયો. ગ્રીનલૅંડના એસ્કિમો લોકો આજે પણ આકરી તેમ જ દયાહીન કુદરત વિરુદ્ધ અંતહીન લડાઈ લડતા રહેતા બરફ અને હિમમાં જ જીવન ગાળે છે.

પાછળ રહી ગયેલાં માનવકુળોની હાલત તદ્દન ભિન્ન હતી. ઝડપથી ઊગતાં જતાં વનોમાં એ લોકોનું જીવન પહેલાં તો વધારે કઠિન બન્યું. પરંતુ હજારો વર્ષો સુધી જે બરફની કેદમાં તેઓના પૂર્વજો સપડાયેલા રહ્યા હતા તે કેદમાંથી મુક્તિ મેળવવામાં એ લોકો આખરે સફળ થયા.

જંગલો વિરુદ્ધ જંગ ખેલતો મનુષ્ય

પહેલાં ટુંડ્રપ્રદેશ હતો ત્યાં ઊગી નીકળતાં જંગલો આપણાં આજનાં જંગલો જેવાં બિલકુલ નહોતાં. એ જંગલો તો હતાં વિશાળ વૃક્ષો અને અસંખ્ય નાના છોડવાઓ દ્વારા હજારો માઈલોના વિસ્તાર ઉપર રચાઈ ગયેલી નક્કર અભેદ્ય દીવાલ જેવાં જંગલો. એ જંગલો નદીઓ તથા સરોવરોના છેક કિનારા સુધી પહોંચી જતાં અને કેટલેક સ્થળોએ તો છેક સમુદ્રના કિનારા સુધી ફેલાઈ ગયાં હતાં.

એવી વિચિત્ર નવી દુનિયામાં પ્રાગૈતિહાસિક મનુષ્યનું જીવન આસાન નહોતું.

પોતાના રુક્ષ પંજાઓ વડે જંગલ તેને ગૂંગળાવી મારતું હતું અને તેને હલવાચલવાની જગ્યા કે શ્વાસોચ્છવાસનો અવકાશ નહોતું આપતું. તેને જંગલની વિરુદ્ધ સતત જંગ ખેલતા રહેવું પડતું અને સાફ તથા ખુલ્લી જગ્યાના ટુકડા રચવા માટે ઝાડ કાપતા રહેવું પડતું.

ઘાસનાં ખુલ્લાં મેદાનોમાં કે ટુંડ્રપ્રદેશમાં પડાવ નાખવા માટે સારી જગ્યા શોધી કાઢવામાં મનુષ્યને જરાય તકલીફ નહોતી પડતી. ત્યાં તો બધે જગ્યા જ જગ્યા હતી. પરંતુ જંગલમાં તો તેને ખુલ્લી જગ્યાનો ટુકડો કુદરત પાસેથી ઝૂંટવી લેવો પડતો.

ત્યાં તો પ્રત્યેક તસુ જમીન વૃક્ષોથી અને ઘીચોઘીચ ઊગેલા નાના છોડવાઓથી છવાયેલી હતી. દુશ્મનના ગઢ ઉપર જેમ હુમલો કરવો પડે તેમ જ તેને જંગલની ઉપર હુમલો કરવો પડયો.

પરંતુ હથિયાર વિના તો કોઈ ન લડી શકે.

ઝાડ કાપી નાખવાં હોય તો તેને કુહાડી તો જોઈએ જ.



ચકમકની આ કુહાડીમાં લાકડાનો હાથો ભરાવવા માટે
કાણું પાડવામાં આવ્યું છે

એટલે તેણે ત્રિકોણ આકારના વજનદાર ચકમકપથ્થરમાં લાકડાનો લાંબો હાથો ભરાવીને કુહાડી બનાવી.

જ્યાં પહેલાં ફક્ત કાષ્ઠકૂટ ઝાડવાં ખોદતો રહેતો ત્યાં જંગલોમાં હવે એક નવા અવાજનો રણકાર ગુંજી રહ્યો. એ નવો રણકાર સાંભળીને પશુપંખી ભયભીત થઈ ગયાં. એ નવો રણકાર હતો તોડી પડાતાં પ્રથમ વૃક્ષો ઉપર પડતા પ્રથમ કુહાડીઓના ઘાનો.

ધારદાર પથ્થર વૃક્ષની કાયામાં ઊંડો વ્રણ કરતો. વ્રણમાંથી ઘટ્ટ રસ ટપકતો. તૂટીને કઠિયારાના પગ પાસે પડતું વૃક્ષ કષ્ટાતું અને ઊંહકારા ભરતું.

દિવસ પછી દિવસ, લોકો ખંતથી કામ કરતા રહ્યા, ઊંડી ધીરજ ધરીને એક પછી એક ઝાડ કાપતા ગયા, અને જંગલની દુનિયામાં પોતાનું સ્થાન રચતા ગયા.

ખુલ્લી જગ્યા તૈયાર થઈ જાય એટલે લોકો ઝાડના ખાંપાને તથા નાના છોડવાઓને બાળી નાખીને ભૂમિને સપાટ કરતા.

એ રીતે લોકો જંગલ વિરુદ્ધ લડયા અને વિજયી થયા. વિજય પામ્યા પછી પણ તેઓએ શત્રુને જંપ લેવા ન દીધો.

પાડી નાખેલા ઝાડની ડાળીઓ કાપી નાખ્યા પછી લોકો થડના એક છેડાને અણિદાર બનાવતા અને ઉપરથી પથ્થરના હથોડાના ઘા મારીને અણિવાળા છેડાને જમીનમાં ખોડતા. એક થડની બાજુમાં બીજું, પછી ત્રીજું અને ચોથું, એમ હારબંધ એક પછી એક થડ ખોડાતું જતું, અને થોડી વારમાં દીવાલ રચાઈ જતી. ડાળીઓને થાંભલાઓની વચ્ચે વણીને લોકો દીવાલને મજબૂત બનાવતા અને એ રીતે થોડા સમયમાં જંગલની વચ્ચે નાનકડા જંગલ જેવી જ દેખાતી લાકડાની મઢૂલી બની જતી. દીવાલ બની ગયેલા થાંભલા હતા તો વૃક્ષોનાં ડાળીઓ વડે વણાયેલાં થડો જ. પણ હવે તે કોઈ પણ દિશામાં ઊગીને વૃદ્ધિ પામી શકે તેમ નહોતાં. એ થડો મનુષ્યે તેઓને જે રીતે ખોડયાં હતાં એ રીતે જ મક્કમ ખડાં રહેતાં.

જંગલની દુનિયામાં પોતાનું સ્થાન મેળવવાનું પ્રાગૈતિહાસિક મનુષ્ય માટે જેટલું કઠિન હતું, એથીયે વધારે કઠિન તેને માટે ત્યાં પોતાનો ખોરાક મેળવવાનું હતું.

ખુલ્લાં મેદાનોમાં રહેતો ત્યારે તે ટોળાંમાં રખડતાં જનાવરોનો શિકાર કરી લેતો. જનાવરના ટોળાને ગોતી કાઢવાનું ત્યાં ખૂબ સહેલું હતું, કેમ કે કોઈ એક નાનકડી ટેકરી ઉપર ચડીને મનુષ્ય ચારે તરફ દૂર દૂર સુધી નજર ફેંકી શકતો.

પણ જંગલની વાત તદ્દન જુદી હતી. જંગલની ઈમારત નિવાસીઓથી ખીચોખીચ ભરેલી હતી એ સાચું, પણ તેમાંથી એક પણ નિવાસી નજરે નહોતો ચડતો. ઈમારતના બધા મજલા તેઓના અવાજથી, ખણખણાટથી કે ચીંચીંથી ગુંજતા રહેતા, પણ તેઓને શોધીને પકડી પાડવાનું કામ મુશ્કેલ હતું.

નીચે પગની પાસે કંઈક ખસતું હોય એવો સરસર અવાજ થતો કે ઉપર કશુંક ઊડી જતું અને નીચલાં પાંદડાંને આગળપાછળ ડોલાવતું.

પ્રાગૈતિહાસિક મનુષ્ય એ બધા અવાજોને અને એ બધી ગંધોને નોખી નોખી કેવી રીતે તારવે? ચોપાસ ફેલાયેલી વૃક્ષસૃષ્ટિમાંથી પશુપંખીઓના વસવાટવાળાં આશાસ્પદ ખોરાકસ્થળો તે કેવી રીતે શોધી કાઢે?

જંગલનું દરેક પંખી કે પશુ પોતાનો જ આગવો રક્ષણાત્મક રંગ ધરાવતું હતું. પંખીઓનાં પીંછાંનો રંગ ઝાડના ટપકાંદાર થડના રંગને મળતો આવતો હતો. જંગલના આછા અંધારામાં પશુઓની રુવાંટીનો લાલાશ પડતો ભૂખરો રંગ કરમાઈ ગયેલાં પાંદડાંના રંગ જેવો જ લાગતો.

જનાવરની ભાળ કાઢીને તેને આંબી જવાનું કામ તો મુશ્કેલ હતું જ. પરંતુ પાસે પહોંચ્યા પછી જનાવરની ઉપર પોતાનું હથિયાર ફેંકવાનો ફક્ત એક જ મોકો મનુષ્યને મળતો. તેને અચૂક નિશાન લેવું પડતું. પહેલો ઘા ખાલી જાય તો જનાવર છોડવાઓમાં એકદમ અદૃશ્ય થઈ જતું.

બરછીનું સ્થાન ઝડપથી ઊડતા અને અચૂક નિશાન વીંધતા તીરને આપવાની જરૂર પ્રાગૈતિહાસિક શિકારીને એ જમાનામાં પડી. હાથમાં કામઠું લઈને અને ખભે તીરનો ભાથો લટકાવીને તે ઘીચ ઝાડીમાં પોતાનો માર્ગ કરતો આગળ વધતો અને જંગલી સૂવરોને શોધી કાઢીને શિકાર કરતો, તથા પાણીવાળી જગ્યાઓમાંથી બતક અને હંસલાં મારી લાવતો.

મનુષ્યનો ચોપગો મિત્ર

પ્રત્યેક શિકારીને એક વફાદાર મિત્ર હતો. એ મિત્રને ચાર પંજા હતા, લાંબા સુંવાળા કાન હતા અને કાળું જિજ્ઞાસુ મોં હતું.

શિકાર દરમિયાન એ ચોપગો મિત્ર તેને શિકાર શોધવામાં મદદ કરતો. જમવાના સમયે એ મિત્ર માલિકની નજીક બેસીને તેની આંખમાં આંખ પરોવતો, જાણે કહેતો હોય: “મારો ભાગ ક્યાં?”

એ જ ચોપગો મિત્ર હજારો વર્ષોથી મનુષ્યની સેવા કરતો આવ્યો છે. ભૂતકાળના એ દૂરના જમાનામાં મનુષ્ય જ્યારે તીરકામઠું લઈને શિકાર કરતો ત્યારે તેણે કૂતરાને પાળવાની શરૂઆત કરી.

યેનિસેઇ નદીને કાંઠે અફોન્તોવા પર્વત ઉપર ઉત્ખનન કરતા સોવિયેત પુરાતત્ત્વવિદોને પ્રાગૈતિહાસિક શિકારીઓના પડાવના સ્થળમાં કૂતરાનાં હાડકાં મળી આવ્યાં. હાડકાં વરુને મળતા આવતા જનાવરનાં હતાં, પણ એક અપવાદ સિવાય. એ જનાવરનું મોંનું નાળચું વરુના મોંના નાળચાં કરતાં ઘણું ટૂંકું હતું.

પ્રાગૈતિહાસિક મનુષ્યનો કૂતરો ઘણું કરીને તેના રહેઠાણની ચોકી કરતો અને તેને શિકારમાં મદદ કરતો. જંગલના પ્રારંભિક રહેઠાણોમાં રસોડા પાસે કચરો ફેંકવાની જગ્યા રખાતી. વૈજ્ઞાનિકોને એવી જગ્યાઓમાંથી કૂતરાના દાંતનાં નિશાનોવાળાં હાડકાં મળી આવ્યાં છે. એ ઉપરથી આપણને જાણવા મળે છે કે એ જમાનામાં પણ ભોજનના સમયે કૂતરો માલિકની નજીક બેસીને હાડકું માગતો.

કૂતરો નકામો હોય તો કોઈ માણસ તેને રાખે નહિ કે ખાવાનું આપે નહિ.


પ્રાગૈતિહાસિક મનુષ્ય કૂતરાને એ નાનું ગલૂડિયું હોય ત્યારથી જ પાળતો અને જંગલમાં શિકારના જનાવરને પકડી પાડીને શિકારીને મદદગાર થવાનું શીખવતો.

મદદગારની પસંદગીમાં મનુષ્યે ભૂલ નહોતી કરી. સૂવરનાં પગલાંનાં એંધાણ તેની નજરે પડે કે સાબરનાં પગલાંનો અવાજ તેને સંભળાય તેથી ઘણી વાર પહેલાં જ તેના કૂતરાનું શરીર અક્કડ થઈ જતું અને હવામાંથી ગંધ પારખવા તે પોતાનું નાક ઊંચું કરતો.

છોડવામાંથી શેની ગંધ આવી રહી છે? અહીંથી હમણાં કોણ નીકળ્યું છે? શિકારના જનાવરની દિશા નક્કી કરવા માટે કૂતરાને બે કે ત્રણ વાર સૂંઘવું પૂરતું થઈ પડતું. પછી કૂતરાને ન તો કંઈ સંભળાતું કે ન કંઈ દેખાતું. તે તો જનાવરને પકડી પાડવાની પોતાની મુખ્ય ફરજમાં તદ્દન લીન થઈ જતો, અને જંગલમાં માર્ગ કરતો હળવે પગે પણ ઝડપથી દોડતો રહેતો. તેના માલિકને તો ફક્ત તેનો સાથ જ જાળવી રાખવો પડતો.

કૂતરો પાળીને મનુષ્ય વધારે શક્તિમાન બન્યો. પોતાના કરતાં ઘણી વધારે તીવ્ર એવી કૂતરાની ઘ્રાણેંદ્રિયને તેણે પોતાને કામે લગાડી.

મનુષ્યે કૂતરાના નાકને જ નહિ, તેના બીજા અવયવોને પણ પોતાને કામે લગાડયા. ગાડે ઘોડા



કૂતરાગાડી (કોર્યાક ચિત્ર)

જોડવાનું શીખ્યો તેથી બહુ જ પહેલાં તે પોતાના સરસામાનનો અને પોતાના કુટુંબનો ભાર ખેંચવા કૂતરાઓનો ઉપયોગ કરતો.

સાઈબિરિયામાં ખોદી કાઢવામાં આવેલા પ્રાગૈતિહાસિક શિકારીઓના એક પડાવસ્થળમાંથી કૂતરાના અવશેષોની બાજુમાં જ જૈતરના અવશેષો પણ મળી આવ્યા છે.

એટલે કૂતરા મનુષ્યને શિકારમાં મદદ કરતા એટલું જ નહિ, તેઓ મનુષ્યનું સવારીનું વાહન પણ ખેંચતા.

મનુષ્યના ઉત્તમ મિત્ર સાથે આપણે પહેલી વાર આ રીતે પરિચિત થયા.

પર્વતોમાં મુસાફરોના પ્રાણ બચાવનાર, રણભૂમિમાંથી ઘાયલ સૈનિકોને સલામત સ્થળે પહોંચાડનાર, અને ઘરની તેમ જ દેશની સીમાઓનું રક્ષણ કરનાર એ બુદ્ધિશાળી પ્રાણી વિશે કેટલી બધી સત્ય કથાઓ લખાઈ છે! ઘરમાં, શિકારમાં, લડાઈમાં અને સંશોધન-પ્રયોગશાળાઓમાં કૂતરા આપણા વફાદાર સેવકોનું કામ કરે છે.

વિજ્ઞાનના હિતાર્થે અને માનવજાતિના ભલા માટે વૈજ્ઞાનિકો જ્યારે કૂતરાને શસ્ત્રક્રિયા માટે તૈયાર કરીને ટેબલ પર સુવડાવે ત્યારે પોતાના માલિક માટે પોતાના પ્રાણનું બલિદાન આપવાની તૈયારી વ્યક્ત કરતી આંખો વડે કૂતરો સંપૂર્ણ વિશ્વાસથી વૈજ્ઞાનિક ઉપર નજર માંડે છે.

લેનિનગ્રાદ નજીક પાવ્લોવો નગરમાં વૈજ્ઞાનિકો જ્યાં મગજના કાર્ય વિશે અભ્યાસ કરે છે એ પ્રયોગશાળાની સામે એક વિશાળ સ્મારક છે.

એ સ્મારક આપણા વફાદાર ચોપગા મિત્રના માનાર્થે બાંધવામાં આવ્યું છે.

મનુષ્યનો નદીને પડકાર

બધા જ પ્રાગૈતિહાસિક લોકો જંગલમાં નહોતા વસ્યા. કેટલાક ગાઢ જંગલને તજીને નદીતટે કે સરોવરકિનારે જઈ વસ્યા.

વહેતા પાણી અને જંગલની કોર વચ્ચે આવેલી જમીનની સાંકડી પટ્ટીમાં તે લોકોએ પોતાની લાકડાની મઢૂલીઓ બાંધી.

જંગલની સરખામણીમાં નદીને કિનારે જગ્યા વધારે હતી એ ખરું, પણ ત્યાં રહેવામાંયે મનુષ્યને એટલી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડયો.

નદી એટલે અત્યંત ચંચળ પાડોશી. વસંતમાં નદીમાં પાણી ઊભરાતાં, અને બેઉ કાંઠાની ઉપર ફરી વળતા પૂર બરફના તરતા ઢગલા તથા ઝાડનાં સંકોચાઈ ગયેલાં થડોની સાથે સાથે મનુષ્યોએ બાંધેલાં ઝૂંપડાંને પણ તાણી જતાં. જળરેલથી બચવા લોકો નજીકનાં વૃક્ષો ઉપર ચડી જતા અને ક્રોધિત સરિતાનો રોષ શમે તેની રાહ જોતા ત્યાં જ બેસી રહેતા. પૂર ઊતરી જાય અને નદી પાછી

બે કાંઠા વચ્ચે વહેવા લાગે ત્યારે નીચે આવીને લોકો પોતાનાં તારાજ થઈ ગયેલાં ઝૂંપડાં ફરી બાંધવા લાગતા.

શરૂઆતમાં તો પ્રત્યેક પૂર અચાનક આવીને લોકોને સપડાવી દેતું. પરંતુ થોડા સમયમાં નદીની ટેવો જાણી અને સમજી લીધા પછી લોકો બુદ્ધિબળ વાપરીને પોતાનું રક્ષણ કરતા.

કેટલાંક ઝાડ પાડી નાખીને લોકો બધાં થડને તરાપાની જેમ બાંધી દેતા અને એ તરાપાને નદીને કાંઠે ગોઠવતા. પછી તેની ઉપર આડાં અને ઊભાં ગોઠવેલાં થડોનાં પડ રચતા જતા. એ રીતે ઊંચો માંચડો તૈયાર થઈ જતો. એવા માંચડાઓની ઉપર એ લોકો પોતાની મઢૂલીઓ બાંધતા. પછી તેઓને નદીના પૂરની બીક ન રહેતી. નદીમાં ઘોડાપૂર આવે અને પૂરનાં પાણી બન્ને કાંઠાની ઉપર ચોમેર ફેલાઈ જાય તોપણ તેઓના ઘરના ઊમરા જેટલે ઊંચે તો ક્યારેય પહોંચતાં જ નહિ.

આ કરામત તેઓના મોટા વિજય સમાન હતી. લોકોએ નીચાણવાળા કિનારાને બદલીને ઊંચાણવાળો કિનારો બનાવી લીધો હતો! આધુનિક યુગમાં નદીઓ ઉપર કાબૂ મેળવવા બંધાતા બધા જ બંધ અને પુસ્તાઓની શરૂઆત એ લાકડાના ઊંચા માંચડાથી જ થઈ.



ચીની માછીમારો (રેખાચિત્ર)

નદી વિરુદ્ધની લડાઈમાં પ્રાગૈતિહાસિક મનુષ્યને પુષ્કળ સમયનો વ્યય કરવો પડતો અને ખૂબ મહેનત કરવી પડતી.

તેણે નદીને કિનારે વસવાનું જ શા માટે નક્કી કર્યું? તે પાણીની નજીક શા માટે રહેવા માગતો હતો?

પોતાના મછવાઓ ઉપર નજર માંડીને ધીરજપૂર્વક બેસી રહેવાના કામમાં દિવસોના દિવસો વિતાવતા માછીમારોને પૂછશો તો એ પ્રશ્નનો જવાબ મળી જશે.

પ્રાગૈતિહાસિક મનુષ્ય માટે નદીનું મોટું આકર્ષણ નદીમાં રહેતી માછલીઓનું હતું.

શિકારી માછીમાર થવાનું પણ કેટલું

રીતે શીખ્યો? માછલાં પકડવા માટે તો તેને શિકારના હથિયારોથી જુદી જાતનાં સાધનોની જરૂર પડે, વળી માછલાં પકડવા સારુ તો તેને જુદી જ જાતના ઉપાયો અજમાવવા પડે.

ઘટનાઓની શૃંખલા ક્યાંકથી તૂટેલી જણાય એટલે આપણે ખોવાયેલી કડીઓને શોધી કાઢવાના પ્રયત્નો કરીએ.

શિકારીનું માછીમારમાં પરિવર્તન એક જ રાત્રિ દરમિયાન તો ન જ થયું હોય. માછલાંને પકડવાનું શીખતાં પહેલાં તે માછલાંનો શિકાર કરતો.

હકીકતમાં આમ બન્યું. માછલાંના શિકારનું પ્રથમ હથિયાર હતું મત્સ્યભાલો. એ હથિયાર કાંટાદાર બરછી જેવું હતું અને જનાવરોના શિકારના ભાલાને મળતું આવતું હતું.

પ્રાગૈતિહાસિક મનુષ્ય પાણીમાં કેડસમાણા ઊંડાણ સુધી ઊતરતો અને ખડકોમાં છુપાયેલી માછલીઓને ભાલા વડે મારી નાખતો. પછી તે માછલીઓને પકડવાની બીજી રીતો શીખ્યો. જાળ નાખીને પંખીઓને પકડવાનું તેણે પહેલાં જ શીખી લીધું હતું. તેણે જાળને પાણીમાં નાખીને માછલાં પકડવાનો પ્રયોગ કર્યો. એમ, સમયના વહેણ સાથે લોકો માછલાં પકડવા માટે જાળનો ઉપયોગ કરતા થયા.

પુરાતત્ત્વવિદોએ મત્સ્યભાલા, કાંટાદાર બરછીઓ, જાળના લંગર માટે વપરાતા વજનદાર પથ્થરો અને માછલાં પકડવા સારુ હાડકાના બનેલા કાંટા ધરતીમાંથી ખોદી કાઢ્યા છે.

શિકારી-માછીમારનું ઘર

સોવિયેત પુરાતત્ત્વવિદ તોલ્સ્તોવ અને તેના સાથીઓએ જ્યાં આમુદર્યા નદી અરલ સમુદ્રને મળે છે તેની નજીક આવેલા કઝીલકુમ રણની રેતીમાં પ્રાગૈતિહાસિક શિકારી-માછીમારોના પડાવનું એક સ્થળ શોધી કાઢ્યું.

રેતીની એક ટેકરીના શિખરની નજીક, રેતી અને માટીના થરમાં તેમને સરસ બનેલાં ચકમક-ઓજારો, માટીનાં વાસણોના ટુકડા અને કચરાના ઢગલા મળી આવ્યા. રસોડાનો કચરો ફેંકવાની જગ્યાઓમાં સૂવરનાં, સાબરનાં અને હરણનાં ઘણાં હાડકાં હતાં, પણ ઢગલા મુખ્યત્વે પાઈક તથા શિટ માછલીનાં હાડકાંના હતા. એ ઉપરથી જણાય છે કે એ લોકોનો મુખ્ય ખોરાક માછલી હશે.

એ જ ઠેકાણેથી બળી ગયેલા રહેઠાણનાં ચિહ્નો પણ મળી આવ્યાં. રહેઠાણનું જે કંઈ બચ્યું હતું તેમાં રાખ અને કોયલાથી ભરેલા ખાડા, બળેલા સરકટના ટુકડા અને વર્તુળના કેન્દ્રમાં મળતી કોયલાની કાળી રેખાઓ જેવી નિશાનીઓ જ માત્ર હતી. રહેઠાણની મધ્યમાં સાફ સફેદ રાખનો થર હતો અને તેની નીચે આગમાં પાકીને ચળકતા રાતા રંગની બની ગયેલી રેતીનો થર હતો.

એ મધ્યસ્થ ચૂલાની આસપાસ ચોતરફ કાળી ગંદી રાખથી અને રસોડાના કચરાથી ભરેલા બીજા ચૂલા હતા.

પડાવના સ્થળના ફક્ત એટલા જ અવશેષો મળી શક્યા. એ થોડાક બળેલા અવશેષોને આધારે મૂળ રહેઠાણનું અને તેની સાજસજાવટનું આખું ચિત્ર ખડું કરવાનું તથા તેમાં રહેતા લોકોના જીવનનું વર્ણન કરવાનું કામ વૈજ્ઞાનિકોએ પોતાના હાથમાં લીધું.

પુરાતત્ત્વવિદ્યાનું ઝાઝું જ્ઞાન ધરાવતા ન હોય એવા લોકો એ અવશેષોનો કોયડો ઉકેલી ન શકે. પરંતુ પુરાતત્ત્વવિદોને તરત જ સમજાઈ ગયું કે છાપરાને ટેકો આપવા જે જગ્યાઓએ થાંભલા ખોડવામાં આવ્યા હતા ત્યાં પાછળથી કોયલા અને રાખના ખાડા ભરાઈ ગયા હતા. સરકટ જેવી ડાંડીઓના બળેલા ટુકડા ઉપરથી વૈજ્ઞાનિકો સમજ્યા કે છાપરું સરકટ જેવી લાકડીઓનું બનેલું હશે. રહેઠાણની મધ્યમાં મળતી કોયલાની કાળી રેખાઓ રહેઠાણ બળીને તારાજ થયું ત્યારે તૂટી પડેલા સળગતા થાંભલાઓ વડે બની હતી.

મધ્યસ્થ ચૂલાનો ઉપયોગ ખાવાનું રાંધવા માટે નહોતો થતો. તેમાં ખાવાનું રંધાતું હોત તો તેની રાખ એટલી સાફ અને સફેદ ન હોત. ત્યાં જામેલો રાખનો થર ખૂબ જાડો હતો, કેમ કે શાશ્વત અગ્નિની પ્રાચીન પ્રથા અનુસાર એ ચૂલામાં આગ રાતદિન નિરંતર બળતી રહેતી.

નિત્ય પ્રજળતી એ જ્વાળા તો આગે સર્જેલા વિનાશને કારણે જ ઓલવાઈ હોય.

છાપરાના થાંભલાઓની વચ્ચે આવેલા બીજા ચૂલાઓમાં સ્ત્રીઓ ખાવાનું રાંધતી. એટલે જ એ ચૂલાઓની રાખ એટલી ગંદી હતી અને આસપાસની જગ્યા હાડકાંથી ભરેલી હતી.

રહેઠાણમાં ચૂલા ઘણા હતા એટલે ત્યાં સ્ત્રીઓ ઘણી હશે. એ બધી સ્ત્રીઓ, તેઓના પતિઓ તથા બાળકો મળીને સગપણના આધારે એ સમાજ રચાયો હતો.

સમાજ મોટો હતો. તેમાં સોથી વધારે સભ્યો હતાં. એટલે જ રહેઠાણ પણ એટલું મોટું હતું. પરંતુ એ ઘર હજુ પણ અણિદાર છાપરાવાળા ગોળ તંબુના તેના પૂર્વજ ઘરને મળતું આવતું હતું.

થાંભલાઓની બે હાર વચ્ચે થઈને જતો લાંબો રસ્તો મધ્યસ્થ ચૂલા સુધી પહોંચતો હતો. એ રસ્તાની જમણી બાજુએ રાંધવાના ચૂલા હતા, અને ડાબી બાજુએ ખાલી જગ્યા હતી.

ઘરમાં ખાલી જગ્યા રાખવાની જરૂર એ લોકોને કેમ પડી?

એ પ્રશ્નનો ઉત્તર મધ્ય એશિયાથી ખૂબ દૂર આવેલા આંદામાન ટાપુઓના સામૂહિક રહેઠાણોમાં મળે છે. એ ટાપુના લોકો ખાલી જગ્યાનો ઉપયોગ મંત્રક્રિયાઓ અને વિધિઓ માટે કરતા.

એ રહેઠાણમાં પુરાતત્ત્વવિદોને રસ્તાની ડાબી બાજુએ દીવાલને અડીને બનેલા નાનકડા ચૂલાઓની નિશાનીઓ પણ મળી આવી. એ જગ્યાઓએ ઘણું કરીને સમાજના અપરિણીત લોકો રહેતા હશે.

એમ, પ્રાગૈતિહાસિક માછીમારો જ્યાં રહેતા હતા એ ઘરને વૈજ્ઞાનિકોએ પોતાની માનસિક આંખો સમક્ષ ફરી વાર ખડું કરી દીધું.

પરંતુ એ લોકો માછલાં કેવી રીતે પકડતા, અને તેઓની પાસે ઝાડના થડમાંથી બનાવેલી નાવડી હતી કે નહિ, એ વિશે વૈજ્ઞાનિકોને અવશેષો ઉપરથી કશું જ જાણવા ન મળ્યું.

રશિયામાં લાદોગા સરોવરને કિનારે એવી એક નાવડી શોધી કાઢવામાં આવી છે.


જેમાંથી વહાણોનો વિકાસ થયો

લગભગ સાઠેક વર્ષ પહેલાંની વાત છે. મજૂરો નહેર ખોદતા હતા. જગ્યા લાદોગા સરોવરથી બહુ આઘી નહોતી. રેતી અને લીલવાળી માટી ખોદતાં તેમાંથી માનવખોપરીઓ અને ચકમકઓજારો નીકળી પડયાં.

પુરાતત્ત્વવિદોને ખબર પડી એટલે તેઓ ત્યાં પહોંચી ગયા. ઉત્ખનન દરમિયાન જાણે કેમ સંગ્રહસ્થાનના પ્રદર્શનખંડમાંથી વસ્તુઓ કાઢતા હોય તેમ એ ભીનાશભૂમિમાંથી તેમણે ભાતભાતની ચીજો ખોદી કાઢી. તેમણે જમીનમાંથી ચકમકની ફરસી ખેંચી કાઢી, હથોડી કાઢી, પછી માછલાં પકડવાનો કાંટો અને ભાલોડું કાઢયાં, ખાંચાદાર ધારવાળો મત્સ્યભાલો કાઢયો અને મહોરને મળતું આવતું હાડકાનું કોતરેલું તાવીજ કાઢયું. ચકમકની અને હાડકાની બધી ચીજો કાઢી લીધા પછી છેલ્લે તેમણે સૌથી મહત્ત્વની શોધ જમીનમાંથી બહાર કાઢી. એ શોધ હતી સંપૂર્ણ સારી હાલતમાં રહેલી એક નાવડી. નાવડી એટલી સરસ રીતે જળવાઈ રહી હતી કે કોઈ પણ માણસ તેમાં બેસીને તરત જ જળપ્રવાસે નીકળી શકે.

એ નાવડી આપણાં આજનાં વહાણો જેવી મુદ્દલ નહોતી દેખાતી. જેમાંથી આપણાં આધુનિક વહાણોનો, આગબોટોનો અને તેલથી ચાલતાં વહાણોનો વિકાસ થયો છે એ નાવડી તો ઓકવૃક્ષના મોટા થડને વચ્ચેથી કોતરી કાઢીને બનાવવામાં આવી હતી.

નાવડીમાં નજર કરો એટલે તમને ઓકના થડમાં પડેલા કુહાડીના ઘાનાં નિશાન દેખાશે. જ્યાં લાકડાના રેસાની સાથે સાથે કુહાડીના ઘા પડયા છે ત્યાં તો કામ ખાસ ખરાબ નથી થયું અને સપાટી સમતલ છે. પણ સુકાનની અને નાળની જગ્યામાં જ્યાં કુહાડીને રેસાને કાપતા ઘા મારવા પડયા છે ત્યાં સાચેસાચ અત્યંત મહેનત કરવી પડી છે. ત્યાં લાકડાને પ્રત્યેક દિશાએથી કાપવાના પ્રયાસો કરવામાં આવ્યા છે અને જાણે ઓકના લાકડાને ચકમકના ધારદાર દાંત વડે પીસી નાખવામાં આવ્યું હોય એમ લાકડાની સપાટી તદ્દન ખાબડખૂબડ છે. લાકડામાં ગાંઠ પડી હોય કે વળતાં વળતાં



શિંગડાંમાંથી બનાવવામાં આવેલા મત્સ્યભાલા

ઊગ્યું હોય એવી જગ્યાઓએ તો કુહાડીની કારી જ નથી ફાવી. એટલે પછી કુહાડી અને લાકડાની લડાઈમાં આગ કુહાડીની મદદે આવી છે.

સુકાનવાળો આખો ભાગ બળેલો છે અને ત્યાં કોલસાનું કાળું અને ફાટ પડેલું પડ છે.

જે કુહાડીએ નાવડી બનાવી હતી એ કુહાડી પણ વૈજ્ઞાનિકોને પાસેથી જ મળી આવી. કુહાડીની ધારને ઘસીને તીણી અને ચકચકિત બનાવવામાં આવી છે. લીલવાળી માટીમાં દટાઈને પડેલો સરાણનો પથ્થર પણ બીજી વસ્તુઓથી બહુ આઘે નહોતો. એનો અર્થ એ થયો કે ચકમકનાં ઓજારો પહેલાંની જેમ ફક્ત ચીપો પાડીને જરૂરી આકારમાં નહોતાં ઘડી લેવાતાં, પણ ઘડાઈ ગયા પછી એ ઓજારોને ઘસીને ધારદાર બનાવવામાં આવતાં હતાં.

બૂઠી કુહાડી મજબૂત ઓકવૃક્ષના લાકડાને કાપી શકી હોત ખરી?

ઓકવૃક્ષના થડનું નાવડીમાં રૂપપરિવર્તન કરવામાં મનુષ્યને લાંબો સમય લાગ્યો અને ખૂબ મહેનત પડી.

આખરે એ કામ પૂરું થયું. નાવડીને પાણીની સપાટી ઉપર તરતી મૂકવામાં આવી. માછીમાર સમાજના લોકો સરોવરના પ્રવાસે ઊપડયા. તેમણે કાંટાદાર બરછીઓ, માછલી પકડવાના કાંટા, મત્સ્યભાલા અને ભાતભાતની જાળ પોતાની ભેગી લીધી.


સરોવર વિશાળ હતું અને તેમાં ખૂબ માછલીઓ હતી. પણ લોકો માટે જળની દુનિયા તદ્દન નવી અને અજાણી દુનિયા હતી, એટલે પાણીમાં બહુ વધારે દૂર જવાની તેમની હિંમત ન પડતી. એ દુનિયા કેવી હશે તેની ખબર તેમને કેવી રીતે પડે? વળી પાણી ક્યારે શું કરશે તેની કલ્પના એ લોકો કેવી રીતે કરે? એક દિવસ પાણીની સપાટી શાંત હોય તો બીજે દિવસે તેમાં મોટાં મોટાં ક્રોધિત મોજાં ઉછાળા મારતાં હોય.

જેને કોઈ પણ તોફાન કદી પાડી નહોતું નાખી શકતું તે વિશાળ ઓકવૃક્ષ હવે લાકડાના એક કકડાની જેમ પાણીનાં મોજાં ઉપર તરતું અને સરકતું હતું.

લોકો ભયભીત થઈ ગયા અને કિનારે પાછા જવા જોરથી હલેસાં મારવા લાગ્યા. કિનારે નક્કર ધરતી તેમને આવકારવા તૈયાર હતી અને લોકો જમીન ઉપર ચાલવા ટેવાયેલા હતા. ધરતી



પ્રાગૈતિહાસિક નાવડી, જેમાંથી બધાં જળયાનોનો વિકાસ થયો



લાકડાના હાથાવાળી ચકમકની કુહાડી

તેમને આમતેમ ડોલાવતી નહિ, તે ઊંચી થઈને તેમની ઉપર ધસી આવતી નહિ, તે તેમને આમતેમ ફગાવતી નહિ.

એટલે, નાના બાળકની જેમ પ્રાગૈતિહાસિક મનુષ્ય તેને ઉછેરીને મોટો કરનાર ધરતીમાતાને ખોળે વધારે જોરથી લપાયો.

માછીમારો માછલીની લાલચે દૂર ક્ષિતિજ સુધી પથરાયેલાં પાણીમાં છુપાયેલા ખતરાઓમાં આંધળુકિયાં કરવાને બદલે માછલીઓ કિનારાની નજીક આવે તેની રાહ જોવાનું વધારે પસંદ કરતા.

આગળ જતાં તેમનો આત્મવિશ્વાસ ધીરે ધીરે વધતો ગયો અને ખૂબ સાવધાનીથી એ લોકો પાણીમાં વધારે ને વધારે દૂર જવાની હિંમત કરતા થયા.

એક જમાનામાં જળને કિનારે જમીનની કોર પાસે જ મનુષ્યની દુનિયાનો છેડો આવી જતો. પ્રત્યેક નદીને કિનારે અદૃશ્ય દીવાલ હતી અને એ દીવાલ ઉપર 'આગળ વધવાની મના છે' એવું પાટિયું હતું.

પરંતુ મનુષ્યે એ અદૃશ્ય દીવાલને તોડી નાખી. હજી પણ તે તેને સાંપડેલી નવી દુનિયાની, જળની દુનિયાની, સરહદોને વળગી રહેતો એ સાચું, પણ પ્રત્યેક નવા સાહસમાં પ્રથમ પગલું તો હંમેશાં સૌથી વધારે મુશ્કેલ હોય જ છે. મનુષ્ય તદ્દન ભયરહિત થઈને કિનારાનો આશરો સાવ તજી દે એવો સમય પણ આવવાનો હતો જ.

એવો સમય આવશે ત્યારે મનુષ્ય ઝાડના થડને કોતરીને બનાવેલી નાજુક નાવડીમાં જળયાત્રા કરવા નહિ નીકળે, પણ તેને અફાટ સમુદ્રની સફરે લઈ જઈ શકે એવા વહાણમાં મુસાફરીઓ ખેડીને ક્ષિતિજને પેલે પાર આવેલા નવા કિનારાઓ શોધી કાઢશે, તેના જેવા જ માનવીઓની વસતિવાળા નવા પ્રદેશો ખોળી કાઢશે.

જગતના પ્રથમ કારીગરો

આ શબ્દો હું તમને સંબોધું છું, કુહાડીનો, રંધાનો, હથોડાનો અને શારડીનો ઉપયોગ કરવાનું હજુ હમણાં જ શીખેલા નવા યુવાન કારીગરોને સંબોધું છું!

તમને, ભવિષ્યના પોલાદ-ઉત્પાદકોને, રસાયનિકોને, યંત્રો અને વિમાનોના યોજકોને, ઈમારતોના અને વહાણોના બાંધનારાઓને!

આ પુસ્તક તમારે માટે લખાયું છે, પોતાનાં ઓજારો પ્રત્યે અને પોતાના કામ પ્રત્યે વહાલપ અનુભવતા કારીગરો માટે લખાયું છે.

જે લાકડાને કે ધાતુને તમે ઘડતા હો તેની અને તમારા ઓજારની વચ્ચે ખેલાતો જંગ કેટલો આકરો હોય છે એ તો તમે જાણો જ છો. વળી હાથમાં લીધેલું કામ પૂરું થતાં મનમાં ઊભરાતા આનંદનો પણ તમને અનુભવ છે.

લાકડાનો કકડો હાથમાં લેતાં જ તમે એ કકડાની જે વસ્તુ બનાવવા માગતા હો તેનો આકાર તમારી નજર સમક્ષ તરવા લાગે છે. એ વખતે એ કામ સાવ સરળ લાગે છે. તમને લાગે છે કે અહીં જરા કરવતી ફેરવું, ત્યાં શારડીથી એક કાણું પાડું, અને આ બાજુથી એક કટકો કાપી નાખું એટલે ચીજ તૈયાર થઈ જશે. પણ લાકડું તમારી વાત સાથે સહમત થતું નથી. તમારા ઓજારનો ફળો લાકડાને કાપવાની શરૂઆત કરે કે તરત જ લાકડું પોતાની સંપૂર્ણ તાકાત વડે ફળાનો વિરોધ કરે છે.

એક પછી એક ઓજાર લડાઈમાં ઊતરતું જાય છે. છરીથી કામ ન ચાલે તો કુહાડી હાથ અજમાવે છે, અને કુહાડીની કારી ન ફાવે ત્યારે પોતાના ડઝનબંધ તીણા દાંત વડે કરવતી લડાઈ આગળ ચલાવે છે.

અને તમે કલ્પેલા આકારને આવરી લેતું વધારાનું લાકડું એ રીતે ધીરે ધીરે આખરે છોડિયાંના, ચીપોના અને વહેરના રૂપમાં અળગું પડે છે.

તમારો વિજય થયો છે. પણ એ વિજય તમારો એકલાનો જ નથી. તમારા જમાનાની પહેલાં વીતી ગયેલી અનેક શતાબ્દીઓ દરમિયાન અસંખ્ય કારીગરોએ તમે વાપરો છો એ ઓજારોનું સર્જન કર્યું અને તેમાં નિરંતર નવા સુધારાઓ આણ્યા, એ ઓજારોને બનાવવા માટે નવી નવી સામગ્રીઓ શોધી કાઢી તથા એ ઓજારોના ઉપયોગની નવી નવી રીતો વિકસાવી. તમારી પહેલાંના યુગોના એ બધા કારીગરોને કારણે જ તમારો વિજય શક્ય બન્યો.

પ્રથમ છરીઓ, પ્રથમ કુહાડીઓ અને પ્રથમ હથોડીઓ બનાવનારા પ્રથમ કારીગરો વિશે તો તમે આ પુસ્તકના પૃષ્ઠોમાં અગાઉ વાંચી ગયા છો.

તેઓને કામ કરતા તમે જોયા છે. જેમ તમારું કામ અઘરું હોય છે તેમ તેઓનું કામ પણ અઘરું હતું, પણ આખરે કામ પૂરું થાય ત્યારે તેમને પણ ખૂબ આનંદનો અનુભવ થતો.


જગતના એ પ્રથમ સુથારો, ખેડૂતો અને કડિયાઓ જનાવરની ખાલનો વસ્ત્ર તરીકે ઉપયોગ

કરતા. તેમનાં ઓજારો અણઘડ અને વજનદાર હતાં. આપણને પ્રતિમા ઘડવામાં પડે તેથી વધારે મહેનત તેમને રાંધવાનું માટીનું વાસણ બનાવવામાં પડતી.

પરંતુ એ જમાનાના સુથારો, ખેડૂતો અને કુંભારો આધુનિક યુગમાં પોતાના રોજિંદા શ્રમ વડે પૃથ્વીની કાયા પલટાવી નાખનારા સ્થપતિઓ, રસાયનિકો અને પોલાદ-ઉત્પાદકોના મહાન સૈન્યના પહેલા સૈનિકો હતા.

દાખલા તરીકે આપણે પ્રાચીન કુંભારોને લઈએ. એ લોકો કુદરતમાં ન મળતી એવી નવી જાતની સામગ્રીના પ્રથમ સર્જકો હતા. પહેલાં પ્રાગૈતિહાસિક કારીગર ચકમકની કુહાડી બનાવતો કે હાડકાનો મત્સ્યભાલો બનાવતો ત્યારે તે કોઈ નવી સામગ્રીનું સર્જન નહોતો કરતો. તે તો કુદરતમાં મળતી સામગ્રીનો ઉપયોગ કરતો અને માત્ર તેના આકારમાં જ પરિવર્તન આણતો. પણ કુંભારે જે કર્યું તે તો પહેલાં ક્યારેય બન્યું જ નહોતું. મનુષ્યે માટીનું વાસણ બનાવ્યું અને તેને પડાવના તાપણામાં પકાવ્યું. આગમાં શેકાવાથી માટીનાં બધાં તત્ત્વોમાં પરિવર્તન આવ્યું અને તે એટલી બધી બદલાઈ ગઈ કે ઓળખાય પણ નહિ.

પહેલાં તો માટીનું વાસણ પલળે એટલે ગારો બની જતું. પણ આગમાં શેકાયા પછી તેને પાણીની બીક ન રહી. વાસણનો આકાર બદલાઈ જશે કે તે પોચું પડી જશે એવા ભય વગર તેમાં પાણી રેડવાનું શક્ય બન્યું.



ચકમકમાં કાણાં પાડવાનું પ્રાગૈતિહાસિક સાધન

પ્રાગૈતિહાસિક મનુષ્યે માટીમાંથી નવી સામગ્રીનું સર્જન કરવા માટે અગ્નિનો ઉપયોગ કર્યો. એ તેનો બેવડો વિજય હતો. એથી તેણે માટી અને અગ્નિ એમ બેઉ ઉપર વિજય મેળવ્યો. એ સાચું કે અગ્નિ પહેલાં પણ તેની સેવા કરતો. અગ્નિ મનુષ્યને ટાઢ વિરુદ્ધ રક્ષણ આપતો, વિકરાળ જનાવરોને તેનાથી દૂર રાખતો, જંગલમાં ખુલ્લી જગ્યા બનાવવામાં મદદ કરતો, અને નાવડી બનાવવામાં કુહાડીની સહાયે આવતો. લોકો આગ સળગાવતાં શીખી ગયા હતા, એટલે જ્યારે તેઓ લાકડાના બે કકડાને એકબીજાની સાથે ઘસતા કે તરત જ અગ્નિ આજ્ઞાનું પાલન કરીને તેઓની સમક્ષ હાજર થઈ જતો.

પણ પછી તો મનુષ્યે અગ્નિને વધારે મુશ્કેલ કામ આપ્યું. એક પદાર્થનું બીજા પદાર્થમાં પરિવર્તન કરવા તેણે અગ્નિને કામે લગાડયો.

અગ્નિના અદ્‌ભુત ગુણોની ખબર પડી એટલે તેણે તેનો ઉપયોગ માટી પકવવા, ખોરાક રાંધવા, રોટલા શેકવા અને ત્રાંબું ઓગાળવા માટે કર્યો.

અમુક પદાર્થોનું બીજા પદાર્થોમાં પરિવર્તન કરવા માટે અગ્નિનો ઉપયોગ ન કરતું હોય એવું એક પણ કારખાનું આજે તમને આખી દુનિયામાં ક્યાંય નહિ મળે.

ખનિજ લોહમાંથી લોઢું બનાવવામાં, રેતીમાંથી કાચ બનાવવામાં અને લાકડામાંથી કાગળ બનાવવામાં અગ્નિ આપણને મદદરૂપ થાય છે. પોલાદ-ઉત્પાદકો અને રસાયનિકોનું એક આખું સૈન્ય પોલાદનાં કારખાનાંઓમાં બળતી રહેતી આગની ભઠ્ઠીઓનું નિયંત્રણ કરવામાં રોકાયેલું રહે છે. પ્રાગૈતિહાસિક કુંભાર જે ચૂલામાં પોતાનાં કઢંગાં અને પાતળાં તળિયાંવાળાં વાસણો પકવતો એ ચૂલો જ આધુનિક ભઠ્ઠીઓનું મૂળ ઉદ્‌ભવસ્થાન હતો, અને એ ભઠ્ઠીઓના વિકાસનો આરંભ એ ચૂલાથી જ થયો હતો.


બીજ સાક્ષી છે

પ્રાગૈતિહાસિક લોકોના એક પડાવસ્થળેથી મળી આવેલી અનેક વસ્તુઓમાં પુરાતત્ત્વવિદોને માટીનાં ઘણાં બધાં ઠીકરાં પણ મળ્યાં. ઠીકરાંની બહારની બાજુ એકબીજી સાથે વણાતી જતી રેખાઓની ખૂબ સાદી ભાત વડે શણગારેલી છે. કેટલાક વૈજ્ઞાનિકોની માન્યતા પ્રમાણે એ ભાત પ્રાગૈતિહાસિક કુંભારોની વાસણોના આકાર ઘડવાની અને વાસણોને પકવવાની રીતની સૂચક છે.

ઘાસની ગૂંથેલી ટોપલીની અંદર માટીનું પડ ચોપડી દેવામાં આવતું. પછી એ ટોપલી આગમાં મૂકી દેવામાં આવતી. ઘાસ બળી જતું અને વાસણ પાકી જતું. ગૂંથેલા ઘાસ વડે બહારના ભાગ ઉપર પડેલાં નિશાનોનું વણાતી રેખાઓની ભાતમાં પરિવર્તન થઈ જતું.

પછી આગળ જતાં એ કુંભારો માટીના વાસણને ઘાસની ગૂંથેલી ટોપલી વગર પણ પકવતાં શીખી ગયા. પરંતુ કાચાં વાસણોને પકવતાં પહેલાં ભાત પાડીને વાસણોને સુશોભિત કરવાનું તેઓએ ચાલુ રાખ્યું. તેઓ એમ માનતા કે તેઓનું વાસણ પણ જો દાદીમાઓ અને વડદાદીમાઓ વાપરતી એવું જ નહિ હોય તો તેમાં ખોરાક બરાબર નહિ રંધાય.

પ્રાગૈતિહાસિક યુગમાં કારીગરો એવી સજ્જડ માન્યતા ધરાવતા કે પ્રત્યેક વસ્તુમાં કોઈ અજાણી રહસ્યમય શક્તિ અને એવો જ ગુણ છુપાયેલો હોય છે. કોને ખબર, વાસણની સાચી શક્તિ કદાચ તેની ઉપર પડેલી ભાતમાં જ હોય! ભાતમાં કોઈ જાતનો ફેરફાર કરે તો તેમને પાછળથી કદાચ હંમેશ માટે પસ્તાવું પડે, બદલેલી ભાત તેમને કદાચ દુર્ભાગ્યના ભોગ બનાવે. વિપરીત કાળના સકંજામાં



ઠીકરાં ઉપર વિવિધ ભાતો હતી

સપડાવે, કે પછી ભૂખના દુઃખે સતાવે. વાસણને મેલી નજરથી બચાવવા કુંભાર તેની ઉપર ક્યારેક ક્યારેક કૂતરાનું ચિત્ર પણ દોરતો.

કૂતરો મનુષ્યનો સહાયક હતો. મનુષ્ય શિકારે જાય ત્યારે તે તેની સાથે જતો. કૂતરો મનુષ્યના ઘરની રખેવાળી કરતો.

વાસણ ઉપર કૂતરાનું ચિત્ર દોરતી વખતે મનુષ્ય સ્વગત કહેતો: કૂતરો તો રખેવાળ છે, અમારા વાસણનું અને વાસણમાં રખાયેલી અમારી પ્રત્યેક વસ્તુનું એ રક્ષણ કરો!

આડીઊભી રેખાઓથી સુશોભિત કરવામાં આવેલાં ઠીકરાં અનેક સ્થળોએથી મળી આવ્યાં છે. ફ્રાંસમાં કામ્પિગ્ની નગર નજીક મળી આવેલું એવું એક ઠીકરું તો ખૂબ પ્રખ્યાતી પામ્યું છે. તેનું બારીક નિરીક્ષણ કરતાં, પુરાતત્ત્વવિદોને તેની ઉપર જવના એક દાણાની છાપ દેખાઈ.

આ શોધથી તેઓ ઉત્તેજિત થઈ ગયા અને તેની બારીક તપાસ આદરી. તેમની દૃષ્ટિએ ઠીકરા ઉપર છાપ પાડનાર જવનો દાણો અનાજનો માત્ર એક જ દાણો નહોતો, એ તો હતો સાક્ષી. પ્રાગૈતિહાસિક મનુષ્યના જીવનમાં થયેલા વિરાટ પરિવર્તનોનો એ સૂક્ષ્મ સાક્ષી હતો.

દાણો હોય તો એ વખતે ખેતી પણ થતી હોય. એટલે જ તેમને અનાજને ખાંડવાનાં સાધનો અને ચકમકની ખરપડીઓ પણ એ જ સ્થળેથી મળી આવ્યાં.



કુંભાર વાસણ ઉપર હંમેશાં એકની એક ભાત પાડતો

શિકારીઓ અને માછીમારો હવે તો ખેડૂતો પણ બની ગયા હતા. પણ એ કેવી રીતે બન્યું?

સૌથી પહેલી વાત તો એ કે ટોળાના બધા જ સભ્યો શિકારનું અને માછલાં પકડવાનું કામ નહોતા કરતા. પુરુષો શિકારે જતા ત્યારે સ્ત્રીઓ અને બાળકો હાથમાં ટોપલીઓ અને માટીનાં વાસણો લઈને આમતેમ

રખડતાં અને ખાવાલાયક જે કંઈ મળે તે ભેગું કરી લાવતાં. દરિયાને કિનારેથી એ લોકો છીપલાં ભેગાં કરતાં, અને વગડામાં જઈને ભૂછત્ર, બેરિ તથા કાષ્ઠફળ વીણી લાવતાં, તેમને ઍકોર્ન (ઓકવૃક્ષનું ફળ) ખાવામાંયે વાંધો નહોતો. ઍકોર્નને દળીને તેના લોટ વડે એ લોકો રોટલી જેવી ચીજ બનાવતાં. એટલે જ 'ઍકોર્ન' શબ્દ ઘણી ભાષાઓમાં 'બ્રેડ' (રોટી) શબ્દના અર્થમાં આજ સુધી જળવાઈ રહ્યો છે.

ક્યારેક મધપૂડો મળી જાય ત્યારે તો પ્રાગૈતિહાસિક મનુષ્યોનું ટોળું મોટો ઉત્સવ ઊજવતું.


કરાડ ઉપર શોધી કાઢવામાં આવેલા એક ચિત્રમાં મધ ભેગું કરતી સ્ત્રીની આકૃતિ દોરવામાં આવી છે. સ્ત્રી ઝાડ ઉપર ચડેલી છે. તેનો એક હાથ મધપૂડામાં છે અને બીજા હાથમાં તેણે ભોટવો પકડેલો છે. ગુસ્સે થયેલી મધમાખીઓ તેની ચોતરફ ગણગણાટ મચાવી રહી છે, પણ તેની મુદ્દલ પરવા કર્યા વગર એ સ્ત્રી મધપૂડાના ટુકડા તોડી તોડીને ભોટ્વામાં ભરતી જાય છે.

સ્ત્રીઓ અને બાળકો વનવગડામાં આંટાફેરા મારીને પાછાં આવતાં ત્યારે સામાન્ય રીતે ઢગલા ભરીને બેરિ, મધ તથા વગડાઉ સફરજન અને નાસપાતી લાદી લાવતાં.

એવા પ્રસંગો તો મિજબાનીના પ્રસંગો જ ગણાયને! પરંતુ ખોરાકના ભેગા થયેલા જથ્થાઓને વાપરી નાખવા સ્ત્રીઓ મુદ્દલ ઉતાવળી ન થતી. તેઓ છોકરાંને તગડી મૂકતી અને બને તેટલો ખોરાક વાસણોમાં અને કોઠીઓમાં ભરીને સંઘરી રાખતી. શિકાર હંમેશાં સફળ થશે જ એવી કોઈ ખાતરી તો હોય જ નહિ. એટલે ખોરાકના એવા સંઘરા વખત પડ્યે ખૂબ કામમાં આવતા.



પથ્થરના ખલબત્તામાં અનાજ આવી રીતે ખાંડવામાં આવતું



પ્રાગૈતિહાસિક સ્ત્રીઓ અનાજને ખાંડવા આવી ખાંડણીઓ વાપરતી

એમ, આબોહવા ઉષ્ણ બનતાં, લોકો વળી પાછા ખોરાક વીણનારા બન્યા. ઉપર ઉપરથી એમ લાગે ખરું કે એથી મનુષ્યના વિકાસના પંથમાં એક કદમ પીછેહઠ થઈ. પણ હકીકતમાં તો એથી એક કૂદકો પ્રગતિ થઈ હતી. ખોરાક વીણવાના અને અનાજ ઊગવવાના કામો વચ્ચેની સીમારેખાને ઓળંગીને લોકો વાવવાના કામ તરફ વળ્યા.

વગડામાંથી સ્ત્રીઓ ફળ અને બેરિની સાથે સાથે જવ અને ઘઉં જેવા વગડાઉ અનાજનું ઘાસ પણ લેતી આવતી. એવા ઘાસમાંથી કાઢેલા દાણાને વાસણોમાં અને ટોપલીઓમાં ભરીને સંઘરી રાખવામાં આવતા. પરંતુ અનાજ તો સહેલાઈથી વેરાઈ જાય એવી ચીજ છે, એટલે થોડાક દાણા જમીન ઉપર વેરાઈ જ જતા અને વખત જતાં તેમાંથી કોંટા ફૂટી નીકળતા.

શરૂઆતમાં તો અનાજ અકસ્માત જ વવાઈ જતું. ભેગા કરેલા દાણામાંથી ક્યારેક થોડાક દાણા જમીન ઉપર વેરાઈ જતા અને થોડા વખતમાં અનાજના છોડ ઊગી નીકળતા. આગળ જતાં લોકો અનાજને વાવવા સારુ ઈરાદાપૂર્વક જમીન ઉપર વેરવા લાગ્યા.

ભોંયમાં દાટીને સંઘરી રખાતા અને પાછળથી ખોદીને કાઢી લેવાતા અનાજ વિશેની અનેક કલ્પિત વાર્તાઓ અને દંતકથાઓ આજે પણ ઘણી પ્રજાઓમાં જળવાઈ રહી છે.

પ્રાચીન કાળમાં સ્ત્રીઓ જમીનને કોદાળી વડે ખોદીને તેમાં અનાજ દાટતી ત્યારે એમ માનતી કે પોતે જમીનમાં રહસ્યમય ઈશ્વરની પ્રસ્થાપના કરી રહી છે, અને એ ઈશ્વર અનાજના સોનેરી કણસલાંના રૂપમાં તેઓને પાછા મળશે. શરદ ઋતુમાં પાક લણાય ત્યારે ભૂગર્ભની દુનિયામાંથી ઈશ્વર પાછા પધાર્યા છે એવી શ્રદ્ધા તેઓના મનમાં આનંદોલ્લાસ ભરી દેતી.

છેલ્લો પૂળો બંધાઈ જાય એટલે તેને જમીન પર મૂકીને નાચગાનની મહેફિલ શરૂ કરી દેવામાં આવતી. પરંતુ એ નૃત્ય ફક્ત નૃત્ય જ નહોતું, એ તો એક પ્રકારની મંત્રવિધિનું નૃત્ય હતું. એ મહેફિલમાં સ્ત્રીઓ મૃતાત્માઓ પાસેથી પાછા આવેલા અનાજની પ્રશંસાના ગીત ગાતી અને ધરતીને પ્રાર્થના કરતી કે હે ધરતી, જેવી ઉદારતાથી આજ ફળી છો એવી જ ઉદારતાથી નિત્ય ફળજે!

નવામાં જૂનું

નવી શતાબ્દીના ઉદયકાળમાં, મહાન ઑક્ટોબર સમાજવાદી ક્રાંતિ પહેલાં રશિયામાં એવાં સ્થળો હતાં જ્યાં પ્રત્યેક શરદ ઋતુમાં પાક લણાઈ ગયા પછી સ્ત્રીઓ 'લણણી'નો ઉત્સવ ઊજવતી.

લણાયેલા પાકનો છેલ્લો પૂળો લઈને સ્ત્રીઓ તેને માથે રૂમાલ બાંધતી અને તેને ખમીસ પહેરાવતી. પછી એકબીજીના હાથ પકડીને પૂળા ફરતી વર્તુળ રચતી અને પ્રાર્થના ગાતી:

લણણીનો છે દિન
આજ અમારા ખેતરમાં,
ગાઓ ગુણગાન ઈશ્વરનાં.
ખેતર એક અમે લણ્યું,
ખેતર એક અમે વાવ્યું
ગાઓ ગુણગાન ઈશ્વરનાં.

ગામના જુવાન છોકરાછોકરીઓ સાંજે ફરવા નીકળે ત્યારે આનંદોલ્લાસના જે ગીત ગાતાં તેના મધુર લલકારની સાથે એ પ્રાર્થનાગીતનો નીરસ અને એકધારો પૈશાચિક સૂર મુદ્દલ સામ્ય નહોતો ધરાવતો.

'લણણી'ની વિધિ પ્રાચીન વિધિ હતી અને જગતના સૌથી પહેલા ખેડૂતોના યુગમાંથી ઊતરી આવી હતી. એવી અનેક વિધિઓ રમતોના અને ગીતોના રૂપમાં આજના જમાના સુધી ઊતરી આવી છે.

ઘણી વાર બાળકો એકબીજાના હાથ પકડીને ગાતા હોય છે:

અરે, અમે તો બાજરી વાવી,
બાજરી વાવી, બાજરી વાવી,
અરે, અમે તો બાજરી વાવી,
હા, ભઈ, અમે તો બાજરી વાવી...

આ રમતનું ગીત પણ પ્રાચીન કાળમાં તો એક વિધિ જ હતું. હજારો વર્ષોના ગાળામાં તેની પાછળ રહેલી મંત્રની ભાવના તદ્દન અદૃશ્ય થઈ ગઈ. માત્ર ગમ્મત જ બાકી રહી ગઈ.

વળી ફરવૃક્ષનું શું? એક જમાનામાં ફરવૃક્ષ પવિત્ર વૃક્ષ મનાતું. લોકો એવી શ્રદ્ધાથી તેને ફરતા નૃત્ય કરતા કે તેમનું મંત્રમય હલનચલન નિદ્રાધીન વનોમાં અને ખેતરોમાં પ્રાણનો સંચાર કરશે અને શિયાળા પછી તરત જ વસંત ઋતુને પાછી લાવશે.

નવા વર્ષના વૃક્ષ ઉપર આભૂષણો લટકાવવાની પ્રિય રમત રમતા બાળકોને આપણે કહીએ કે ફરવૃક્ષ તો પવિત્ર વૃક્ષ છે તો તેઓ હસી પડશે. તેઓને માટે તો ફરવૃક્ષ મહિનાઓના અભ્યાસ પછી મળતી લાંબી રજાઓનું પ્રતીક હોય છે, શિયાળાની મધ્યમાં મળતા આનંદપ્રમોદના અવકાશનું પ્રતીક હોય છે.

અનેક પ્રાચીન વિધિઓ અને મંત્રમોહિનીઓ બાળકોની રમતોમાં અને તેઓના ગીતોમાં જીવનના આખરી દિવસો વિતાવી રહી છે.

વરસાદ રે, રહી જા તું આજ દિને!..
આવજે કોઈ દિન વળી ફરીને!..

બાળકો આવું જોડકણું ગાય તે વરસાદને રોકવા કે વાદળોને વિખેરી નાખવા નહિ. તેઓને એ વાતનું પૂરેપૂરું ભાન હોય છે કે તેઓના શબ્દો કંઈ વરસાદને રોકવાના નથી. બાળકો તો જોડકણું ગાતા હોય છે ફક્ત ગમ્મતને ખાતર.

પહેલાં ક્યારેક બહુ જ ભિન્ન અર્થ ધરાવતાં ગીતો ગાતાં અને એવી રમતો રમતાં, આજે પણ મોટા માણસોયે અચકાતા નથી.

એ રીતે, પ્રાચીન માન્યતાઓ અને મંત્રવિધિઓ આનંદવિનોદની રમતોમાં આપણા જમાના સુધી ઊતરી આવી છે.

પરંતુ રમતગમત ઉપરાંત બીજાં સ્વરૂપોમાં પણ એ બધું જળવાઈ રહ્યું છે.

ખ્રિસ્તીઓના દેવળોમાં ઊજવાતા ઈસ્ટરના તહેવારના સમયે ગવાતા પ્રાર્થનાગીતોમાં પ્રાચીન મંત્રગીતોની પ્રતિચ્છાયા હોય છે.

પ્રાગૈતિહાસિક ખેડૂતોના ગીતોની જેમ એ પ્રાર્થનાઓ પણ મૃત્યુના અને પુનર્જીવનના ભાવ વ્યક્ત કરતી હોય છે.

જે વિધિઓ બહારની દુનિયા માટે લાંબા કાળ પહેલાં જ રમતોમાં અને નૃત્યોમાં પરિવર્તન પામી ગઈ છે એ વિધિઓ દેવળોમાં પવિત્ર ક્રિયાઓ રૂપે જળવાઈ રહી છે.

પ્રાચીન યુગમાંથી અનેક વહેમો અને પૂર્વગ્રહો આપણા જમાના સુધી ઊતરી આવ્યા છે.

રસ્તામાં ચાલતાં ઘોડાની નાળ મળી જાય તો ભાગ્ય ઊઘડી જાય અને બીજના નવચંદ્ર ઉપર નજર ડાબા ખભા ઉપર થઈને પડી જાય તો દુર્ભાગ્ય આવી પડે, એવી માન્યતાઓ હજુ સુધી ધરાવતા ઘણા લોકો આ દુનિયામાં આજે પણ છે.

ઊગ્લિચના સામૂહિક ખેતરની એક સ્ત્રીએ અમને જણાવ્યું કે ક્રાંતિપૂર્વેના જમાનામાં તેના ગામની સ્ત્રીઓ મરઘાં પૂરવાના ખડાની ઉપર 'મરઘાદેવ'ને લટકાવી રાખતી.

'મરઘાદેવ' એટલે વચ્ચે કાણું પાડેલો પથ્થર. મરઘીઓ વધારે ઈંડાં આપે એ આશાએ 'મરઘાદેવ'ને ખડાની ઉપર બાંધીને લટકાવી રાખવામાં આવતા.

વહેમો એ રીતે જ શતાબ્દીઓ પર્યંત જીવંત રહેતા હોય છે. પથ્થરના બનેલા 'મરઘાદેવ' પાષાણયુગના પ્રતિનિધિ હોવા છતાં, છેક વીસમી શતાબ્દીના આરંભકાળ સુધી પણ તે જીવંત રહ્યા હતા.

અદ્ભુત કોઠાર

સ્ત્રીઓ કોદાળી લઈને જમીન ખોદવામાં પડી હતી ત્યારે પુરુષો આળસુ થઈને બેઠા નહોતા રહ્યા. એ લોકો પોતાના દિવસો શિકારમાં ગાળતા, અને સાંજે પાછા ફરતા ત્યારે પોતાની મહેનતના ફળરૂપ શિકાર લાદીને આવતા.

દૂરથી પોતાના મોટા ભાઈઓ તથા પિતાઓને પાછા ફરતા જુએ કે તરત જ શિકાર સફળ થયો છે કે નહિ એ શોધી કાઢવા બાળકો દોડીને સામા જતાં. મોઢાની ઉપર ઊગેલું વાંકું શિંગડું ધરાવતા સૂવરના લોહીલોહાણ માથાને કે સાબરના શાખાદાર શિંગડાંને બાળકો ઉત્સુકતાથી જોઈ રહેતાં. પરંતુ શિકારીઓ પોતાની જોડે ઘેટાંનાં નાનકડાં ડરપોક બચ્ચાં જેવાં કે શિંગડાં વગરનાં નિરાધાર વાછરડાં જેવાં જનાવરોને જીવતાં લઈ આવે ત્યારે બાળકોને ખૂબ જ મઝા પડતી.

પોતાનાં ચોપગાં કેદીઓને શિકારીઓ તરત જ મારી ન નાખતા. પકડાયેલાં જનાવરોને વાડામાં પૂરી રાખવામાં આવતાં, અને તેઓને ખવડાવી પીવડાવીને મોટાં કરવામાં આવતાં. ઘરની નજીકથી ઘેટાંનો બેં બેં અને વાછરડાંનો ભાંભરવાનો અવાજ સંભળાતો રહે, તો શિકારીઓનાં મનને શાંતિ રહેતી. એથી તેઓને ખાતરી રહેતી કે શિકારનો આગલો ફેરો ખાલી જાય તોપણ તેઓને ભૂખ્યા નહિ રહેવું પડે. વાડામાં પૂરેલાં જનાવરો તેઓનો ખોરાકનો સંઘરો હતો, અને એ પણ એવા ખોરાકનો સંઘરો જે પોતાની મેળે જ પ્રતિદિન વૃદ્ધિ પામીને મોટો થતો જાય.

પહેલાં તો લોકો ઢોરને માંસ અને ખાલ માટે જ પાળતા. ઢોરઉછેરના કામના મોટા ફાયદાઓ વિશે તેઓ સાવ અજાણ હતા. શિકારીઓની નજરમાં એ ખરીવાળાં જનાવરો તો તેઓના શિકારનાં જનાવરો જ હતાં, અને શિકારનાં જનાવરોને હણવા તેઓ ટેવાયેલા હતા. ગાય કે ઘેટાને જીવતાં રાખવામાં વધારે લાભ છે, એ વાત સમજવાનું તેઓને માટે સહેલું નહોતું.

દૂધાળા જનાવરને મારી નાખીને તેનું માંસ ફક્ત એક જ વાર ખાઈ શકાય, પણ તેને જીવતું રાખીને તેના દૂધનો લાભ વર્ષો સુધી લઈ શકાય. વળી એ જનાવર વારંવાર વિયાઈને પોતાની સંખ્યામાં વધારો કરતું રહે, એટલે તેને મારી ન નાખે તો અંતે તો શિકારીને અનેકગણું વધારે માંસ મળે.

ઘેટાંની બાબતમાં પણ એ વાત એટલી જ સાચી હતી. મરેલા ઘેટાની ખાલ ઉતારી લેવામાં તો કોઈ જાતની મુશ્કેલી હતી જ નહિ. પણ એક ખાલથી કંઈ દહાડો વળે નહિ. એના કરતાં તો ઘેટાને તેની ખાલ રાખવા દઈને તેની ઊન ઉતારી લેવામાં જ વધારે ફાયદો થાય, કેમ કે ઊન તો એક વાર ઉતારી લો કે વળી પાછી ફરી વાર નવી ઊગી નીકળે. એ રીતે એક જ ઘેટા પાસેથી તેઓને દસ વાર ઊન મળે. ચોપગાં જનાવરોને જીવતાં રહેવા દઈને બદલામાં તેઓની કનેથી ખંડણી ઉઘરાવતા રહેવામાં શિકારીને અધિક લાભ હતો.

ગાયને, ઘેટાને અને ઘોડાને એક વાર પાળવાનું શરૂ કર્યું એટલે પછી મનુષ્યે તેઓનો ઉછેર પણ પોતાની ઇચ્છા મુજબ કરવા માંડયો. તેણે એ વાતની તકેદારી રાખવા માંડી કે ઢોરને પૂરતો ખોરાક અને ટાઢથી પૂરતું રક્ષણ મળતાં રહે. પણ બદલામાં ગાયને પહેલાં કરતાં ઘણું વધારે દૂધ દેવું પડતું, કેમ કે હવે તેને વાછરડાંને ધવરાવવા ઉપરાંત પોતાના માલિકને પણ દૂધ પૂરું પાડવું પડતું. સમય જતાં ઘોડો પણ ભારે વજન વહી જતાં શીખ્યો. ઘેટાં પણ પોતાને ઓઢવા માટે તેમ જ પોતાના માલિકોના ઉપયોગને માટે સારી પેઠે ઊન પેદા કરતાં.

સૌથી વધારે દૂધ આપતી ગાયોને જ, સૌથી વધારે કદાવર ઘોડાઓને જ, અને સૌથી વધારે લાંબી ઊન પેદા કરતાં ઘેટાંને જ ટોળાંમાં એક સાથે રાખવામાં આવતાં. એ રીતે ઘરમાં પળાતાં ઢોરની નવી નવી નસલો અસ્તિત્વમાં આવી.

લોકો એ બધું એકદમ નહોતા કરી શક્યા. શિકારીને ખેડૂત બનતાં અનેક શતાબ્દીઓ લાગી હતી.


છેવટે શું થયું?

લોકોએ અદ્ભુત કોઠાર શોધી કાઢયો. વીણેલા અનાજના દાણા લોકોએ જમીનમાં સંઘર્યા. વાવેલા પ્રત્યેક દાણાના બદલામાં ધરતીએ તેમને અનેક દાણા આપ્યા.


પકડાઈ ગયેલાં બધાં જનાવરોને લોકોએ મારી ન નાખ્યાં. જીવતાં રાખવામાં આવેલાં જનાવરો મોટાં થતાં ગયાં અને અનેકમાં વૃદ્ધિ પામતાં ગયાં.

મનુષ્ય અધિક આઝાદ થયો, કુદરતને ઓછો પરાધીન થયો હોવાનો તેને અનુભવ થયો. પહેલાં તેને ક્યારેય એ વાતની ખાતરી નહોતી રહેતી કે પોતે કોઈ જનાવરને પકડી પાડીને મારી નાખી શકશે કે નહિ, કે પછી વગડામાંથી તેને પોતાની ટોપલીઓ ભરી લાવવા પૂરતું અનાજ મળશે કે નહિ. કુદરતની રહસ્યમય શક્તિઓ તેને ખોરાક આપે કે પછી ન પણ આપે. પણ મનુષ્ય તો હવે કુદરતને સહાય કરતાં શીખી ગયો, તે પોતાને માટે અનાજ ઊગવતાં તથા પોતાની જ ગાયો અને પોતાનાં જ ઘેટાં ઉછેરતાં શીખી ગયો. સ્ત્રીઓને હવે વગડાઉ અનાજના ઘાસની શોધમાં વગડામાં રખડવું નહોતું પડતું. શિકારીઓને જંગલી જનાવરોને શોધી કાઢવા અને તેઓને પકડી પાડવા માટે જંગલમાં દિવસો ગાળવાની હવે જરૂર ન રહી.

હવે તો અનાજનાં કણસલાં ઘરની પાસે જ ઊગતાં, અને ગાયો તથા ઘેટાં પણ પાસે જ ચરતાં રહેતાં.



ચોપગા કેદીઓ (ગુફાની દીવાલ ઉપર આંકા પાડીને દોરેલું રેખાચિત્ર)



પ્રાચીન રિવાજ અનુસાર, મિસરના લોકો પોતાના દેવોને પશુપક્ષીઓનાં માથાંવાળા ચીતરતા

મનુષ્યે અદ્‌ભુત કોઠાર શોધી કાઢયો હતો. પરંતુ એમ કહેવું વધારે સાચું ગણાશે કે એ કોઠાર તેને એકાએક નહોતો મળી ગયો, પણ તેણે પોતાના શ્રમ વડે એ કોઠારનું સર્જન કર્યું હતું.

ખેતરો અને બીડો માટે તેને જમીનની જરૂર પડતી. જમીન તેને જંગલો પાસેથી મેળવવી પડતી. વળી, વાવણી કરતાં પહેલાં એ જમીનને ખોદવી પડતી. કેવી સખત મહેનતનું કામ હતું એ બધું!

સાંજે હવા ખાવા નીકળીએ એટલી સહેલાઈથી મનુષ્ય આઝાદી અને સ્વાધીનતા સુધી નહોતો પહોંચી ગયો. તેને તો લડતાં લડતાં હજારો અંતરાયોને તોડી નાખીને પોતાનો માર્ગ કરવો પડયો હતો. તેની નવી ઉદ્યમશીલતાને હર્ષનાં અને ચિંતાઓનાં એમ બેઉ જાતનાં પાસાં હતાં. સૂરજનો વધારે પડતો તાપ ઊભા મોલને બાળી નાખતો કે બીડના હરિયાળા ઘાસને સૂકવી નાખતો. વધારે પડતો વરસાદ પડતો ત્યારે તેનું અનાજ કોહવાઈ જતું.

પ્રાગૈતિહાસિક શિકારી પોતાને માંસ પૂરું પાડવાની બાઈસનને અને રીંછને પ્રાર્થના કરતો. પ્રાગૈતિહાસિક ખેડૂત ધરતીને, આકાશને, સૂર્યને અને મેઘને પ્રાર્થના કરતો કે તેને સારો પાક આપે.

પછી તો લોકોએ નવા દેવો ઉત્પન્ન કર્યા. પણ એ દેવો હજુ તો મોટે ભાગે જૂના દેવો જેવા જ હતા. પરંપરા અનુસાર, એ બધા દેવો કાં તો જનાવરોના આકારના હતા કે પછી જનાવરનું મસ્તક ધરાવતા માનવ દેહ જેવા હતા. પરંતુ એ દેવોનાં નામ નવાં હતાં, અને તદ્દન નવાં ધ્યેયોની પૂર્તિ અર્થે એ દેવોને બનાવવામાં આવ્યા હતા.

એક દેવનું નામ હતું આકાશ, બીજાનું હતું સૂર્ય, અને ત્રીજી હતી ધરતી દેવી. પ્રકાશ અને અંધકાર તથા વરસાદ અને દુકાળ જેવી કુદરતી ક્રિયાઓનું સંચાલન એ દેવદેવીઓને હસ્તક હતું.

આપણો વિરાટ-માનવ વધારે મોટો થઈ ગયો હતો, પરંતુ તેને હજુ પોતાની તાકાતનું ભાન નહોતું. તે હજુ પણ એમ માનતો કે તેનો રોજનો ખોરાક તેની પોતાની મહેનતનું ફળ નહિ, પણ આસમાનો તરફથી મળતી ભેટ હતી.

નવમી કડી

સમયના કાંટા આગળ ખસે છે

ચાલો આપણે સમયના કાંટાને થોડાંક હજાર વર્ષ આગળ ખસેડી દઈએ. એ રીતે આપણે આધુનિક યુગથી માત્ર પચાસ શતાબ્દી જ દૂર રહીશું.

પચાસ શતાબ્દી! કોઈની જિંદગી વિશે કે પછી કોઈ પ્રજાના ઇતિહાસ વિશે પણ વાત કરીએ તો એ તો બહુ જ લાંબો કાળ લેખાય. પરંતુ આપણે કોઈ એક મનુષ્યની વાત તો નથી કરી રહ્યા, આપણે તો વાત કરીએ છીએ આખી મનુષ્યજાતિની.

મનુષ્યજાતિની ઉંમર લગભગ દસ લાખ વર્ષની છે. એટલે જ, તેની વાત કરતાં પચાસ શતાબ્દી કંઈ બહુ લાંબો કાળ ન ગણાય.

તો સમયના કાંટા આગળ ખસેડી દેવાયા છે. પૃથ્વીએ સૂર્યની આસપાસ હજારો અધિક પરિક્રમણો પૂરાં કરી દીધાં છે. એ સમય દરમિયાન પૃથ્વીમાં શું બન્યું? પૃથ્વી પ્રત્યે એક નજર નાખતાં જ ખબર પડી જાય છે કે તેને માથે ટાલ પડી ગઈ છે.

એક વખત હતો જ્યારે તેની બરફની સફેદ ટોપીની ચોતરફ ગાઢ જંગલો ઊગેલાં હતાં. હવે જંગલો આછાં પડી ગયાં છે અને તેમાં ઊંડે ઊંડે સુધી ઘાસભૂમિના વિસ્તૃત પ્રદેશો પથરાઈ ગયા છે. ક્યાંક ક્યાંક સૂર્યનો પ્રકાશ પામતી ખુલ્લી જગ્યાઓએ જંગલને પાછળ ધકેલી દીધું છે. નદીઓ અને સરોવરોને કિનારે ઊગી નીકળતા બરુના તથા બીજા છોડવાઓ માટે જગ્યા કરવા જંગલે પીછેહઠ કરી છે.

પણ નદીના વળાંક પાસે આવેલી પેલી ટેકરીની ઉપર શું દેખાય છે? ઢોળાવ ઉપર જાણે પીળો રૂમાલ પાથરી દીધો હોય એમ લાગે છે.

એ છે માનવહસ્ત વડે પરિવર્તન પામેલો ધરતીનો ટુકડો. સોનેરી કણસલાંની વચ્ચે વાંકી વળીને કામ કરતી સ્ત્રીઓની પીઠ આપણને અહીંથી દેખાય છે. તેમનાં દાતરડાં ઝડપથી હલે છે અને પાક લણાતો જાય છે.

હજારો વર્ષો પહેલાં આપણે હથોડીને પ્રથમ વાર કામ કરતી જોઈ હતી. પણ દાતરડાને કામ કરતું તો આપણે અહીં જ પહેલી વાર જોઈએ છીએ. એ દાતરડું આપણે જે દાતરડાંથી પરિચિત છીએ એવું મુદ્દલ નથી. એ તો ચકમકના પથ્થર વડે અને લાકડા વડે બનેલું છે. લાકડાના ચોકઠામાં ચકમકનાં છેદકોને જડીને તેને બનાવવામાં આવ્યું છે.

આપણે જે ખેતર પાસે જઈ ચડયા છીએ તે જગતનું પ્રથમ ખેતર છે. વ્યાપક રાનની બનેલી દુનિયામાં એવી પીળો રૂમાલ પાથરેલી જગ્યાઓ હજુ બહુ જ થોડી છે.

અનાજના છોડવાઓને વગડાઉ વેલાઓ ચોતરફથી ગૂંગળાવે છે. ખેતરોમાં ઊગી નીકળતી નકામી પણ હાનિકારક વનસ્પતિની વિરુદ્ધ પગલાં લેવાનું મનુષ્ય હજુ શીખ્યો નથી. છતાં, અંતે તો અનાજનાં કણસલાં જ વિજયી થાય છે. પીળાં ખેતરો સુવર્ણના મહાસાગરની જેમ પૃથ્વી ઉપર છવાઈ જાય એવો સમય પણ આવી રહ્યો છે.

દૂર નદીને કિનારે હરિયાળા બીડમાં આપણને સફેદ, ભૂખરી અને કાબરચીતરી આકૃતિઓનો સમૂહ દેખાય છે. સમૂહ હલતો હોય એમ લાગે છે. કેટલીક આકૃતિઓ સમૂહથી ક્યારેક છૂટી પડીને પાછી સમૂહમાં ભળી જાય છે.


કેટલીક આકૃતિઓ નાની છે, તો કેટલીક મોટી. એ છે ગાય, બકરાં અને ઘેટાંનું ધણ. માનવીય પ્રયાસો દ્વારા ઉછેરાઈને પરિવર્તન પામતાં એવાં જનાવરોની સંખ્યા હજુ બહુ બહુ નાની છે. પરંતુ જંગલવાસી સગાંઓની સરખામણીમાં એ પાળેલાં જનાવરો વધારે ઝડપથી વૃદ્ધિ પામે છે, કેમ કે જંગલવાસી જનાવરોને જીવનનિર્વાહની અને પ્રાણરક્ષાની જવાબદારી પોતાને જ સંભાળવી પડે છે.

બે કે ત્રણ હજાર વર્ષ પછી દુનિયામાં ગાય અને આખલાની સરખામણીમાં રાની ભેંશ અને પાડા બહુ જ ઓછી સંખ્યામાં બચ્યાં હશે.

ત્યાં ખેતરો અને ધણ છે તો મનુષ્યની વસતિ પણ પાસે જ ક્યાંક હોવી જોઈએ. અને છે પણ ખરી. પણે નદીને ઊંચે કાંઠે ગામ જેવું કંઈક દેખાય છે. એ ગામ આપણે પહેલાં જોયેલાં શિકારીઓનાં પડાવસ્થળો જેવું નથી. ત્યાં થાંભલા અને ડાળીઓનાં બનેલાં ઝૂંપડાં નથી. તેને બદલે ત્યાં તો લાકડાનાં બનેલાં સાચાં ઘર છે. એ ઘરોને ત્રિકોણાકાર છાપરાં છે. દીવાલો ઉપર માટીનું પ્લાસ્તર કરેલું છે. ઘરનાં બારણાં ઉપર મોભ છે. મોભમાં આખલાના માથાનું ચિત્ર દોરવામાં આવ્યું છે. આખલાદેવ ઘરનું રક્ષણ કરે છે. આખા ગામને ફરતી માટીની દીવાલ ચણવામાં આવી છે.

હવામાં ધુમાડાની, ખાતરની અને તાજા દૂધની ગંધ ભળેલી છે.

ઘરોની પાસે છોકરાં રમે છે. પાસે જ આવેલા કાદવિયા ખાડામાં ગાયો અને ડુક્કરનાં બચ્ચાં કાદવમાં આળોટે છે. ચૂલામાં બળતી આગ ખુલ્લા બારણામાંથી સ્પષ્ટ દેખાય છે. પેલી ઘરડી સ્ત્રી સપાટ રોટલી જેવું કંઈક શેકી રહી છે. તે કાચા લોટને ગરમ રાખ ઉપર મૂકીને પછી રોટલીને માટીના વાસણ વડે ઢાંકી રહી છે. એ તેનો ચૂલો છે. તેની પાસે બાંકડા ઉપર લાકડાના કોતરી કાઢેલા વાડકા અને પ્યાલા પડયા છે.



પાણીને તળિયે ખૂંટા મારીને પાણીની સપાટીથી ઉપર થાંભલાઓને આધારે બાંધવામાં આવેલાં ગામડાં ન્યુ ગીનિમાં આજે પણ જોવા મળે છે

ચાલો આપણે ગામમાંથી બહાર નીકળીને નદીએ જઈએ. કિનારાની પાસે છીછરા પાણીમાં પાણીથી ભરેલી નાવડી આમતેમ હલે છે. નદીને કાંઠે કાંઠે ઉપરવાસ તરફ જઈશું તો આપણે જે સરોવરમાંથી આ નદી વહે છે ત્યાં પહોંચી જઈશું. ત્યાં પણ એક ગામ છે. પણ એ ગામ આ ગામથી તદ્દન ભિન્ન પ્રકારનું ગામ છે. એ બીજું ગામ ટાપુ જેવું છે.

પહેલાં તો સરોવરને તળિયે ખૂંટા ઠોકવામાં આવ્યા. ખૂંટાની સાથે લાકડાના મજબૂત થાંભલા જડી દેવામાં આવ્યા. પછી એ થાંભલાઓ ઉપર પાટિયાં ગોઠવી દેવામાં આવ્યાં. એ પાટિયાંની જમીન ઉપર ઘર બંધાઈ ગયાં. લાંબા ઝૂલતા પુલ એ કાષ્ઠદ્વીપને કિનારા સાથે સાંકળે છે.

પાસે જ માછલાં પકડવાની કેટલીક જાળ અને માછીમારના કાંટા પડ્યા પડ્યા સુકાય છે. સરોવર માછલીઓથી ભરેલું હોવું જોઈએ. પણ આ ગામના લોકો ફક્ત માછીમારો જ નથી. ઘરોની વચ્ચે આપણને અહીંતહીં અનાજના ગોળાકાર કોઠારો પણ દેખાય છે. કોઠારોને અણિદાર છાપરાં છે. કોઠારની રચના ડાળીઓને એકબીજીની સાથે વણીને કરવામાં આવી છે. કોઠારોની લગોલગ ઢોરની ગમાણો બનાવવામાં આવી છે.

આપણી કલ્પનામાં તાદૃશ્ય દેખાતું એ પ્રાચીન ગામ તો લાંબા સમય પહેલાં જ વિનાશ પામીને માટીમાં મળી ગયું છે. પહેલાં ત્યાં ઊભેલાં ઘરોનાં છાપરાં ઉપર પાણી ફરી વળ્યાં છે. એ ગામના

અવશેષોને આપણે સરોવરને તળિયેથી કેવી રીતે ખોળી કાઢવાં? એ તો તદ્દન અશક્ય વાત લાગે છે. પરંતુ ક્યારેક એવું બને છે કે સરોવરનાં પાણી દૂર હઠી જઈને, શતાબ્દીઓ પર્યંત પોતાની અંદર છુપાવી રાખેલાં રહસ્યો આપણી સમક્ષ ખુલ્લાં કરી દે છે.

સરોવરની કથા

૧૮૫૩ માં સ્વીટઝર્લેંડમાં ભયંકર દુકાળ પડયો. ખીણોમાં નદીઓ સુકાઈ ગઈ, અને સરોવરોનાં પાણી પાછાં હઠી જતાં, કાદવકીચડથી છવાયેલાં તળિયાં ખુલ્લાં થઈ ગયાં. ઝુરિક સરોવરને કાંઠે વસેલા ઓબેરમેઇલન ગામના લોકોએ દુકાળનો લાભ લઈને સરોવર પાસેથી જમીનનો એક ટુકડો હાંસલ કરી લેવાનો નિર્ણય કર્યો.



એક જમાનામાં ઝુરિક સરોવરની ઉપર વસેલા ગામડાનું પુરાતત્ત્વવિદોએ અવશેષોના આધારે દોરેલું ચિત્ર

એમ કરવું હોય તો પાણીમાંથી નીકળી આવેલી જમીનને સરોવરથી નોખી પાડતી સૂકી પટ્ટી ઉપર બંધ બાંધી લેવો પડે.

કામ શરૂ થઈ ગયું. જ્યાં નગરના લોકો પહેલાં દર રવીવારે ભૂરી અને લીલી હોડીઓમાં બેસીને સહેલગાહે નીકળતા, ત્યાં બંધ બાંધવા માટે ગાડાં ભરીભરીને માટી લઈ આવતા મજૂરોનાં જૂથો પ્રત્યે રાડારાડી કરતા ગાડીવાનોનો કોલાહલ મચી રહ્યો. બંધ બાંધવા માટે જરૂરી માટી એ લોકોને બરાબર બંધની જગ્યા પાસે જ મળી ગઈ. અણધારી રીતે પાણી હઠી જતાં, સરોવરનું તળિયું જ સૂકી જમીનમાં ફેરવાઈ ગયું હતું, એટલે બંધ સારુ માટી ત્યાંથી જ ખોદાતી હતી. અચાનક કોઈનો પાવડો સડી ગયેલા ખૂંટા જોડે અથડાયો. પાસે જ બીજો અને પછી ત્રીજો ખૂંટો મળી આવ્યો. એ તો સ્પષ્ટ થઈ ગયું કે મનુષ્યોએ એ જગ્યાએ પહેલાં પણ કામ કર્યું જ હોવું જોઈએ. ધરતીમાંથી માટી ભરીને બહાર આવતો પ્રત્યેક પાવડો માટીની સાથે સાથે ચકમકની કુહાડીઓ, માછલાં પકડવાના કાંટા અને ઠીકરાં લઈ આવતો હતો. થોડા વખતમાં જ પુરાતત્ત્વવિદો એ જગ્યાએ પહોંચી ગયા. તેઓએ પ્રત્યેક ખૂંટાનો તથા સરોવરને તળિયેથી મળી આવેલી પ્રત્યેક વસ્તુનો બારીક અભ્યાસ કર્યો, અને એક જમાનામાં ઝુરિક સરોવરને કાંઠે થાંભલાને ટેકે વસેલા ગામનું ચિત્ર ફરી વાર કાગળ ઉપર ખડું કરી દીધું.

ખૂંટા ઉપર જડેલા થાંભલાની ઉપર ગોઠવેલાં પાટિયાં ઉપર બંધાયેલાં એવાં જ બીજાં ગામડાંઓના અવશેષો રશિયામાં મોસ્કોની નજીક કલ્યાઝમા નદી પર, અને મુરોમની નજીક વેલેત્મા નદી પર પણ મળી આવ્યા છે. ત્યાં મળી આવેલી અનેક વસ્તુઓમાં માછલાંનાં હાડકાં, મત્સ્યભાલા અને માછલાં પકડવાના કાંટા હતા.

સ્વીટઝર્લેંડમાં આવેલા ન્યુચાતેલ સરોવરનો અભ્યાસ પુરાતત્ત્વવિદોએ તાજેતરમાં જ કર્યો છે. તેઓએ સરોવરપટની ધરતીના નમૂના લઈ લીધા, અને એ નમૂનાઓને આધારે શોધી કાઢ્યું કે સરોવરપટની ધરતી ઘણાબધા થરોની બનેલી છે.

ભરીને બનાવેલી ખાવાની કોઈ વાનગીમાં ઉપરની પોપડીને અંદર ભરેલી વસ્તુથી નોખી પાડવાનું જેમ સાવ સરળ હોય છે, તેમ જ એ ધરતીમાં પણ એક થર ક્યાં પૂરો થતો હતો અને બીજો ક્યાં શરૂ થતો હતો એ હકીકત તારવવાનું સાવ સહેલું હતું. તળિયાનો ઉપરનો થર રેતીનો બનેલો હતો. પછીનો થર મનુષ્યના રહેઠાણના, ઘરની સાજસજાવટના અને ઓજારોના અવશેષોથી ભરેલા કાદવનો હતો. અને ત્રીજો થર વળી પાછો રેતીનો હતો. ધરતીમાં જામેલા થરોના એવા ક્રમનું અનેક વાર પુનરાવર્તન થયું હતું. એક જગ્યાએ તો રેતીના બે થરોની વચ્ચે કોયલાનો એક જાડો થર મળી આવ્યો હતો.

એ બધા થરો કેવી રીતે જામ્યા?


પાણીમાં તો ફક્ત રેતી ખેંચાઈ આવીને ભેગી થાય. તો પછી કોયલો ક્યાંથી આવ્યો?

કોયલો તો અગ્નિ વડે જ ઉત્પન્ન થયો હોય.

એ બધા થરોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવાથી પુરાતત્ત્વવિદોને સરોવરનો ઇતિહાસ સમજાયો. ઘણા લાંબા કાળ પહેલાં ક્યારેક લોકો સરોવર પાસે પહોંચ્યા, અને ત્યાં સરોવરને કિનારે તેમણે ગામ બાંધ્યું. પછી, ઘણાં વર્ષો બાદ સરોવરનાં પાણી છલકાઈ ગયાં અને કિનારાની ઉપર ફરી વળ્યાં.

પૂરગ્રસ્ત ગામને તજીને લોકો ભાગી ગયા. લાકડાનાં ઘર પાણીમાં ભીંજાઈને ધીરે ધીરે કોહી ગયાં અને પડી ભાંગ્યાં. એક વખતે મોભની નીચે જ્યાં ચકલીઓ માળા બાંધતી, ત્યાં હવે નાની નાની માછલીઓનાં ઝુંડ આમતેમ સરકતાં હતાં. પહેલાં જ્યાં ઘરનું બારણું હતું તેમાંથી તીણા દાંતવાળી પાઈક માછલી ધીમે ધીમે તરતી બહાર આવી રહી હતી. ચૂલાની પાસે પડેલા બાંકડાની નીચે ક્રેફિશ પોતાના નહોર ફેરવતી હતી. ગામના અવશેષો થોડા સમયમાં જ કાદવના થરની નીચે દટાઈ ગયા અને પછી તેની ઉપર રેતીનો થર જામી ગયો.

વખત જતાં સરોવરમાં પરિવર્તન આવ્યું. પાણી પાછળ હઠી ગયું અને તળિયું ખુલ્લું થયું. એક જમાનામાં જેની ઉપર ગામ વસ્યું હતું એ રેતભીંત પણ ફરી દેખાઈ. પણ ગામનું કોઈ નામનિશાન નજરે પડતું નહોતું, કેમ કે તેના અવશેષો તો રેતીમાં ઊંડે દટાયેલા પડયા હતા.



સ્કોટલૅંડમાં મળી આવેલા પ્રાગૈતિહાસિક ખૂંટાગ્રામને સ્થળે આવા અવશેષો પડયા હતા

વળી પાછા લોકો સરોવરને કિનારે પહોંચ્યા. પાવડાના અવાજ હવામાં ગુંજી રહ્યા. પીળી રેતી ઉપર લાકડાની ચીપો વેરાયેલી પડી હતી. પાણીની પાસે કિનારા ઉપર એક પછી એક નવાં મકાનો ખડાં થતાં ગયાં.

સરોવર અને લોકોની વચ્ચેનો જંગ ચાલુ જ રહ્યો. ક્યારેક એક પક્ષને અને ક્યારેક બીજા પક્ષને વિજય મળતો રહ્યો. લોકો પોતાનાં ઘર બાંધતા અને સરોવર એ ઘરોને નષ્ટ કરી દેતું.

એવા જંગથી લોકો આખરે થાક્યા. તેઓએ પોતાનાં ઘર પહેલાંની જેમ સરોવરને કિનારે નહિ પણ સરોવરના પાણીની ઉપર જ બાંધવાનું નક્કી કર્યું. લોકોએ સરોવરને તળિયે ઊંચા થાંભલા ખોડયા. ખૂબ નીચે ઉછાળા લેતા પાણીને તેઓ પાટિયાંની તરડોમાંથી જોઈ શકતા. પણ હવે તેઓને પાણીની બીક નહોતી રહી. પાણી ભલેને મરજી પડે એટલું ઊંચું ઊછળે, પાટિયાં સુધી તે કદી પણ પહોંચે તેમ નહોતું.

પણ સરોવરની ઉપર વસતા લોકોને એક બીજા દુશ્મનથી બચવાનું હતું. એ બીજો દુશ્મન હતો અગ્નિ.

ગુફાવાસી પ્રાગૈતિહાસિક મનુષ્યોને આગની બીક નહોતી. તેઓની ગુફાઓની પથ્થરની દીવાલો આગથી કદી બળે તેમ નહોતી.

પરંતુ પ્રથમ કાષ્ઠઘર અસ્તિત્વમાં આવ્યાં કે તરત જ પ્રથમ આગ પણ ફાટી નીકળી. અનેક સહસ્ર વર્ષો સુધી આજ્ઞાંકિત રીતે મનુષ્યની સેવા કરનાર જવાળાના રાતા પશુએ હવે પોતાના દાંત દેખાડયા.

ન્યુચાતેલ સરોવરને તળિયે જામેલો કોયલાનો જાડો થર પ્રાચીન આગમાં બળીને તારાજ થઈ ગયેલાં ઘરોના કોયલાનો થર હતો.

કેવી ભયંકર આફત! આગની જવાળાઓથી બચવા લોકો બાળકોને છાતીએ વળગાડીને પાણીમાં કૂદી પડયા. ગમાણમાં ઢોર ભાંભરવા લાગ્યાં, પણ ઢોરને છોડીને બહાર કાઢવાનો તો લોકોને સમય જ નહોતો. કાષ્ઠગ્રામ વિશાળ તાપણાની જેમ ભડભડ સળગી ઊઠયું અને તેમાંથી ઊડતા તણખાપ્રવાહો પ્રત્યેક દિશામાં ઊડી રહ્યા.

આગની આફત સાચેસાચ ભયાનક આફત હતી.

પરંતુ જે અગ્નિએ ગ્રામવાસીઓનાં ઘરોને બાળીને નષ્ટ કરી નાખ્યાં, એ જ અગ્નિએ આપણાં અજાયબઘરો માટે અમૂલ્ય વસ્તુઓ જાળવી રાખી. એ અમૂલ્ય વસ્તુઓ હતી લાકડાનાં વાસણો, માછલાં પકડવાની જાળો, અને અનાજ તથા અનાજના છોડના સાંઠા પણ.

સૌથી વધારે ઝડપથી બળી જનારી વસ્તુઓ જળવાઈ રહી એ વળી કેવો ચમત્કાર?

હકીકતમાં આમ બન્યું.

જુદી જુદી વસ્તુઓ સળગવા માંડી એટલે પાણીમાં પડી ગઈ. પાણીમાં પડતાં જ આગ ઓલવાઈ ગઈ, અને એ રીતે પાણીએ એ વસ્તુઓને બચાવી લીધી. જરાય હાનિ પામ્યા વગર એ વસ્તુઓ


તળિયે જઈને બેઠી. તળિયે એ વસ્તુઓ ઉપર નવો ખતરો તોળાઈ રહ્યો: પાણીમાં તો એ વસ્તુઓ ભીંજાઈને સડી જાત. પરંતુ બળીને તતડી ગયેલી હાલતે એ વસ્તુઓને બીજી વાર બચાવી લીધી. કોયલાના પાતળા પડે એ વસ્તુઓને સડી જતાં રોકી.

અગ્નિએ અને પાણીએ પોતપોતાનું કામ અલગ અલગ રીતે કર્યું હોત તો એ બધી વસ્તુઓ નિ:શંક નષ્ટ થઈ ગઈ હોત. પરંતુ તેઓએ મળીને કામ કર્યું અને પરિણામે હજારો વર્ષો પહેલાં વણવામાં આવેલા કાપડના નમૂના જેવી નાજુક ચીજ પણ આજ પર્યંત જળવાઈ રહી.


પ્રથમ કાપડ

પ્રથમ કાપડ હાથ વડે વણવામાં આવ્યું હતું. એસ્કિમો જાતિના લોકો કાપડ વણવા આજે પણ સાળનો ઉપયોગ કરતા નથી. એ લોકો કાપડ હાથ વડે જ વણે છે. એ લોકો પહેલાં તો એક ચોકઠા ઉપર ઊભા જતા તાર (તાણા) બાંધી લે છે. પછી તેઓ આડા જતા તાર (વાણા)ને કાંઠલીનો ઉપયોગ કર્યા વગર હાથ વડે ઊભા તારની વચ્ચે વાણતા જાય છે.

દોરા બાંધેલા લાકડાના નાનકડા ચોકઠા જોડે આધુનિક સાળની સરખામણી કરવાનું કામ અત્યંત



ખૂંટાગ્રામના અવશેષોમાંથી મળેલું કાપડનું એક ચીંથરું



જગતની પ્રથમ સાળો ઘણું કરીને આ બ્રાઝિલિયન ઈન્ડિયન સાળ જેવી રહી હશે

કઠિન છે. અને છતાં આધુનિક સાળના વિકાસનો આરંભ લાકડાના એ તદ્દન સાદા ચોકઠામાંથી જ થયો હતો.

સરોવરને તળિયેથી મળી આવેલું તતડીને કાળું પડી ગયેલું ચીંથરું આપણને મનુષ્યના જીવનની એક અત્યંત મહત્ત્વની ઘટનાની કહાણી કહી જાય છે. હંમેશાં જનાવરની ખાલ પરિધાન કરનાર મનુષ્યે પોતે જ વાવેલાં અને લણેલાં ખેતરોની પેદાશમાંથી કાપડરૂપી ખાલ બનાવી લીધી હતી.

કાપડ બનતાં પહેલાં હજારો વર્ષો અગાઉ બનેલી સોયને મનુષ્યના જીવનમાં આખરે યોગ્ય સ્થાન મળ્યું ખરું. હવે એ સોયનો ઉપયોગ જનાવરની ખાલને સીવવા સારુ નહિ પણ કાપડના ટુકડા સીવવા માટે થવા લાગ્યો.

સોહામણાં ભૂરાં પુષ્પો ધરાવતા શણનાં ખેતરો અસ્તિત્વમાં આવતાં, ઘરની સ્ત્રીઓને માથે કામનો અને ચિંતાનો ભાર વધ્યો.

શણને ખેંચી કાઢવાનો સમય આવે ત્યારે ખેતરનો પાક લણીને થાકેલા હાથ કળતા હોય તોપણ બેસી તો ન જ રહેવાય. પહેલાં તો મૂળિયાં સાથે આખો છોડ જ ખેંચી કાઢવામાં આવતો. પછી શણને સૂકવવામાં આવતું, ધોવામાં આવતું, અને વળી પાછું સૂકવી દેવાતું. પણ કામ એટલેથી જ પૂરું નહોતું થઈ જતું. સુકાઈ ગયેલા શણને નરમ કરવું પડતું, પંજેટવું પડતું અને સાફ કરીને છૂટું પાડવું પડતું. ધોવાઈને સાફ થવાથી, ગામના બાળકોના સુંવાળા વાળ જેવું થઈ ગયેલું શણ, આખરે કાંતવાલાયક તૈયાર થઈ જતું. પછી તકલીઓ ફરવા લાગતી અને શણના ગાંઠાઓનું દોરામાં પરિવર્તન થવા લાગતું. અને એ રીતે શણને કાંતીને દોરો બનાવ્યા પછી જ તેમાંથી કાપડ વણવાનું શક્ય બનતું.

કાપડ બનાવવામાં ઘણી મહેનત પડતી એ સાચું, પણ બધી જહેમતના બદલામાં સ્ત્રીઓને મનોહર રૂમાલ, સરસ મળવસ્ત્રો, અને રંગબેરંગી કિનારીવાળા ઘાઘરા મળતા.

પ્રથમ ખાણિયાઓ અને પ્રથમ પોલાદ-ઉત્પાદકો

આજકાલ કોઈ પણ ઘરમાં કૃત્રિમ સામગ્રીની બનાવેલી વસ્તુઓ, કુદરતમાં ન મળતી હોય એવી સામગ્રીની વસ્તુઓ હોય છે.


કુદરતમાં નથી હોતી ઈંટ કે નથી હોતી ચિનાઈ માટી, નથી હોતું ભરતરનું લોઢું કે નથી હોતો કાગળ. ચિનાઈ માટી અને ભરતરનું લોઢું બનાવવા માટે મનુષ્યને કુદરતમાં મળતી સામગ્રી લઈને તેને ઓળખી પણ ન શકાય એટલી બદલી નાખવી પડી. જેને ઓગાળવાથી ભરતરનું લોઢું બને છે એ ખનિજ લોહની સાથે ભરતરનું લોઢું જરાય મળતું આવે છે ખરું? ચિનાઈ માટીના પાતળા પારદર્શક પ્યાલાને જોતાં, આપણે કલ્પના પણ કરી શકીએ ખરા કે એ પ્યાલો કાચી માટીમાંથી બનાવવામાં આવ્યો હશે?

વળી કાંકરેટ, સેલોફેન, પ્લાસ્ટીક, કૃત્રિમ રેશમ અને કૃત્રિમ રબડનું શું? પહાડોમાં તમને ક્યાંય કાંકરેટની બનેલી કરાડો જોવા મળશે ખરી? અને લાકડામાંથી રેશમ બનાવી શકે એવો રેશમનો કીડો કોઈએ જોયો છે ખરો?

પદાર્થ ઉપર પ્રભુત્વ મેળવીને મનુષ્યે કુદરતનાં વધારે ને વધારે રહસ્યો ઉકેલી કાઢયાં. તેણે એક પથ્થરને બીજા પથ્થર જોડે ઘસીને ધારદાર બનાવવાથી શરૂઆત કરી હતી. આજે તે પોતાની મરજી પ્રમાણે અણુઓનું, નરી આંખે જોઈ પણ ન શકાય એવા સૂક્ષ્મ કણોનું, કુશળતાથી સંચાલન કરે છે.

એ ક્રિયાનો આરંભ તો ઘણા ઘણા લાંબા કાળ પહેલાં, રસાયણવિદ્યા કે પદાર્થવિજ્ઞાન અસ્તિત્વમાં આવ્યાં તેથીયે ખૂબ પહેલાં થયો હતો. અંધારામાં ફાંફાં મારતાં મારતાં, પોતે શું કરી રહ્યો છે તેની મુદ્દલ સમજણ વગર જ, મનુષ્યે પદાર્થનું પરિવર્તન કરતાં શીખી લીધું.

પ્રથમ કુંભારો પોતાનાં માટીનાં વાસણોને આગમાં પકવી રહ્યા હતા ત્યારે તેઓ અજાણ્યે જ પદાર્થ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરી રહ્યા હતા. એ કામ સહેલું નહોતું. પથ્થરને હાથ વડે ઘડીને તેનો ઘાટ જેમ બદલી શકાય, એવી રીતે હાથ વડે તો પદાર્થના સૂક્ષ્મમાં સૂક્ષ્મ કણનું પણ પરિવર્તન ન જ થઈ શકે. એ કામ માટે તો મનુષ્યને હાથના બળ ઉપરાંત કોઈ બીજી શક્તિની, પદાર્થમાં પરિવર્તન આણી શકે તેવી શક્તિની પણ જરૂર પડે.



સોવિયેત સંઘના દક્ષિણ ભાગમાં ઉત્ખનન દરમિયાન મળી આવેલો પ્રાગૈતિહાસિક ચૂલો

મનુષ્યે જ્યારે અગ્નિને પોતાનો સહાયક બનાવ્યો ત્યારે તેને એ શક્તિ મળી ગઈ. અગ્નિ માટીને પકવતો અને લોટનું રોટીમાં પરિવર્તન કરતો. અગ્નિ ત્રાંબું ઓગાળી દેતો.

સરોવરને તળિયેથી ચકમકનાં ઓજારોની જોડે આપણને ત્રાંબાનાં ઓજારો પણ મળી આવ્યાં છે.

શત શત સહસ્ર વર્ષોથી પથ્થરનાં ઓજાર ઘડતો મનુષ્ય, એકાએક ધાતુનાં ઓજાર ઘડતાં કેવી રીતે શીખી ગયો? વળી, ઓજારો ઘડવા માટે જરૂરી ધાતુ તેને ક્યાંથી મળી ગઈ?

ખેતરોમાં અને જંગલોમાં રખડી રખડીને થાકી જઈએ તોપણ આપણને શુદ્ધ ત્રાંબાનો એક કકડો પણ કદી નહિ મળે. આજકાલ પ્રાકૃતિક ત્રાંબું તદ્દન વિરલ થઈ ગયું છે. પરંતુ હંમેશાં એવી પરિસ્થિતિ નહોતી. હજારો વર્ષો પહેલાં પૃથ્વી ઉપર આજના કરતાં ઘણું વધારે ત્રાંબું હતું. વાસ્તવમાં ત્રાંબું તો માણસના પગની નીચે જ હતું, પણ ઓજારો બનાવવા સારુ ચકમક જોઈએ તેટલો મળી રહેતો, એટલે લોકોએ ત્રાંબા પ્રત્યે કદી ધ્યાન આપ્યું જ નહિ.

ચકમકની તાણ પડવા લાગી નહિ ત્યાં સુધી ત્રાંબા પ્રત્યે તેઓનું ધ્યાન આકર્ષાયું જ નહિ. ચકમકની તાણ માટે લોકો પોતે જ જવાબદાર હતા. ચકમકને કરકસરથી વાપરવાની તેઓએ કદી પરવા જ કરી નહોતી. નવું ઓજાર બનાવવું હોય ત્યારે ચકમકનો ગાંઠ તરીકે ઓળખાય એવો એક મોટો ટુકડો લઈને લોકો તેમાંથી નાના નાના કકડાની ચીપો ઉતારતા જતા. એ રીતે નાનકડું ઓજાર તૈયાર થઈ જતું, પણ ચકમકનો મોટો ટુકડો આખો બરબાદ થઈ જતો. ચકમકની ઓજારો બનાવવા માટે તદ્દન નકામી ચીપોના અને કટકીઓના ઢગલા પ્રાગૈતિહાસિક લોકોનાં ઘરોની આસપાસ મળી આવ્યા છે. આજે પણ તમને ક્યાંય લાકડાના છોલના ઢગલા પડેલા દેખાય તો તમે તરત જ સમજી જાઓ કે ત્યાં કોઈ સુથારનું ઘર હશે.

શત શત સહસ્ર વર્ષોના ગાળામાં ચકમકના સમૃદ્ધ ભંડારો પણ ખૂટી ગયા. ઘણા દેશોમાં ચકમકનો દુકાળ ફેલાઈ ગયો. એ આફત ભયાનક હતી. આપણાં કારખાનાંઓને અને પ્લાંટોને પૂરતું લોખંડ ન મળે તો શું થાય તેની કલ્પના કરો. ધરતીમાં સપાટીથી નજીક આવેલા નિક્ષેપો વપરાઈ ગયા હોય તો લોઢું શોધવા માટે ખાણિયાઓને ધરતીના પેટાળમાં ઊંડે ને ઊંડે ખોદવું પડે.

પ્રાગૈતિહાસિક લોકોને બરાબર એમ જ કરવું પડયું. એ લોકોએ ખાણો ખોદવાનું શરૂ કર્યું. એ ખાણો જગતની પ્રથમ ખાણો હતી.

ખડીના નિક્ષેપોમાં આપણને પ્રાચીન ખાણોના એવા ખાડા ક્યારેક ક્યારેક મળી આવે છે. ચકમક અને ખડી ઘણી વાર ભેગા મળી આવે છે, એટલે એ ખાણો ચકમકને માટે જ ખોદવામાં આવી હોય.

એ જમાનામાં ધરતીની સપાટીથી ત્રીસ કે ચાળીસ ફૂટ નીચે ખોદવાનું કામ અત્યંત ભયજનક કામ હતું. લોકો દોરડાને આધારે કે ખાંચા પાડેલા વાંસડાને આધારે નીચે જમીનમાં ઊતરતા. નીચે વાતાવરણ અંધારિયું અને ધુમાડિયું રહેતું. લાકડાના બળતા કકડાના કે તેલના નાનકડા દીવાના પ્રકાશમાં લોકો કામ કરતા. આજના જમાનામાં ખાણના કામ માટે લેવાતાં સલામતીનાં પગલાંમાં ખાણમાં અને ખાણની અંદર આવેલી નેળોમાં લાકડાના મજબૂત બાંધકામનો સમાવેશ થાય છે. પરંતુ એ જમાનામાં

ભૂગર્ભ સુરંગોની દીવાલોને કે છતને કૃત્રિમ ટેકા વડે વધારે મજબૂત કેમ બનાવવાં તેની કોઈને જ ખબર નહોતી. ખડકની ઢીલી પડી ગયેલી મોટી શિલા અચાનક તૂટી પડીને નીચે કામ કરતા ખાણિયાઓને જીવતા જ દાટી દે એવું ઘણી વાર બનતું. ખડીના વિશાળ જથ્થાની નીચે દટાઈ ગયેલા ખાણિયાઓના ચગદાઈ ગયેલાં હાડપિંજરો પ્રાચીન ચકમકખાણોમાંથી મળી આવ્યાં છે. હાડપિંજરોની નજીક ખાણિયાઓનાં શિંગડાની કોદાળી જેવાં ઓજારો પણ મળી આવ્યાં છે.

એક જ સુરંગમાંથી એવાં બે હાડપિંજર મળી આવ્યાં હતાં. બેમાંથી એક હાડપિંજર મોટા માણસનું હતું અને બીજું બાળકનું હતું. ઘણું કરીને કોઈ પિતા પોતાના પુત્રને ખાણમાં ભેગો લઈ ગયો હશે, પણ એ બન્ને ઘેર પાછા કદી ન પહોંચ્યા.

પ્રત્યેક શતાબ્દીને અંતે ચકમકના જથ્થા ઘટતા જતા હતા. સમય વીતતો ગયો તેમ ખાણમાંથી ચકમકને ખોદી કાઢવાનું કામ વધારે ને વધારે મુશ્કેલ બનતું ગયું. પરંતુ પ્રાગૈતિહાસિક મનુષ્ય માટે ચકમક ખૂબ જરૂરી વસ્તુ હતી. તેની કુહાડીઓ, છરીઓ અને કોદાળીઓ ચકમકમાંથી જ બનતી.

ચકમકને બદલે ચાલે તેવી વસ્તુ શોધી કાઢવાનું તેને માટે અત્યંત જરૂરી બની ગયું.

એવે વખતે પ્રાકૃતિક ત્રાંબું તેની મદદે આવ્યું. લોકોએ તેનું વધારે બારીક નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું. તેઓને થતું: આ લીલો પથ્થર વળી કેવો છે? કોઈ પણ કામમાં તેનો ઉપયોગ કરવાનું શક્ય છે ખરું?

શુદ્ધ ત્રાંબાનો કકડો મળી જાય એટલે લોકો તેની ઉપર હથોડીના ઘા મારવાનું શરૂ કરી દેતા. તેમને મન તો એ કકડો પથ્થરનો જ હતો. ચકમકને હથોડી વડે તોડીને એ લોકો ઓજારો બનાવતા. એટલે એ નવા પથ્થર ઉપર પણ લોકોએ એ જ રીત અજમાવી. પરંતુ ત્રાંબાના કકડાની ઉપર હથોડીના ઘા પડતાં ત્રાંબું તો વધારે સખત બનતું, અને તેનો ઘાટ બદલાઈ જતો. વળી ત્રાંબાની ઉપર હથોડીના ઘા મારવાની પણ ખાસ રીત હોય છે. ઘા વધારે પડતા જોરથી પડે તો ત્રાંબું બટકી જતું અને તેના કકડા થઈ જતા.

મનુષ્ય એ રીતે ધાતુને ઘડતાં શીખ્યો. એ ઘડતર ઠંડી ધાતુનું હતું એ વાત સાચી. પરંતુ ઠંડી ધાતુને ઘડવાના કામથી ધાતુને તપાવીને ઘડવાના કામ સુધીનું અંતર વધારે નહોતું.

ક્યારેક એવું બનતું કે શુદ્ધ ત્રાંબાનો કકડો કે કાચું ત્રાંબું ભૂલથી બળતી આગમાં પડી જાય. માટીનાં વાસણને પકવતો તેમ મનુષ્યે કદાચ ત્રાંબાને પકવવાનો પ્રયત્ન પણ કર્યો હોય. પરિણામે, આગ ઓલવાઈ જાય ત્યારે રાખ તથા ચૂલાની આસપાસ ગોઠવેલા પથ્થરોની વચ્ચેથી ઓગળીને ગોળ ચકરડા જેવું બની ગયેલું ત્રાંબું મળતું.

પોતે જ સર્જેલા 'ચમત્કાર' તરફ લોકો વિસ્મિત નજરે જોઈ રહેતા. પરંતુ તેઓ તો એમ જ માની લેતા કે લીલા-કાળા પથ્થરનું ચળકતા લાલ પથ્થરમાં પરિવર્તન તો 'અગ્નિની દિવ્ય શક્તિએ' જ કર્યું હોય, અને એ પરિવર્તન માટે તેઓ કોઈ પણ રીતે કારણભૂત હોઈ જ ન શકે.

ત્રાંબાના ચકરડાને તોડીને તેના કકડા કરવામાં આવતા. પ્રત્યેક કકડાને ચકમકની હથોડી વડે ઘડીને કુહાડીના માથાનો, કોદાળીનો કે કટારનો ઘાટ અપાતો.

એમ મનુષ્યને અદ્‌ભુત કોઠારમાંથી સખત અને ચળકતી ધાતુ મળી. કાચી ધાતુનો કકડો તેણે અગ્નિમાં નાખ્યો અને એ કકડો તેને ત્રાંબું થઈને પાછો મળ્યો.

એ ચમત્કાર મનુષ્યના શ્રમે સર્જ્યો હતો.

રશિયાના પ્રથમ ખેડૂતો

ઓગણીસમી શતાબ્દીના અંતમાં, વી.ખ્વોઈકો નામના રશિયન પુરાતત્ત્વવિદે એક પ્રાગૈતિહાસિક કૃષિગ્રામના અવશેષો કીયેવપ્રદેશમાં આવેલા ત્રિપોલ્યે ગામની નજીક શોધી કાઢ્યા.

ત્યાર બાદ બીજાં ઘણાં એવાં ગામો દક્ષિણ રશિયામાં શોધી કાઢવામાં આવ્યાં છે.

સોવિયેતકાળ દરમિયાન ટી.પાસેક અને બી.બોગાયેવ્સ્કીએ એ વિષયનો અભ્યાસ આગળ ચલાવ્યો. પાંચ હજાર વર્ષો પહેલાં ખેડૂતોનું જીવન કેવું હતું તેની કલ્પના કરવાનું આપણે માટે એ બન્ને વૈજ્ઞાનિકોની કૃતિઓને આધારે શક્ય બન્યું છે.

પ્રાગૈતિહાસિક ગામને ફરતી ઊંચી વાડ હતી. ગામની મધ્યમાં ચોક હતો અને ચોકમાં ઢોર વાડો હતો. ચોકની ચારેતરફ લાકડાનાં પ્લાસ્તર કરેલાં ઘર હતાં. ઘરોનાં છાપરાં અણિદાર ટોચવાળાં હતાં. હજારો વર્ષો પહેલાં બનાવવામાં આવેલો ઘરનો એક નમૂનો મળી આવ્યો છે. એ નમૂનો સાવ નાનકડો છે અને માટીનો બનેલો છે. એ નમૂનો રમકડું હોવાનો સંભવ બહુ જ ઓછો છે. એ ઘણું કરીને મંત્રવિધિમાં વપરાતી કોઈ વસ્તુ હોવી જોઈએ.

લોકોએ કદાચ એમ માન્યું હોય કે અંદર સ્ત્રીઓની ટચૂકડી આકૃતિઓવાળું એ નાનકડું ઘર મોટા સાચા ઘરનું અશુભ પ્રેતાત્માઓ વિરુદ્ધ અને બદનસીબી વિરુદ્ધ રક્ષણ કરશે.

નાનકડા નમૂનામાં પ્રવેશની જમણી બાજુ ચૂલો છે, અને ડાબી બાજુ ઊંચા ઓટલા જેવું કંઈક બાંધેલું છે. ઓટલા ઉપર ચીજો ભરી રાખવા માટે મોટાં મોટાં વાસણો ગોઠવેલાં છે. ઓટલાની પાસે ખલબત્તાની ઉપર વાંકી વળીને એક સ્ત્રી ઊભી છે. દરવાજાની બરાબર સામે બારી ઉપર પૂજાસ્થાન છે. ચૂલાની પાસે બીજી સ્ત્રીની આકૃતિ છે. એ સ્ત્રી રસોઈની દેખરેખ રાખનારી હોય એમ લાગે છે.

એવા સુવ્યવસ્થિત ઘરને આપણે ઘરને નામે જ ઓળખાવવું પડે. ઘરનું છાપરું વળીઓને ટેકે રચવામાં આવ્યું હતું. ઘરને ગરમ રાખવાની ઢાંકેલી ભઠ્ઠી તથા ભઠ્ઠીની જોડે રાખેલું સુખાસન રશિયન ભઠ્ઠી અને સુખાસન જેવાં હતાં. ઘરનો ભોંયપટ પકવીને સખત બનાવેલી માટીનો હતો. ઘર બંધાતું હતું ત્યારે ભોંયપટ ઉપર ખાસ આગ સળગાવીને માટીને પકવી સખત બનાવવામાં આવી હતી. માટીના પ્લાસ્તરવાળી દીવાલો ભાતીગર રેખાંકનોથી ભરેલી હતી.

પ્રત્યેક ઘરમાં ઘણા ઓરડા હતા અને ઓરડાઓને એકબીજાથી જુદા પાડતી ભીંતો હતી.

ગામમાં ભોંયરાં જેવાં મોટાં ઘરો પણ હતાં.

એ વખત સુધીમાં કુશળ કુંભારો, લુહારો અને કંસારાઓ કામ કરતા થઈ ગયા હતા.

કુંભારોએ ત્રણ ફૂટ ઊંચાં વાસણો બનાવવાનું અને એ વાસણોને રંગબેરંગી ભાતો વડે સુશોભિત કરવાનું શીખી લીધું હતું. પુરાતત્ત્વવિદોએ શોધી કાઢેલી વસ્તુઓમાં ગુલાબી માટીનાં કેટલાંક વાસણો છે. એ વાસણો ઉપર ફીતના આકારની, ચક્રાકાર તેમ જ વિચિત્ર ગૂંછળાંના આકારની અટપટી ભાતો બનેલી છે. એ ભાતો ક્યાંક ક્યાંક મોટી આંખોવાળા માનવમુખને, જનાવરના મોઢાને કે સૂરજને મળતી આવે છે.

જમીનમાં જળવાઈ રહેલાં ઓજારો ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે કે ત્રાંબાનાં ઓજારો ચકમકનાં ઓજારોનું સ્થાન કેવી રીતે લઈ રહ્યાં હતાં.

છરીઓ, ખુરચનીઓ અને ભાલોડાં જેવાં બધાં પ્રાચીનતમ સાધનો ચકમકનાં કે હાડકાંનાં બનેલાં હતાં.

કોદાળીઓ ચકમકમાંથી કે સાબરનાં શાખાદાર શિંગડાંમાંથી બનાવેલી હતી. કોદાળીને લાકડાના હાથા ઉપર બેસાડવા સારુ તેમાં કાણું પાડવામાં આવ્યું હતું.

અનાજનો પાક ગાયના ખભાના હાડકાના કે લાકડાના દાતરડા વડે લણાતો. લાકડાનું દાતરડું અનાજના છોડની દાંડીને કાપી ન શકે, એટલે તેની ઉપર ચકમકના દાંતા જડવામાં આવ્યા હતા.

એ જ ગામોમાંથી પહોળી ધારવાળી કુહાડી જેવાં ત્રાંબાના પ્રથમ ઓજારોને ઢાળવાની ઓતણીઓ પણ મળી આવી છે.

અનાજના કયા કયા છોડ વાવવામાં આવતા એ પણ આપણે જાણી શક્યા છીએ. કોલોમિશ્ચીનો ગામના ઘરોની દીવાલો ઉપર પ્લાસ્તર કરવા વાપરવામાં આવેલી માટીમાંથી પુરાતત્ત્વવિદોને ઘઉં, જવ, રાઈ અને બાજરીના દાણા મળી આવ્યા છે.

ખેડૂતો કૃષિવિજ્ઞાન ઉપર આખરે પ્રભુત્વ મેળવી રહ્યા હતા. તેમની પાસે અનુભવનું સારું એવું ભાથું હતું. તેઓ પૂરા પાંચ હજાર વર્ષના અનુભવની સંપત્તિ ધરાવતા હતા.

માનવ-ઉદ્યમનું કેલેન્ડર

સમયના વહેણને વર્ષો, શતાબ્દીઓ અને સહસ્રાબ્દીઓમાં માપવાની આપણને ટેવ પડી ગઈ છે. પરંતુ જે લોકો પ્રાગૈતિહાસિક મનુષ્યના જીવનનો અભ્યાસ કરતા હોય છે તેઓને તો જુદી જ જાતનું કેલેન્ડર ઉપયોગમાં લેવું પડે છે, તેઓને સમયને માપવાની નિરાળી પદ્ધતિ અપનાવવી પડે છે. 'આટલાં વર્ષો પહેલાં' એમ કહેવાને બદલે આપણે 'પ્રાચીન પાષાણયુગમાં', 'નવીન પાષાણયુગમાં', 'તામ્રયુગમાં', 'કાંસાયુગમાં' એમ કહીએ છીએ. એ કેલેન્ડર વર્ષો બતાવતું કેલેન્ડર નથી પણ મનુષ્યના

ઉદ્યમનો વિકાસ દર્શાવતું કેલેન્ડર છે. એ કેલેન્ડર આપણને ચોકસાઈપૂર્વક બતાવે છે કે પોતાની લાંબી વિકાસયાત્રામાં મનુષ્યજાતિ વિકાસની કઈ કક્ષાએ, વિકાસપંથના કયા સ્ટેશને પહોંચી છે.


કેલેન્ડરમાં સમયના મોટા અને નાના વિભાગો પાડેલા હોય છે. એવા વિભાગોમાં શતાબ્દી, વર્ષ, માસ, દિવસ, કલાક, વગેરે હોય છે.

માનવ-ઉદ્યમના કેલેન્ડરમાં પણ સમયની માપણીના મોટાનાના વિભાગો હોય છે. દાખલા તરીકે આપણે કહી શકીએ કે 'પાષાણયુગ, ચીપો પાડીને બનાવેલા ઓજારોનો સમય', કે 'પાષાણયુગ, ઘસીને લીસા બનાવેલા ઓજારોનો સમય'.

આપણી કથામાં આપણે મનુષ્યજાતિના ઈતિહાસના એ સમય સુધી પહોંચ્યા છીએ જ્યારે પથ્થરનાં ઓજારોનું સ્થાન ધાતુનાં ઓજારોએ લઈ લીધું હતું, અને ખેતી તથા ઢોરઉછેર જગતમાં પહેલી જ વાર જોવામાં આવી રહ્યાં હતાં. શ્રમના એવા વિભાજનને કારણે વસ્તુઓનો વિનિમય પણ અસ્તિત્વમાં આવ્યો. મનુષ્યોનું એક ટોળું ત્રાંબાની કુહાડીઓ બનાવતું હોય તો એ કુહાડીઓ ધીરે ધીરે બીજાં ટોળાંઓ પાસે પણ પહોંચી જતી.

લોકો નાવડીઓમાં બેસીને નદી ઉપર સફર ખેડતા અને કાંઠે વસેલાં ગામોના લોકોને અનાજ આપીને બદલામાં ચામડું, કાપડ કે માટીનાં વાસણો મેળવતા. એક ટોળા પાસે પુષ્કળ ત્રાંબું હોય તો બીજું કોઈ ટોળું કુશળ કુંભારો માટે જાણીતું હોય એવું બનતું. પાણીમાં ખોડેલા થાંભલાને આધારે સરોવરની ઉપર ક્યાંક વસેલા ગામડાના લોકો પાડોશના ગામમાંથી સામાનની અદલાબદલી કરવા આવેલા લોકોને મળતા. સામાનની અદલાબદલીની સાથે અનુભવોની અને કાર્યપદ્ધતિઓની અદલાબદલી પણ થતી.

પ્રત્યેક ટોળાની પોતાની જ બોલાતી ભાષા હતી, એટલે એવા વિનિમય પ્રસંગે સંકેતભાષાનો ઉપયોગ થતો. પરંતુ મુલાકાતે આવેલા લોકો જ્યારે પાછા જતા ત્યારે તેઓ પોતાની સાથે બીજાઓએ ઉત્પન્ન કરેલો સામાન જ ફક્ત નહોતા લઈ જતા, પણ નવી જગ્યામાં શીખેલા બેચાર શબ્દોયે ભેગા લઈ જતા. એ રીતે જુદાં જુદાં ટોળાંઓની બોલીઓના શબ્દો પરસ્પર બોલીઓમાં ભળ્યા અને બોલીઓની મેળવણી થવા લાગી. કોઈ પણ બોલીમાં એ રીતે કોઈ નવો શબ્દ આવતો તો એ શબ્દને તેના અર્થની સાથે જ અપનાવી લેવામાં આવતો. કોઈ એક ટોળાનાં દેવદેવીઓની સાથે જ પાડોશના ટોળાનાં દેવદેવીઓ પણ સ્થાન લેવાં લાગ્યાં. અનેક માન્યતાઓમાંથી બીજી માન્યતાઓ ઉત્પન્ન થઈ, અને વખત જતાં ભવિષ્યમાં એ માન્યતાઓ આખાં રાષ્ટ્રોની સામાન્ય માન્યતાઓ બની ગઈ.



લોકો નાવડીમાં બેસીને નદીને કાંઠે વસેલા ગામોમાં જતા અને પોતે બનાવેલી વસ્તુઓની બીજાઓએ બનાવેલી ચીજો જોડે અદલાબદલી કરતા. આ ચિત્ર પ્રાચીન સ્કાન્દિનાવિયન નાવડીનું છે

દેવો ઝડપી ગતિએ બધે પ્રસરી ગયા. નવી જગ્યાઓમાં દેવોને નવાં નામ મળતાં, પણ બધા દેવો દરેક સ્થળે સહેલાઈથી ઓળખી શકાય એવા હતા.

પ્રાચીન પ્રજાઓના ધર્મોનો અભ્યાસ કરતી વખતે આપણે બેબિલોનના તામુઝમાં, મિસરના ઓસિરિસમાં અને ગ્રીસના એડોનિસમાં એકના એક દેવને ઓળખી શકીએ છીએ. એ બધા દેવ એકના એક કૃષિદેવ છે, જે શરદ ઋતુમાં અવસાન પામે છે અને પ્રતિવર્ષ વસંતઋતુમાં પાતાળભૂમિમાંથી પાછા પધારે છે.

દેવની યાત્રાઓનું નકશા ઉપર ચિત્રણ કરવાનું પણ ક્યારેક શક્ય બને છે.

દાખલા તરીકે એડોનિસ દેવ શેમવંશીઓના દેશ સિરિયામાંથી ગ્રીસમાં આવ્યા. દેવનું નામ જ એ વાત પુરવાર કરે છે. શેમવંશીઓની ભાષામાં 'એડોનિસ' શબ્દનો અર્થ 'માલિક' થાય છે. ગ્રીક લોકોને ખબર નહોતી કે એ તો ભાષાનો જ એક શબ્દ છે, એટલે એ લોકોએ એ શબ્દને વિશેષનામ માની લીધું.

એ રીતે વસ્તુઓ, શબ્દો અને ધર્મોની અદલાબદલી થઈ.

એમ કહેવામાં આવે કે આવી અદલાબદલીઓ હંમેશાં શાંતિપૂર્વક રીતે જ થઈ હતી, તો એવું વિધાન ખોટું ગણાય. બીજાઓએ ઉત્પન્ન કરેલું ત્રાંબું, કાપડ કે અનાજ જો 'મુલાકાતીઓ' જોરજબરીથી આંચકી લઈ શકે એમ હોય તો તેમ કરતાં તેઓ મુદ્દલ અચકાતા નહિ. અદલાબદલી તો આમેય ઘણી વાર અપ્રામાણિક રીતે થતી જ. પણ કોઈ ચીજ જોરજબરીથી આંચકી લેવાય ત્યારે તો એ છડેચોક લૂંટફાટ જ બની જતી. મહેમાનો અને યજમાનો એકબીજાની ઉપર તૂટી પડતા અને બળિયાના બે ભાગ એ હિસાબે જે જીતતું તે બધું જ લઈ લેતું. અજાણ્યા માણસને લૂંટી લેવામાં કે મારી નાખવામાં કશું જ અજુગતું નહોતું લેખાતું.

એટલે જ, થોડા સમયમાં દરેક ગામ ગઢ જેવું બની ગયું. અણગમતા મુલાકાતીઓ અચાનક આવી ન ચડે એટલા માટે દરેક ગામને ફરતો ગઢ બાંધવામાં આવતો, અને અવરજવર માટે ગઢમાં ગોખ રચવામાં આવતા.

લોકો બીજાં ટોળાંના સભ્યો ઉપર મુદ્દલ વિશ્વાસ રાખતા નહિ. પ્રત્યેક ટોળું પોતાને 'લોકો'



પ્રાચીન મિસરમાં માલની આપલે

તરીકે ઓળખાવતું, પણ બીજાં કોઈ ટોળાના સભ્યોને લોકો ગણતું નહિ. પોતાને 'સૂર્યનાં બાળકો' કે 'સ્વર્ગની પ્રજા' ગણાવતા લોકો બીજાં ટોળાંઓને ટોળમાં અપમાનજનક નામે બોલાવતા. એવાં નામ અમુક ટોળાંઓને તો એવાં ચોંટી ગયાં કે આખરે એ લોકો એવાં નામે જ ઓળખાવા લાગ્યા.

બીજાં ટોળાંઓ પ્રત્યેના એવા પ્રાચીન ધિક્કાર વિશે આપણે ઇતિહાસકારોનાં અને અન્વેષકોનાં પુસ્તકો વાંચીએ ત્યારે આપણને આધુનિક યુગમાં જાણી જોઈને બીજી પ્રજાઓ પ્રત્યે ધિક્કાર ફેલાવતા રંગભેદવાદીઓ યાદ આવી જાય છે. એ લોકો પણ પોતાને તો 'લોકો' ગણે છે, પરંતુ તેઓની દૃષ્ટિમાં બીજાઓ લોકો નહિ પણ ઊતરતી કક્ષાનાં પ્રાણીઓ હોય છે.

જે લોકોને લાગતું હોય કે ઇતિહાસે તેઓનો સર્વનાશ નિશ્ચિત કરી નાખ્યો છે, અને એ કારણે તે લોકો દુનિયાને પાશવી ભૂતકાળમાં પાછી ધકેલી દેવા માગતા હોય, એવા લોકો જ બીજા રંગના કે બીજી જાતિના લોકો પ્રત્યે એવો ધિક્કાર ફેલાવે.

ઇતિહાસે આપણને શીખવ્યું છે કે આ દુનિયામાં ઉચ્ચતમ જાતિ જેવું કશું છે જ નહિ. વધારે આગળ વધેલા લોકો અને સાંસ્કૃતિક રીતે પછાત લોકો દુનિયામાં હોય છે ખરા. માનવ-ઉદ્યમના કેલેન્ડર પ્રમાણે બધી જ સમકાલીન પ્રજાઓ ઐતિહાસિક દૃષ્ટિએ એકસરખી ઉંમરની નથી હોતી. મહાન ઓકટોબર સમાજવાદી ક્રાંતિ પહેલાં રશિયાની બધી પ્રજાઓ વિકાસની એકસરખી કક્ષાએ નહોતી. કેટલીક પ્રજાઓ યંત્રયુગમાં પહોંચી ગઈ હતી, જ્યારે બીજી કેટલીક પ્રજાઓ એ વખતે હજુ પણ પ્રાગૈતિહાસિક હળો વડે ખેતી કરતી હતી, અને પ્રાગૈતિહાસિક સાળો વડે કાપડ વણતી હતી. લોઢા જેવી કોઈ ચીજ અસ્તિત્વ ધરાવે છે એ વાતની ખબર જ ન હોય એટલે હાડકાંનાં જ ઓજારો બનાવતી હોય, એવી પ્રજાઓ પણ હતી.

રશિયાની જે પ્રજાઓ પહેલાં પછાત રહી ગઈ હતી તેઓને સોવિયેત સંઘની આગળ વધી ગયેલી પ્રજાઓ હવે સહાય કરે છે. મધ્ય એશિયા, સાઇબિરિયા અને દૂર ઉત્તરની પ્રજાઓએ ત્રણ દાયકાના ગાળામાં ઘણી શતાબ્દીઓની પ્રગતિ સાધી લીધી છે.

દસમી કડી

બે કાયદા

એવું ઘણી વાર બન્યું છે કે સાગરોની સફર ખેડતા અન્વેષકોએ ફક્ત નવા દેશો જ નહિ, પણ ઈતિહાસના લાંબા કાળ પહેલાં વીસરાઈ ગયેલા યુગો પણ શોધી કાઢયા હોય.

યુરોપિયનોએ ઑસ્ટ્રેલિયા શોધી કાઢયું તે તેઓનો મહાન વિજય હતો, કેમ કે તેઓએ એક આખા ખંડને શોધી કાઢીને કબજે લઈ લીધો હતો.

પરંતુ યુરોપિયનોનો વિજય એ ઑસ્ટ્રેલિયનોની બદનસીબી હતી. માનવ-ઉદ્યમના કૅલેન્ડર પ્રમાણે ઑસ્ટ્રેલિયનો તો પહેલાંના યુગમાં જીવતા હતા. એ લોકો યુરોપિયન પરંપરાઓને સમજી શકતા નહોતા, અને યુરોપિયન રીતોને નીચે મોંએ અપનાવી લેવા તૈયાર નહોતા. એ 'વાંક'ની તેઓને માફી ન મળી. રાની પશુઓની જેમ તેઓનો પીછો પકડવામાં આવ્યો અને તેઓને ઠાર કરવામાં આવ્યા. યુરોપનાં શહેરોમાં વિશાળ ઈમારતો ખડી થઈ રહી હતી, ત્યારે ઑસ્ટ્રેલિયનો તો હજુ તંબુમાં વસતા હતા. અંગત મિલકત શું કહેવાય તેની ઑસ્ટ્રેલિયનોને ખબરેય નહોતી, જ્યારે યુરોપમાં તો ધનવાન જમીનદારની માલિકીના જંગલમાં રખડતા હરણને કોઈ મારી નાખે, તો તેને પકડીને જેલભેગો 'કરી દેવામાં આવતો.

ઑસ્ટ્રેલિયનોની નજરમાં જે કાયદો હતો, તે યુરોપિયનોની દૃષ્ટિમાં ગુનો હતો.

ઘેટાંનું ટોળું મળી જાય તો ઑસ્ટ્રેલિયન શિકારીઓ આનંદિત થઈ જઈને તેને ચોમેરથી ઘેરી લેતા. એ લોકો ઘેટાંના ટોળાની ઉપર ભાલાઓનો અને વાંકડા સોટાઓનો વરસાદ વરસાવી દેતા. પરંતુ બરાબર એ વખતે યુરોપિયનોની બંદૂકો વચ્ચે પડતી.

યુરોપિયન ખેડૂત ઘેટાંના ટોળાને પોતાની અંગત મિલકત સમજતો, જ્યારે ઑસ્ટ્રેલિયનો માટે તો એ સદ્‌ભાગ્યે મળી આવેલો શિકાર હતો. "ઘેટું તો તેની જ માલિકીનું ગણાય જેણે તેને ખરીદીને ઉછેર્યું હોય," એ હતો યુરોપિયનોનો કાયદો. "શિકારી જેને આંબી જઈને સપડાવી દે તે જનાવર શિકારીનું," એ હતો ઑસ્ટ્રેલિયનોનો કાયદો.

જે યુગમાં પોતે જીવતા તે યુગના કાયદાઓને ઑસ્ટ્રેલિયનો અનુસરતા એટલે યુરોપિયનો તેઓને ઠાર કરતા, જાણે કેમ એ લોકો મનુષ્યો નહિ પણ ઘેટાંના ટોળામાં ઘૂસી ગયેલા વરુઓ હોય.

ઑસ્ટ્રેલિયન સ્ત્રીઓ બટાટાના ખેતરમાં જઈ ચડતી ત્યારે વળી પાછા એ બે કાયદાઓ એકબીજાની જોડે હડફેટમાં આવી જતા. એ સ્ત્રીઓ એક પળ પણ અચકાયા વગર લહેજતદાર કંદને ખોદી કાઢવાનું શરૂ કરી દેતી. તેઓના એ કૃત્યમાં આશ્ચર્ય જેવું કશું નહોતું. આટલાં બધાં ખાવાલાયક કંદ, અને વળી બધાં એક જ જગ્યાએ! પછી વિલંબ શાનો! ત્યાં એક કલાકમાં ખોદી કાઢી શકાય એટલાં કંદ તો તેઓ એક મહિનામાં પણ ભેગાં કરી શકે તેમ નહોતી.

પરંતુ અચાનક ટપકી પડેલું સદ્ભાગ્ય જ તેઓનું દુર્ભાગ્ય બની જતું. બંદૂકોના ધડાકા ગાજી ઊઠતા અને ભેગાં કરેલાં કંદના ભાર સાથે સ્ત્રીઓ ધરતી પર ઢળી પડતી. તેઓને કદી એ વાતની ખબરેય ન પડતી કે કોણ અમને મારી નાખે છે અને શા સારુ.

અમેરિકાની શોધ થઈ ત્યારે પણ બે પરસ્પર વિરોધી દુનિયાઓ વચ્ચેના જંગનું પુનરાવર્તન થયું.

જૂની 'નવી દુનિયા'

અમેરિકાને શોધી કાઢનાર યુરોપિયનોએ માન્યું કે પોતે એક નવી દુનિયા શોધી કાઢી છે.

એ બનાવની યાદગીરી રૂપે કોલંબસને તો કુલચિહ્ન પણ એનાયત કરવામાં આવ્યું હતું.

પરંતુ એ 'નવી દુનિયા' વાસ્તવમાં તો જૂની દુનિયા જ હતી. યુરોપિયન જેને ભૂલી ગયા હતા તેવો પોતાનો જ ભૂતકાળ તેઓએ અજાણ્યે અમેરિકામાં શોધી કાઢ્યો હતો.

તેઓએ માન્યું કે ઈન્ડિયનોના રીતરિવાજો જંગલી અને વિચિત્ર છે. ઈન્ડિયનોનાં ઘરો, તેઓનો પહેરવેશ અને તેઓની રીતો યુરોપિયનોને મુદ્દલ મળતાં આવતાં નહોતાં.

ઉત્તરના ઈન્ડિયનો પોતાના ભાથા અને ભાલોડાં ચકમક અને હાડકાનાં બનાવતા. લોઢા વિશે એ લોકો કશું જ નહોતા જાણતા. પરંતુ ખેતીથી તેઓ પરિચિત હતા. એ લોકો મકાઈ, કોળાં, કઠોળ અને તમાકુ વાવતા. તેઓનો મુખ્ય વ્યવસાય શિકારનો હતો. એ લોકો લાકડાનાં ઘરોમાં રહેતા અને ગામ ફરતી ઊંચી વાડ બાંધતા.

દક્ષિણ તરફ, મેક્સિકોમાં ઈન્ડિયનો પાસે ત્રાંબાનાં ઓજારો અને સોનાનાં ઘરેણાં હતાં. તેઓ પ્લાસ્તર કરેલી કાચી ઈંટના બનેલાં મોટાં ઘરોમાં રહેતા.

અમેરિકાને જીતી લેનારા અને ત્યાં જઈને વસનારા લોકોએ આ બધી વાતો પોતાની નોંધપોથીઓમાં ઊંડી વિગતે વર્ણવી છે.

પરંતુ જીવનરીતિના વર્ણનની સરખામણીમાં ચીજોનું વર્ણન સહેલું હોય છે.


અમેરિકાના મૂળ વતનીઓની જીવનરીતિ યુરોપિયનોને વિચિત્ર લાગી. તેઓ એ જીવનરીતિને

સમજી શક્યા નહિ. એટલે જ, એ લોકોએ કરેલાં તેનાં વર્ણનો અસ્પષ્ટ અને ગરબડગોટાળા જેવાં છે.

'નવી દુનિયા'માં ચલણી નાણું નહોતું, ત્યાં વેપારીઓ નહોતા, કે નહોતા ધનવાન અને ધનહીન લોકો. કેટલીક ઈન્ડિયન જાતિઓના લોકો સોનાની ચીજો બનાવવાનું જાણતા હતા ખરા, પરંતુ સોનાનું મૂલ્ય તેઓ નહોતા જાણતા.

કોલંબસ અને તેના સાથી નાવિકોની દૃષ્ટિએ પડેલા પ્રથમ ઈન્ડિયનોએ નાકમાં સોનાની સળીઓ અને ગળામાં સોનાના હાર પહેર્યા હતા. પરંતુ તે લોકોએ કાચનાં નકલી મોતી અને એવી જ બીજી નજીવી વસ્તુઓના બદલામાં પોતાનાં સોનાનાં ઘરેણાં વિના સંકોચે આપી દીધાં હતાં.

સાગરપારથી આવેલા અજાણ્યા લોકો જાણતા હતા કે દુનિયાના બધા લોકો માલિકો તથા નોકરો અને જમીનદારો તથા ખેડૂતો જેવા વર્ગોમાં વિભાજિત થયેલા છે. પણ નવી દુનિયામાં તો બધા લોકો એકસરખા જ હતા. મનુષ્યનું કોઈ ટોળું દુશ્મન ટોળાના કોઈ સભ્યને પકડી લીધા પછી એ કેદીને



ઈન્ડિયન લોકો લાકડાનાં ઘરોમાં રહેતા અને ગામ ફરતી વાડ બાંધતા
(સોળમી શતાબ્દીનું કોતરકામચિત્ર)

ગુલામ કે નોકર નહોતું બનાવી દેતું. કાં તો એ કેદીની હત્યા કરી નાખવામાં આવતી, કે પછી તેને ટોળાના સભ્ય તરીકે અપનાવી લેવામાં આવતો.

એ દુનિયામાં કોઈની પાસે અંગત માલિકીના મહેલો, ઘરો કે વાડીવજીફા નહોતા. લોકો 'લાંબા ઘર'ને નામે ઓળખાતા સામૂહિક ઘરમાં રહેતા. આખું કુળ એકસાથે જ રહેતું, અને વિશાળ કુટુંબના ખોરાક તથા વસ્ત્રોની જવાબદારી પ્રત્યેક સભ્ય સરખે ભાગે ઉઠાવતો. જમીનની માલિકી કોઈ એક વ્યક્તિની નહિ, પણ આખા ટોળાની હતી. એ દુનિયામાં માલિકને ખાતર જમીન ખેડતા અર્ધગુલામોનું અસ્તિત્વ જ નહોતું. ત્યાં બધા જ મનુષ્યો આઝાદ હતા.

યુરોપિયનોને ગૂંચવાડામાં નાખી દેવા આ બધું પૂરતું હતું. યુરોપિયનો તો સામંતશાહીના જમાનામાં જીવતા હતા. અર્ધગુલામી તો તેઓની દુનિયાનો સામાન્ય કાયદો હતો.

કોઈ પણ માણસ બીજાની માલિકીની ચીજ ઉપર હાથ મારે તો નગરકોટવાળ બોચી પકડીને તેને જેલભેગો કરી દે, એ વાત યુરોપમાં હરકોઈ જાણતું હતું. પરંતુ અમેરિકાની નવી દુનિયામાં નહોતા નગરકોટવાળ, નહોતી અંગત મિલકત, કે નહોતા કારાવાસ. છતાં, ત્યાં બધું જ સુવ્યવસ્થિત હતું. લોકો પોતે જ વ્યવસ્થા સાચવતા, પરંતુ વ્યવસ્થા સાચવવાની તેઓની રીત યુરોપ કરતાં ભિન્ન હતી.

યુરોપમાં કાયદાઓ ખાસ એટલા માટે ઘડવામાં આવતા કે ગરીબ લોકો અમીર લોકોની માલિકીની કોઈ ચીજ ઉપર કદી હાથ મારી જ ન શકે, નોકરો માલિકોની આજ્ઞાઓનું હંમેશાં પાલન કરે, અને અર્ધગુલામો જમીનદારોની જમીન ઉપર પોતાનાં શરીર આખી જિંદગી ઘસ્યા જ કરે. પરંતુ અમેરિકાની નવી દુનિયામાં તો ટોળું કે કુટુંબ પોતાના પ્રત્યેક સભ્યનું રક્ષણ કરતું. કુળના એક સભ્યનું કોઈ ખૂન કરે તો આખું કુળ તેનું વેર વાળતું. ખૂન કરનાર માણસનાં સગાંસંબંધીઓ મરનાર માણસનાં સગાંસંબંધીઓ પાસે જઈને ક્ષમાયાચના કરે અને સમાધાન ખાતર ભેટસોગાદો આપે તો જ ખૂનના બનાવનો અંત શાંતિ અને સુલેહમાં આવતો.

યુરોપમાં તો સમ્રાટો, રાજાધિરાજો અને રાજાઓનું શાસન ચાલતું. પરંતુ અમેરિકાની દુનિયામાં નહોતા રાજા કે નહોતી રાજગાદીઓ. મુખીઓની સમિતિ આખા ટોળાની હાજરીમાં ટોળાને લગતી બધી બાબતોનો નિર્ણય કરતી. મુખીની વરણી આવડત અને શક્તિને આધારે થતી. મુખી જો કામના સંચાલનમાં અશક્ત પુરવાર થાય તો તેને પદભ્રષ્ટ કરી દેવાતો. મુખી ટોળાનો માલિક નહોતો. કેટલીક ઈન્ડિયન ભાષાઓમાં 'મુખી' શબ્દનો અર્થ ફક્ત 'વકતા' જ થાય છે.

જૂની દુનિયામાં રાજા રાષ્ટ્રનો અને પિતા કુટુંબનો વડો ગણાતો. લોકોનું સૌથી મોટું વ્યવસ્થિત જૂથ રાજ્ય હતું, અને સૌથી નાનું જૂથ કુટુંબ હતું. રાજા પોતાની પ્રજાનો ન્યાય કરતો અને સજા આપતો. પિતા પોતાનાં બાળકોનો ન્યાય કરતો અને સજા આપતો. રાજા પોતાનું રાજ્ય પોતાના કુંવરને સોંપી જતો, અને બાપ પોતાના વાડીવજીફા દીકરાને સોંપી જતો.

પરંતુ અમેરિકાની નવી દુનિયામાં બાપને બાળકો ઉપર કોઈ જાતની સત્તા નહોતી. સંતાન માતાનાં ગણાતાં અને માતાની સાથે જ રહેતાં. 'લાંબા ઘર'ની વ્યવસ્થાનું કામ સ્ત્રીઓ જ સંભાળતી.



'લાંબા ઘરમાં'. હોકલીવાળો માણસ મુખી છે

યુરોપિયન કુટુંબોમાં દીકરાઓ માબાપની ભેગા જ રહેતા, અને દીકરીઓ પરણીને સાસરે રહેવા ચાલી જતી. પરંતુ નવી દુનિયામાં એથી સાવ ઊલટું જ બનતું. લગ્ન થાય એટલે પતિને પત્ની જ પોતાની માતાને ઘેર લઈ જતી. વળી, કુટુંબના વડાનું સ્થાન પત્ની જ ભોગવતી.

પ્રથમ અન્વેષકોમાંના એકે આવું વર્ણન લખ્યું છે:

"સામાન્ય રીતે સ્ત્રીઓ જ ઘરસંસાર ચલાવતી અને દરેક બાબતમાં એકબીજીનો પક્ષ લેતી. તેઓના કોઠારો સહિયારા રહેતા. પરંતુ કોઈ કમનસીબ ધણી પૂરતું રળી ન શકે તો તેના તો ભોગ જ લાગ્યા સમજો! તે કેટલાં બાળકોનો બાપ છે કે પછી તેની પોતાની કેટલી ચીજો ઘરમાં છે, એ હકીકતોની પરવા જ ન કરાતી, અને બિસ્તરો બાંધીને એ જ ક્ષણે ઘર છોડીને ચાલ્યા જવાનો હુકમ તેને મળી જતો. એવા હુકમ વિરુદ્ધ કંઈ કહેવાનો પ્રયત્ન કરે તો તેને પસ્તાવું જ પડતું. તેની જિંદગીની હાલત દયામણી બનાવી દેવામાં આવતી. કાકીસાસુ કે દાદીસાસુ તેની ભલામણમાં બેચાર સારા શબ્દો ન બોલે તો પછી તેને પોતાના કુળમાં પાછા ગયા સિવાય કે બીજા કોઈ કુળની છોકરીને પરણ્યા સિવાય છૂટકો જ ન રહેતો. એ યુગમાં સ્ત્રીઓ પાસે પુષ્કળ સત્તા હતી. જરૂર પડતાં મુખીને પણ આડેધડ ખખડાવી નાખતાં તેઓ જરાય ન અચકાતી. એવું બને ત્યારે મુખીનું મુખીપદ તો જતું જ રહેતું. એ જ પ્રમાણે નવા મુખીની પસંદગીમાં પણ સ્ત્રીઓ જ નિર્ણયાત્મક ભાગ ભજવતી."

જૂની દુનિયામાં સ્ત્રી પુરુષની સેવક હતી. પરંતુ ઈન્ડિયન જાતિઓમાં સ્ત્રી તો ઘરની વડી ગણાતી. ક્યારેક તો સ્ત્રી આખી જાતિની મુખી પણ બની જતી. કવિ પૂશ્કિને જોહ્‌ન ટેનર નામના એક અમેરિકન વિશે લેખ લખ્યો છે. જોહ્‌ન ટેનર ઈન્ડિયનોના હાથમાં સપડાઈ ગયો, અને પછી નેત-નો-કવા નામની ઈન્ડિયન સ્ત્રીએ તેને પોતાની પાસે રાખી લીધો. નેત-નો-કવા ઓટાવાજાતિની મુખી હતી. તેની યુદ્ધનૌકા ઉપર હંમેશાં ધ્વજ ફરકતો રહેતો. તે જયારે કોઈ પણ બ્રિટિશ કિલ્લે પહોંચતી, ત્યારે તેને તોપની સલામી આપવામાં આવતી. ફક્ત ઈન્ડિયનો જ નહિ, ગોરા લોકો પણ એ સ્ત્રીને ખૂબ માનની નજરે જોતા.

એટલે જ, એ કુટુંબોમાં વંશનો નિર્ણય પિતાને આધારે નહિ પણ માતાને આધારે જ થતો તેમાં કશું આશ્ચર્ય નથી. યુરોપમાં બાળકો પિતાનું છેલ્લું નામ ગ્રહણ કરતાં, પણ નવી દુનિયામાં તો બાળકો માતાનું જ નામ ધારણ કરતાં. પિતા હરણકુળનો હોય અને માતા રીંછકુળની હોય તો તેઓનાં બાળકો રીંછકુળનાં જ ગણાતાં. પ્રત્યેક કુળની રચના સ્ત્રીઓ અને તેનાં બાળકો, સ્ત્રીઓની પુત્રીઓનાં બાળકો, અને પ્રપૌત્રીઓનાં બાળકો મળીને થતી.

આ બધું જોઈને યુરોપિયનોનાં મનમાં ગૂંચવાડા ઊભા થતા. એ લોકો એમ કહેતા કે ઈન્ડિયનોની પ્રથાઓ જંગલી છે અને ઈન્ડિયન લોકો પણ અસભ્ય જંગલી લોકો છે.

એ વખતે તે લોકો એ વાત તદ્દન ભૂલી ગયા હતા કે તીરકામઠાના યુગમાં તથા પ્રથમ નાવડીઓ તેમ જ પ્રથમ કોદાળીઓના યુગોમાં તેઓના પોતાના જ પૂર્વજો પણ ઈન્ડિયન જાતિઓના રીતરિવાજો જેવા જ રીતરિવાજો પાળતા હતા.

પ્રથમ વિજેતાઓ અને પ્રથમ વસનારાઓએ ઈન્ડિયન જાતિઓના મુખીઓને ધનવાન વ્યક્તિઓ અને જમીનદારો તરીકે વર્ણવ્યા. તેઓએ માની લીધું કે 'મુખી'નું પદ રાજ્યપદ છે અને કુળચિહ્ન રાજ્યચિહ્ન છે. તેઓ સમજ્યા કે મુખીઓની સમિતિ વિધાનસભા છે અને રાજ્યનો સર્વોપરી સૈનિક રાજા છે. આપણે સેનાધિપતિને રાજા કહીએ તો એ પણ એટલું જ વિચિત્ર લાગશે.

શતાબ્દીઓ વીતી ગઈ તોપણ અમેરિકામાં જઈ વસેલા ગોરા લોકો ત્યાંની મૂળ વસતિના રીતરિવાજોને સમજવામાં અસફળ જ રહ્યા. લેવિસ એમ૦ મોર્ગન નામના અમેરિકને 'પ્રાચીન સમાજ' નામના પોતાના પુસ્તકમાં અમેરિકાને બીજી વાર શોધી કાઢ્યો ત્યાં સુધી ગેરસમજણ ચાલતી જ રહી. એ પુસ્તકમાં મોર્ગને સાબિત કરી આપ્યું કે ઈન્ડિયનોની ઇરોકવોઇસ અને આઝટેક જાતિઓની જીવનપ્રથા યુરોપિયનો વિકાસની જે કક્ષાને વટાવીને લાંબા કાળ પહેલાં ભૂલી પણ ગયા હતા એ જ કક્ષાની જીવનપ્રથા હતી.

મોર્ગનનું પુસ્તક તો ૧૮૭૭માં પ્રગટ થયું. આપણે તો અમેરિકાના પ્રથમ વિજેતાઓની વાત પર હતા.

ગોરા લોકો ઈન્ડિયનોને સમજી શક્યા નહિ. એ જ પ્રમાણે, ઈન્ડિયનો પણ ગોરા લોકોને સમજવામાં અસફળ રહ્યા. તે લોકોને એ વાત નહોતી સમજાતી કે મૂઠીભર સોના ખાતર એક ગોરો



મેક્સિકોના ઈન્ડિયન લોકો પુએબ્લોમાં રહેતા

બીજા ગોરાનું ગળું દાબી દેવા કેમ તૈયાર થઈ જાય છે. તે લોકોને નહોતું સમજાતું કે ગોરા લોકો અમેરિકામાં શા સારુ આવ્યા છે અને 'બીજા કોઈનો પ્રદેશ જીતી લેવો' એ શબ્દોનો શો અર્થ થાય છે.

પ્રાગૈતિહાસિક લોકો માનતા કે જમીનની માલિકી તો આખા ટોળાની છે અને ટોળાના રક્ષક દેવો જમીનની રક્ષા કરે છે. બીજા કોઈ ટોળાની જમીન ઉપર તરાપ મારવી એ તો બીજા ટોળાના દેવોને ક્રોધિત કરવાનું કૃત્ય ગણાય.

ઈન્ડિયનો એકબીજાની વિરુદ્ધ જંગ પણ ખેલતા. પરંતુ એક ટોળું બીજા ટોળાને હરાવે એટલે પરાજિત ટોળાના લોકોને ગુલામ નહોતા બનાવી દેવામાં આવતા, તેઓને વિજેતા ટોળાની પ્રથાઓને કે રીતરિવાજોને અનુસરવાની ફરજ નહોતી પાડવામાં આવતી, અને પરાજિત ટોળાના મુખીઓને પદભ્રષ્ટ નહોતા કરી દેવામાં આવતા. તેઓ પરાજિત ટોળા પાસેથી ફક્ત ખંડણી વસૂલ કરી લેતા. મુખીને પદભ્રષ્ટ કરવાનો અધિકાર તો તેના કુળને કે તેના ટોળાને હસ્તક જ રહેતો.

બે દુનિયાઓ, બે સમાજપ્રથાઓ, એકબીજી સાથે અથડાઈ ગઈ. અમેરિકાના વિજયનો ઇતિહાસ એ ભિન્ન દુનિયાઓ વચ્ચેના સંઘર્ષનો ઇતિહાસ છે.


સ્પેનવાસીઓએ કરેલા મેક્સિકોના વિજયની વાત એ બાબતમાં યોગ્ય ઉદાહરણ પૂરું પાડે છે.

ભૂલોની પરંપરા

૧૫૧૯ની સાલમાં એક દિવસ ત્રણ સઢવાળાં અગિયાર વહાણ મેક્સિકોને કિનારે દેખાયાં. વહાણોની બાજુઓ કોઠી જેવા ગોળ આકારની હતી, નાળ અને સુકાન પાણીની સપાટીથી ઊંચાં હતાં, તૂતક ઉપરનાં ચોરસ કાણાંમાંથી તોપોનાં નાળચાં બહાર દેખાતાં હતાં, અને બન્ને બાજુએ ઊભા રહેલા સૈનિકોના હાથમાં ભાલા તથા બીજાં હથિયારો હતાં. પહોળા ખભા ધરાવતો દાઢીવાળો એક માણસ સુકાન પર ધ્વજસ્તંભ પાસે ઊભો હતો. માથે ઓઢેલી ટોપી તેણે આંખ સુધી નીચે ખેંચી લીધી હતી. તેની ચપળ આંખો કિનારાની સપાટ ધરતી ઉપર અને કાંઠે ભેગા થઈ ગયેલા અર્ધનગ્ન ઈન્ડિયનોના ટોળા ઉપર ફરતી હતી.

એ માણસનું નામ હતું કોર્ટેઝ. મેક્સિકોને જીતવા સ્પેનથી મોકલવામાં આવેલા સૈન્યનો તે વડો હતો. તેની નિમણૂકને રદ કરતો સ્પેનિશ ગવર્નરનો પત્ર તેના ખીસામાં હતો એ વાત સાચી, પરંતુ કોર્ટેઝ જેવા બેતમા લૂંટારાની નજરમાં બરતરફીનો હુકમ એટલે વળી શું! તેની અને સ્પેનની વચ્ચે તો આખો મહાસાગર પડયો હતો. પોતાનાં વહાણો ઉપર તો તે પોતે જ રાજા હતો.

વહાણોએ લંગર નાખ્યાં. રસ્તામાં પડતા ટાપુઓ પરથી કોર્ટેઝે પકડેલા ઈન્ડિયન ગુલામો તોપોને, તોપગાડીઓને, તથા ખાવાપીવાની ચીજોની તેમ જ હથિયારોની પેટીઓને વહાણો પરથી ઉતારીને નાનકડી હોડીઓમાં લાદવા લાગ્યા. ભડકીને બે પગે ઊભા થઈ જતા ઘોડાઓને વહાણોના નીચેના



ટેનોકટીટલાનનો નકશો

ભાગમાંથી તૂતક પર લાવવામાં આવ્યા. ઘોડાઓને હોડીઓમાં ઉતારીને કિનારે લઈ જવાનું કામ સૌથી વધારે અઘરું હતું.

તરતાં ઘરોને, પોતાનાં શરીરોને વસ્ત્રોનાં પડો વડે ઢાંકી રાખતા નિસ્તેજ ચહેરાવાળા લોકોને, અને એ લોકોનાં વિચિત્ર હથિયારોને, ઈન્ડિયનો ફાટી આંખે જોઈ રહ્યા. પરંતુ તેઓને સૌથી

વધારે વિસ્મય તો ઊડતી કેશવાળી અને પૂંછડીઓ ધરાવતાં હણહણાટી કરતાં પશુઓને જોઈને થયું. એવાં દૈત્યો તેઓએ પહેલાં કદી જોયા જ નહોતા.

ગોરાઓના આગમનની વાત વાયુ વેગે કિનારાના પ્રદેશમાંથી અંદરના ભાગમાં થઈને પર્વતોના પ્રદેશમાં ફેલાઈ ગઈ. પર્વતોની ઊંચી દિવાલોની પાછળ આવેલી ખીણમાં આઝટેક લોકોનાં પુએબ્લો નામે ઓળખાતાં ગામો આવેલાં હતાં. સૌથી મોટું પુએબ્લો ટેનોકટીટલાન હતું. તે સરોવરની મધ્યમાં વસેલું હતું અને સેતુઓ દ્વારા જમીન સાથે સંકળાયેલું હતું. તેનાં ચળકતાં ધોળેલાં મકાનો અને તેનાં મંદિરોનાં સોને મઢેલાં શિખરો દૂર દૂરથી દેખાતાં. આઝટેક લોકોનો લડવૈયો સરદાર મોન્ટેઝુમા પોતાના સૈનિકો સાથે સૌથી મોટા ઘરમાં રહેતો.

ગોરા આદમીના આગમનના સમાચાર મોન્ટેઝુમાને મળ્યા કે તરત જ તેણે યુદ્ધસમિતિની બેઠક બોલાવી. હવે શું કરવું એ વિશે મુખીઓ ઘણા વખત સુધી ઊંડો વિચાર કરતા રહ્યા. ગોરા લોકો તેઓના દેશમાં શા સારુ આવ્યા હશે અને તેમની શી મુરાદ હશે, એ હતો મુખીઓનાં મનનો સૌથી મોટો કોયડો.

અફવાઓ ઉપરથી મુખીઓને એટલી ખબર તો પડી જ ગઈ હતી કે ગોરા લોકોને સોનું બહુ



એલચીઓએ કોર્ટેઝને ભેટસોગાદો અર્પણ કરી (મેક્સિકન રેખાચિત્ર)

જ ગમતું. એટલે સમિતિએ નિર્ણય લીધો કે ગોરાઓને સોનાની ભેટસોગાદો મોકલવી અને પોતાના દેશમાં પાછા ફરવા વિનંતિ કરવી.


એ હતી પહેલી વિનાશક ભૂલ. સોનાની ભેટસોગાદો તો ગોરાઓને વધારેની લાલચે ઘેલા જ બનાવી મૂકે. પરંતુ આઝટેક લોકોને તો એ વાતનો અણસાર સરખોયે નહોતો. વળી, એ હકીકત તે લોકો કોઈ રીતે જાણી શકે તેમ નહોતા. ઈન્ડિયનો અને ગોરા લોકો તો ભિન્ન ભિન્ન યુગકાળમાં જીવતા હતા.

મોન્ટેઝુમાએ ગાડાનાં પૈડાં જેવડાં મોટાં સોનાનાં ચકરડાંની, સોનાનાં આભૂષણોની અને સુવર્ણપ્રતિમાઓની ભેટસોગાદો સાથે પોતાના એલચીઓને ગોરાઓ પાસે મોકલ્યા.

એવા ખજાનાઓને ભોંયમાં દાટી દીધા હોત તો વધારે ડહાપણભર્યું કામ કર્યું કહેવાત!

કોર્ટેઝ અને તેના સાથીઓએ જે ઘડીએ સોનું જોયું તે ઘડીએ જ આઝટેક લોકોના ભાગ્યનો ફેંસલો થઈ ગયો.

પોતાનાં વહાણ પાછાં વાળીને સાગર પાર હંકારી જવાની એલચીઓની આજીજીઓ તદ્દન વ્યર્થ



મોન્ટેઝુમા મકાનના છાપરા ઉપર આવ્યો અને તેણે આઝટેક લોકોને સંબોધ્યા
(સમકાલીન રેખાચિત્ર)

ગઈ. દેશના મધ્ય ભાગ સુધીની મુસાફરીમાં અનુભવવી પડતી મુશ્કેલીઓની અને રસ્તામાં આવી પડતા ખતરાઓની બીક બતાવીને ગોરાઓને નિરુત્સાહ કરવાની તેઓની યુક્તિઓ પણ નિષ્ફળ ગઈ.

મેક્સિકોના સોના વિશે સ્પેનવાસીઓએ પહેલાં તો ફક્ત વાતો જ સાંભળી હતી, પણ હવે તો એ સોનું તેઓએ પોતાની નજરે નિહાળ્યું હતું. સાંભળેલી વાતો સાવ સાચી નીકળી, એટલે તેઓની આંખોમાં લોભ અને લાલચની જ્વાળાઓ પ્રજ્વળી ઊઠી.

એલચીઓની વાતોમાં તેઓને મૂર્ખતા જ દેખાઈ. લક્ષ્ય આટલું પાસે હોય ત્યારે વહાણ પાછાં વાળીને એ લોકો સાગરપાર કેમ ચાલ્યા જાય!

પાછા જવાની વાત એ લોકોને તો ગાંડપણ જેવી જ લાગી હોય. મહાસાગર ઉપર ખેડેલી લાંબી સફર દરમિયાન તેઓએ કેટલી બધી વિટંબણાઓ સહી હતી! તેઓએ પથ્થર જેવા સખત બિસ્કૂટ ખાઈને દિવસો વિતાવ્યા હતા, ખીચોખીચ ભરેલી નાની ઓરડીઓમાં બધાને સખત બાંકડા ઉપર સૂઈ રહેવું પડતું, ઝંઝાવાત અને ખરાબાના સમયે સઢનાં ડામર ચડાવેલાં દોરડાં જોડે પીઠ ભાંગી નાખે એવી સખત મહેનતનું કામ કરવું પડતું. એ બધી મુશ્કેલીઓ તેઓએ ભવિષ્યમાં મળનારી સંપત્તિની લાલચે જ સહન કરી હતી.

કોર્ટેઝે પોતાના સૈનિકોને તંબુ છોડીને કૂચ કરવાનો આદેશ આપ્યો. તેઓએ પોતાનાં હથિયારો અને ખાદ્યસામગ્રી ગુલામોની પીઠ પર લાદ્યાં. મનુષ્યમાંથી ભાર વહેતા પશુ બની ગયેલા માણસો પગ ઘસડતા, માંડ માંડ શ્વાસ લેતા અને ઊંહકારા ભરતા રસ્તે આગળ ચાલ્યા. પણ એ બીચારા સામા કેવી રીતે થાય? પાછળ રહી જતા તેને ગોરાઓની તલવારો આગળ ધકેલતી, અને સામા થતા તેનાં માથાં ઉડાવી દેવામાં આવતાં.

એ પ્રથમ કૂચનું આલેખન કરતું એક આઝટેક ચિત્ર મળી આવ્યું છે. એ ચિત્રમાં કેડે ફક્ત એક કપડું લપેટેલા માણસો આપણને ત્રણ રસ્તાઓ ઉપર કૂચ કરતા જોવા મળે છે. એકની પીઠ ઉપર તોપગાડીનું પૈડું લાદવામાં આવ્યું છે, બીજાને માથે બંદૂકોનો ખડકલો છે, અને ત્રીજો ખાવાપીવાની ચીજોની પેટી લાદીને પગ ઘસડતો ચાલે છે. એક સ્પેનિશ સૈનિક હાથમાં પકડેલો ડંડો ઈન્ડિયનના માથા ઉપર તોળીને ઊભો છે. તેણે બીજા હાથે ઈન્ડિયનના વાળ પકડ્યા છે અને તે ઈન્ડિયનના પેટમાં લાત મારી રહ્યો છે. બાજુમાં જ એક ખડક ઉપર ચોકઠે જડેલા ઈસુ ખ્રિસ્તનું ચિત્ર દોરેલું છે.

વિજેતાઓ પોતાને 'ધર્મનું યોગ્ય પાલન કરતા કૅથોલિક' ગણતા અને જીતેલા દેશોમાં ક્રૉસ ભેગો લઈ જતા.

ચિત્રની ઉપર ચોતરફ ઈન્ડિયનોનાં કપાયેલાં માથાં અને હાથ વેરાયેલાં પડ્યાં છે.

મનુષ્યો મનુષ્યોને ગુલામ બનાવે તેનો શો અર્થ થાય એ આઝાદ ઈન્ડિયનોએ પહેલી વાર આ રીતે જાણ્યું.

સ્પેનવાસીઓ ધીરે ધીરે પણ મક્કમતાથી આગળ વધતા ગયા. અને પછી, ઊંચા પર્વતો વચ્ચેના માર્ગ ઉપરથી તેઓએ એક સરોવર જોયું, અને એ સરોવરની મધ્યમાં વસેલું એક નગર જોયું.

આઝટેક લોકોએ મુદ્દલ પ્રતીકાર ન કર્યો એટલે "મહેમાનો" એ નગરમાં પ્રવેશ કર્યો. સૌથી પહેલું કામ તેઓએ પોતાના યજમાનને, લડવૈયા સરદાર મોન્ટેઝુમાને પકડી લેવાનું કર્યું.

કોર્ટેઝના આદેશ મુજબ મોન્ટેઝુમાને પગે બેડીઓ નાખવામાં આવી. કોર્ટેઝે માગણી કરી કે કેદી સ્પેનના રાજાની આણ માને. કેદીને જે શબ્દો બોલવાનું ફરમાન કરવામાં આવ્યું તે શબ્દો તેણે આજ્ઞાંકિતપણે ઉચ્ચાર્યા. રાજા શું કહેવાય કે શપથ શું કહેવાય તેની કેદીને ખબર જ નહોતી.



કેદ પકડાયેલા ઈન્ડિયન લોકોને ઘસડી જતા સ્પેનવાસીઓ

કોર્ટેઝને થયું કે પોતાનો વિજય થયો છે. તેણે માની લીધું કે પોતે મેક્સિકોના રાજાને કેદ પકડી લીધો છે. અને પકડાઈ ગયેલા રાજાએ પોતાની હકૂમત સ્પેનના રાજાને ચરણે ધરી દીધી એટલે બધું શુભમંગળ પાર પડયું. કોર્ટેઝે એમ જ માન્યું. પણ એમ માની લેવામાં તેણે ગમગીન ભૂલ કરી. સ્પેનની રીતોથી મોન્ટેઝુમા જેટલો અજાણ્યો હતો, એટલો જ અજાણ્યો કોર્ટેઝ મેક્સિકોની રીતોથી હતો. તેણે ધાર્યું કે મોન્ટેઝુમા રાજા છે. પણ મોન્ટેઝુમા તો ફક્ત લડવૈયો સરદાર જ હતો, અને પોતાના દેશ ઉપર તેને કોઈ જાતનો અધિકાર નહોતો.

કોર્ટેઝે પોતાનો વિજયોત્સવ ઊજવવામાં વધારે પડતી ઉતાવળ કરી.

કોર્ટેઝે કદી ધાર્યું જ નહોતું એવું પગલું આઝટેક લોકોએ લીધું. તેઓએ નવા સરદારની વરણી કરી અને મોન્ટેઝુમાના ભાઈને સરદારનું સ્થાન સોંપ્યું.

નવા સરદારે પોતાના બહાદુર સૈનિકોને એકઠા કરીને જે વિશાળ ઘરમાં સ્પેનવાસીઓએ મુકામ કર્યો હતો તેની ઉપર હુમલો કર્યો.

સ્પેનવાસીઓ તોપો અને બંદૂકો વડે લડયા.

આઝટેક લોકો પથ્થર અને તીરકામઠાં વડે લડયા.

તોપના ગોળામાં અને બંદૂકની ગોળીમાં તીર કે પથ્થર કરતાં વધારે તાકાત હતી. પરંતુ આઝટેક લોકો તો પોતાની આઝાદી માટે લડતા હતા, એટલે કોઈ તાકાત તેઓને રોકી શકે તેમ નહોતી. દસ લડવૈયા મરતા તો સો બહાદુરો એ દસને સ્થાને આવી જતા. ભાઈ પોતાના ભાઈના ખૂનનું વેર વાળવા રણે ચડતો, તો કાકો પોતાના ભત્રીજાના ખૂનનું વેર વાળવા સાબદો થતો. મોતની તો કોઈને બીક જ નહોતી. પોતાનું કુળ અને પોતાની જાતિ ભયમાં આવી પડે એવે વખતે આઝટેક મર્દને માટે પોતાની જિંદગીનું કોઈ મૂલ્ય નહોતું.

કોર્ટેઝે જોયું કે લડાઈની પરિસ્થિતિ તેની તરફેણમાં નહોતી, એટલે તેણે આઝટેક લોકો સાથે વાટાઘાટ કરવાનું નક્કી કર્યું. તેની દૃષ્ટિમાં મોન્ટેઝુમા મેક્સિકોનો રાજા હતો, એટલે તેને લાગ્યું કે મોન્ટેઝુમા ઉત્તમ સંધિદૂતનું કામ બજાવી શકશે. મોન્ટેઝુમા પોતાના લોકોને હથિયાર હેઠાં મૂકીને શરણે આવવાનું ફરમાન કરે એવી મુરાદ કોર્ટેઝ સેવતો હતો.

સ્પેનવાસીઓએ તેની બેડીઓ છોડી નાખીને તેને મુક્ત કર્યો. તેઓ તેને એક મકાનના સપાટ છાપરા ઉપર લઈ ગયા. પરંતુ તેને તો બાયલાને અને દેશદ્રોહીને મળે એવો આવકાર મળ્યો. તેની ઉપર પથ્થરોનો અને તીરોનો વરસાદ વરસ્યો. ચોતરફથી ઊઠતી ગર્જનાઓથી દિશાઓ ગાજી ઊઠી :

"ચુપ કર, નરાધમ! તું મર્દ લડવૈયો નથી! તું તો બાયડી છે બાયડી, અને ફક્ત વણવાના અને કાંતવાના કામ સારુ પેદા થયો છે! આ કૂતરાઓ તને કેદી તરીકે પકડી રાખી શકે! તું તો બાયલો છે!"

અને મોન્ટેઝુમા જીવલેણ ઘાએ ઘવાઈને ઢળી પડયો.

રણે ચડેલા આઝટેક લોકોની હરોળ વીંધીને કોર્ટેઝ માંડ માંડ ભાગી છૂટયો. તેનું અરધું સૈન્ય હણાઈ ગયું હતું. તેના સદ્‌ભાગ્યે આઝટેક લોકોએ તેનો પીછો ન પકડયો. એમ થયું હોત તો ટેનોકટીટલાન છોડીને તે જીવતો પાછો કદી ન જ જઈ શક્યો હોત.

પરંતુ તેને જીવતો છટકી જવા દેવામાં આઝટેક લોકોએ વળી પાછી મોટી ગંભીર ભૂલ કરી. કોર્ટેઝે બીજું સૈન્ય એકઠું કર્યું અને ટેનોકટીટલાનને ઘેરો ઘાલવા પાછો આવ્યો.

આઝટેક લોકો બહાદુરીથી લડયા. મહિનાઓ સુધી તેઓએ સ્પેનવાસીઓ વિરુદ્ધ પોતાના નગરની રક્ષા કરી. પણ તોપોની સામે તેઓનાં તીરકામઠાંનું શું ગજું? આખરે ટેનોકટીટલાન પડયું અને લૂંટાયું.

લોહયુગના લોકોએ તામ્રયુગના લોકો ઉપર વિજય મેળવ્યો. જૂની સામુદાયિક પ્રથાને આગળ ધસતી નવી પ્રથા સમક્ષ ઝૂકીને પીછેહઠ કરવી પડી.

અગિયારમી કડી


સાત જોજનિયા જોડા

ઓગણીસમી સદીની આ વાર્તા છે. એક વાર એક જુવાન માણસ જોડા ખરીદવા મેળામાં ગયો. મોચીએ તેને બધા પહેરે તેવા સાદા જોડાને બદલે સાત જોજનનું ડગલું ભરે એવા જાદુઈ જોડા આપ્યા. જુવાન હતો સ્વભાવે ભુલકણો. એક વિચારમાં પડયો હોય ત્યારે બીજી વાતોનું તેને ધ્યાન ન રહેતું. નવા જોડાની કરામતની તેને પહેલાં તો ખબર જ ન પડી. મેળામાંથી ખરીદેલા જોડા પહેરીને તે ઘર તરફ ચાલ્યો, પણ રસ્તે વિચારમાં ડૂબેલો હતો. અચાનક તેને સખત ટાઢ લાગી. તેણે આમતેમ નજર ફેરવીને જોયું તો ચોમેર બરફના ઢગલા જ ઢગલા દેખાયા. દૂર ક્ષિતિજમાં નિસ્તેજ ઉષ્માહીન સૂરજ અસ્ત થઈ રહ્યો હતો. બન્યું હતું એમ કે સાત જોજનનું ડગલું ભરતા તેના જાદુઈ જોડા તેને ઉત્તરધ્રુવવૃત્તથીયે આગળ લઈ ગયા હતા, અને તેને તો ખબરેય નહોતી પડી!

બીજા કોઈ માણસે તો આવી અદ્ભુત વસ્તુની પ્રાપ્તિનો પૂરો લાભ ઉઠાવ્યો હોત. પરંતુ એ જુવાનને પૈસા પેદા કરવામાં મુદ્દલ રસ નહોતો. તેને તો વિજ્ઞાનમાં જ સૌથી વધારે ઊંડો રસ હતો. એટલે તેને સાંપડેલા આવા સદ્ભાગ્યનો ઉપયોગ તેણે દુનિયામાં ફરીને બને તેટલું જોવા અને શીખવા સારુ કરવાનું નક્કી કર્યું. સાત જોજનિયા જોડા પહેરીને તે આખી દુનિયામાં રખડયો, ઉત્તરમાંથી દક્ષિણમાં ગયો અને દક્ષિણમાંથી ઉત્તરમાં ગયો. શિયાળામાં તે સાઇબિરિયન તૈગાના શીતળ પ્રદેશમાંથી દોડ લગાવીને આફ્રિકાના ઉષ્ણ રણપ્રદેશમાં પહોંચ્યો, અને રાત્રિના સમયે તે પૂર્વ ગોળાર્ધમાંથી પશ્ચિમ ગોળાર્ધમાં જઈ પહોંચ્યો.

શરીરે ગંદો કાળો કોટ અને જડેલી ચીજો સાચવવા ખભા ઉપર પેટી મૂકીને જુવાન તો જાણે વહેળો ઓળંગવા પાણીમાં મૂકેલા પથ્થરો ઉપર ચાલતો હોય તેમ ટાપુએ ટાપુએ ડગલાં માંડતો ઑસ્ટ્રેલિયામાંથી એશિયામાં અને એશિયામાંથી અમેરિકામાં સફર ખેડવા લાગ્યો.

એક પર્વત ઉપરથી બીજા પર્વત ઉપર પગ ટેકવતો, જવાળામુખીઓની જવાળાઓ ઓળંગતો અને હિમાચ્છાદિત શિખરો વટાવતો જુવાન, રસ્તામાંથી ખનિજ પદાર્થો અને વનસ્પતિઓ વીણીને



રસોઈની સંચાલક સ્ત્રીની માટીની પ્રતિમાઓ (પાષાણયુગ)

સંઘરતો ગયો. તેણે પ્રાચીન મંદિરો જોયાં, પ્રાચીન ગુફાઓનું નિરીક્ષણ કર્યું, ધરતીનો અને ધરતી ઉપર વસતાં પ્રત્યેક સજીવ પ્રાણીનો અભ્યાસ કર્યો.

મનુષ્યની જિંદગીનો અભ્યાસ કરતા ઈતિહાસકારને પણ સાત જોજનનું ડગલું માંડતા જોડાની જરૂર પડે છે. આ પુસ્તકનાં પૃષ્ઠો દ્વારા આપણે એક ખંડમાંથી બીજા ખંડની સફર ખેડી છે, અને એક યુગમાંથી બીજા યુગમાં જઈ આવ્યા છીએ.

દીર્ઘ અંતરો ઝડપથી કપાતાં ત્યારે અને સમયના વેગીલા ઉડ્ડયનના સમયે આપણને ક્યારેક તમ્મર આવી જતી. પરંતુ આપણે ક્યારેય થોભ્યા વગર આગળ વધતા જ રહ્યા. સાદા જોડા પહેરેલા લોકોની જેમ રસ્તામાં મરજી પડે ત્યાં રોકાઈ જઈને બધી વિગતોનો બારીક અભ્યાસ કરવાનું આપણે માટે શક્ય જ નહોતું.

આપણે કૂદકે ને ભૂસકે સદીઓ વટાવતા આગળ વધતા હતા ત્યારે થોડીક ચીજો કદાચ આપણા ધ્યાન બહાર રહી પણ ગઈ હોય. પરંતુ એક પળ માટેય જો આપણે સાત જોજનનું ડગલું ભરતા જોડા કાઢીને સાધારણ ગતિએ ચાલવાનો પ્રયત્ન કર્યો હોત, તો વિગતોના ગાઢ જંગલમાંથી આપણો રસ્તો સ્પષ્ટ જોવાનું આપણે માટે અશક્ય જ બની ગયું હોત. વનમાં પ્રત્યેક વૃક્ષનું બારીક નિરીક્ષણ કરવા બેસીએ, તો વૃક્ષોને કારણે આપણે વન જ ન જોઈ શકીએ.

આપણા સાત જોજનિયા જોડા પહેરીને આપણે યુગે યુગે ફર્યા એટલું જ નહિ, આપણે અનેક વિકસતા વિજ્ઞાનોની સફર પણ ખેડી.

વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીવિજ્ઞાનથી આપણે ભાષાવિજ્ઞાને પહોંચ્યા, ભાષાવિજ્ઞાન પછી આપણે ઓજારોનો ઈતિહાસ તપાસ્યો, ઓજારોના ઈતિહાસ પરથી આપણે ધર્મોના ઈતિહાસ પર ગયા, અને ધર્મોના ઈતિહાસ પછી આપણે પૃથ્વીના ઈતિહાસ પર પહોંચ્યા.

આ કામ સહેલું નહોતું, પણ બીજો કોઈ ઉપાય જ નહોતો. મનુષ્યે વિજ્ઞાનોને પોતાની સેવા માટે સર્જ્યાં છે. આપણે આ પૃથ્વી ઉપર મનુષ્યના જીવન વિશે અને દુનિયામાં તેના સ્થાન વિશે વાત કરીએ ત્યારે બધાં જ વિજ્ઞાનોની વાત કરવાનું પણ આવશ્યક બને જ.

હમણાં જ આપણે સ્પેનવાસીઓના વિજયના સમયના અમેરિકામાં જઈ આવ્યા.

ચાલો હવે આપણે પાછા યુરોપમાં જઈએ અને ઈસુ પહેલાંના ચાર હજારથી ત્રણ હજાર વર્ષો દરમિયાનના યુરોપને નીરખીએ. ત્યાં આપણને ઈરોકવોઈસ અને આઝટેક કુળ જેવાં જ કુળ જોવા મળશે. જ્યાં બધી વ્યવસ્થા સ્ત્રીઓને જ હસ્તક હોય એવું સામૂહિક 'લાંબું ઘર' પણ આપણને ત્યાં જોવા મળશે.



નગરરક્ષક દેવી એથેના

યુરોપના એ કાળના જીવનમાં સ્ત્રીઓનું સ્થાન માનભર્યું હતું, કેમ કે સ્ત્રી જ ઘર બાંધતી અને કુળની સ્થાપના કરતી. શિયાળા માટે સ્ત્રી જ ખોરાક સંઘરી રાખતી, ધરતીને ખેડતી, અનાજ વાવતી અને પાક લણતી.

પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે કામ કરતી, પણ બદલામાં સ્ત્રીઓને માન પણ અધિક મળતું. એટલે જ પ્રત્યેક ગામમાં અને પ્રત્યેક ઘરમાં સ્ત્રીની હાડકાની કે ચકમકની બનેલી પ્રતિમા રાખવામાં આવતી. એ પ્રતિમાને લોકો કુળમાતાનું પ્રતીક ગણતા. તેનો દિવ્ય આત્મા ઘરનું રક્ષણ કરતો. લોકો તેની પ્રાર્થના કરતા અને તેની પાસેથી ભરપૂર પાકનાં અને દુશ્મનો વિરુદ્ધ રક્ષણનાં વરદાન માગતા.

સદીઓ પછી એ જ રક્ષણકારી માતા એથેન્સ નામે ગ્રીક નગરીમાં આવી ચડી. ત્યાં તે નગરીનું રક્ષણ કરનારી ભાલાધારી ગ્રીક દેવી એથેના બની ગઈ. એથેન્સમાં તો પોતાના જ નામના નગરનું રક્ષણ કરતી એ દેવીનું વિશાળ પૂતળું હતું, પહેલાંની જેમ સ્ત્રીની નાનકડી પ્રતિમા નહોતી.

જૂની ઈમારતમાં પ્રથમ તરડો

આપણા જીવનની પહેલાંની સામૂહિક રીતનું એક પણ સ્મરણ આપણાં મનમાં બચ્યું નથી, પણ એ રીતના અવશેષો આપણી ભાષાઓમાં હજુ પણ જળવાઈ રહ્યા છે.

બાળકો મોટી ઉંમરના લોકોને મળે ત્યારે 'કાકી' કે 'કાકા' કહીને સંબોધન કરે, વૃદ્ધોને મળે ત્યારે 'દાદીમા' કે 'દાદા' કહે. રશિયામાં પણ બાળકો એવી રીતે વર્તે છે. બાળકોનું એ વર્તન એવા યુગનું જળવાઈ રહેલું ચિહ્ન છે જ્યારે એક કુળના બધા જ સભ્યો એકબીજા જોડે રક્તસંબંધે સંકળાયેલા હતા.

વળી, પુરુષોના કોઈ સમૂહને સંબોધતા હોઈએ ત્યારે આપણે 'ભાઈઓ' એમ કહીએ છીએ, અને કોઈ નાનકડા છોકરાને બોલાવીએ ત્યારે તે આપણો દીકરો ન હોય તોપણ તેને 'બેટા' એમ કહીએ છીએ.

સાક્ષેના પ્રાચીન રાજયમાં રાજાનો વારસ તેનો પોતાનો કુંવર નહિ, પણ તેની બહેનનો દીકરો ગણાતો.

છેલ્લી શતાબ્દી જેટલા નજીકના ભૂતકાળમાંયે આફ્રિકાના એક રાષ્ટ્ર આશન્તીના રાજાને 'નાને' કહી સંબોધવામાં આવતો. એ લોકોની ભાષામાં 'નાને' શબ્દનો અર્થ 'માતાઓની માતા' એવો થાય છે.

મધ્ય એશિયાના સમરકંદ રાજયનો રાજા 'આફ્શીન' કહેવાતો. પ્રાચીન યુગમાં એ શબ્દનો અર્થ હતો 'ગૃહસ્વામિની'.

જેમાં સ્ત્રી ઘરની સ્વામિની અને શાસક હતી એવા માતૃપ્રધાન સમાજનાં સ્મરણો લોકોનાં માનસપટ પર આજ સુધી કેવી રીતે જળવાઈ રહ્યાં છે તેનાં ઘણાં વધારે ઉદાહરણો ટાંકી શકાય.

જેનાં સ્મરણો લોકોનાં માનસપટ પર આટલા લાંબા સમય સુધી જળવાઈ રહે, એ કુળવ્યવસ્થા અત્યંત પ્રબળ હોવી જોઈએ. તો પછી તેના વિનાશનું કારણ શું હશે?

જીવનની એ પ્રથાનો અમેરિકામાં વિનાશ થયો જયારે યુરોપવાસી વિજેતાઓ ત્યાં પહોંચ્યા ત્યારે. ઊધઈથી ખવાઈને ખખડી ગયેલી ઈમારત જેમ પોતાની મેળે જ પડી ભાંગે તેમ, અમેરિકાની શોધ થઈ તેથી હજારો વર્ષો પહેલાં, યુરોપમાં એ વ્યવસ્થા પોતાની મેળે જ પડી ભાંગી.

કુળને લગતી વધારે ને વધારે બાબતો પુરુષો પોતાને હસ્તક લેવા માંડયા ત્યારે એ વ્યવસ્થાના અંતની શરૂઆત થઈ.

શરૂઆતમાં સ્ત્રીઓ જમીન ખેડતી અને પુરુષો ઢોરની સંભાળ રાખતા. ઢોરનાં ધણ હજુ સાવ નાનાં હતાં ત્યારે ધરતીને ખેડતી સ્ત્રીઓનું કામ સૌથી વધારે મહત્ત્વ ધરાવતું. માંસની તાણ રહેતી અને બધાને મળે એટલું દૂધ તો પેદા થતું જ નહિ. સ્ત્રીઓ ન હોત અને સ્ત્રીઓએ ઊગવીને લણેલું અનાજ ન હોત તો ખાવાના જ સાંસા પડતા હોત. કેટલીક વાર તો આખું ભોજન સૂકવેલા મૂઠીભર દાણામાં જ કે જવની એક પાતળી રોટલીમાં જ સમાપ્ત થઈ જતું. એટલા ખોરાકની સાથે લોકો થોડુંક મધ કે થોડીક બેરિ ખાઈ લેતા. મધ પણ સ્ત્રીઓ જ ભેગું કરતી અને બેરિ પણ સ્ત્રીઓ જ વીણી લાવતી. ઘર સ્ત્રીઓની મહેનત વડે જ ચાલતું, એટલે ઘરનું શાસન પણ સ્ત્રીઓ જ કરતી.

પરંતુ એ પરિસ્થિતિ હંમેશ માટે કાયમ ન રહી. ઘાસભૂમિમાં અનાજના છોડ ઊગવવાનું કામ ખૂબ મુશ્કેલ હતું. મેદાનપ્રદેશનું રસબસ ઘાસ અનાજના છોડ માટે જગ્યા કરવા તૈયાર નહોતું. ઘાસનાં મજબૂત મૂળિયાં જમીનમાં વધારે ઊંડાં ઊતરતાં ગયાં. જમીન ઉપર કોદાળીનો ઘા પડતો ત્યારે જમીનના ઉપલા પોચા પડને વીંધીને કોદાળી ઊંડી નહોતી ઊતરી જતી. જમીનમાં સર્વત્ર ફેલાઈ ગયેલાં મૂળિયાં કોદાળીને અટકાવી દેતાં. જેને ખોદવાનું કામ અત્યંત કપરું હોય છે એવી વણખેડી ધરતી કોદાળીને રોકી દેતી.

પછી તો ત્રણ કે ચાર સ્ત્રીઓ મળીને કોદાળીનો ઘા મારતી. પણ ઉપરની સપાટીમાં ઊઝરડો કરવા ઉપરાંત કંઈ કરવામાં કોદાળી નિષ્ફળ જતી.

છીછરા ચાસમાં વાવવામાં આવેલાં બિયાં સૂરજના તાપમાં સુકાઈ જતાં, અને પંખીઓ ચાંચ વડે ખોદીને બિયાંને ખાઈ જતાં. હરિયાળી કૂંપળો તો ક્યાંક ક્યાંક જ ફૂટતી.

વાત એટલેથી ન પતી જતી. પાકને હાનિ કરવા અનાવૃષ્ટિ ખેતરમાં પોતાની જગ્યા પસંદ કરતી. અનાજના કુમળા છોડને તે તપવીને સૂકવી નાખતી, પણ આપમેળે ઊગી નીકળેલા નકામા અને હાનિકારક પણ કઠણ અને મજબૂત ઘાસને બચાવી રાખતી.

પાકને લણવાનો સમય આવે ત્યારે સ્ત્રીઓ જોતી કે ખેતરમાં લણવા જેવું કંઈ છે જ નહિ. ઊંચા નકામા ઘાસમાં અનાજનાં કણસલાં માંડ માંડ નજરે પડતાં. પહેલાં નસાડી મૂકવામાં આવેલા પરંતુ વિજય પ્રાપ્ત કરવા પાછા આવતા શત્રુસૈન્યની ધ્વજપતાકાઓની જેમ, મેદાનપ્રદેશમાં ઊગેલું ઊંચું ઘાસ પવનમાં લહરીઓ લેતું.

અનાજને બદલે નકામું ઘાસ! શું આ ઘાસને ખાતર જ એટલી તકલીફ ઉઠાવી હતી અને તનતોડ મહેનત કરી હતી?

પરંતુ લોકોને માટે જે નકામું ઘાસ હતું તે ઢોરને માટે અનાજ જેવું હતું. ગાયો અને ઘેટાં મેદાનપ્રદેશોમાં સંતોષનું જીવન જીવતાં. ડગલે ને પગલે તેઓને મિજબાનીઓ માણવા મળતી.

વરસો વીતતાં ગયાં તેમ ઢોરનાં ધણ વૃદ્ધિ પામતાં ગયાં. કેડે બાંધેલા પટ્ટામાં કટાર ભરાવીને કુળના પુરુષો ઢોરનાં ધણની પાછળ પાછળ ભમતા. ગોવાળિયાનો ઉત્તમ મિત્ર કૂતરો ગોવાળિયાને ધણની દેખરેખ રાખવામાં મદદ કરતો, અને ધણ વીખરાઈ ન જાય તેની સંભાળ રાખતો. ધણ વધારે ઝડપે મોટાં થતાં ગયાં અને પ્રત્યેક વર્ષે લોકોને વધારે ને વધારે દૂધ, માંસ અને ઊન પૂરાં પાડતાં ગયાં.

ઘરમાં અનાજની તાણ રહેતી, પણ ઘેટાંના દૂધમાંથી બનાવેલા પનીરની ભરમાર રહેતી, અને ચૂલા ઉપર વાસણોમાં ઘેટાનું માંસ બડબડ કરતું ઊકળતું રહેતું.

એ રીતે મેદાનપ્રદેશોમાં પુરુષોનું કામ, ગોવાળિયાઓનું કામ, દિન પ્રતિદિન વધારે ને વધારે મહત્ત્વ પ્રાપ્ત કરવા લાગ્યું.

થોડા સમયમાં ઉત્તરના જંગલોમાં પણ કુળના વડાનું સ્થાન પુરુષ લઈ લેવા લાગ્યો.

હળ ફેરવતા પુરુષનું એક પ્રાચીન ખડકચિત્ર સ્વીડનમાં મળી આવ્યું છે. ચિત્ર તદ્દન અણઘડ અને હલકી કોટિનું છે. તેમાં હળખેડુ નાનાં બાળકો લોકોનાં રમૂજી ચિત્રો દોરે તેવો દેખાય છે. પણ ચિત્ર ઉત્તમ કે હલકી કોટિનું છે તેની સાથે આપણને કંઈ સંબંધ નથી. આપણે તો એ ચિત્રને સાક્ષી તરીકે જોઈએ છીએ, ચિત્ર તરીકે નથી જોતા. એ સાક્ષી આપણને જણાવે છે કે હળખેડુ હળની પાછળ પાછળ ચાલતો જાય છે, અને બળદની જોડી હળને ખેંચી રહી છે.



સ્વીડનમાં એક ખડક ઉપર હળખેડુનું ચિત્ર મળી આવ્યું હતું

એ હળ મનુષ્યજાતિનું કદાચ પહેલું જ હળ હશે. એ હળ હજુ પણ કોદાળીને ખૂબ જ મળતું આવે છે. ફેર માત્ર એટલો જ છે કે કોદાળીની ઉપર એક લાંબું લાકડું જડવામાં આવ્યું છે, અને માણસો નહિ પણ બળદની જોડી હળને ખેંચે છે.

તો મનુષ્યે પોતાનું પ્રથમ ગતિયંત્ર એ સમયે શોધી કાઢ્યું હતું! હળે જોતરેલો બળદ સાચેસાચ સજીવ ગતિયંત્ર જેવો જ હતો, આપણા પોલાદના ટ્રૅક્ટરનો તે જીવધારી પૂર્વજ હતો. મનુષ્યે બળદના ગળામાં ધૂંસરી નાખી એટલે પોતાની મહેનત તેણે પશુ ઉપર લાદી. એ રીતે, જે ઢોર મનુષ્યને માંસ, દૂધ અને ખાલ આપતાં હતાં, તે હવે પોતાની શક્તિ પણ મનુષ્યને આપવા લાગ્યાં.


ધીમે ચાલતા સશક્ત બળદો ગળે લાકડાની ધૂંસરી પહેરીને લાકડાનાં બનેલાં પ્રથમ હળો ખેંચવા લાગ્યા. એ હળો જમીનને કોદાળી કરતાં વધારે ઊંડી ખોદતાં. અને આગળ ચાલતાં હળોની પાછળ ખોદાયેલી જમીનની કાળી પટ્ટી પથરાતી જતી.

પ્રથમ હળખેડુ પોતાની સમગ્ર તાકાત હળના હાથા ઉપર લગાવતો.

એ મહેનત હવે બળદે ઉપાડી લીધી. તે હળ ખેંચતો, અનાજનાં કણસલાં ઝૂડતો, અને અનાજ ઘેર પહોંચાડતો. શરદમાં બળદોને ખળાવાડમાં લઈ જવામાં આવતા. ત્યાં તે પોતાની ખરીઓ વડે કણસલાં ઝૂડીને અનાજને નોખું પાડતા. પછી તેઓને પૈડાં વગરના ગાડે જોડવામાં આવતા એટલે અનાજની ગૂણો લાદેલું ગાડું તેઓ ખેતરેથી ઘેર ખેંચી લઈ જતા.

ઢોરઉછેરનું કામ ખેતીનું પૂરક બન્યું. ગોવાળિયો હળખેડુ પણ બન્યો. પરિણામે, ઘરમાં તેની સત્તાની વૃદ્ધિ થઈ.

સ્ત્રીઓ પાસે તો પૂરતું કામ હતું જ. વણવાનું કામ સ્ત્રીઓ કરતી, કાંતવાનું કામ સ્ત્રીઓ કરતી, પાક સ્ત્રીઓ લણતી, અને છોકરાં સ્ત્રીઓ ઉછેરતી.



કેનેડાના ઈન્ડિયન લોકોનું પૈડાં વગરનું ગાડું

પરંતુ પહેલાંની સત્તા અને માનભર્યું સ્થાન સ્ત્રીએ ખોઈ દીધું હતું. બીડમાં અને ખેતરમાં હવે તો પુરુષનું સ્વામિત્વ હતું.

પહેલાં તો ઘરમાં જ્યારે પણ કોઈ અણગમતી વાત બનતી ત્યારે સ્ત્રી પુરુષને ધમકાવી નાખતી. પહેલાંની સરખામણીમાં હવે ધમકાવવાનું ઓછું બનતું. વળી, હવે તો પુરુષ સામો જવાબ પણ વાળતો. પુરુષનો સામો જવાબ માત્ર બચાવ પૂરતો જ મર્યાદિત નહોતો રહેતો. પહેલાં તો સાસુઓ માટે, પત્નીની કાકીઓ માટે અને પત્નીની નાનીઓ માટે પુરુષને ઘરની બહાર કાઢી મૂકવાનું સાવ સહેલું હતું. પરંતુ હવે તેઓ પુરુષનાં સુખસગવડની સંભાળ રાખવા લાગી, કેમ કે બીજા કુળમાંથી આવીને પોતાના કુળની કન્યાને પરણનાર પુરુષ તેઓને ખાતર મહેનત કરતો અને આખા કુળને ખોરાક પૂરો પાડવામાં સહાય કરતો. પોતાના કુળના પુરુષને પરણાવીને બીજા કુળમાં મોકલી દેવાની આતુરતા પણ ઓછી થઈ ગઈ.

કુળનું આધિપત્ય મેળવવા સારુ પુરુષોએ અંદરોઅંદર કરારો કર્યા.

પહેલાં, પુરુષના મૃત્યુ બાદ તેની બહેનનાં બાળકો તેના કાયદેસરના વારસ ગણાતાં. પરંતુ પુરુષે ટોળાજીવનના એ કાયદાને બદલવાની પેરવી શરૂ કરી દીધી.

આફ્રિકાની તુઆરેગ જાતિના ભ્રમણશીલ લોકોમાં વારસાના બે ભાગ પાડવામાં આવતા. એકને 'ન્યાયયુક્ત' અને બીજાને 'બીજો' ભાગ કહેતા. 'ન્યાયયુક્ત' ભાગ બહેનનાં બાળકોને મળતો. તેમાં મરનાર પુરુષને તેના જીવનકાળ દરમિયાન પોતાની મા પાસેથી મળેલી પ્રત્યેક વસ્તુનો અને સહિયારા

ઘરમાં કામ કરતાં તેણે એકઠી કરેલી સંપત્તિનો સમાવેશ થતો. "બીજા" ભાગમાં તેણે લડાઈમાં લૂંટેલી વસ્તુઓનો અને વેપાર દ્વારા એકત્રિત કરેલી સંપત્તિનો સમાવેશ થતો, અને એ ભાગ તેના પોતાનાં બાળકોને મળતો.

માતૃપ્રધાન સમાજ હજારો વર્ષો સુધી અસ્તિત્વમાં રહ્યો હતો. પ્રાચીન ઓકવૃક્ષની જેમ, જીવનની પ્રાચીન પ્રથામાં પણ તરડો પડવા લાગી.


કુળના લોકો વધારે ને વધારે પ્રસંગોએ જૂની રીતોની વિરુદ્ધ વર્તવા લાગ્યા. પહેલાં પત્ની પતિને પોતાના કુળમાં લઈ જતી. હવે પુરુષ પરણીને પત્નીને પોતાના કુળમાં લઈ જવા લાગ્યો.

પરંતુ એવું પગલું તો ચાલી આવતી જૂની રૂઢિની વિરુદ્ધ ગણાય, અને રિવાજનો ભંગ કરનાર માણસ ગુનેગાર ગણાતો.

કોઈ જુવાન પુરુષ બીજા કુળમાં પરણીને પત્ની સાથે ચાલી ન નીકળી શકે. એથી તો રૂઢિનો ભંગ થાય. પત્નીને પોતાને ઘેર લઈ જવી હોય તો તેને કન્યાને ગુપ્ત રીતે લઈ જવી પડે, કન્યાનું અપહરણ કરવું પડે.

જુવાન છોકરા માટે પહેલાં તો તેનું કુળ કન્યાની પસંદગી કરી લેતું. પછી જુવાન અને તેનાં પુરુષ સગાંઓ ભાલા અને કટાર જેવાં હથિયાર સજીને મધરાતે ગુપચુપ કન્યાના ઘર પાસે પહોંચી જતા.

કૂતરાં જોર જોરથી ભસીને આખા ઘરને જગાડી દેતાં. લાડીનો શુભ્ર કેશધારી દાદો અને મૂછનો દોરોય ન ફૂટયો હોય એવા તેના ભાઈઓ હાથમાં હથિયાર લેવા ધસારો કરતા. સ્ત્રીઓના રુદનનો અવાજ જંગે ચડેલા વીરોની ભયંકર ગર્જનાઓમાં ડૂબી જતો. આખરે લાડો પોતાની સજીવ લૂંટ રૂપે મળેલી પત્નીને લઈને પોતાનાં સગાંઓના રક્ષણ તળે પીછેહઠ કરતો.



લોકો બળદોને હળે જોડવા લાગ્યા (મિસરનું રેખાચિત્ર)

વર્ષો વીત્યાં. સમય જતાં ટોળાજીવનના કાયદાના આવા ભંગનું રિવાજમાં પરિવર્તન થઈ ગયું. પછી તો લાડાનાં અને લાડીનાં સગાંઓ વચ્ચેની 'લડાઈ' વિધિ બની ગઈ.

શોણિતધારાનું સ્થાન ભેટસોગાદોએ અને અવેજે લઈ લીધું. લાડીની આંસુ વહાવતી મા, તેની બહેનો અને સ્નેહીઓની હાજરી પણ લગ્નવિધિનું અંગ બની ગઈ અને લગ્નવિધિને અંતે મિજબાનીઓ ઊજવાવા લાગી.

અજાણ્યા કુળમાં અને અજાણ્યા ઘરમાં આવી પડેલી જુવાન વહુ પોતાના કપરા દુર્ભાગ્યને કારણે રડતી હોય એવા ભાવ વ્યક્ત કરતા ગમગીન ગીતોનાં સ્મરણો ધરાવતા લોકો આજે પણ મળી આવે છે.

અને સાચેસાચ, સાસરે આવેલી વહુના ભાગ્યમાં કોઈને ઈર્ષા ઊપજે એવું કશું જ નહોતું. અજાણ્યા ઘરમાં જુવાન સ્ત્રીને તદ્દન પતિની મરજીને આશરે જ જીવવું પડતું. પોતાના હૈયાની બળતરા ઠાલવી શકાય એવું કોઈ તેને એ ઘરમાં ન મળતું. સાસુ, સસરા અને પતિનાં સગાં હંમેશાં પતિનો જ પક્ષ લેતાં. પુરુષ પરણીને વહુ લાવતો તે ઘરમાં કામ કરનારા માણસોની સંખ્યામાં એકનો વધારો કરવા ખાતર જ. વહુ એક પળ પણ નવરી બેસી ન રહે તેનું, અને તેના દીન ભાગ કરતાં એક કોળિયોય વધારે ખોરાક ખાઈ ન જાય તેનું બધા કડક ધ્યાન રાખતા. જ્યાં માતાનું સંપૂર્ણ શાસન ચાલતું એવા કુટુંબનું પિતાના સંપૂર્ણ શાસનવાળા કુટુંબમાં પરિવર્તન થઈ ગયું.


બાળકો હવે માતાના કુટુંબ ભેગાં નહિ પણ પિતાના કુટુંબ ભેગાં રહેવા લાગ્યાં. સગપણ પણ માતાના કુટુંબના આધારે નહિ, પણ પિતાના કુટુંબના આધારે નક્કી થતું. રશિયામાં માણસના પહેલા નામની સાથે પિતાનું પહેલું નામ અને 'નો દીકરો' એવી વ્યાખ્યા જોડાવા લાગી.

નામની સાથે અટક જેવા પિતૃનામના વપરાશની શરૂઆત એ વખતે જ થઈ. એટલે જ અમારા સમાજમાં નામનું સ્વરૂપ 'પ્યોત્ર ઈવાનોવિચ' એવું હોય છે, જેનો અર્થ જૂના જમાનામાં 'પ્યોત્ર, ઈવાનનો દીકરો' એવો થાય.

પોતાના પહેલા નામની સાથે માતાનું નામ જોડવાની કોઈને કદી કલ્પના પણ નહિ આવે. દાખલા તરીકે, 'પ્યોત્ર મારિયેવિચ' (સ્ત્રીનામ મારિયા ઉપરથી) એવું નામ કોઈનુંયે નહિ હોય.

જગતના પ્રથમ પશુચારકો

પોતે શોધી કાઢેલા અદ્ભુત કોઠારમાંથી મનુષ્ય વધારે ને વધારે બક્ષિસો મેળવતો ગયો. હજારો ઘેટાં ઘાસભૂમિમાં ચરતાં રહેતાં. ખેતરોમાં પોચી કાળી ધરતીને ધીરી ગતિએ ખેડતા બળદોને હળખેડુ ડચકારતો રહેતો.



દ્રાક્ષનાં વજનદાર ઝૂમખાં એકત્ર થઈ જાય એટલે તેને પથ્થરની પીલણી ઉપર લાદીને તેમાંથી રસ કાઢવામાં આવતો (મિસરનું રેખાચિત્ર)

જગતની પ્રથમ ફળવાટિકાઓ અને દ્રાક્ષવાટિકાઓ ઊગતાં ફળોની મધુર સોડમથી મઘમઘી રહી. સમી સાંજે લોકો અંજીરનાં વૃક્ષો તળે ભેગા મળીને વાતોના ગપાટા હાંકતા.

મનુષ્યના ઉદ્યમે તેને ઘણાં વરદાન આપ્યાં હતાં. પરંતુ હવે તેને વધારે વખત માટે અને અધિક મહેનતથી કામ કરવું પડતું. દ્રાક્ષનું પ્રત્યેક ઝૂમખું અને અનાજનું પ્રત્યેક કણસલું મનુષ્યના શ્રમના રસથી રસબોળ હતું.

દ્રાક્ષવાટિકાઓનું જતન કરવામાં ખૂબ મહેનત પડતી. દ્રાક્ષનાં ભારે ઝૂમખાં ઉતારી લીધા પછી તેમાંથી રસ નિચોવવા તેને પથ્થરની પીલણીઓમાં પીલવામાં આવતાં. દ્રાક્ષો દબાઈને પિલાઈ જતી અને તેનું ઘેરા રંગનું રુધિર બકરાની ખાલની ઝોળીઓમાં ભરાઈ જતું. લોકો બકરાની ખાલમાં સજજ થયેલા કોઈ અદ્‌ભુત દેવ વિશે અને એ દેવની યાતનાઓ વિશે ગૂઢ ગીત ગાતા. એ બધું મદ્યના મહિમા સારુ થતું.

નદીઓના હેઠવાસના પ્રદેશોમાં પ્રત્યેક વસંત ઋતુના દિવસોમાં નદીઓ છલકાઈ જતી અને કિનારાના પ્રદેશો ઉપર ફરી વળતાં પાણી જમીનને ફળદ્રુપ બનાવતાં. એ પ્રદેશોમાં તો કુદરત પોતે જ સારો પાક પકવવામાં ભાગ ભજવતી હોય એમ લાગતું.

પરંતુ ત્યાંયે ખેડૂતના હાથ થંભતા નહિ. પાણીને ખેતરોમાં રોકી રાખવા સારુ, જ્યાં પાણીની સૌથી વધારે જરૂર હોય ત્યાં પાણી પહોંચાડવા સારુ, લોકો ઠેરઠેર ખાઈઓ ખોદતા અને બંધ બાંધતા.

જમીનને ફળદ્રુપ બનાવતી નદીની લોકો પૂજા કરતા. એ વખતે લોકો ભૂલી જતા કે પોતાની તનતોડ મહેનત વગર એ જમીનમાં નકામા ઘાસ સિવાય બીજું કંઈ ક્યારેય ઊગે તેમ નહોતું.



ભમતા મોંગોલ પશુચારકો
(પ્રાચીન ચીની રેખાચિત્ર)

સમય વીતતો ગયો તેમ ખેડૂતની ચિંતાઓ પણ વધતી ગઈ. ઢોર ઉછેરનારને પણ આરામનો સમય ન મળતો. ઘાસભૂમિનાં લસબસતાં હરિયાળાં બીડોમાં તેની નજર નીચે જ ધણ મોટાં થતાં જતાં હતાં અને વૃદ્ધિ પામતાં જતાં હતાં. ધણ જેટલું મોટું થાય એટલું ગોવાળિયાને કામ વધે. એક ડઝન ઘેટાંનું ધ્યાન રાખવું અને એક હજાર ઘેટાંનું ધ્યાન રાખવું એ બે કામમાં બહુ ફેર છે. મોટું ધણ હોય એટલે બીડમાંથી ઘાસ પણ જલદી ખતમ થઈ જાય. પરિણામે, ધણને ગામથી આઘે ને આઘે ચરવા લઈ જવું પડતું.

અંતે એવો સમય આવ્યો કે આખું ગામ ઘરબાર છોડીને ધણની પાછળ નીકળી પડતું. લોકો તંબુ છોડી નાખતા, સામાન ઊંટની પીઠ પર લાદી દેતા, અને સજીવ પશુધનને આગળ ચલાવતા ભમતા રહેતા.

પાછળ તજેલાં ખેતરો થોડા સમયમાં જ વેરાન થઈ જતાં અને તેમાં નકામું ઘાસ ઊગી નીકળતું. વેરાન ઘાસભૂમિમાં આમેય પાક તો નજીવો જ ઊતરતો. એટલે લોકોને ખેતરો તજી દેવાનો ઝાઝો શોક નહોતો થતો.

ઈતિહાસમાં પહેલી જ વાર એક જ ટોળાના લોકો વચ્ચે જ નહિ, જુદાં જુદાં ટોળાંઓ વચ્ચે પણ શ્રમનું વિભાજન શરૂ થયું.

ઘાસભૂમિમાં પશુચારકોનાં ટોળાં અસ્તિત્વમાં આવ્યાં. એ લોકો ઢોર ઉછેરતા અને અનાજના બદલામાં બીજાઓને ઢોર આપતા. એ લોકો એક જગ્યાએ ઠરીઠામ થઈને કદી ન રહેતા. એ લોકો તો એક જગ્યાએથી બીજી જગ્યાએ અને એક બીડથી બીજે બીડે ભમતા રહેતા.

ભ્રમણશીલ પશુચારકોનું જીવન નિરંકુશ અને મુક્ત હતું.

એ લોકો ખુલ્લી ઘાસભૂમિમાં તંબુ ખોડતા. તેઓના નિવાસની ઉપર અસંખ્ય તારલિયા ટમટમાવતા વિશાળ ગગન સિવાય બીજું કશું જ ન રહેતું. વિસ્તૃત ઘાસભૂમિ તેઓનું ઘર હતું. લાંબી સફર દરમિયાન બાળકોને ઊંટની આમતેમ હાલતી પીઠ ઉપર ઝુલાવીને સૂવરાવી દેવામાં આવતાં. એ લોકોએ તો ફક્ત એવાં પારણાં જ જોયાં હતાં.

પરંતુ આપણે જે યુગની વાત કરીએ છીએ તે સમયે રબારીઓનાં અનેક ટોળાંમાં સાચેસાચ ભ્રમણશીલ પશુચારકો તો બહુ જ થોડા હતા.

સજીવ ઓજાર


ભ્રમણશીલ ટોળાના જીવનમાં નહોતી શાંતિ કે નહોતું ચેન. ભમતા ભમતા એ લોકો ખેતરોમાં જઈ ચડે કે ખેડૂતોનાં ધણ જુએ ત્યારે ઘણી વાર જોરજબરીથી પોતાને જોઈતી વસ્તુઓ આંચકી લેતા અને એ રીતે પોતે વાવ્યા વગર લણી લેતા. નદીની ખીણમાં ઊતરતા હોય ત્યારે, કે જંગલની કિનારીએ કિનારીએ ઘાસભૂમિમાં જતા હોય ત્યારે, રસ્તામાં પડતાં ગામડાં તેઓ બાળી મૂકતા અને લૂંટફાટ કરતા, ઊભા પાક ઉપર દોટમદોટ કરીને પાકનો સર્વનાશ કરતા, ગામલોકોનાં ઢોરને વગડામાં તગડી મૂકતા અને ગ્રામજનોને કેદ પકડતા.

કેદીઓની તેઓને અત્યંત જરૂર પડતી, કેમ કે માણસ પાસેથી ધણની દેખરેખનું કામ લઈ શકાય.


એવું હતું ભમતા પશુચારકોનું જીવન. પરંતુ ખેડૂતોયે બહુ શાંતિપ્રિય તો નહોતા જ.

શરદ ઋતુમાં પાક લણાઈ ગયા પછી પાડોશીઓ ઉપર આક્રમણ કરીને અનાજના જથ્થા, કાપડ, ઘરેણાં અને હથિયારો લૂંટી લેતાં તેઓ અચકાતા નહિ. એ લોકોની બાબતમાં પણ સૌથી વધારે મૂલ્યવાન લૂંટ જીવતા માણસોની લૂંટ ગણાતી. ખાઈઓ ખોદવાના, બંધ બાંધવાના અને બળદોને હાંકવાના કામ માટે ખેડૂતોને પણ વધારે સંખ્યામાં માણસોની જરૂર પડતી રહેતી.

શરૂઆતમાં કેદીઓને ગુલામ નહોતા બનાવી દેવામાં આવતા. એક જોડી હાથ વધારે હોય તેથી કોઈ ખાસ લાભ થતો નહિ. માણસ કામ કરતો એ ખરું, પણ પોતાના કામ વડે એ જેટલું ઉપજાવતો એટલું ખાઈ પણ જતો.



મિસરવાસીઓએ મેળવેલી યુદ્ધની લૂંટ



જમીન ખેડતા ગુલામો (મિસરનું રેખાચિત્ર)

મોટાં ધણ અસ્તિત્વમાં આવ્યાં અને એક માણસની મહેનતમાંથી તેની પોતાની જરૂરિયાત કરતાં વધારે અનાજની, માંસની અને ઊનની ઊપજ થવા લાગી એટલે પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું. ખેડૂતો પોતાની જરૂરિયાત કરતાં વધારે અનાજ વાવવા લાગ્યા અને વધારાના અનાજના બદલામાં ઊન મેળવવા લાગ્યા. એ જ રીતે રબારીઓ પણ કપડાંની અને માંસની પોતાની જરૂરિયાત કરતાં વધારે સંખ્યામાં ઘેટાં પાળવા લાગ્યા અને વધારાની વસ્તુઓના બદલામાં અનાજ અને હથિયાર મેળવવા લાગ્યા.

આ જાતની વિનિમયની અને લૂંટફાટની પ્રવૃત્તિને કારણે અમુક કુળો અને પરિવારો બીજાં કુળો અને પરિવારો કરતાં વધારે સંપત્તિશાળી બન્યાં. એ લોકોનાં ધણ બીજાઓ કરતાં મોટાં હતાં, અને એ લોકો અનાજ પણ બીજાઓ કરતાં વધારે વાવતા. પરંતુ મોટાં ધણોની દેખરેખ રાખવા માટે અને મોટાં ખેતરો ખેડવા માટે એ લોકોની પાસે પૂરતી સંખ્યામાં માણસો નહોતાં.

ગુલામની મહેનતથી ગુલામ અને માલિક બન્નેનાં પેટ ભરાતાં. માલિકને તો ફક્ત એક જ વાતનું ધ્યાન રાખવાનું રહેતું કે ગુલામ કામ વધારે કરે અને ખાય ઓછું. એ રીતે એક મનુષ્યે બીજા મનુષ્યને પોતાનું સજીવ ઓજાર બનાવી દીધો.

મનુષ્યનું સ્થાન હલકું થયું, અને જાણે તે બળદ હોય તેમ તેના ગળામાં ધૂંસરી પડી.

આઝાદીની યાત્રામાં, કુદરત ઉપર પ્રભુત્વ મેળવવાના રાહમાં અધવચ્ચે જ મનુષ્ય પોતાના સાથીમાનવનો ગુલામ બની ગયો.

પહેલાં તો જમીનને જે કોઈ ખેડે તે બધાની જમીન ઉપર સહિયારી માલિકી રહેતી. હવે ધરતીને ગુલામ ખેડતો, પણ ધરતી ઉપર માલિકી તેની નહોતી. ધરતીનો સ્વામી તો બીજો કોઈ મનુષ્ય હતો.

એ જ રીતે જે બળદને ગુલામ હાંકતો તે બળદ પણ તેનો નહોતો. જે પાક તે લણતો તે પણ તેનો નહોતો.

પ્રાચીન મિસરમાં બળદની જોડીને ડચકારીને હાંકતો ગુલામ આવું કંઈક ગણગણતો:

ઘઉંની ઉંબીને પગ તળે કચડો રે બળદો!
ઘઉંની ઉંબીને પગ તળે કચડો!
પાક તો છે મારા માલિકનો.

મનુષ્યજાતિના ઈતિહાસમાં પહેલી વાર માલિકો અને ગુલામો અસ્તિત્વમાં આવ્યા.

સ્મૃતિ અને સ્મારક

આપણે ખેડેલો ભૂતકાળનો પ્રવાસ ઘણો મુશ્કેલ પ્રવાસ હતો. ગુફાઓની ભુલભુલામણીમાં આપણે સહેલાણીઓ તરીકે નહિ પણ અન્વેષકો તરીકે ફર્યા. આપણને મળી આવતી પ્રત્યેક વસ્તુ રહસ્ય બની જતી, અને એ રહસ્યનો ઉકેલ આપણે કાઢવો પડતો. રસ્તામાં ક્યાંય માર્ગદર્શક સ્તંભો નહોતા, કે પછી આપણી શોધખોળ માટે સાચી દિશા શોધવામાં સહાય કરે એવી દિશાસૂચક સંજ્ઞાઓ પણ નહોતી. પાષાણયુગમાં જીવતો પ્રાગૈતિહાસિક મનુષ્ય વળી આપણે માટે કેવી સંજ્ઞાઓ છોડી જવાનો હતો! તેને તો લખતાંયે નહોતું આવડતું!

પરંતુ હવે આપણે એવા રસ્તા ઉપર પહોંચી ગયા છીએ જ્યાં માર્ગ પર દિશાસૂચક સંજ્ઞાઓ છે. કબરો ઉપર અને મંદિરોની દીવાલો ઉપર આપણને જગતના પ્રથમ અભિલેખો કોતરેલા જોવા મળે છે. એ સંજ્ઞાઓ મેલા પ્રેતાત્માઓથી બચવા સારુ રચવામાં આવેલી મંત્રસંજ્ઞાઓ નથી. એ તો છે આખું દાસ્તાન વર્ણવતી ચિત્રકથાઓ, અને તે પણ લોકો માટે અને લોકો વિશે રચવામાં આવેલી કથાઓ.

આપણા આજના અક્ષરોને મળતું આવે એવું કશું એ વખતે હજુ અસ્તિત્વમાં નહોતું આવ્યું. બળદ લખવા બળદનું ચિત્ર દોરાયું છે, અને વૃક્ષ લખવા માટે ડાળીઓ સહિત વૃક્ષનું ચિત્ર દોરવામાં આવ્યું છે.

લેખનના ઈતિહાસની શરૂઆત ચિત્રશબ્દોથી થઈ હતી. એ ચિત્રો સાદું સ્વરૂપ પામે અને તેઓનું સંજ્ઞાઓ કે વર્ણોમાં પરિવર્તન થાય ત્યાર પહેલાં અનેક શતાબ્દીઓ વીતી ગઈ.

દુનિયાની આજની ભાષાઓના મૂળાક્ષરોને જન્મ આપનારાં ચિત્રો કેવાં હશે તેની કલ્પના કરવાનું કામ કઠિન છે. અંગ્રેજી ભાષાનો વર્ણ "A" મૂળ આખલાના માથાના ચિત્રમાંથી ઊતરી આવ્યો હશે એવું કોઈનાય મનમાં ક્યાંથી આવે? પરંતુ "A" ને ઉપરનીચે ઊલટો કરીને જોશો તો તે પશુના શિંગડાંવાળા માથાને મળતો આવતો દેખાશે. પ્રાચીન શેમવંશીઓની ભાષામાં શિંગડાંવાળા માથાનું ચિત્ર "A" દર્શાવતું. એ વર્ણ "આખલો" એવો અર્થ ધરાવતા "અલેફ" શબ્દનો પ્રથમ વર્ણ હતો.

એ રીતે વર્ણમાળાના પ્રત્યેક વર્ણનો ઇતિહાસ આપણે શોધી કાઢી શકીએ. પ્રયત્ન કરતાં આપણને જાણવા મળશે કે વર્ણ "O" આંખ દર્શાવતું ચિત્ર હતું, અને "P" લાંબી ગરદનને છેડે આવેલા માથાનું ચિત્ર હતું.

પણ આ તો સાત જોજનિયા જોડા પહેરીને આપણે ખૂબ આગળ નીકળી ગયા. સાચેસાચ તો આપણે આપણી કથાના એ બિંદુએ પહોંચ્યા છીએ જ્યારે જગતનાં પ્રથમ શબ્દચિત્રો અસ્તિત્વમાં આવ્યાં હતાં.

મનુષ્ય લખતાં બહુ જ ધીરે ધીરે અને અચકાતાં અચકાતાં શીખ્યો.

પરંતુ લખતાં શીખવાનો સમય તો મનુષ્ય માટે પાકી જ ગયો હતો.


અધિક જ્ઞાન મેળવવાની કે તથ્યો એકત્રિત કરવાની પ્રવૃત્તિની શક્યતાઓ નહોતી, પણ મનુષ્યો જે કંઈ જાણતા હતા તે બધું તેઓની સ્મૃતિમાં જળવાઈ રહેતું. દંતકથાઓ, કાલ્પનિક કથાઓ અને પરીકથાઓ પેઢી દર પેઢી લોકજીભે ઊતરી આવતી. પ્રત્યેક વૃદ્ધ વ્યક્તિ સજીવ પુસ્તક જેવી હતી. વાર્તાઓને, દંતકથાઓને અને સામાન્ય બુદ્ધિના નિયમોને લોકો કંઠસ્થ કરી લેતા અને અમૂલ્ય ખજાના તરીકે પોતાનાં બાળકોને સોંપી જતા. બાળકો મોટાં થઈને એ ખજાનો વળી પોતાનાં બાળકોને સોંપતાં. પણ એ ખજાનો જેમ જેમ વૃદ્ધિ પામતો ગયો તેમ તેમ એ બધું સ્મૃતિપટે જાળવી રાખવાનું વધારે ને વધારે મુશ્કેલ બનતું ગયું.

એટલે, મનુષ્યના સ્મૃતિપટને સહાય કરવા સ્મારક આવી પહોંચ્યું. અનુભવ પ્રદાન કરવાના કામમાં બોલાતી ભાષાને લિખિત ભાષાની સહાય મળવાનું શરૂ થયું.

ચડાઈઓ અને લડાઈઓ દરમિયાન સરદારે દાખવેલા શૌર્યની ગાથાઓ તેની કબર ઉપર કોતરવામાં આવતી. એ રીતે નવી પેઢીઓના મનમાં એ શૌર્યગાથાઓ હંમેશાં તાજી રહેતી.

મિત્રભાવ રાખતાં બીજાં ટોળાંના સરદારો પાસે સંદેશવાહકો મોકલવામાં આવતા ત્યારે તેઓને ઝાડની છાલના કકડા ઉપર કે માટીની પાટી ઉપર કેટલાંક શબ્દચિત્રો લખી આપવામાં આવતાં. એથી સંદેશા યાદ રાખવામાં તેઓને સહાય મળતી.

કબર ઉપર જડવામાં આવતો પથ્થર જગતનું પ્રથમ પુસ્તક હતું, બર્ચવૃક્ષની છાલનો કકડો જગતનો પ્રથમ લેખનકાગળ હતો.



ઈન્ડિયન સરદારની કબર પર ખોડેલો પથ્થર

આપણાં ટેલિફોન, રેડિયો અને ટેપરેકોર્ડર સમય અને સ્થળનાં અંતરોને દૂર કરવામાં આપણને સહાય કરે છે. એ બધી વસ્તુઓ માટે આપણે અભિમાન ધરાવીએ છીએ. ધ્વનિને સેંકડો અને હજારો માઈલ દૂર પહોંચાડવાનું આપણે શીખી લીધું છે. ટેપ ઉપર અને રેકોર્ડો ઉપર ઝડપી લેવામાં આવેલા આપણા અવાજો આજથી સેંકડો વર્ષો પછી પણ સ્પષ્ટ બોલતા રહેશે. આપણે મહાન પ્રગતિ સાધી છે એ સાચું, પણ આપણી પહેલાં જીવી ગયેલા લોકોની સિદ્ધિઓને આપણે ભૂલવી ન જોઈએ. આપણા જન્મથી લાંબા કાળ પહેલાં આપણા પૂર્વજોએ બર્ચવૃક્ષની છાલ ઉપર અક્ષરો અંકિત કરીને સ્થળના અંતર ઉપર વિજય મેળવ્યો હતો, અને પાષાણસ્મારકો ઉપર સંદેશાઓ કંડારીને કાળની ગતિ ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો.

હજારો વર્ષો પૂર્વે ખેલવામાં આવેલા જંગ અને કરવામાં આવેલી ચડાઈઓની વાતો આપણને કહેવા સારુ એ સ્મારકો આજ પર્યંત બચી રહ્યાં છે. તલવાર ખેંચીને અને ભાલા ઊંચકીને ઊભેલા લડવૈયાઓની પ્રતિમાઓ એ પથ્થરો ઉપર કંડારવામાં આવી છે. આ રહ્યા વિજેતાઓ! તેઓ વિજય પ્રાપ્ત કરીને પાછા ફરી રહ્યા છે. તેઓની પાછળ પગ ઘસડતા ચાલતા કેદીઓનાં માથાં નીચે ઢળેલાં છે અને હાથ પીઠ પાછળ બાંધેલા છે. અને ચિત્રશબ્દોની આ દુનિયામાં આપણને ગુલામીના અને



ઉત્તર અમેરિકાના ઈન્ડિયન લોકોની ચિત્રકથા

અસમાનતાના પ્રતીક સમી લોખંડની હાથકડીનું ચિત્ર જોવા મળે છે. એ પ્રતીક આપણને મનુષ્યજાતિના ઇતિહાસના એક નવા અધ્યાયની શરૂઆતની, ગુલામીની શરૂઆતની, કથની કહી જાય છે.

આગળ જતાં, મિસરનાં મંદિરોની દીવાલો ઉપર આપણને આવા અનેક ચિત્રસાક્ષીઓ જોવા મળશે.

એક ચિત્રમાં ગુલામોની લાંબી હરોળને ચણતરસ્થળે ઈંટોનું વહન કરતી આલેખવામાં આવી છે. એક ગુલામને ખભે ઈંટોનો ખડકલો લાદવામાં આવ્યો છે અને તે બન્ને હાથે ઈંટોને સંભાળતો જઈ રહ્યો છે. બીજો એક ગુલામ ગરદન ઉપર નાખેલી ધૂંસરીમાંથી લટકતા બે ઝોળામાં ઈંટો લાદીને લઈ જાય છે. તેને જોતાં, ગરદન ઉપરથી લટકાવેલી બે બાલદીઓમાં પાણી ભરીને જતા ખેડૂતની યાદ તાજી થાય છે. કડિયાઓ દીવાલ ચણી રહ્યા છે. ઈંટના ઢગલા ઉપર મુકાદમ બેઠો છે. તેણે પોતાની કોણીઓ ગોઠણ ઉપર ટેકવી છે, અને તેના હાથમાં લાંબી લાકડી છે. બીજો મુકાદમ ચણતરસ્થળની પાસે આમતેમ આંટા મારી રહ્યો છે. તેની જવાબદારી છે બીજાઓ પાસેથી પૂરતું કામ લેવાની. તેણે પોતાની લાકડી પેલા ગુલામના માથા ઉપર ત્રાસદાયક રીતે ઉગામી છે. લાગે છે કે એ ગુલામે મુકાદમની ઇચ્છા વિરુદ્ધ કંઈક કર્યું હશે.

ગુલામો અને આઝાદ મનુષ્યો


થકી કંદ કળી ગુલાબની કદી ખીલશે નહિ,
કૂખે ગુલામની મુક્તમાનવ કદી અવતરશે નહિ, —

ગુલામીની પ્રથા જ્યારે સમાજની સ્વીકૃત પ્રથા હતી ત્યારે મેગારાના ગ્રીક કવિ થિઓગ્નિસે આ શબ્દો લખ્યા હતા.

પરંતુ ગુલામીની શરૂઆતના દિવસોમાં ગુલામોને હલકી કોટિના મનુષ્યો નહોતા લેખવામાં આવતા. આઝાદ મનુષ્યો અને ગુલામો ભેગા જ રહેતા તથા ભેગા જ કામ કરતા, અને બધા મળીને એક મોટો પરિવાર કે સમાજ રચતા.

એવા પિતૃપ્રધાન પરિવાર કે સમાજનો વડો અને શાસક પિતા હતો. તેના પુત્રો, પુત્રોની પત્નીઓ અને પુત્રોનાં બાળકો, અને તેના ગુલામો તેના જ ઘરમાં રહેતાં અને સંપૂર્ણપણે તેને આજ્ઞાધીન રહેતાં. આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર ગુલામને તે જેવી રીતે સોટી વડે મેથીપાક આપતો તેવી જ રીતે આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર પુત્રને પણ તે સહેલાઈથી ફટકારતો.

વયોવૃદ્ધ ગુલામ માલિકને ફક્ત 'પુત્ર' એવું સંબોધન કરતો. એ જ પ્રમાણે માલિક પણ વૃદ્ધ ગુલામને રિવાજ અનુસાર 'પિતા' કહી બોલાવતો.



ગુલામ કડિયાઓ મંદિર બાંધે છે. જમણી બાજુ ઉપરના ખૂણામાં મુકાદમ બેઠેલો દેખાય છે. તેના હાથમાં લાકડી છે (મિસરનું રેખાચિત્ર)

તમે 'ઓડિસ્સી' વાંચ્યું હશે તો તમને યુમાઈયુસનું પાત્ર ઘણું કરીને યાદ હશે. ડુક્કરોના ટોળાની દેખરેખ રાખનાર વયોવૃદ્ધ યુમાઈયુસનું ખાવાપીવાનું માલિકની સાથે જ હોય છે. કોમનો મુખી 'ઈશ્વરસમાન' કહેવાતો તેમ યુમાઈયુસને પણ 'ઈશ્વરસમાન' કહેવામાં આવ્યો છે.

પરંતુ ગીતના બધા જ શબ્દો કંઈ સાચા ન માની લેવાય. ડુક્કરોનો રખેવાળ યુમાઈયુસ નહોતો ઈશ્વરસમાન કે નહોતો માલિકસમાન. તેને તો કામ કરવું જ પડતું. પરંતુ માલિકની બાબતમાં તો કામ કરવું કે ન કરવું તે તેની પોતાની મરજીની વાત હતી. કુટુંબના સભ્યની સરખામણીમાં ગુલામ પાસેથી વધારે કામ લેવામાં આવતું, પણ ગુલામને પોતાના વધારે કામના બદલામાં ઊપજનો ભાગ બહુ જ નાનો મળતો. ગુલામ પોતાના માલિકની મિલકત ગણાતો, પણ માલિક — એ તો મિલકતનો સ્વામી હતો.


માલિક વૃદ્ધ થઈને મરી જાય એટલે સરસામાન અને ઢોરઢાંખર જેવી તેની બીજી સંપત્તિની જેમ તેના ગુલામોની માલિકી પણ તેના પુત્રોને મળતી.

એવા પરિવાર કે સમાજમાં સમાનતાનું એક પણ ચિહ્‌ન બાકી નહોતું રહ્યું.

ત્યાં તો બાપ બાળકો ઉપર શાસન કરતો, પતિ પત્ની ઉપર સ્વામિત્વ ભોગવતો, સાસુઓ વહુઓ ઉપર પ્રભુત્વ જમાવતી અને જેઠાણીઓ દેરાણીઓનું દમન કરતી. પરંતુ ગુલામ તો સીડીને છેલ્લે પગથિયે રહેતો. તેની ઉપર તો બધા જ મરજી ફાવે તેમ હુકમ છોડતા.

કુળો અને સમાજો વચ્ચે પહેલાં જે સમાનતા હતી તે પણ અદૃશ્ય થઈ ગઈ. કેટલાંક કુળોની પાસે વધારે ઢોરઢાંખર હતાં, તો કેટલાંકની પાસે ઓછાં. સંપત્તિનું મૂલ્યાંકન તો ઢોરઢાંખરની સંખ્યાને આધારે જ થતું. આખલાના બદલામાં કાપડ અને હથિયારો મળતાં. કાંસાના પ્રથમ સિક્કાઓ એ કારણસર જ આખલાની પાથરેલી ખાલના આકારના હતા.

પરંતુ ગુલામનું મૂલ્ય આખલા કરતાં વધારે હતું.



ગુલામ ગોવાળિયો અને ધણનો માલિક (મિસરનું રેખાચિત્ર)

ગુલામ તો ડુક્કરોની, ગાયોની અને ઘેટાંની સારસંભાળ રાખતો. ઢોરને આખો દિવસ બીડમાં ચરાવીને તે સાંજે પાછાં લઈ આવતો અને વાડામાં પૂરતો. ગુલામ પાકને લણવામાં મદદ કરતો, દ્રાક્ષને પીલીને રસ કાઢતો અને ઓલિવને પીલીને તેલ કાઢતો. કોઠારોમાં સુવર્ણરંગી અનાજના જથ્થા ભર્યા રહેતા. મઘમઘતું તેલ કૂંડીઓમાં થઈને ઍમ્ફોરા નામે ઓળખાતી માટીની વિશાળ ભંભલીઓમાં ટપકતું રહેતું.

ગુલામ આઝાદ મનુષ્યને મદદ કરતો, પણ અત્યંત મહેનતનાં અને અત્યંત ગંદાં બધાં કામ ગુલામ જ કરતો.

પછી તો યુદ્ધો પણ લાભકારક બન્યાં. યુદ્ધો દ્વારા ગુલામો મળતા, અને ગુલામો પોતાના માલિકો માટે અનગળ સંપત્તિનું સર્જન કરતા.

એટલે, ઢોરનાં ધણોને સંભાળવાનું અને જમીનને ખેડવાનું કામ ગુલામોને સોંપીને આઝાદ મનુષ્યો જંગ ખેલવા ચાલ્યા જતા.

યુદ્ધને કારણે કામ પણ વધ્યું. બીજાં ટોળાં ઉપર આક્રમણ કરવા લોકોને તલવારોની, ભાલાઓની અને રથોની જરૂર પડતી. પાણીપંથા ઘોડાઓને રથે જોડીને શૂરવીરો રણભૂમિએ રવાના થઈ જતા.

પરંતુ યુદ્ધમાં તો આક્રમક અને રક્ષાત્મક બન્ને પ્રકારની તૈયારીઓ કરવી પડે. દુશ્મનોની તલવારોના અને તેઓના ભાલાના ઘાથી પોતાનું રક્ષણ કરવા લડવૈયાઓને માથે શિરસ્ત્રાણ ઓઢવા પડતા અને શરીરે બખ્તર ધારણ કરવાં પડતાં. અંતે, ટોળાનાં ઘરોને ફરતી મોટી શિલાઓની મજબૂત દીવાલો બંધાવાનું પણ શરૂ થયું.



મિસરમાં ગુલામ પકડાયેલા હબસીઓની સંખ્યા ગણાઈ રહી છે

કુળ જેટલું વધારે સંપત્તિશાળી અને જોરાવર હોય તેટલા પ્રમાણમાં વધારે સમય અને મહેનત તે પોતાના રક્ષણના પ્રબંધમાં લગાવતું.

થોડા વખતમાં જ ટેકરીઓ ઉપર કિલ્લા જેવાં મકાનો બંધાવા લાગ્યાં. એ મકાનોમાં ડઝનબંધ ઓરડાઓ તથા વખારોની બાંધણી થતી. મકાનના ગઢની દીવાલો ઉપર બુરજ બાંધવામાં આવતા અને દાખલ થવા માટે તોતિંગ દરવાજાઓની રચના કરવામાં આવતી.

તંબુમાંથી ઘર – ઘરમાંથી નગર

સોવિયેત પુરાતત્ત્વવિદ તોલ્સ્તોવે, પોતાના પુસ્તક 'પ્રાચીન ખોરેઝમ'માં, મધ્ય એશિયાના રણોમાંથી પોતે ખોળી કાઢેલા કિલ્લા-ઘરોના અવશેષોનું વર્ણન કર્યું છે.

એ કિલ્લા-ઈમારતોને મકાન કરતાં નગર કહેવાનું વધારે યોગ્ય ગણાય.

પકવેલી માટીની માઈલો લાંબી મજબૂત દીવાલો, વચ્ચે આવેલા વિશાળ ખાલી ચોકને ઘેરીને બાંધવામાં આવી છે. એ દીવાલોની અંદરના ભાગમાં બાંધવામાં આવેલી કમાનદાર પરસાળોમાં સમાજના લોકો રહેતા. પરસાળની ઉપર છતમાં નાનકડી બારીઓની રચના છે.

હજારો લોકો દીવાલોની સાંકડી અને અંધારી પરસાળોમાં જીવન ગાળે અને વચ્ચે વિશાળ ચોક સાવ ખાલી પડયો રહે, એ જાણીને આશ્ચર્ય ઊપજે.

તોલ્સ્તોવે એ બિનાનો તદ્દન સાદો ખુલાસો શોધી કાઢયો. એ દિવસોમાં ઢોરઢાંખર ખોરેઝમના લોકોની મુખ્ય સંપત્તિ હતી. પશુઓનાં અનેક ધણોને સાચવવા માટે ચોકનો એક વિશાળ વાડા તરીકે ઉપયોગ થતો. બાકોરાં અને બુરજો ધરાવતો ગઢ લોકોની સંપત્તિનું દુશ્મનોના હુમલા વિરુદ્ધ રક્ષણ કરતો.

દુશ્મનોનો હુમલો થતો ત્યારે કિલ્લા-ઘરમાં વસતા લોકો બાકોરે બાકોરે ગોઠવાઈ જતા અને હુમલો કરતા દુશ્મનોની ઉપર તીરોનો વરસાદ વરસાવતા.

પરંતુ બધા મળીને જે સંપત્તિનું રક્ષણ કરતા હતા તે સંપત્તિ હવે સહિયારી નહોતી રહી. બધા લોકો એકબીજા જોડે સગપણથી સંકળાયેલા હતા તે સાચું, પણ કેટલાંક કુટુંબો પાસે બીજાં કુટુંબો કરતાં વધારે પ્રમાણમાં ઘેટાં, આખલા, ઘોડા અને બીજું પશુધન હતું.

પ્રાચીન દંતકથાઓ ઉપરથી આપણને જાણવા મળે છે કે ભૂતકાળના એ અત્યંત દૂરના યુગમાં 'સંપત્તિશાળી' શબ્દ તો પેટાવાક્યના ભાગ રૂપે જ વપરાતો. કોઈને વિશે ઉલ્લેખ કરતાં લોકો તેને ફક્ત 'સંપત્તિશાળી' એટલું જ નહોતા કહેતા, પણ 'ઢોરઢાંખરની સંપત્તિ ધરાવનાર' કે 'ઘોડાઓની સંપત્તિ ધરાવનાર' એમ કહેતા.

પાડોશના કિલ્લાઓ ઉપર કરવામાં આવતા પ્રત્યેક નવા હુમલાને પરિણામે લડાયક સરદારોના પશુધણો મોટાં થતાં, અને સાથે સાથે તવંગર અને ગરીબ વચ્ચેનું અંતર પણ વધતું જતું.

તોલ્સ્તોવ અને તેના સાથીઓએ ત્યાર પછીના કાળમાં બાંધવામાં આવેલા કિલ્લાઓ પણ ખોળી કાઢયા. એ કિલ્લાઓમાં ઘરો પણ હતાં અને નગરો પણ હતાં.

રણોમાં તેઓનું ઉત્ખનન કાર્ય ઘણાં વર્ષો સુધી ચાલ્યું. એ જવાબદારી અત્યંત કઠિન અને ગંભીર હતી. સોવિયેત વિદ્વાનો ઊંટની સવારી કરીને, મોટરગાડીમાં, મોટરબોટમાં કે વિમાનમાં બેસીને લાંબા ગાળા પહેલાં અદૃશ્ય થઈ ગયેલી સભ્યતાના અવશેષો શોધતા. ઊંટની ખૂંધ ઉપરથી કે ટીંબાની ટોચ ઉપરથી તેઓને ક્યારેક દૂર ક્ષારયુક્ત માટીના પડવાળા ઢોરા જ ફક્ત દેખાતા. પરંતુ વિમાનમાં બેસીને રણની ઉપર ઓછી ઊંચાઈએ ઉડ્ડયન કરતાં તેઓ દીવાલોની, શેરીઓની અને વિશાળ સામુદાયિક ઘરોની સ્પષ્ટ રેખાઓ શોધી કાઢતા.

એ બધાં ઘરોની અને નગરોની સરખામણી કરીને તેઓએ પ્રારંભિક સામુદાયિક સમાજ પ્રથાના ગુલામીની પ્રથામાં થયેલા પરિવર્તનની કથાની કડીઓ આખરે જોડી લીધી.

આ જુઓ, જાનબાસ-કાલા નજીક આવેલું માછીમારોનું તંબુઘર. ત્યાં નહોતા તવંગર લોકો કે નહોતા ગરીબો. બધા જ ચૂલા એકસરખા માપના છે. ત્યાં બધા લોકો એકસમાન હતા, કેમ કે તેઓ બધા એકસરખા ગરીબ હતા. ઘરને ફરતો કિલ્લો બાંધવામાં નહોતો આવ્યો. ત્યાં સંપત્તિઓ હતી જ નહિ, કે રક્ષણ માટે ગઢ બાંધવો પડે.

વૈજ્ઞાનિકોએ શોધી કાઢેલા માટીના 'લાંબા ઘર'ના અવશેષો પેલા પડાવસ્થળથી બહુ આઘો નહોતા. એ 'લાંબા ઘર'માં દોઢસો ફૂટ લાંબી બે પરસાળોમાં ચૂલાઓ એક પછી એક હારબંધ બાંધવામાં આવ્યા છે.

એ ઘરને પણ ફરતો ગઢ નહોતો.

શતાબ્દીઓ વીતી ગઈ. અનેક 'લાંબાં ઘરો' એકબીજાની સાથે જોડાઈ ગયાં, અને એ રીતે વિશાળ ખાલી ચોકની આસપાસ વસતિ ધરાવતી દીવાલો રચાઈ ગઈ.

કુઈઝેલી-ગીરનું વાડાબંધીવાળું મકાન એવું જ છે. એ ઘરને ફરતા ગઢની ઉપર બુરજો છે અને ગઢની દીવાલમાં બાકોરાં છે. લોકો દુશ્મનોના હુમલા વિરુદ્ધ પોતાનાં ધણોનું રક્ષણ કરતા, પણ પાડોશીઓ ઉપર હુમલા કરીને બીજાની માલમતા લૂંટી લેતા અચકાતા નહિ. એ ઘરમાં અમુક કુટુંબો બીજાં કુટુંબો કરતાં અધિક સંપત્તિશાળી હતાં જ, જોકે એ વાતની પાકી સાબિતીઓ ઉપલબ્ધ નથી. પુરાતત્ત્વવિદો તો એ સમયે દુનિયાના બીજા દેશોમાં અને બીજા ભાગોમાં વસતા લોકોના રીતરિવાજોનો અભ્યાસ કરીને એવું અનુમાન જ ફક્ત કરી શકે કે એ સમયે અસમાનતા અસ્તિત્વમાં હતી.

ત્યાર પછીની કક્ષા છે જાનબાસ-કાલાનો કિલ્લો. દીવાલોની વચ્ચેનો ચતુષ્કોણ વિસ્તાર હવે પહેલાંની જેમ ખાલી નથી. ખાલી જગ્યામાં બે વિશાળ સામુદાયિક ઘર ખડાં થઈ ગયાં છે. પ્રત્યેક ઘરમાં અનેક ઓરડાઓ છે. બન્ને ઘરોની વચ્ચે પડતી શેરી 'અગ્નિમંદિર' તરફ લઈ જાય છે. પ્રાગૈતિહાસિક માછીમારોના તંબુના શાશ્વત જવાળા જાળવી રાખતા પ્રાચીન ચૂલાએ હવે મંદિરનું રૂપ ધારણ કરી લીધું છે.

કિલ્લાની અંદર વસેલા નગરમાં હવે ફક્ત એક જ કુળ નથી રહેતું. ત્યાં બે કુળસમૂહો છે, અને પ્રત્યેકની પાસે પોતાનું અલાયદું ઘર છે. કિલ્લામાં હવે વાડો નથી, કેમ કે કિલ્લામાં વસતા લોકોનો મુખ્ય ધંધો હવે ઢોરઉછેર નહિ પણ ખેતી છે. કિલ્લાની દીવાલોની બહાર ખેતરો પથરાયેલાં છે, અને પાણી પહોંચાડવા માટે ખેતરોમાં અનેક નીકો ખોદવામાં આવેલી છે. ભમતા પશુચારકો વિરુદ્ધ ખેતરોનું રક્ષણ કરવાનું કામ કિલ્લામાંથી કરવામાં આવે છે.

ત્યાર પછીની કક્ષા તોપ્રાક-કાલા કિલ્લો દર્શાવે છે. કિલ્લાની દીવાલોની અંદર લગભગ એક ડઝન જેટલાં ઘર છે. પ્રત્યેક ઘરમાં અનેક ઓરડાઓ છે.

નગરની ચારે બાજુ ફરતી વિશાળ મિનારાઓવાળી દીવાલો છે. બહારથી આવનો કોઈ માણસ એકદમ પ્રવેશ કરી શકે એમ નથી. પહેલાં તેને પ્રવેશસ્થળોનું રક્ષણ કરતી ભુલભુલામણીઓ પસાર કરવી પડે છે.

દાખલ થવાના દરવાજા પાસેથી શરૂ થતો મુખ્ય માર્ગ નગરને વીંધતો એક છેડેથી બીજા છેડા સુધી જાય છે. રસ્તાની બન્ને બાજુએ મોટાં સામુદાયિક ઘરો આવેલાં છે. પ્રત્યેક ઘરમાં સેંકડો ઓરડાઓ છે, નાના નાના મિનારાઓ છે અને આંગણાં છે. મુખ્ય માર્ગ 'અગ્નિમંદિર' તરફ અને નગરના રાજાના ત્રણ મિનારાવાળા ભવ્ય મહેલ તરફ જાય છે.

આજે તો એ બધાંના ફક્ત અવશેષો જ બચ્યા છે. ક્યાંક ક્યાંક તો એ અવશેષોની ઉપર માટીના અને રેતીના થર છવાઈ ગયા હતા. નગરના આકારને ફરી ખડો કરવા પુરાતત્ત્વવિદોને લાંબા વખત સુધી સખત મહેનત કરવી પડી હતી.

તેઓના શ્રમના ઇનામ રૂપે તેઓને શોધખોળોની એક આખી હારમાળા પ્રાપ્ત થઈ. સૌથી વધારે રસપ્રદ વસ્તુઓ ત્રણ મિનારાવાળા મહેલમાંથી મળી. મહેલના વિશાળ ઓરડાઓની દીવાલો ઉપર કુશળ કલાકારોએ આલેખેલાં સુંદર દીવાલચિત્રોનાં ચિહ્નો હતાં. રણની રેતભૂમિની વચ્ચે આવેલા એ મહેલની દીવાલો ઉપર ભૂતકાળનાં દૃશ્યો એવી રીતે અંકિત થયાં હતાં કે જાણે જીવંત સૃષ્ટિ ખડી થઈ ગઈ હોય એમ લાગે. તેમાં તંતુવાદ્ય વગાડતી બાલિકાનું ચિત્ર હતું, માથા ઉપર રાખેલી છાબડીની સમતુલા જાળવતી દ્રાક્ષ વીણતી સુંદરીનું ચિત્ર હતું, કાળો કોટ પહેરેલા પુરુષનું ચિત્ર હતું, ઘોડાઓનાં, વનરાજોનાં અને પંખીઓનાં ચિત્રો હતાં. ઉત્તમ શિલ્પીઓ દ્વારા ઘડવામાં આવેલી સુંદર પ્રતિમાઓના ખંડિત અવશેષો પણ ત્યાંથી મળી આવ્યા હતા.

મહેલમાંથી મળી આવેલી પ્રત્યેક વસ્તુ એ હકીકત પ્રત્યે નિર્દેશ કરતી હતી કે તેના માલિકો નગરના બીજા રહેવાસીઓ કરતાં ઘણા વધારે તવંગર હતા અને વધારે ઊંચા કુળમાં જન્મેલા હતા.

વળી બીજાં ઘરોની ઉપર ભયજનક છાયા પાડતો મહેલ પણ એ વાતની સાબિતી પૂરી પાડતો હતો કે એ મહેલમાં વસતા લોકો બાકીના લોકો કરતાં ઘણા વધારે સમૃદ્ધ હોવા જોઈએ.

એ મહેલ ખોરેઝમશાહનો હતો. ખોરેઝમશાહ નગર ઉપર, આખા દેશ ઉપર, પોતાના પરિવાર ઉપર અને પોતાના અનેકાનેક ગુલામો ઉપર શાસન ચલાવતો.

નગર પોતાના અધિકારની રૂએ રાજ્ય પણ હતું. રાજા મોટું સૈન્ય રાખતો. એ સૈન્ય ગુલામોને તથા ગરીબોને દબાવી રાખવામાં, અમીરઉમરાવોના અધિકારોની રક્ષા કરવામાં અને નહેરોના બાંધકામની દેખરેખ રાખવામાં તેને મદદ કરતું. મોટી નહેર બાંધવા માટે હજારો ગુલામોની જરૂર પડતી. વળી, એક જ કિલ્લો નહિ, અનેક કિલ્લાઓ દ્વારા અને નિયમિત સૈન્ય વડે ખેતરોની, નહેરોની અને ખોરેઝમના ખેડૂતોના કિલ્લા વગરનાં ઘરોની રક્ષા કરવામાં આવતી.

એ રીતે, હજારો વર્ષોના સમયની સફર ખેડીને વિદ્વાનોએ પોતાની જ નજરે જોયું કે તંબુમાંથી ઘર કેવી રીતે બન્યું, ઘરમાંથી નગરનો વિકાસ કેવી રીતે થયો, અને સમાન લોકોના સમાજનું પરિવર્તન ગુલામો ધરાવતા રાજ્યમાં કેવી રીતે થયું.


એવાં વિશાળ કિલ્લા-ઘરો પુરાતત્ત્વવિદોને મધ્ય એશિયા ઉપરાંત બીજા પ્રદેશોમાં પણ મળી આવ્યાં છે. જ્યાં જ્યાં લોકોને દુશ્મનોના હુમલાઓ વિરુદ્ધ પોતાની સંપત્તિનું રક્ષણ કરવું પડતું એવા બધા જ પ્રદેશોમાં વૈજ્ઞાનિકોને એવાં ઘરો મળી આવ્યાં છે.

કિલ્લાને ઘેરો

કિલ્લાની દીવાલો ઉપરથી ચોમેર દૂર દૂર સુધી નજર દોડાવી શકાય એમ છે. ક્યાંક ખૂબ આઘે ધૂળની ડમરી ઊડે અને સૂર્યના પ્રકાશમાં ચમકારો લાવે એટલે તરત જ કિલ્લામાં રક્ષણની તૈયારીઓ શરૂ થઈ જાય છે. હળખેડુઓ બળદોને દોડાવતા કિલ્લાના દરવાજામાં દાખલ થઈ જાય છે, અને

ગોવાળિયાઓ ઢોરનાં ધણોને હાંકીને નગરમાં લઈ આવે છે. નગરનો છેલ્લો રહેવાસી અંદર દાખલ થઈ જાય કે તરત જ તોતિંગ દરવાજાઓ બંધ કરી દેવામાં આવે છે અને સાંકળો વાસી દેવામાં આવે છે. લડવૈયાઓ દીવાલ ઉપર અને બુરજો ઉપર પોતપોતાનું સ્થાન સંભાળીને દુશ્મન નજીક આવે તેની રાહ જોતા અને પીંછાંદાર તીરોનો વરસાદ વરસાવવા તૈયાર ઊભા છે.

આક્રમકોએ કિલ્લાની નજીક પહોંચીને પડાવ નાખી દીધો છે. તેઓ જાણે છે કે કિલ્લાના લોકો સહેલાઈથી શરણે નહિ આવે. કિલ્લાની દીવાલો પડી ભાંગે તે પહેલાં તો કેટલાય મહિનાઓ વીતે. પ્રત્યેક સવારે કિલ્લાના દરવાજા ભારે ચચડાટ સાથે ખૂલે છે. હાથમાં ભાલાઓ લઈને લડવૈયાઓનું ટોળું બહાર ધસી આવે છે. લડાઈનો ફેંસલો ખુલ્લા ધિંગાણામાં કરવા એ લોકો બહાર આવે છે. એ લોકો અત્યંત ક્રોધે ભરાઈને દુશ્મનોના ઘોડાની પૂંછડીઓ વડે શણગારવામાં આવેલા ચળકતા શિરસ્ત્રાણો ઉપર પોતાની તલવારો વીંઝે છે. પોતાની જિંદગીની પરવા કર્યા વગર અને દુશ્મનો ઉપર મુદ્દલ દયા બતાવ્યા વગર એ લોકો થાકીને લોથપોથ થઈ જાય ત્યાં સુધી લડતા રહે છે.



એસિરિયન લોકોનો કિલ્લા ઉપર હુમલો.
નીચે : વિજેતા યોદ્ધાઓ કેદીઓને લઈ જાય છે

એક પક્ષ પોતાનાં ઘરોના અને કુટુંબોના રક્ષણની ભાવનાથી પ્રેરાઈને લડે છે. બીજો પક્ષ ક્રોધની આગમાં બળે છે, કેમ કે આટલી નિકટ પડેલી સંપત્તિથી લડાઈ તેઓને ખૂબ દૂર રાખે છે. રાત પડે એટલે નગરના રક્ષણ માટે લડતા સૈનિકોમાંથી જેટલા બચ્યા હોય તેટલા પીછેહઠ કરીને પાછા કિલ્લામાં ભરાઈ જાય છે. ધિંગાણું સવાર સુધી શાંત પડી જાય છે.

દિવસો વીતે છે. ઘેરામાં સપડાયેલા લોકો બહાદુરીથી આક્રમકો વિરુદ્ધ લડતા રહે છે. પરંતુ દુશ્મનોનાં તલવારભાલા કરતાં ભૂખનો ત્રાસ તેઓને વધારે સતાવે છે.

અનાજના ભંડાર ખાલી થઈ જાય છે અને તળિયે ફક્ત ધૂળ બચે છે, ભંભલીઓમાં

ભરેલા તેલનો પ્રવાહ ક્ષીણ થતો જાય છે અને આખરે તેમાંથી ફક્ત ટીપાં જ ટપકે છે, અને કિલ્લામાંથી ચીત્કાર ઊઠે છે. એ અવાજ ભૂખે ટળવળતાં બાળકોના ક્રંદનનો છે. પુરુષો રોષે ભરાશે એ બીકે સ્ત્રીઓ તો પોતાની આંખોમાંથી વહેતાં આંસુઓને મૂંગી મૂંગી જ લૂછી લે છે.

પ્રત્યેક ધિંગાણાને અંતે કિલ્લાના રક્ષકોની સંખ્યા ઘટતી જાય છે. આખરે એક દિવસ આવે છે જ્યારે પીછેહઠ કરતા લડવૈયાઓની પાછળ પાછળ આક્રમકો પણ કિલ્લામાં ઘૂસી જાય છે. તેઓ મજબૂત દીવાલોનો એક એક પથ્થર હલાવી નાખે છે. એક વખત જ્યાં લોકો કલ્લોલ કરતા હતા, જીવન પ્રવૃત્તિમય હતું અને મિજબાનીઓ ઊડતી હતી, ત્યાં ખંડેરો અને લાશોના ઢગલા સિવાય બીજું કશું જ બચતું નથી. વિજેતાઓ નાનામોટા બધા જ જીવંત લોકોને પકડીને પોતાની ભેગા લઈ જાય છે, અને એ આઝાદ મનુષ્યોને ગુલામ બનાવી દે છે.

મરેલાંને મુખે જીવતાંની વાત

રશિયાના દક્ષિણ ભાગમાં પથરાયેલી ઘાસભૂમિમાં એવી જગ્યાઓ છે જ્યાં નજર પહોંચે એટલે દૂર સુધી ટીંબાઓની હારમાળા દેખાય છે. સપાટ ઘાસભૂમિમાં ટીંબાઓની એવી હારમાળા કેવી રીતે રચાઈ, કે એ ટીંબા કોણે બનાવ્યા, એ વિશે એ પ્રદેશમાં રહેતા કોઈ પણ માણસને કશી જ ખબર નથી.

પૂછપરછ અને ખણખોદ ચાલુ જ રાખો તો જીવનને આરે પહોંચેલો કોઈ અત્યંત વૃદ્ધ માણસ જવાબ દેશે કે એ તો 'મમાઈઓની' કે 'મમાઈઓની દીકરીઓની' કબરો છે. પરંતુ 'મમાઈઓ' કોણ હતા અને કયે સમયે થઈ ગયા એ બાબત વિશે તો એ વૃદ્ધજન પણ કશું જ નહિ કહી શકે.

પણ એ માણસ વાતોડિયો હોય તો ખુશીથી કહેશે કે એક જમાનામાં અહીં એક જમીનદાર રહેતો હતો. એ જમીનદાર મારો માલિક હતો. જમીનદારના મનમાં એવો વહેમ ભરાઈ ગયો હતો કે ટીંબાઓમાં દાટેલા ખજાના પડયા છે એટલે તેણે ટીંબાઓને ખોદી કાઢવાની યોજના બનાવી, અને કેટલાય વર્ષો સુધી ટીંબા ખોદતો રહ્યો. પણ તેને ખજાનાબજાના કંઈ મળ્યું નહિ. પછી તો ક્રાંતિ થઈ, જમીનદારને 'પાણીચું' મળ્યું અને ખજાનાની તેની શોધનો અંત આવ્યો.

એ ટીંબાઓ વિશે એવા ઘરડા લોકોને પૂછતા રહીએ તો સમય નકામો વેડફી નાખવા જેવું જ થાય. એ ટીંબાઓ વિશે ખરેખર જાણવું જ હોય તો તો ત્યાં ઉત્ખનન કરતા પુરાતત્ત્વવિદોને જ પૂછવું જોઈએ.

ઘરડા માણસને તો પોતાના જીવનકાળ દરમિયાન બનેલી વાતો જ યાદ હોય. પુરાતત્ત્વવિદ તો અનેક શતાબ્દીઓ પહેલાં બનેલી ઘટનાઓ પણ જાણે.

એ ટીંબાઓ તો પ્રાચીન કબ્રસ્તાનો છે. ઘાસભૂમિમાં કોઈ કાળે રહેતા લોકોની કબરો તેમાં સમાયેલી છે.

પુરાતત્ત્વવિદોને એ ટીંબાઓમાંથી મનુષ્યોનાં હાડપિંજરો મળી આવ્યાં છે. એ ઉપરાંત બીજી વિવિધ વસ્તુઓ પણ મળી આવી છે. તેમાંથી માટીના કૂજા, ચકમકનાં કે કાંસાનાં ઓજારો અને ઘોડાનાં કેટલાંક હાડકાં મળી આવ્યાં છે. મૃત્યુ પામેલા માણસને દફનાવતી વખતે તેની લાંબી યાત્રા માટે એ બધું તેને ભેગું આપવામાં આવેલું.

લોકો એમ માનતા કે મૃત્યુ પછી પણ માણસને ખાવુંપીવું પડે છે અને કામ કરવું પડે છે. લોકો માનતા કે સ્ત્રીને મરી ગયા પછી પણ તકલીની જરૂર તો કદાચ પડે, અને પુરુષને વખતે ભાલાની જરૂર ઊભી થાય.

અત્યંત પ્રાચીન દફનટીંબાઓ બધા એકસરખા જ છે. મૃત્યુ પામેલા માણસની માલિકીની કેટલીક વસ્તુઓ તેની સાથે જ દફનાવી દેવામાં આવતી. એ જમાનામાં લોકો પાસે અંગત માલિકીની વસ્તુઓ બહુ થોડી રહેતી. એ જમાનામાં પોતાનું જ ગણી શકાય એવું તે વળી શું હોય! બહુ બહુ તો ગળામાં પહેરેલા તાવીજને અને લડાઈમાં સાથે લઈ જતા ભાલાને માણસ પોતાની ચીજો ગણે.

ઘરની દરેક વસ્તુ સહિયારી માલિકીની ગણાતી. ઘરનો પૂરો કારોબાર આખું કુટુંબ સામુદાયિક જીવનના આધારે ચલાવતું. એટલે જ, અત્યંત પ્રાચીન દફનટીંબાઓમાં અમીરોની અને ગરીબોની કબરો જેવું કશું જ નથી. મૃત્યુ પામેલા બધા લોકોને એકસરખું જ સ્થાન મળ્યું છે.

મરી ગયેલા લોકોની કબરોમાં અમીરી અને ગરીબીના ભેદભાવ તો આગળ જતાં અસ્તિત્વમાં આવ્યા.

દોન નદીને કિનારે, યેલિસાવેતોવ્સ્કાયા ગામની નજીક દફનટીંબાઓનું એક મોટું કબ્રસ્તાન મળી આવ્યું હતું. તેમાં ત્રણ પ્રકારની કબરો હતી: અમીરોનાં મૃતશરીરો માટે જુદી જાતની કબરો હતી, મધ્યમ વર્ગના લોકોની કબરો તેથી ભિન્ન હતી, અને ગરીબોની કબરો બીજા બન્ને પ્રકારની કબરોથી નોખી તરી આવતી હતી.

સૌથી મોટા ટીંબાઓમાં વચ્ચે મોટો ખાડો હતો. એ હતી કબર. કબરમાં મૃતશરીરની સાથે મૂકવામાં આવેલી વસ્તુઓમાં ચિત્રકામવાળું ગ્રીક શોભનપાત્ર હતું, સોનું જડેલું બખ્તર હતું, અને બારીક ભાત કોતરેલી કટારો હતી.


એથી નાના ટીંબાઓમાં સોનાની ચીજો જવલ્લે જ મળતી, અને ચિત્રકામવાળાં શોભનપાત્રો તો કદી ન મળતાં. છતાં, એ કબરોને ગરીબોની કબરો ન કહી શકાય. મરીને એવી કબરમાં દટાયેલો માણસ ગરીબ હોત તો કબરમાં તેની બાજુમાં લાખની કાળી રકાબી કે ધાતુના પતરા વડે કુશળતાથી બનાવેલા બખ્તર જેવી વસ્તુઓ મૂકવામાં ન આવી હોત.

સૌથી નાના ટીંબાઓની સંખ્યા સૌથી વધારે છે. એ ટીંબાઓમાં ગરીબોની કબરો છે. સાંકડી ખાઈમાં મૃત માણસના જમણા હાથ પાસે ભાલો મૂકવામાં આવ્યો છે, અને તરસ લાગે તો પાણી પીવા મળે એ સારુ ડાબા હાથ પાસે પાણીની ભંભલી રાખવામાં આવી છે. ગરીબ માણસ કબરમાં પણ ગરીબ રહ્યો છે.

કહેવાય છે કે 'કબ્રસ્તાન જેવી ખામોશી'. પરંતુ એ કબરો શું સાચેસાચ ખામોશ છે? એ કબરો શું આપણને વીતેલા ભૂતકાળના એવા યુગની કહાણી નથી સંભળાવી રહી, જ્યારે જગતમાં પહેલી વાર અમીરો અને ગરીબો અસ્તિત્વમાં આવ્યા હતા? એ મરેલા માણસો આપણને જીવતા માણસો વિશે ઘણી વાતો કહી શકે એમ છે.

આ દફનટીંબાઓને છોડીને આપણે દૂર દેખાતાં ગ્રામખંડેરો પાસે જઈએ તો ત્યાં પણ આપણને પહેલાંની શ્રીમંતાઈનાં અને ગરીબીનાં ચિહ્નો જોવા મળશે.

પુરાતત્ત્વવિદોએ શોધી કાઢ્યું છે કે ગામને બે વાડ હતી. એક વાડ તો ગામની બહારની બાજુએ આખા ગામને ફરતી બનેલી હતી. બીજી વાડ વર્તુળાકારે ગામના મધ્ય ભાગને ફરતી બનેલી હતી. એ બીજી વાડની અંદરના ભાગમાંથી તેઓને દૂર ગ્રીસ દેશમાં બનેલા વાસણોના અને શોભનપાત્રોના ટુકડાઓ મળી આવ્યા. બન્ને વાડોની વચ્ચેના ભાગમાંથી એવા ટુકડા તેઓને બહુ થોડા મળ્યા. ત્યાંથી તો તેઓને માટીના તદ્દન સાધારણ વાસણોના અને ચંબુઓના ટુકડાઓ જ મળ્યા. એ તો સ્પષ્ટ જ છે કે બન્ને વાડોની વચ્ચેના ભાગમાં રહેતા લોકો કરતાં ગામના મધ્ય ભાગમાં રહેતા લોકો ખૂબ વધારે તવંગર હોવા જોઈએ, કેમ કે તેઓનામાં મૂલ્યવાન પ્યાલાઓ અને રકાબીઓ ખરીદવાની શક્તિ હતી.



પથ્થરની મોટી શિલાઓ વડે બનાવવામાં આવેલી એક પ્રાચીન કબર

દૂર દેખાતા ઊંચા ટીંબાઓ એ લોકોની કબરો ઉપર બાંધવામાં આવ્યા હતા.

કબરો તો પોતાની અંદર દટાયેલા લોકો વિશે પણ આપણને ઘણી વાતો જણાવે છે. ક્યારેક કોઈ કબર માલિકની સાથે દફનાવી દેવા સારુ મારી નાખવામાં આવેલા ગુલામોની કમકમાટી ઉપજાવતી કહાણી કહી સંભળાવે છે, કે પછી મૃત્યુ પામેલા પતિની સાથે કબરમાં દટાઈ જતી પત્નીઓની દર્દનાક કથની કહી જણાવે છે.

તવંગર કુળના વડાનું સ્થાન ભોગવતા પિતાની ક્રૂર સત્તાને એ કબરો કોઈ પણ પુસ્તક કરતાં વધારે સ્પષ્ટ રીતે ઉઘાડી પાડે છે. એ મરતો ત્યારે પોતાના ગુલામોને અને પોતાની પત્નીઓને પણ પોતાની સાથે કબરમાં ઘસડી જતો, કેમ કે કાંસાનાં કે સોનાનાં મૂલ્યવાન ઘરેણાંની જેમ એ લોકોની ઉપર તેની જ માલિકી હતી.

મનુષ્ય નવી ધાતુ સર્જે છે

હજારો વર્ષો સુધી કબરોના અંધકારમાં સડતી એ મૂલ્યવાન વસ્તુઓને તથા કિલ્લા-નગરના અવશેષોને હવે તો સંગ્રહસ્થાનોમાં પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. જે કોઈને પ્રાચીન ભૂતકાળ વિશે વધારે જાણવાની ઇચ્છા હોય તે બધા હવે અનેક શતાબ્દીઓ સુધી અદૃશ્ય રહેલી વસ્તુઓને સંગ્રહસ્થાનોમાં જોઈ શકે છે.

સંગ્રહસ્થાન જોવા જનારા લોકો કાચના પ્રત્યેક ખાના પાસે ઊભા રહીને સોનાની મૂઠવાળી તલવારો જુએ છે, ઉત્કૃષ્ટ હારના નમૂનાઓ નીરખે છે, વાછરડાના માથાના આકારના સોનાના ટચૂકડા મણકાઓની બનેલી માળાઓ ઉપર મીટ માંડે છે, અને આખલાના કે સાબરના આકારનાં ચાંદીનાં વાસણો જોવા થોભી જાય છે.

એવી બધી વસ્તુઓ બનાવવામાં કેટલા શ્રમ અને કેટલાં કલાકૌશલ્યોની જરૂર પડી હશે!

સૌપ્રથમ તો ખાણમાંથી કાચી ધાતુ ખોદી કાઢવી પડી હશે. ઠેબે ચડતા પ્રાકૃતિક ત્રાંબાના દિવસો તો વીતી ગયા હતા. કાચું ત્રાંબું મેળવવા સારુ મનુષ્યને ધરતી ખોદીને ઊંડે ઊતરવું પડતું. ઊંડા અંધારિયા ખાડાને તળિયે, ખાણિયાઓ કોદાળી વડે કાચી ધાતુ ખોદી કાઢતા અને તેને ચામડાની કોથળીઓમાં ભરીને ઉપર મોકલતા

મોટી મોટી શિલાઓને તોડવાનું કામ સહેલું બનાવવા તેઓ નીચે ધરતીના પેટાળમાં આગ સળગાવતા. શિલાઓ તપીને લાલચોળ થાય એટલે તેની ઉપર પાણી રેડવામાં આવતું. પાણી બળતું અને સૂસવાટા બોલાવતું વરાળના ગોટામાં બદલાઈ જતું. શિલાઓ ફાટતી અને તેના અનેક નાનકડા ટુકડાઓ થઈ જતા. ખાણિયાની કોદાળીને આગ અને પાણી એ રીતે સહાય કરતાં.



કાંસાની પ્રાચીન તલવાર

અને ખાણ જવાળામુખી પર્વત જેવી લાગતી. નીચે બળતી આગમાંથી ઊઠતા ધુમાડાના અને વરાળના ગોટા ખાણના મુખમાંથી બહાર નીકળી આવતા, જાણે કેમ કોઈ જવાળામુખી પર્વત ફાટયો હોય અને તેમાંથી જવાળાની લપટો અને ધુમાડાના ગોટા બહાર ધસી આવતાં હોય. એટલે જ જવાળામુખીના અર્થનો અંગ્રેજી શબ્દ Volcano રોમન અગ્નિદેવ Vulcan ઉપરથી ઊતરી આવ્યો છે.

કાચી ધાતુને ખાણમાંથી ખોદી કાઢયા પછી તેને ઓગાળવામાં આવતી. એ કામમાં પણ અત્યંત કુશળતાની જરૂરત પડતી. ઓગળેલી પ્રવાહી ધાતુને ઓતણીમાં સહેલાઈથી ઢાળી શકાય અને ધાતુ ઠંડી પડે ત્યારે સખત બને એટલા માટે કાચી ધાતુમાં કેસિટેરાઇટનું મિશ્રણ કરવામાં આવતું.

કાચી તામ્રધાતુ અને કેસિટેરાઇટ ઓગળે એટલે તેમાંથી ત્રાંબાની અને કલાઈની મિશ્રધાતુ બનતી. એ ધાતુ ફક્ત ત્રાંબુ નહોતું, એ તો કાસું હતું. એ હતી નવા ગુણો ધરાવતી નવી ધાતુ, અને તેનું સર્જન મનુષ્યે પોતે જ કર્યું હતું.

પહેલાં જયારે મનુષ્ય ફક્ત ચકમકનાં અણઘડ ઓજારો જ બનાવી જાણતો એવા યુગમાં જરૂર પડે ત્યારે એક માણસ બીજા માણસનું કામ સહેલાઈથી સંભાળી લેતો. પ્રાગૈતિહાસિક મનુષ્યને જે કંઈ થોડીઘણી કારીગીરીઓ અને કુશળતાઓ હસ્તગત હતી, તેને શીખી લેવાનું કોઈને માટે બહુ વધારે અઘરું નહોતું. પ્રાગૈતિહાસિક શિકારી ટોળામાં બધા જ પુરુષો શિકારીઓ હતા, અને પોતાનાં તીરકામઠાં દરેક શિકારી જાતે જ બનાવી લેતો.

પરંતુ કુમળા રોપાની દાંડીને અર્ધગોળાકારે વાળીને તેના બન્ને છેડાને દોરી વડે બાંધી લેવાનું કામ એક પ્રકારનું છે, જ્યારે કાચી ધાતુના લોંદાનું કાંસાની ચળકતી તલવારમાં પરિવર્તન કરવાનું કામ તદ્દન જુદા પ્રકારનું છે.

હથિયાર બનાવવાની કળા નવા માણસને શીખવવામાં વર્ષો લાગતાં. હથિયારોનો કારીગર જે કંઈ જાણતો તે બધું પોતાના દીકરાને શીખવતો, કેમ કે તેની કુશળતા તો કુળની વંશપરંપરાગત મિલકત હતી. ક્યારેક ક્યારેક તો કુંભારોનાં, હથિયાર ઘડનારાઓનાં અને કંસારાઓનાં આખાં ને આખાં ઉપનગરો વસી જતાં, અને તેઓની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાઈ જતી.

મારું અને તારું

પહેલાં તો પ્રત્યેક કારીગર ફક્ત પોતાના સમાજ માટે કે પોતાના ગામ માટે જ કામ કરતો.

પરંતુ વખત જતાં, હથિયાર ઘડનારો કે કુંભાર પોતે બનાવેલી વસ્તુઓની વધારે ને વધારે પ્રસંગોએ અનાજ સાથે, કાપડ સાથે કે બીજા કારીગરોએ બનાવેલી બીજી વસ્તુઓ સાથે અદલાબદલી કરવા લાગ્યો.

ખાણમાં તપાવેલી શિલા ઉપર ઠંડું પાણી પડતાં તે જેમ ફાટી જતી, તેમ ટોળાજીવનની પ્રાચીન પ્રથામાં પણ તરડો પડવા લાગી હતી.

શરૂઆતમાં, ગામના બધા જ લોકો સમાન હતા. પહેલી તરડે અમીર કુટુંબોને ગરીબ કુટુંબોથી નોખાં પાડયાં. પછી બીજી તરડે કારીગરોને ખેડૂતોથી અલગ કરી દીધા.

કારીગર જ્યાં સુધી આખા સમાજ માટે કામ કરતો રહ્યો ત્યાં સુધી તેના જીવનનિર્વાહની જવાબદારી સમાજે સંભાળી. બધા લોકો ભેગા મળીને કામ કરતા, અને પોતે જે કંઈ બનાવતા કે ઊગવતા તે બધું સરખે ભાગે વહેંચી લેતા.

પરંતુ કારીગરે પોતે બનાવેલી કીટલીઓ અને તલવારો બીજા ગામના લોકોને આપીને બદલામાં અનાજ અને કાપડ મેળવવાનું શરૂ કર્યું, અને પોતે મેળવેલ અનાજ કે કાપડમાંથી પોતાનાં અનેક સગાંઓને ભાગ આપવાની નામરજી બતાવી.

એ અનાજ અને એ કાપડ આખરે તો તે પોતે અને તેના દીકરાઓ જ કમાયા હતા ને! પોતે મહેનત કરતા ત્યારે કોઈ મદદ કરવા તો નહોતું જ આવતું ને!

એ રીતે, 'મારું' અને 'તારું' વચ્ચે ભેદ પાડવાનું મનુષ્યે શરૂ કરી દીધું. તેણે પોતાના જ અંગત પરિવારને પોતાનાં સગાંઓના પરિવારોથી અલગ તારવવાની શરૂઆત કરી.

લોકો અંગત પરિવારના સભ્યોના બનેલા નાનકડા સમૂહોમાં રહેવા લાગ્યા.

એવી અલગ પરિવારોની વ્યવસ્થા પ્રત્યે નિર્દેશ કરતા ગ્રામાવશેષો પુરાતત્ત્વવિદોને પ્રાચીન ગ્રીસના મિસેને અને તિરીન્સ નગરોમાં મળી આવ્યા.

સૌથી વધારે તવંગર અને જોરાવર કુટુંબ ટેકરીની ટોચ ઉપર ચોમેર ફરતી દીવાલો વચ્ચે બાંધેલા ઘરમાં વાસ કરતું. અને પથ્થરની એવી દીવાલોની ભીતરમાં છુપાવીને રાખવું પડે એવું ઘણું બધું એ કુટુંબ પાસે હતું પણ ખરું. ટોળાનો લડાયક સરદાર પોતાના પુત્રો જોડે અને પુત્રોની પત્નીઓ તથા પુત્રોનાં બાળકો જોડે એ ઘરમાં રહેતો.

ખેડૂતો બીજા બધા કરતાં ઘણા વધારે ગરીબ હતા. તેઓ નીચે તળેટીમાં અડોઅડ બાંધેલાં ઝૂંપડાંમાં રહેતા. કારીગરોનાં, હથિયાર ઘડનારાઓનાં, કુંભારોનાં અને કંસારાઓનાં ઘરો આજુબાજુની ટેકરીઓ ઉપર છૂટાંછવાયાં બાંધેલાં હતાં.



હવે તો કાંસામાંથી વાસણો પણ બનવા લાગ્યા

એ ગામમાં લોકો એકબીજાને હવે સમાન સંબોધને નહોતા સંબોધતા. ટોળાનો દોલતમંદ અને જોરાવર સરદાર પસાર થતો ત્યારે ખેડૂતો તેને અદબથી સલામ કરતા. ખેડૂતો એમ માનતા કે સબળ લોકોનું દેવો સ્વયં રક્ષણ કરતા હોય છે.

મોટા મોટા ધર્મોપદેશકો તેઓને એમ જ શીખવતા. એવા વિચારો તેઓનાં મનમાં બાળપણથી જ ઠસાવવામાં આવતા.

કારીગરને કે ખાણિયાને ખેડૂત પોતાનો સમોવડિયો કે ભાઈ નહોતો ગણતો. ધરતીના પેટાળમાં જ્યાંથી આગની જવાળાઓ અને વરાળના ગોટા નીકળે છે ત્યાં ઊતરીને ત્રાંબું ખોદી લાવતો એ ગંદો માણસ શું જાદુગર નહોતો? ખાણની ભીતરમાં શું થઈ રહ્યું છે તેની ખેડૂતને શી ખબર? વળી, ખાણિયાને કાચી ધાતુ મળી કેવી રીતે જતી? ધાતુ ક્યાં છે એ કોઈ તો તેને બતાવતું જ હોય, કાચી ધાતુને મેળવવામાં અને ચમત્કાર કરીને તેમાંથી ત્રાંબું કે કાંસું બનાવી લેવામાં તેને કોઈ ને કોઈ તો મદદ કરતું જ હોય. ધરતીના પડની નીચે ખાણિયાના કોઈ સહાયકો હોવા જ જોઈએ, અને સીધાસાદા માણસ માટે તો તેનાથી બાર ગાઉ દૂર રહેવું જ સારું.

એવા વિચારો ફક્ત ગ્રીસના લોકોનાં મનમાં જ ઘર નહોતા કરી ગયા. દુનિયાના દરેક ભાગમાં વસતા પ્રાગૈતિહાસિક લોકો એવા જ વિચારો ધરાવતા હતા.

તામ્રકાર-જાદુગરોની કથાઓ આપણી પાસે પ્રાચીન યુગોમાંથી ઊતરી આવી છે.

એ સમયે શ્રીમંતાઈ અને ગરીબી પ્રત્યે કેવું વલણ રખાતું એ દર્શાવતા શબ્દો આધુનિક ભાષાઓમાં આજ સુધી જળવાઈ રહ્યા છે. શ્રીમંત અને ગરીબ કુટુંબોમાં સમાજના ભાગલા કેવી રીતે પડી ગયા તે પ્રાગૈતિહાસિક લોકોને સમજાતું નહિ. એ લોકો તો એમ જ માનતા કે માણસનું ભાગ્ય દેવો પહેલેથી જ નક્કી કરી રાખે છે.

રશિયન ભાષામાં 'બોગાતિ' શબ્દનો અર્થ થાય છે 'શ્રીમંત'. એ શબ્દ મૂળ 'બોગ' શબ્દમાંથી બન્યો છે, અને મૂળ શબ્દનો અર્થ થાય છે 'દેવ'. એ શબ્દ રશિયન ભાષામાં પ્રવેશ પામ્યો ત્યારે લોકો હજુ એમ જ માનતા કે દેવો શ્રીમંતોને સહાય કરે છે, પણ ગરીબોને તો દેવો ફક્ત ચિંતાઓ અને દુ:ખ જ આપે છે.

નવી પ્રથાનો આરંભ

ચાલો આપણે મનુષ્યે કાપેલા પંથ ઉપર ફરી વાર એક નજર દોડાવી લઈએ.

એક સમય હતો જ્યારે દુનિયામાં નહોતા અમીરો કે નહોતા ગરીબો, નહોતા ગુલામો કે નહોતા ગુલામોના માલિકો.

ભોંયરા જેવા ઘરમાં એકસાથે લપાઈને રહેતા પ્રાગૈતિહાસિક શિકારીઓ એકસરખા ગરીબ હતા. ચકમક અને હાડકાના બનેલા તેઓનાં ઓજારો તદ્દન અણઘડ હતાં. વિકરાળ પશુઓથી, ભૂખમરાથી અને અસહ્ય ટાઢથી તેઓને એક જ હકીકતે બચાવી લીધા. તેઓ ભેગા જ રહેતા, ભેગા જ શિકાર કરતા, માથે ભય આવી પડે ત્યારે પોતાની બધી શક્તિઓ એકત્રિત કરીને સંયુક્ત રીતે ભયનો સામનો કરતા, અને સામુદાયિક આવાસો બાંધતા. એ કારણે તેઓ બચી ગયા.

એક જ વ્યક્તિમાં મૅમથને મારવાની શક્તિ તો નહોતી જ, તેનામાં રીંછને મારવાનીયે શક્તિ નહોતી.

એક જ માણસ એકલો પોતાના ચૂલા માટે મોટી ભારે શિલાને ઘસડીને ઘર સુધી લઈ આવી ન શકે, કે પછી ઊંચા ખડકની નીચે પથ્થરો ગોઠવીને દીવાલ રચી ન શકે.

એ સમયે લોકો દરેક વસ્તુને સહિયારી ગણતા. શિકાર સફળ થાય એટલે ઘરડા લોકો માંસના કકડા કાપી કાપીને જે લોકોએ જનાવરને આંબી જઈને મારી નાખવાના કામમાં ભાગ લીધો હોય તે બધાને વહેંચી આપતા.

હજારો વર્ષો વીતી ગયાં.

પ્રાગૈતિહાસિક તંબુઓનું અને ભોંયરાંઓનું સ્થાન મકાનોએ લીધું. ચકમક અને હાડકાનાં ઓજારોને બદલે ધાતુનાં સાધનો વપરાવા લાગ્યાં.

લોકોએ જમીન ખેડવાનું શરૂ કર્યું. જમીન ખેડવા પહેલાં કોદાળીનો ઉપયોગ થતો, અને આગળ જતાં લાકડાના હળ વડે જમીન ખેડાતી. લોકોએ ઘોડાને, ગાયને અને ઘેટાને પાળીને ઘરેલુ જનાવર બનાવ્યાં. એરણ ઉપર પડતા હથોડાના ઘાના અવાજો કોઢમાંથી બહાર સંભળાવા લાગ્યા. કુંભારોના ચાકડા વેગથી ફરવા લાગ્યા. શ્રમના વિભાજનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. લુહારને માટે જમીન ખેડવા જવામાં ડહાપણ નહોતું. તે તો કુહાડી કે દાતરડાના બદલામાં અનાજ સહેલાઈથી મેળવી શકતો. ખેડૂતને અનાજના બદલામાં જોઈએ તેટલી ઊન મળી રહેતી, એટલે ઘેટાંનું ધણ સાચવવાની પંચાતમાં પડવાની તેને જરૂર નહોતી.

અને એમ, પહેલાં તો નાવડીઓ, અને આગળ જતાં સઢવાળાં વહાણો, એક ગામથી બીજે ગામ જવા આવવા લાગ્યાં.

એ વહાણો ઊન, કુહાડીઓ અને માટીનાં વાસણોથી ભરેલાં રહેતાં. દૂરથી આવેલા મુલાકાતીઓ ઘણી વાર લૂંટારાઓ બની જતા. લૂંટફાટની અને આપલેની પ્રવૃત્તિઓ એકસાથે જ ચાલતી.

પોતાનાં સગાંઓ કરતાં વધારે તવંગર બની જવાનું પહેલાં કોઈ માટે શક્ય જ નહોતું. બધા જ એકસરખા ગરીબ હતા.

વખત જતાં, તળેટીમાં બાંધવામાં આવેલાં ગરીબોનાં ઝૂંપડાંથી ઊંચે, ટેકરીની ટોચ પર, તવંગર અને જોરાવર કુટુંબોનાં ચોમેર ફરતી દીવાલોવાળાં ઘર બંધાયાં. શ્રીમંતોના કોઠારો માલસામાનથી ઠસોઠસ ભરેલા રહેતા. વર્ષ પ્રતિવર્ષ તેઓની સંપત્તિ વૃદ્ધિ પામતી જ ગઈ.

ગરીબોને દબાવી દઈને સમાજની સત્તા શ્રીમંતોએ પોતાના હાથમાં લઈ લીધી. મદદ માટે ગરીબને વારંવાર પોતાના શ્રીમંત પાડોશીને વિનંતિ કરવી પડતી. એવી મદદ ગરીબને બહુ મોંઘી પડી જતી. અછતના શિયાળામાં ઉધાર લીધેલા અનાજનું કરજ ફેડવા તેને વર્ષો સુધી તવંગર માણસનું કામ કરવું પડતું.

એ રીતે કેટલાક લોકોએ બીજાઓને ગુલામ બનાવવાની શરૂઆત કરી.

પરંતુ ગુલામીની પ્રથાની ઉત્ક્રાંતિ ફક્ત એ એક જ રીતે નહોતી થઈ. લડાઈઓ દરમિયાન લોકોને કેદ પકડીને આઝાદ મનુષ્યોને ગુલામ બનાવી દેવામાં આવતા.

એક સમયે દરેક વ્યક્તિ કામ કરતી. વખત જતાં કેટલાક લોકોએ કામ કરવાનું સાવ બંધ કરી દીધું, જ્યારે બીજા કેટલાક પાસેથી ફટકા મારીને કામ લેવાતું.

એક સમયે દરેક વસ્તુ સહિયારી માલિકીની ગણાતી, પછી તે શિકારનાં હથિયાર હોય કે લડાઈ દ્વારા મેળવેલી લૂંટ હોય. પછી તો ગુલામોનો માલિક વિસ્તૃત ધરતીનો, પશુઓનાં ધણોનો અને કારખાનાંઓનો એકમાત્ર સ્વામી બન્યો. ગુલામો તેની જમીન ખેડતા, તેનાં ધણોને સાચવતા અને તેનાં કારખાનાંઓમાં કામ કરતા.

એક સમયે એક જ સમાજના લોકો અંદરઅંદર કદી લડતા નહિ. એ લોકો શાંત જીવન ગુજારતા. રશિયન ભાષાનો શબ્દ 'મીર' બે અર્થ વ્યક્ત કરે છે. એક અર્થ છે 'શાંતિ', અને બીજો અર્થ છે 'સમાજ'.

પરંતુ ગુલામીની પ્રથા અસ્તિત્વમાં આવતાં પ્રત્યેક ગામમાં અને પ્રત્યેક નગરમાં સંઘર્ષ શરૂ થઈ ગયો.

ગુલામોના માલિકો ગુલામોને તુચ્છકારતા, અને ગુલામો માલિકોને ધિક્કારતા.

ગુલામ હંમેશાં ભાગી છૂટવાનાં સ્વપ્નાં સેવતો. માલિક પોતાની માલિકીના સજીવ અને બોલતા ઓજારને કોઈ પણ ભોગે પોતાના કબજામાં જ રાખવાના પૂરા પ્રયત્ન કરતો. ગુલામો ધરાવતું રાજ્ય સશસ્ત્ર સૈન્ય વડે આઝાદ મનુષ્યોની સંપત્તિનું રક્ષણ કરતું. ગુલામો માલિકોની વિરુદ્ધ બળવો કરવાના પ્રયત્નો કરતા તો તેઓની પાસે જોરજુલમથી આજ્ઞાપાલન કરાવાતું અને તેઓને ક્રૂર સજાઓ કરવામાં આવતી.

એ રીતે પ્રારંભિક સામુદાયિક પ્રથાનું સ્થાન ગુલામીની નવી પ્રથાએ લઈ લીધું.

16—2827

બારમી કડી

વિજ્ઞાનનો પ્રારંભ

એક સમયે સમગ્ર દુનિયા મનુષ્ય માટે રહસ્ય જેવી હતી. દુનિયાની પ્રત્યેક વસ્તુ તેને ગૂંચવણભરી અને વિચિત્ર લાગતી.

તેનું પ્રત્યેક ડગલું અને તેના હાથની પ્રત્યેક ગતિ અદૃશ્ય બળોને ક્રિયાવંત કરી દેતાં. એ રીતે ક્રિયાવંત થતાં બળો મનુષ્યનો સર્વનાશ કરવાની કે તેને અનેક લાભ પહોંચાડવાની શક્તિ ધરાવતાં.

મનુષ્યજાતિ એટલી ઓછી અનુભવમૂડી ધરાવતી હતી અને કુદરત સમક્ષ તે એટલી બધી લાચારી અનુભવતી કે રાત પછી દિવસ આવશે અને શિયાળા પછી વસંત ઋતુ આવશે તેની પણ લોકોને ખબર નહોતી.

સ્વર્ગોમાંથી ઉદય પામવામાં સૂર્યને સહાય કરવા સારુ પ્રાગૈતિહાસિક લોકો મંત્રવિધિઓ કરતા. સૂર્ય પોતાની દૈનિક પરિક્રમા પૂરી કરે જ એ વાતની ખાતરી કરવા સારુ મિસર દેશનો શાસક ફરાઓ દરરોજ મંદિરનું પરિક્રમણ કરતો. ફરાઓ પૃથ્વી ઉપર માનવદેહધારી સૂર્ય છે એમ મનાતું.

શરદ ઋતુમાં મિસર દેશના લોકો 'સૂર્યદંડ'ની મિજબાની ઊજવતા. ત્યાંના લોકો એમ માનતા કે શરદ ઋતુ આવતાં સૂર્યની શક્તિ ક્ષીણ થવા લાગે ત્યારે તેને પોતાના પ્રવાસમાં છડીની જરૂર પડે.

પરંતુ મનુષ્ય કામ કરતો રહ્યો, અને કામના અનુભવ દ્વારા દુનિયા વિશે વધારે ને વધારે જાણતો ગયો. દિવસો વીતતા ગયા તેમ બધી વસ્તુઓના વિવિધ ગુણો વિશેનું તેનું જ્ઞાન પણ વૃદ્ધિ પામતું ગયું.

ચકમકને ધારદાર અને લીસો બનાવવાનું કામ કરતા પ્રાગૈતિહાસિક કારીગરને ચકમકના ગુણોનું જ્ઞાન સીધા અનુભવથી મળ્યું. તેને ખબર પડી કે પથ્થર સખત હોય છે, અને બીજા પથ્થર વડે તેને ઘા મારવાથી તે તૂટી જાય છે, પણ ઘા પડતાં દુ:ખ અનુભવીને તે ચીસ નથી પાડી ઊઠતો. એ સાચું કે પથ્થર તો અનેક પ્રકારના હોય છે. એક પથ્થરની ઉપર ઘા પડતાં તેણે ચીસ નહોતી પાડી, પણ બીજા પથ્થરો ચીસ પાડે તો? એવા વિચારે આપણને તો હસવું આવે, પણ પ્રાગૈતિહાસિક મનુષ્યને એવો વિચાર મુદ્દલ રમૂજી નહોતો લાગતો.

અનુભવોને આધારે સામાન્ય નિયમો કેમ ઘડવા તેની તેને ખબર નહોતી. એટલે જ તેને જીવનમાં સર્વત્ર અપવાદો જ દેખાતા. તેણે જોયું કે બે તદ્દન એકસરખા પથ્થર તેને કદી નહોતા મળતા. એટલે જ તે એમ માનતો કે દરેક પથ્થરના ગુણો પણ ભિન્ન જ હશે. ચકમકની નવી કોદાળી બનાવ્યા પછી બીજી કોદાળીને પણ તે સાવ પહેલાંના જેવી જ બનાવવાનો પ્રયત્ન કરતો. તે એમ માનતો કે બીજી કોદાળી પહેલાંના જેવી હશે તો જ તે પહેલી કોદાળી જેટલી સરસ રીતે જમીનને ખોદી શકશે.

સેંકડો અને હજારો વર્ષો વીતી ગયાં. તેના હાથ વડે ઘડાયેલા જુદી જુદી જાતના અનેક પથ્થરોના અનુભવને આધારે તેના મનમાં પથ્થરની પથ્થર તરીકેની સમજણ ઉત્પન્ન થવા લાગી. તેને મળેલો પ્રત્યેક પથ્થર સખત હતો એટલે તેને ખાતરી થઈ કે પથ્થર સખત પદાર્થ છે. તેને મળેલા બધા પથ્થરોમાંથી એક પણ ક્યારેય બોલ્યો નહોતો એટલે તેને સમજાયું કે પથ્થરો બોલી શકતા નથી.

એ રીતે વિજ્ઞાનના પ્રથમ અંકુરો ફૂટ્યા અને પદાર્થોની સંકલ્પ-ભાવનાનો ઉદય થયો.

કોઈ કારીગર કહેતો કે ચકમક સખત પથ્થર છે ત્યારે તેનો નિર્દેશ એ વખતે હાથ વડે ઘડાતા ચકમકના કકડા પ્રત્યેનો જ નહિ, પણ ચકમકના કોઈ પણ કકડા પ્રત્યેનો નિર્દેશ હતો.

એ રીતે, કુદરતના અમુક કાયદા વિશે, દુનિયામાં અસ્તિત્વ ધરાવતા અમુક નિયમ વિશે તેણે જાણી લીધું હતું.

'વસંત ઋતુ શિયાળા પછી આવે છે'. આ વિધાનમાં આશ્ચર્યની કોઈ વાત છે જ નહિ. શિયાળા પછી શરદ ઋતુ નહિ પણ વસંત ઋતુ જ આવે એ તો તદ્દન દેખીતી હકીકત છે. પરંતુ આપણા પૂર્વજોએ પુષ્કળ નિરીક્ષણ પછી કરેલી પ્રથમ વૈજ્ઞાનિક શોધ ઋતુઓના પરિવર્તનની હતી. શિયાળા અને ઉનાળા અકસ્માત જ નથી આવી જતા, પણ શિયાળા પછી હંમેશાં વસંત ઋતુ જ આવે છે, અને વસંત ઋતુ પછી ઉનાળો અને ત્યાર પછી શરદ ઋતુ આવે છે, એટલું જાણી લીધા પછી જ લોકો વર્ષો ગણવાનું શીખ્યા.

મિસર દેશના લોકોએ નીલ નદીમાં આવતા પૂરના નિરીક્ષણ દ્વારા એ શોધ કરી. નદીમાં પૂરનાં પાણી છલકાય ત્યારથી માંડીને બીજે વર્ષે નદી ફરી વાર પૂરનાં પાણીથી છલકાઈ જાય ત્યાં સુધીના સમયને એ લોકો એક વર્ષ ગણતા.

લોકો એમ માનતા કે સરિતા તો દેવી છે. એટલે, મોટા ધર્માધ્યક્ષો નદીના પાણીની સપાટીનું સતત ધ્યાન રાખતા રહેતા. મિસર દેશમાં નીલ નદીને કાંઠે પાણીને અડીને બાંધેલાં મંદિરોની દીવાલો ઉપર નદીના પાણીની સપાટી માપવા સારુ પુરોહિતોએ પાડેલા આંકા આજ સુધી હયાત છે.

જુલાઈ માસમાં ખેતરોની જમીન સખત તાપમાં સુકાઈ જાય અને તેમાં ચીરા પડી જાય, ત્યારે નીલ નદીનું કાદવિયું પાણી સિંચનની નીકોમાં થઈને ખેતરોમાં ક્યારે પહોંચે તેની ખેડૂતો અધીરાઈથી રાહ જોતા રહેતા. આ વર્ષે નહેરોમાં પાણી નહિ આવે તો? દેવો લોકો ઉપર ગુસ્સે ભરાયા હોય અને ખેતરો માટે પાણી ન મોકલે તો?



ફરાઓ સૂર્યને ભોગ ધરાવે છે

દેવોને ચરણે ધરવા નૈવેદ્ય અને બલિ લઈને લોકો પ્રત્યેક દિશામાંથી મંદિરે ઊમટતા. ગરીબ ખેડૂતો પોતાના ઘરમાં બચેલી અનાજની છેલ્લી મૂઠી લાવીને પૂજારીઓને આપતા અને નમ્ર વિનંતિ કરતા કે પૂજારીઓ દેવોને રીઝવવા વધારે ને વધારે પ્રાર્થના કરે.

પાણીની સપાટી ઊંચી આવી છે કે નહિ એ જોવા પૂજારીઓ દરરોજ નદીએ જતા.

દરરોજ રાત્રે પૂજારીઓ મંદિરના સમતલ છાપરા ઉપર ચડતા અને આકાશમાં તારાઓનું નિરીક્ષણ કરતા. તારલિયે ભરેલું ગગન તેઓનું કેલેન્ડર હતું.

પછી એક દિવસ પૂજારીઓ ગંભીરતાથી જાહેર કરતા: "દેવો તમારી ઉપર પ્રસન્ન થયા છે. આજથી ત્રીજી રાત્રિ સુધીમાં તમારા ખેતરોમાં પાણી પહોંચી જશે."

જે વિચિત્ર દુનિયામાં લોકો જીવતા હતા તે દુનિયાની ઉપર, પરીકથાઓની અને જાદુઈ ચમત્કારોની દુનિયા નહિ પણ જ્ઞાનની દુનિયા ઉપર, લોકો ધીરે ધીરે અને એક એક ડગલે પ્રભુત્વ મેળવતા ગયા. મંદિરનાં છાપરાંએ ખગોળની પ્રથમ વેધશાળાઓનું કામ કર્યું. કુંભારનો વાડો અને લુહારની કોઢ જગતની પ્રથમ પ્રયોગશાળાઓ હતી, અને તેમાં જ જગતના પ્રથમ અખતરાઓ અજમાવવામાં આવતા.

લોકો નિરીક્ષણ કરતાં તથા ગણતરી કરતાં શીખ્યા, અને જે કંઈ જોયું હોય તેનો સાર તારવતાં શીખ્યા.

એ પ્રકારનું વિજ્ઞાન આધુનિક વિજ્ઞાન જોડે મુદ્દલ સામ્ય નહોતું ધરાવતું. એ વિજ્ઞાન તો મેલી મંત્રક્રિયા જેવું જ હતું, બલકે એવી ક્રિયાઓનો ભાગ જ હતું. લોકો તારાઓનું નિરીક્ષણ કરતા એટલું જ નહિ, તારાઓના નિરીક્ષણને આધારે ભવિષ્ય પણ ભાખતા. આકાશ અને પૃથ્વીનું બારીક નિરીક્ષણ કરતી વખતે લોકો આકાશ અને પૃથ્વીના દેવોની પ્રાર્થના પણ કરતા. પરંતુ અજ્ઞાનનું ઘેરું ધુમ્મસ ધીરે ધીરે દૂર થઈ જ રહ્યું હતું.

દેવો ઓલિમ્પસમાં જઈ વસ્યા

દુનિયામાં છવાયેલા પરીકથાઓના ધુમ્મસમાં મનુષ્યને ધીરે ધીરે વસ્તુઓની સાચી રૂપરેખા દેખાવા લાગી.

એક સમયે પ્રાગૈતિહાસિક લોકો માનતા કે સર્વત્ર પ્રેતાત્માઓ વસેલા હોય છે, અને પ્રત્યેક પથ્થરમાં, વૃક્ષમાં કે જંગલના જનાવરમાં પ્રેતાત્માનો વાસ હોય છે.

પરંતુ વખત જતાં એ માન્યતા દૂર થઈ ગઈ.

હવે મનુષ્ય એમ નહોતો માનતો કે પ્રત્યેક જનાવરમાં પ્રેતાત્માનો વાસ હોય છે. મનુષ્યના કલ્પના પ્રદેશમાં, જનાવરોમાં વાસ કરતા બધા પ્રેતાત્માઓનું સ્થાન હવે ગાઢ જંગલમાં વસતા વનદેવતાએ લઈ લીધું.

ઘઉંની સાંઠીઓના પ્રત્યેક પૂળામાં પ્રેતાત્માનો વાસ છે એમ માનવાનું ખેડૂતે તજી દીધું. અનાજના બધા પ્રેતાત્માઓ તેના મનમાં એક થઈ ગયા, અને તેઓએ પ્રત્યેક વસ્તુને ઊગવનારી ફળદ્રુપતાની દેવીનું સ્વરૂપ લઈ લીધું.

જૂના પ્રેતાત્માઓનું સ્થાન નવા દેવોએ લઈ લીધું. વળી એ દેવો હવે સાધારણ નાશવંત જીવો જેવા મનુષ્યોની સાથે જ નહોતા વસતા. વધતું જતું જ્ઞાન દેવોને મનુષ્યના નિવાસથી વધારે ને વધારે દૂર ધકેલતું ગયું. એટલે દેવોને નવાં સ્થાનો શોધવાની જરૂર પડી, અને મનુષ્યે જ્યાં કદી પગ માંડયો ન હોય એવી અંધકારભરી પવિત્ર ઝાડીઓમાં કે વૃક્ષોથી ભરેલાં પર્વતશિખરોમાં જઈને દેવોએ વસવાટ કર્યો.

પરંતુ સમય જતાં મનુષ્ય એવી જગ્યાઓએ પણ પહોંચી ગયો. જ્ઞાનની જ્યોતિએ અંધકારભર્યાં વનોને પ્રકાશથી ઝળહળિત કરી દીધાં, અને પર્વતોના ઢોળાવો ઉપર છવાયેલા ઘેરા ધુમ્મસને વિખેરી નાખ્યું.


એ રીતે, પોતાનાં નવાં નિવાસસ્થાનો પણ દેવોને તજી દેવાં પડયાં. પરિણામે દેવો ગગનમાં ઊંચે ઊડી ગયા, સમુદ્રને તળિયે જઈ વસ્યા કે પછી ધરાતલની અંધકારભરી ઊંડી દુનિયામાં અદૃશ્ય થઈ ગયા.

સમય વીતતો ગયો તેમ પૃથ્વી ઉપર દેવોની પધરામણી વધારે ને વધારે વિરલ બનતી ગઈ. કોઈ યુદ્ધમાં કે કિલ્લાને ઘાલવામાં આવતા ઘેરામાં ભાગ લેવા દેવો સ્વર્ગમાંથી નીચે ઊતરી આવતા તેવા યુગની કલ્પિત દંતકથાઓ એક પેઢીના લોકો પાસેથી બીજી પેઢીના લોકોને મળતી.

દેવો તલવાર તથા ભાલા સજીને આવતા અને નાશવંત મનુષ્યોના લડાઈટંટાઓમાં વચ્ચે પડતા.

નિર્ણયાત્મક પળે દેવો સરદારને કાળા વાદળની પાછળ છુપાવી દેતા અને વિદ્યુતબાણો વડે દુશ્મનોનો સંહાર કરતા. પરંતુ વાર્તા કહેનાર એમ પણ કહેતો કે એ બધું ઘણા ઘણા લાંબા કાળ પહેલાં બનતું.

17–2827



લડાઈ શરૂ થતાં પહેલાં દેવી એથેના સરદારને શિખામણ આપે છે

મનુષ્યનો અનુભવ એ રીતે અનેક ક્ષેત્રોમાં વધારે ને વધારે ઊંડો ઊતરતો ગયો. અનુભવના પ્રકાશવર્તુળનો પરિઘ વધારે ને વધારે વિસ્તૃત થતો ગયો અને દેવોને નજીકથી દૂર, વર્તમાનકાળમાંથી ભૂતકાળમાં, તેમ જ આ દુનિયામાંથી 'દુનિયાપારની' દુનિયામાં પીછેહઠ કરાવતો ગયો.

દેવોને રીઝવીને કામ કઢાવવાનું કઠિન બનતું ગયું. પહેલાં તો કોઈ પણ માણસ 'ચમત્કાર' કે મંત્રક્રિયા કરી શકતો. મંત્રની વિધિઓ પણ ખૂબ સાદી હતી. ઉદાહરણ રૂપે, વરસાદનું આવાહન કરવા માટે ખાસ પ્રકારના નાચ દરમિયાન મોઢામાં પાણી ભરીને આમતેમ છાંટવામાં આવતું. વાદળાંને વિખેરી નાખવા સારુ છાપરા ઉપર ચડીને પવનની નકલ કરતા હોય તેમ ફૂંક મારવામાં આવતી.

આપણે સારી રીતે જાણીએ છીએ કે મોઢામાંથી પાણી ઉડાડવાથી કંઈ વરસાદ આવે નહિ, કે ફૂંક મારવાથી કંઈ વાદળાં વિખેરાઈ જાય નહિ. પરિણામે લોકોએ એવો સાર કાઢ્યો કે દેવો સહેલાઈથી પ્રાર્થના સાંભળવા તૈયાર નથી. એ વખતે સામાન્ય લોકો અને દેવો વચ્ચે પુરોહિતોએ અને પૂજારીઓએ સ્થાન લીધું. પુરોહિતો તથા પૂજારીઓ વિધિઓને વિગતે જાણતા અને દેવોની ગુપ્ત કથાઓનું તેઓને જ્ઞાન હતું.

પહેલાં ભૂવો તો શિકારના નાચનો ફક્ત સંચાલક જ હતો. પોતાના કુળભાઈઓ કરતાં તે પ્રેતાત્માઓની વધારે નજીક નહોતો.

પરંતુ હવે પૂજારી તો તદ્દન જુદા જ પ્રકારનો માણસ હતો. તે દેવોની નજીક પવિત્ર ઉપવનમાં રહેતો. તારાગ્રંથમાં દેવોની ઇચ્છાઓ વાંચવા તે મંદિરના છાપરા ઉપર ચડતો. તારાગ્રંથને માત્ર તે

[illegible] ચડાવવામાં આવેલા પશુનાં આંતરડા ઉપર ફક્ત એક નજર નાખીને [illegible] પરિણામ વિજયમાં આવશે કે પરાજયમાં. પુરોહિતો અને પૂજારીઓ આખરે [illegible] જેવા બની ગયા.

પરંતુ દેવો તો સાધારણ નાશવંત મનુષ્યોથી વધારે ને વધારે દૂર જતા જ રહ્યા. દેવો બધા લોકોને એકસમાન ગણતા એવો સમય પણ વીતી ગયો હતો. પોતાની તરફ જ દૃષ્ટિ કરતાં અને આસપાસના સંજોગોનું નિરીક્ષણ કરતાં લોકોને સમજાયું કે પહેલાંની સમાનતાની સ્થિતિ અદૃશ્ય થઈ ગઈ હતી. પૂજારીઓ કહેતા: "અત્યારે જે પરિસ્થિતિ છે તે જ યોગ્ય છે. પ્રત્યેક વસ્તુને દેવોની ઇચ્છા પર છોડી દો. દેવો આખી દુનિયા ઉપર શાસન કરે છે, અને સરદારો પોતપોતાની પ્રજાઓ ઉપર શાસન કરે છે." પરંતુ પૂજારીઓના ઉપદેશને નીચે મોઢે માની લેવા બધા લોકો તૈયાર નહોતા. દેવોની ઇચ્છાની તાબેદારી સ્વીકારવા ન માગતા હોય એવા લોકો પણ દુનિયામાં હતા.

સમય જતાં એક ગ્રીક કવિએ હામ ભીડીને ખુલ્લંખુલ્લા સવાલો કર્યા કે પાપીઓ વૈભવમાં મહાલતા હોય અને સજ્જનો દુ:ખમાં સબડતા હોય ત્યારે ઝિયુસ (ઈશ્વર)નો ન્યાય ક્યાં અદૃશ્ય થઈ જાય છે, પિતાઓના પાપ માટે બાળકોને સજા મળતી હોય ત્યારે ઈશ્વર ક્યાં છુપાઈ જાય છે? તેણે લોકોને જણાવ્યું કે ફક્ત એક આશાની દેવી જ લોકોની વચ્ચે રહેતી હોય છે, બાકીના બધા દેવો તો નાસીને ઓલિમ્પસની પર્વતમાળામાં છુપાઈ ગયા છે, એટલે પ્રાર્થના તો ફક્ત આશાની દેવીની જ કરવાની હોય.


ક્ષિતિજો વિસ્તાર પામે છે

સત્ય અને પરીકથા વચ્ચેના તથા જ્ઞાન અને વહેમ વચ્ચેના ભેદની પ્રાગૈતિહાસિક મનુષ્યને ખબર નહોતી.

દૂધ થોડી વાર પડયું રહે ત્યારે જ મલાઈ દૂધથી નોખી પડે છે તેમ સત્યને વહેમથી નોખું પડતાં હજારો ઉપર હજારો વર્ષો લાગ્યાં.

પ્રાચીન યુગથી આપણા સમય સુધી ઊતરી આવેલાં ગીતોમાં અને મહાકાવ્યોમાં પરીકથાઓથી તથા દેવો અને શૂરવીરોનાં વૃત્તાંતોથી વિવિધ જાતિઓના તથા સરદારોના ઇતિહાસને અળગો કરવાનું કામ અત્યંત કઠિન છે. એ જ પ્રમાણે, કલ્પિત ભૌગોલિક પરિસ્થિતિથી સાચા ભૌગોલિક જ્ઞાનને નોખું પાડવાનું, અને તારાઓ વિશેની પ્રાચીન કલ્પનાકથાઓથી ખગોળની સાચી માહિતીને જુદી તારવવાનું અત્યંત મુશ્કેલ છે.

ગ્રીક પ્રજાએ મનુષ્યજાતિને 'ઇલિયડ' અને 'ઓડિસ્સી' જેવાં બે મહાકાવ્યો આપ્યાં છે. એ મહાકાવ્યો ગ્રીક પ્રજાનાં અત્યંત પ્રાચીન ગીતો અને કથાઓને આવરી લે છે. એ કથાઓમાં ટ્રોયના ઘેરાની,



ઉલિસિસનું વહાણ

ટ્રોયના પતનની, અને ગ્રીક સૈન્યે તેનો કબજો લીધો તેની કથા છે, ગ્રીક સરદાર ઓડિસિયસ (ઉલિસિસ) પરદેશોમાં અને સમુદ્રો ઉપર ભમ્યો તેની, અને તે આખરે પોતાના વતન ઈથાકામાં પાછો ફર્યો તેની કથાઓ છે. ટ્રોયની દીવાલો પાસે દેવો નાશવંત મનુષ્યોના ખભા સાથે ખભા મિલાવીને લડે છે. કેટલાક દેવો આક્રમકોને પક્ષે લડે છે જ્યારે બીજા કેટલાક દેવો ઘેરાની વિરુદ્ધ ટ્રોયની રક્ષા માટે લડતા લોકોને પક્ષે લડે છે. દેવોને પ્રિય કોઈ લડવૈયો મોતના ભયમાં મુકાઈ જાય ત્યારે દેવો તેને ઊંચકીને સલામત સ્થળે લઈ જાય છે. ઓલિમ્પસ પર્વત ઉપર મિજબાનીની મોજ માણતા માણતા દેવો ચર્ચા કરે છે કે લડાઈ ચાલુ રાખવી કે વિરોધી પક્ષો વચ્ચે સમાધાન કરાવીને લડાઈનો અંત આણવો.

એ કથાઓમાં સત્ય સાથે કલ્પનાનું મિશ્રણ છે. પરંતુ કલ્પના ક્યાં પૂરી થાય છે અને સત્ય ક્યાંથી શરૂ થાય છે? ગ્રીક સૈન્યે ટ્રોયને કદી ઘેરો ઘાલ્યો હતો ખરો? અને હકીકતમાં ટ્રોય નામનું નગર ક્યારેય અસ્તિત્વમાં હતું ખરું?

વિદ્વાનો એ વિષય ઉપર ઘણાં વર્ષો સુધી દલીલો કરતા રહ્યા, અને એક પુરાતત્ત્વવિદે શોધી કાઢેલી કોદાળીએ બધી શંકાઓ આખરે દૂર કરી ત્યારે જ વિદ્વાનોની દલીલોનો અંત આવ્યો. 'ઈલિયડ'માં નિર્દેશિત સૂચનાઓને અનુસરીને પુરાતત્ત્વવિદો એશિયા માઈનોર પહોંચ્યા અને ત્યાં ઉત્ખનન કરીને તેઓએ ટ્રોય નગરનાં ખંડેરો ખોદી કાઢયાં. કાવ્યમાં વર્ણવ્યા પ્રમાણે એ ખંડેરો જ્યાં હોવા જોઈએ એ જ ઠેકાણેથી એ ખંડેરો મળી આવ્યાં!

એ જ પ્રમાણે 'ઓડિસ્સી' મહાકાવ્યમાં પણ સત્ય હતું. નકશા ઉપર ઉલિસિસના ભ્રમણનાં સ્થળો નક્કી કરીને ભૂગોળશાસ્ત્રીઓએ એ સત્ય સાબિત કરી આપ્યું. તમારો નકશો ખોલીને જોશો તો તેમાં તમને કમળ-ભક્ષકોનો દેશ અને ઈયોલસ ટાપુ જોવા મળશે એટલું જ નહિ, સિલ્લા અને ચારિબ્દિસ પણ જોવા મળશે. મહાકાવ્યમાં વર્ણવેલા બનાવ પ્રમાણે, ઉલિસિસનું વહાણ એ બન્નેની વચ્ચેથી પસાર થઈ રહ્યું હતું ત્યારે તેઓ તેના વહાણનો નાશ કરવા તૈયાર થઈ ગયા હતા.

આફ્રિકામાં સમુદ્રકિનારાનો ટ્રિપોલી પ્રદેશ એ જ હકીકતમાં કમળ-ભક્ષકોનો દેશ, ઈટાલીમાં લિપારી ટાપુઓ તરીકે ઓળખાતો દ્વીપસમૂહ એ જ ઈયોલસ ટાપુ, અને સિસિલી તથા ઈટાલી વચ્ચેની સામુદ્રધુની એ જ સિલ્લા અને ચારિબ્દિસનું સ્થાન.

'ઓડિસ્સી'માં સત્ય છે એ વાત સાચી, પરંતુ પ્રાચીન દુનિયાની ભૂગોળનો અભ્યાસ તમે 'ઓડિસ્સી'ને આધારે કરવા જશો તો ભારે મોટી ભૂલ કરી બેસશો.

સાહસ અને પ્રવાસના એ સૌથી પહેલા ગ્રંથમાં ભૂગોળને અદ્‌ભુત કલ્પિત સ્વાંગ સજાવીને રજૂ કરવામાં આવી છે. પર્વતોને રાક્ષસોમાં બદલી નાખવામાં આવ્યા છે, અને ટાપુઓમાં વસતા અસંસ્કૃત જંગલી લોકોને એક આંખવાળા મહાકાય મનુષ્યભક્ષીઓ બનાવી દેવામાં આવ્યા છે.

એ યુગમાં લોકો ફક્ત પોતાના તદ્દન નિકટના વાતાવરણથી જ પરિચિત હતા. વેપારીઓ વહાણો લઈને સમુદ્રની સફરો ખેડતા એ સાચું, પરંતુ એ લોકોમાં પણ કિનારાથી બહુ આઘે જવાનું સાહસ કરવાની હિંમત નહોતી, કેમ કે સમુદ્રની બહુ દૂરની સફર અત્યંત ભયજનક હતી. એ જમાનામાં નહોતાં હોકાયંત્રો કે નહોતા નકશા. વહાણવટીઓ સૂર્ય અને તારાઓને આધારે માર્ગ ખોળતા. કિનારે આવેલી ઊંચી કરાડો કે ઊંચાં વૃક્ષો તેઓને માટે દીવાદાંડીઓ સમાન હતાં.

સમુદ્રના પાણીમાં હજાર હજાર જોખમો છુપાયેલાં રહેતાં. સમતલ તળિયાંવાળાં પહોળાં વહાણો હવાની હળવી લહેરોમાં પણ મોજાંઓ ઉપર ડોલંડોલ થઈ જતાં. વળી ન શકે એવા સઢોને સંભાળવાનું કામ અત્યંત કઠિન બની જતું. પવન મનુષ્યની આજ્ઞાનું પાલન કરવા તૈયાર નહોતો, અને વહાણો જાણે મોજાં ઉપર તરતી લાકડાની ચીપો હોય તેમ તે વહાણો સાથે રમતે ચડતો.

પણ વહાણ આખરે કિનારે પહોંચી જતું. થાકેલા નાવિકો તેને ખેંચીને કિનારાની ઉપર લઈ જતા. ત્યાં સૂકી ધરતી ઉપર તેઓ આખરે વિસામો ખાતા. પણ તેઓનાં મન ચિંતાગ્રસ્ત રહેતાં. જે અજાણી ધરતી ઉપર તેઓ આવ્યા હતા તે તો સમુદ્ર કરતાં પણ વધારે ભયાવહ હતી. માનવભક્ષીઓ હમણાં આવીને તેઓની ઉપર તૂટી પડશે એવી કલ્પિત બીક તેઓને સતાવ્યા કરતી, કેમ કે બીજા નાવિકો પાસેથી તેઓને અસંસ્કૃત જંગલી લોકોની કહાણીઓ સાંભળવા મળી હતી. તેઓની ભયભીત દૃષ્ટિમાં પ્રત્યેક અજાણ્યું નવું જનાવર ભયાનક રાક્ષસ જેવું દેખાતું. કિનારાથી દૂર અંદરના પ્રદેશમાં જવાની તેઓની હિંમત પડતી નહિ.

અને છતાં, પ્રત્યેક નવી યાત્રાને પરિણામે મનુષ્યના મનપ્રદેશની ક્ષિતિજો વિસ્તાર પામતી. અજ્ઞાનની સીમાઓ અને પરીકથાઓની સીમાઓ વધારે ને વધારે દૂર હડસેલાતી. સૌથી વધારે હિંમતવાન વહાણવટીઓ જ્યાંથી મહાસાગરની શરૂઆત થાય છે તેવા સમુદ્રદ્વાર સુધી વહાણને લઈ જતા. તેઓ મહાસાગરને વિશ્વ જેટલો જ સીમાહીન સમજતા. ઘેર પાછા ફરે ત્યારે તેઓ મિત્રોને કહેતા કે પોતે દુનિયાના છેડા સુધી જઈ આવ્યા છે, અને ત્યાં ધરતી ચોમેરથી મહાસાગર વડે ઘેરાયેલી છે.

હજારો વર્ષો પછી લોકો યુરોપથી ભારતની અને ચીનથી યુરોપની સાગરસફરો ખેડવાના હતા. વહાણવટીઓ મહાસાગરને પાર કરવાના હતા અને પેલે પાર મનુષ્યોની વસતિવાળી ભૂમિ શોધી કાઢવાના હતા.

અને છતાં પરીકથાઓની કલ્પનાઓ અનેક યુગો સુધી પૃથ્વીના વિજ્ઞાનને વળગેલી રહી.

અમેરિકાને શોધી કાઢનાર ક્રિસ્ટોફર કોલંબસ ખરેખર એમ માનતો હતો કે પૃથ્વી ઉપર ક્યાંક

ખૂબ ઊંચો પર્વત જરૂર છે જ, અને એ પર્વત જ સ્વર્ગનું ચોક્કસ સ્થળ છે. તેણે તો સ્પેનની મહારાણીને લખેલું પણ ખરું કે પોતે સ્વર્ગની ખૂબ નજીક પહોંચી જઈને તેની આસપાસના વાતાવરણનું અન્વેષણ કરવાની આશા રાખે છે.

પંદરમી શતાબ્દી જેટલા તાજા ભૂતકાળમાં પણ રશિયાના યુરોપિયન ભાગમાં રહેતા લોકોની દૃઢ માન્યતા હતી કે ઉરાલથી આગળના પ્રદેશમાં લોકો રીંછની જેમ આખો શિયાળો ઊંઘ્યા કરે છે. અમને એક પ્રાચીન હસ્તપ્રત મળી છે. એ હસ્તપ્રતનું મથાળું છે 'પૂર્વ ભૂમિની અજાણી પ્રજાઓ'. એ હસ્તપ્રતમાં માથાની ઉપર મોઢું ધરાવતા લોકોનું અને છાતીમાં આંખો ધરાવતા મસ્તકહીન લોકોનું વિગતેભર્યું વર્ણન આપવામાં આવ્યું છે.

આ બધું આપણને હાસ્યાસ્પદ લાગે. પરંતુ આજે પણ કલ્પિત વિજ્ઞાનકથાઓના લેખકો પોતાનાં પુસ્તકોને અંતરીક્ષની અજાણી દુનિયાઓમાં વસતા ભયાનક રાક્ષસોથી ભરી દેતા હોય છે.

પૃથ્વીની સપાટીનો તો વિસ્તૃત અભ્યાસ થઈ ગયો છે. એટલે જ, એવા લેખકો પોતાનાં પાત્રોને પૃથ્વીના પેટાળમાં કેન્દ્રબિંદુએ, મંગળ ઉપર કે ચંદ્ર ઉપર મોકલે છે.

પ્રથમ ગાયકો

પ્રત્યેક શતાબ્દીને અંતે રહસ્યનું પ્રમાણ ઘટતું ગયું અને જીવનનાં વિચિત્ર તથા અજાણ્યાં તથ્યોની સંખ્યા ઓછી થતી ગઈ. હુન્નરીઓનો આત્મવિશ્વાસ વધ્યો અને દેવોની પ્રાર્થનાનો આશરો લેવાનું તેઓ દિન પ્રતિદિન ઓછું કરતા ગયા. સૂર્યનો ઉદય થતાં ખીણમાં ધુમ્મસ ક્ષીણ થતું જાય તેમ જીવનમાંથી મંત્રવિધિઓ ધીરે ધીરે ઓસરતી ગઈ.

મંત્રક્રિયાઓનું દૃઢતમ સ્થાન હતું વિવિધ રિવાજોમાં તથા વિધિયુક્ત રમતોમાં, નૃત્યોમાં અને ગીતોમાં. પરંતુ મનુષ્યના જાગ્રત થતા જતા માનસે મંત્રક્રિયાઓને તેના ઘર જેવાં ગણાતાં એવાં સ્થાનોમાંથી પણ હાંકી કાઢવાનું થોડા વખતમાં જ શરૂ કરી દીધું.

મંત્રવિધિઓમાંથી, નૃત્યોમાંથી અને ગીતોમાંથી મંત્રનું અંગ ઝડપથી અદૃશ્ય થતું ગયું, અને પાછળ બચ્યાં ફક્ત સાદાં ગીતો અને નૃત્યો.

ગ્રીસ દેશના લોકો તેઓને દ્રાક્ષ આપનાર દિયોનિસસ (બેકચુસ — ગ્રીક સુરાદેવ) ની મિજબાની ઊજવતા ત્યારે રમાતી રમતો શરૂઆતમાં મંત્રવિધિની પવિત્ર રમતો ગણાતી. શિયાળાની ઘોર નિદ્રા પછી ફરી વાર જાગ્રત થવામાં અને લોકોને અનાજ, ફળ તથા મદ્ય પૂરાં પાડવામાં કુદરતને સહાય કરવા ખાતર બેકચુસ મૃત્યુ પામીને પુનર્જન્મ લે એવા અર્થનું ગીત લોકો સમૂહમાં ગાતા.

એ મિજબાની દરમિયાન જનાવરોનાં માથાં દર્શાવતાં મહોરાં ચહેરા ઉપર બાંધીને લોકો ગામની વેદીની આસપાસ નૃત્ય કરતા.

પ્રથમ ગાયક બેકચુસની યાતનાનું ગીત ગાતો, અને તેને ઉત્તર આપતો સમૂહગાનનો સ્વર કડીના અંતિમ પદે ગીતમાં ભળતો.

એ પ્રાચીન મંત્રરમત લગભગ નાટક જેવી છે. મુખવટો ધારણ કરેલા લોકોમાં અને પ્રથમ ગાયકમાં આપણને ભાવિ નટો જોવા મળે છે. પ્રથમ ગાયક દેવની યાતનાનું ફક્ત વર્ણન જ નહોતો કરતો, તે તો તેને ભજવી પણ બતાવતો. તે છાતી કૂટતો, અને બેઉ હાથ આકાશ તરફ ઊંચા કરીને યાચનાનો ભાવ વ્યક્ત કરતો.

બેકચુસનો પુનર્જન્મ થાય એટલે નૃત્યકારો ઉલ્લાસમાં આવી જતા, એકબીજાને ચીડવતા અને અરસપરસ ટોળટપ્પા કરતા.

કેટલીક શતાબ્દી પછી એ મંત્રવિધિમાંથી મંત્રનું અંગ અદૃશ્ય થઈ ગયું.

પરંતુ ખેલનું માળખું તો બચી રહ્યું. પહેલાંની જેમ જ લોકો રમત રમતા, ગીત ગાતા અને નૃત્ય કરતા. પણ હવે લોકો દેવોની યાતનાઓ નહોતા રજૂ કરતા. તેને બદલે તેઓ નાશવંત મનુષ્યોની યાતનાઓ વ્યક્ત કરતા. એવા વેશ ભજવાતા જોતા ત્યારે લોકો હસતા અને રડતા, હિંમતની તથા બહાદુરીનાં કામોની પ્રશંસા કરતા, અને મૂર્ખતા તથા કઢંગાપણાની ઠેકડી ઉડાડતા.

એ રીતે સમૂહગીતના પ્રથમ ગાયકમાંથી કરુણ પાત્ર ભજવતા અભિનેતાનો વિકાસ થયો અને મહોરાંધારી આનંદી સમૂહગાયકોમાંથી હાસ્યરસનાં પાત્રો ભજવનાર અભિનેતાઓનો, વિદૂષકોનો અને રંગલાઓનો વિકાસ થયો.

પ્રથમ ગાયક પ્રથમ નટ હતો એટલું જ નહિ, તે તો મુખ્ય ગાયક પણ હતો. પહેલાં તો તે સમૂહગીતમાં બધાની સાથે જ ગાતો, પરંતુ પછી તેણે એકલા જ ગાવાનું શરૂ કરી દીધું.

વખત જતાં વિધિમાંથી ગીત જુદું પાડવામાં આવ્યું. પવિત્ર રમતો દરમિયાન અને મિજબાનીના સમયે સરદાર તથા તેના યોદ્ધાઓ સમક્ષ ગાયક ગીત ગાતો. તંતુવાદ્યના તાર ઉપર ઢંગધડા વગર આડીઅવળી આંગળી ફેરવતો ગાયક ગીત ગાતો, અને ક્યારેક તો પ્રાચીન રિવાજ મુજબ શબ્દ, સંગીત અને અભિનયને એકસાથે મેળવતો નૃત્ય પણ કરતો. તે પ્રથમ ગાયક પણ બન્યો અને પ્રથમ સમૂહગાયક પણ બન્યો. તે ગીત પણ ગાતો અને ફરી વાર ગાવાનું કડીનું અંતિમ પદ પણ પોતે જ ગાતો.

પણ તે શેનાં ગીત ગાતો? તે ગીત ગાતો દેવોનાં અને શૂરવીરોનાં અને અત્યંત બહાદુર લડવૈયાઓને પણ નાસતા કરી મૂકનાર પોતાની જાતિના સરદારનાં. તે સમરાંગણમાં મૃત્યુને વરેલા યોદ્ધાઓનાં ગીત ગાતો, અને જેઓની હત્યાનું વેર વાળવાનું બાકી હોય એવા બંધુઓનાં ગીત ગાતો.

તેના ગીતમાં નહોતી પ્રાર્થના કે નહોતી મંત્રવિધિ. એ ગીતમાં તો હતી શૌર્યકર્મોની ગાથા, અને એ ગાથા હકીકતમાં અધિક શૌર્ય દાખવવાની હાકલ હતી.

તો પછી પ્રેમનાં, વસંતનાં અને શોકનાં ગીતોનું શું? એ ગીતોનો વિકાસ શેમાંથી થયો? એક

જમાનામાં લગ્નપ્રસંગે, સ્મશાનયાત્રાના સમયે, લણણી દરમિયાન કે દ્રાક્ષો ચૂંટાતી હોય ત્યારે થતી વિધિઓના અંગ રૂપે એવાં ગીતો પણ ગવાતાં. એ સમયે સમૂહગાયકનાં બે જૂથો એકબીજા પ્રત્યે ટૂંકાં ગીતો ગાતા.

રેંટિયો ફેરવતી જુવાન સ્ત્રી એ ગીતોને યાદ કરતી. શિશુને પારણે ઝુલાવીને સુવડાવતી માતા એ ગીતો ગાતી.

આજે તો વસંતનાં ગીતો વસંત ઋતુમાં જ ગવાતાં હોય એવું, કે પ્રેમનાં ગીતો ફક્ત લગ્નપ્રસંગે જ ગવાતાં હોય એવું નથી.

શૂરવીરોનાં અને પ્રેમનાં પ્રથમ ગીતોનું સર્જન કોણે કર્યું? પ્રથમ તલવાર કોણે બનાવી કે પ્રથમ ચરખાની રચના કોણે કરી તેની ખબર આપણને જેમ નથી, તેમ જ એ પ્રશ્નનો ઉત્તર પણ આપણી પાસે નથી. આપણાં ઓજારો, આપણાં ગીતો અને આપણા શબ્દોનું સર્જન કોઈ એક વ્યક્તિએ નહિ પણ સેંકડો પેઢીઓએ કર્યું છે. ગાયક પોતાનાં ગીત પોતે જ નહોતા રચતો, એ તો પોતે પહેલાં સાંભળેલાં ગીતો બીજા ગાયકો સુધી ફક્ત પહોંચાડતો જ. પરંતુ એક ગાયક પાસેથી બીજા ગાયક પાસે પહોંચતાં પહોંચતાં ગીતો વૃદ્ધિ તથા પરિવર્તન પામતાં. જેમ ઝરણાં સરિતાને જળ પૂરું પાડે છે તેમ પ્રારંભનાં એવાં ગીતોને આધારે મહાન મહાકાવ્યોની રચના થઈ.

કહેવાય છે કે 'ઇલિયડ' હોમરનું સર્જન છે. પરંતુ હોમર કોણ હતો? હોમર વિશે આપણે જે કંઈ જાણીએ છીએ તે બધું આપણને દંતકથાઓને આધારે જ જાણવા મળ્યું છે. હોમરે જેઓની યશગાથા ગાઈ છે એ શૂરવીરો જેમ દંતકથાઓનાં પાત્રો જ હતાં તેમ હોમર પોતે પણ દંતકથાનું જ પાત્ર છે.



બેકચુસના માનાર્થે નૃત્ય

બહાદુરી દાખવતા શૂરવીરો વિશે પ્રથમ ગીતો રચાયાં ત્યારે ગાયક તો હજુ પોતાના કુળ અને ટોળા સાથે નિકટતાથી સંકળાયેલો હતો. એ વખતે લોકો બધું ભેગા મળીને જ કરતા, અને ગીતોનું સર્જન પણ અનેક પેઢીઓના પ્રયાસોના પરિપાક રૂપે જ થતું.

વીતી ગયેલી પેઢીઓ પાસેથી તેને મળેલા ગીતમાં ફેરફાર કરીને તેને વધારે સારું બનાવતો ત્યારે પણ ગાયક પોતાને ગીતનો લેખક કે સર્જક નહોતો ગણતો.

પરંતુ વખતના વહેવા સાથે મનુષ્યે "તારું" માંથી "મારું" ને અલગ કરવાની શરૂઆત કરી. કુળો એકબીજાથી અળગાં થયાં. અને પહેલાંની એકતા અદૃશ્ય થઈ ગઈ. હુન્નરી હવે ફક્ત પોતાને ખાતર જ કામ કરતો, અને પોતે તો કુળની ઇચ્છાપૂર્તિનું માત્ર એક સાધન જ છે એવું હવે તેને નહોતું લાગતું.

કેટલીક શતાબ્દીઓ વીતી ગયા પછી મેગારાના થિયોગ્નિસે લખ્યું:

> મારી કલાસાધનાના ફળરૂપ આ કાવ્યો ઉપર મેં મારી મહોર મારી છે. તેને ચોરી જવાનો કે બદલવાનો કોઈને અધિકાર નથી. દરેકે દરેક માણસને કહેવું પડશે:
>
> "આ કાવ્યો મેગારાના થિયોગ્નિસનાં છે!"

સામુદાયિક જીવનપ્રથાનો મનુષ્ય એવા શબ્દો કદી ન જ કહી શક્યો હોત.

ધીરે ધીરે "હું" શબ્દનો ઉપયોગ મનુષ્ય વધારે ને વધારે પ્રસંગોએ કરવા લાગ્યો.

મનુષ્યની એવી માન્યતાનો સમય ક્યારનો વીતી ગયો હતો કે પોતે કામ નથી કરી રહ્યો પણ પોતાની મારફત બીજું કોઈ કામ કરી રહ્યું છે. અહીં ગાયક હજુ પણ તેને ગીતની પ્રેરણા આપનાર મુસિસનો ઉલ્લેખ કરતાં કહે છે કે "ગીતની ભેટ" તેને દેવો પાસેથી મળી છે. પરંતુ સાથે સાથે તે પોતાનો ઉલ્લેખ કરવાનુંયે ભૂલતો નથી.

> દેવોએ વરદાન આપ્યું છે કે સંસાર મને કદી ભૂલશે નહિ.

પ્રાચીન ગ્રીક કવયિત્રી સાફોની આ પંક્તિમાં જૂનાની સાથે નવાનું મિલન થયું છે. તે માનતી કે ભાવને વ્યક્ત કરતા શબ્દોની ભેટ તેને મુસિસે આપી છે. ખાણિયો જેમ પહાડમાંથી કાચી ધાતુ શોધી કાઢે તેમ પોતાની ભાષામાંથી શબ્દો તેણે પોતે નથી ખોળી કાઢ્યા. પરંતુ એ જ પંક્તિમાં આપણને સર્જકના અભિમાનનું દર્શન થાય છે. એ અભિમાન એવા કવિનું છે, જે જાણે છે કે પોતાનું નામ કદી પણ ભુલાઈ જવાનું નથી.

મનુષ્ય એ રીતે વિકાસ પામીને આગળ વધતો ગયો. અને તે જેમ જેમ ઉપર ચડતો ગયો, તેમ તેમ તેની ક્ષિતિજો વિસ્તૃત બનતી ગઈ.

આ પુસ્તક વિશે અધિક બે શબ્દો

પ્રાગૈતિહાસિક મનુષ્યની કથા તમે હમણાં જ પૂરી કરી. એ કથા તમને ગુલામીની પ્રથાના આરંભ સુધી લઈ ગઈ. આ પુસ્તકનો બીજો અને ત્રીજો ખંડ, એમ આગળના બે ખંડ લખાઈ પણ ગયા છે અને પ્રકાશિત પણ થઈ ગયા છે. એ ખંડોમાં ગુલામોની માલિકી ધરાવતાં જોરાવર રાજ્યોની રચનાની, માલિકો વિરુદ્ધ ગુલામોના સંઘર્ષની, અને ગુલામીના આધાર ઉપર રચાયેલી પ્રથાની પડતીની કથા કહેવામાં આવી છે.

આ કામ શરૂ કરતાં પહેલાં અમે અનેક પુસ્તકો વાંચ્યાં.

મનુષ્ય અસ્તિત્વમાં આવ્યો ત્યાં સુધી પૃથ્વી ઉપરનાં તમામ સજીવ પ્રાણીઓ કેવી રીતે પરિવર્તન અને ઉત્ક્રાંતિ પામતાં ગયાં, તે અમે ડાર્વિન અને તેના અનુયાયીઓ પાસેથી તથા વ્લાદીમિર કોવાલેવ્સ્કી અને ક્લિમેન્ત તિમિર્યાઝેવ પાસેથી જાણ્યું.

ફ્રેડરિક એંગેલ્સનાં પુસ્તકોમાંથી અમને જાણવા મળ્યું કે વાનરનું માનવમાં રૂપપરિવર્તન કેવી રીતે થયું.

પ્રાગૈતિહાસિક મનુષ્ય વિચાર કરતાં અને બોલતાં કેવી રીતે શીખ્યો એ સમજવામાં અમને ઈવાન પેત્રોવિચ પાવ્લોવે સહાય કરી.

હજારો વર્ષો દરમિયાન મનુષ્યસમાજનો વિકાસ કેવી રીતે થયો તેનું અદ્‌ભુત દૃશ્ય કાર્લ માર્ક્સ, ફ્રેડરિક એંગેલ્સ અને વ્લાદીમિર ઈલ્યીચ લેનિનની કૃતિઓએ અમારી સમક્ષ ખડું કરી દીધું.

એ ઉપરાંત નિસર્ગવિત્તાઓ, ઈતિહાસકારો તથા અન્વેષકોએ લખેલાં બીજાં અનેક પુસ્તકો પણ અમે વાંચ્યાં.

મનુષ્યજાતિના ઈતિહાસ વિશે વધારે જાણવાની તમને પણ ઉત્કંઠા થાય, તો તમે પણ અમે કર્યું તેમ જ કરજો: જ્ઞાનની મૂળ આધારસામગ્રીનો આશરો લેજો, જેઓએ પૃથ્વીની જીવસૃષ્ટિનો અને મનુષ્યજાતિના વિકાસનો અભ્યાસ કર્યો છે એવા વૈજ્ઞાનિકોનાં પુસ્તકો વાંચજો.

અમારું લક્ષ્ય તો હતું તમને વિજ્ઞાનના પ્રવેશદ્વાર સુધી લઈ આવીને કહેવાનું: "પ્રવેશ કરો."

દેશમાં અને પરદેશોમાંયે

મિખાઈલ ઈલ્યીને (૧૮૯૫-૧૯૫૩) પોતાનું સમગ્ર જીવન એક અત્યંત કઠિન પરંતુ ગૌરવમય ધ્યેયને સમર્પી દીધું હતું. વિકસતાં બાળકો પોતાની આસપાસની દુનિયા ઉપર જિજ્ઞાસાભરી મીટ માંડે ત્યારે "એક લાખ 'કેમ?'"ના પ્રશ્નો તેઓના મનને મૂંઝવે છે અને તેઓની કલ્પનાને ઉત્તેજિત કરે છે. કંઈ નહિ તો તેમાંથી થોડાક "કેમ?"ના ખુલાસા બાળકોને પૂરા પાડવાના કાર્યને ઈલ્યીને પોતાનું જીવનધ્યેય બનાવ્યું હતું, અને ઈલ્યીન આખી જિંદગી એ કાર્યની પાછળ તનમનથી મચ્યા રહ્યા.

'મનુષ્ય વિરાટ કેમ કરી બન્યો', 'મહાન યોજનાની કથા', 'ગિરિઓ અને માનવીઓ', 'આજ અને ગઈકાલ', 'તમે જાણો છો?', વગેરે પુસ્તકોએ અને ઈલ્યીનની બીજી અનેક કૃતિઓએ કરોડો બાળવાચકોને જ્ઞાનની દુનિયામાં પ્રવેશ કરવામાં સહાય કરી છે, મનુષ્યનું કાર્ય અને સમાજનું તંત્ર કેવી રીતે ચાલે છે તે સમજવામાં તથા લોકો કેમ કામ કરે છે અને કાર્યોનું સંગઠન-સંચાલન કેમ થાય છે તે સમજવામાં મદદ કરી છે. પ્રત્યેક કૃતિ પોતાની જ રીતે કુદરતનાં રહસ્યોમાં નિરંતર ઊંડા ઊતરતા જતા અને કાર્ય તથા જીવનની નવી નવી રીતો સર્જતા જતા મનુષ્ય પ્રત્યે લેખકના પ્રશંસાના ભાવોને વ્યક્ત કરે છે. ઈલ્યીન માનવીએ કરેલા ઘડિયાળના આવિષ્કાર વિશે, 'ટેબલ ઉપર સૂર્ય' વિશે, સ્વયંચાલિત કારખાના વિશે, કે પછી મહાન સમાજવાદી યોજના વિશે લખતા હોય, તેમની મેધાવાન કલમ વિજ્ઞાન અને સાહિત્ય વચ્ચે મનમોહક અને રોમાંચક સેતુ રચે છે.

જેમનાં લખાણોમાં વૈજ્ઞાનિક અને સાહિત્યકાર નિકટવર્તી સહયોગ સાધીને કાર્ય કરતા જણાય છે, પરંતુ વૈજ્ઞાનિક સાહિત્યકારને પોતાની છાયા તળે કદી છુપાવી દેતો નથી, એવા મિખાઈલ ઈલ્યીને પોતાનાં જ લખાણો વિશે આ શબ્દો કહ્યા છે: "વૈજ્ઞાનિક પોતાની આસપાસની દુનિયાનું વિશ્લેષણ કરે છે અને પોતે પસંદ કરેલા ક્ષેત્રનો ઊંડો અભ્યાસ કરે છે. કલાકારની દૃષ્ટિ સમગ્ર દુનિયાને આવરી લે છે અને તેના મનમાં એકરૂપે નિહાળેલી સમગ્ર દુનિયા વિશે જ પ્રત્યાઘાત ઊઠે છે. કલાકાર જ્યારે કુદરતનું બારીક નિરીક્ષણ કરે છે ત્યારે તેના નિરીક્ષણમાં વનસ્પતિશાસ્ત્રી, પ્રાણીશાસ્ત્રી અને વાયુશાસ્ત્રી, એ બધાની દૃષ્ટિઓનો સુમેળ એક જ દૃષ્ટિમાં સધાયો હોય છે. સાહિત્યના બીજા કોઈ પણ પ્રકારની

જેમ સરળ વિજ્ઞાનનું સાહિત્ય પણ મનુષ્ય અને કુદરતની એકતા નીરખે છે તથા તેનું નિરૂપણ કરે છે."

ઈલ્યીને લખેલા પ્રત્યેક પુસ્તકમાં, તેમણે લખેલી પ્રત્યેક પંક્તિમાં વિશ્વનાં ઉકેલાતાં જતાં રહસ્યોનું ઉલ્લાસમય કવન ભારોભાર ભર્યું છે. વિષય પરત્વેની ઈલ્યીનની વૃત્તિ આજકાલ પ્રચલિત થયેલી સામાન્ય ઘરેડની અતિસાદી વૃત્તિ નથી. તેમનાં લખાણોમાં તો વિજ્ઞાન મનુષ્ય માટે કેવી કેવી આશાઓ ઉત્પન્ન કરે છે તેની સાથેસાથ કાવ્યમય અને પ્રેરિત સમજણ વ્યક્ત થાય છે. એ જ છે તેમની બધી કૃતિઓનાં સ્વરૂપ અને આત્મા. એટલે જ, એમની કૃતિઓમાં માનવતાના આવા ધબકારા સંભળાય છે અને એ કૃતિઓ આટલી રસદાયક અને જિજ્ઞાસાપ્રેરક બની છે. જ્ઞાનના તરસ્યા બધા માનસોને વિજ્ઞાન તથા કુદરતના મૂળભૂત તેમ જ પ્રાથમિક સ્વરૂપના રસનું પાન કરાવનાર લેખક તરીકે, અને પોતાના વાચકોની કલ્પનાને સતેજ કરીને તેઓનાં મનને જાગ્રત કરનાર લેખક તરીકે મિખાઈલ ઈલ્યીનનું નામ હંમેશાં અમર રહેશે. દુનિયામાં કરોડો લોકો રુબાકિન અને ફ્લેમેરિયોનના, બ્રેહમ અને ફાબ્રેના, તિમિર્યાઝિવ અને પૉલ દ ક્રુઈફના તથા ફારાડે અને ફેર્સમનના મનુષ્યજાતિ ઉપરના ઋણનો સ્વીકાર કરે છે. પરંતુ ઈલ્યીનનો તો પોતાનો જ આગવો વર્ગ છે. "મનુષ્ય અને કુદરતની એકતા"ને તેના જેટલી પ્રતીતિજનક રીતે અને ક્યારેક તો અણધારી રીતે રજૂ કરવામાં તેની પહેલાં બીજું કોઈ ક્યારેય સફળ થયું નથી. માત્ર કુદરતમાં જ નહિ, માનવસમાજમાં પણ પરિવર્તન આણતાં વિજ્ઞાનનાં રહસ્યોને સ્પષ્ટ રીતે સંક્ષેપમાં સમજાવવાની વિશિષ્ટ શક્તિ તેઓ ધરાવતા હતા, કેમ કે તેઓ પોતાના યુગનું સાચું સંતાન હતા, પ્રગતિશીલ માનવી હતા, અને નવા સમાજના અગ્રદૂત હતા. સોવિયેત સરળ વિજ્ઞાન સાહિત્યની મૂળભૂત રીતે નૂતન શૈલીના ઈલ્યીન પ્રણેતા અને નેતા હતા. તેમણે ઝળહળિત કરેલા માર્ગને પછી તો બીજા મેધાવાન સોવિયેત લેખકોએ પણ ખેડયો. એવા લેખકોમાં પિસાર્ઝેવ્સ્કી, ઈવીચ, દોરોખોવ, દાનિન તથા બીજાં ઘણાં નામ ગણાવી શકાય.

ઈલ્યીન વિરલ મેધા ધરાવતા, જ્ઞાનનો ઊંડો અને સક્રિય ભંડાર ધરાવતા અને કાર્યની અણથક શક્તિ ધરાવતા લેખક હતા. સતત તેમનું સત્ત્વ ચૂસતી રહેતી વિનાશક માંદગીને બિછાને પટકાયા હોવા છતાં, તેઓ જિંદગીની આખરી પળો સુધી કામ કરતા રહ્યા. વિસ્મયકારી હિંમત ધરાવતા એ માનવીને લેખનના ટેબલ ઉપરથી સીધા જ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પૂરા "એક લાખ 'કેમ?'" ના પ્રશ્નોના ઉત્તર આપી શકે તે પહેલાં જ મૃત્યુએ તેમને આપણી પાસેથી છીનવી લીધા. વિકસતા બાળકનું જિજ્ઞાસુ માનસ એ "કેમ?" નો ઉત્તર પણ ખોળે જ છે. પરંતુ પોતાના ટૂંકા જીવનકાળ દરમિયાન એ હિંમતવાન માનવી જે કંઈ કરી શક્યો તે કાર્યે વિજ્ઞાનને સાચી કલા જોડે સાંકળી લીધું છે. તેમના કાર્યે પદાર્થો તથા ઘટનાઓના વધારે ઊંડા જ્ઞાનની તથા ભાવિની વધારે વાસ્તવિક સમજણની સપાટી ઉપર આપણી દુનિયાના લાખો કુમળા નાગરિકોની, આપણા મહાન યુગના નવલોહિયા સમકાલીન જીવનોની એકતા સાધી છે.

'મહાન યોજનાની કથા', 'મનુષ્ય વિરાટ કેમ કરી બન્યો' અને ઈલ્યીનની બીજી કૃતિઓએ

સોવિયેત સાહિત્યમાં ઉત્તમ કૃતિઓનું સ્થાન ક્યારનુંય હાંસલ કરી લીધું છે. એ કૃતિઓની ગણના બાળકો માટે લખવામાં આવેલી ઉત્તમ કૃતિઓમાં થાય છે.

પરંતુ તેમની સાથે એક જ પ્રકાશન ગૃહમાં કામ કરતા, બેઠકોમાં કે ઘરોમાં તેમને વારંવાર મળતા, અને સંપાદકીય કાર્યાલયના ધાંધલિયા વાતાવરણમાં તેમની સાથે અનેક વાર ભટકાઈ જતા અમારા જેવા લેખકો પણ ઘણી વાર ભૂલી જતા કે પોતાની તેજસ્વી કલમશક્તિથી અમને આશ્ચર્યમુગ્ધ કરી દેનાર, અત્યંત નમ્ર, બીજાઓની લાગણીઓ પ્રત્યે સજગ અને મિત્રતાભર્યું હૈયું ધરાવતો આ માનવી જગવિખ્યાત પણ છે.

ઇલ્યીનની કૃતિઓ બાળકોને ઉદ્દેશીને લખવામાં આવેલી હોવા છતાં અમારા દેશમાં તેમ જ પરદેશોમાં એ કૃતિઓ સામાન્ય વાચકવર્ગમાં પણ અત્યંત લોકપ્રિય થઈ ગઈ. તેમની કૃતિઓ એ વાતની અધિક સાબિતી પૂરી પાડે છે કે સરસ રીતે લખવામાં આવેલી જ્ઞાનસભર કૃતિઓ ભલે બાળકો માટે લખવામાં આવી હોય તોપણ મોટી ઉંમરના લોકોમાંયે રસ જાગ્રત કરે જ છે. ઇતિહાસના મહાન યુગના ઉચ્ચ આદર્શો રજૂ કરતી બાળસાહિત્યની કોઈ પણ કૃતિ નૂતન શતાબ્દીની બાળપોથી બનીને પૃથ્વીને દૂર દૂરને ખૂણેખાંચરે પણ પ્રસરી જઈ શકે...

'ન્યુયોર્ક હેરોલ્ડ ટ્રીબ્યુન' અખબારે ઇલ્યીનની ગણના સોવિયેત સંઘના સાચી સાહિત્યિક પ્રતિભા ધરાવતા લેખક તરીકે કરી. ઇલ્યીનની કૃતિઓની સરળ શૈલીને નોંધપાત્ર લેખીને અખબારે વધુમાં લખ્યું કે એ કૃતિઓ લેખકની મહાન સિદ્ધિ છે અને લેખકના લક્ષ્ય સાથે હંમેશાં સુસંગત રહી છે.

ઇલ્યીનની કૃતિઓએ પોતાનો સંદેશ દૂર સુદૂર ફેલાવ્યો. વિદેશી વાચકો ઇલ્યીનનું પુસ્તક ખોલે એટલે જાણે સ્તબ્ધકારી નવીનતાઓ તથા મહાન સત્યોથી ભરેલી નવી અને વિચિત્ર દુનિયાની બારી તેઓએ ખોલી હોય એવો અનુભવ કરતા. અનેક દેશોમાં તેમનાં પુસ્તકો મોટી સંખ્યામાં છપાયાં, અને એ પુસ્તકોએ લાખો લોકોને માટે સોવિયેત સંઘના જીવન વિશેના સત્યને સમજવાનું અને જોવાનું આખરે શક્ય બનાવ્યું. આ પુસ્તકે રાજ્યસંબંધો વિષયક વાટાઘાટોનાં દ્વાર ખોલ્યાં હોવાના દાખલાઓ પણ બન્યા છે.

૧૯૩૩ ના નવેમ્બરમાં 'નોર્ફોલ્ક હેદગેર ડીસપેચ' અખબારે લખ્યું કે રશિયાને સમવાયી સરકાર તરીકે સત્તાવાર સ્વીકૃતિ આપવી કે નહિ એ વિશે દલીલો ભલે ચાલતી રહે, વ્યાપારીઓએ તો રશિયાના લેખકોને સત્તાવાર સ્વીકૃતિ આપી દીધી છે, અને ઉદાહરણ છે ઇલ્યીન જેવા લેખકોનું.

પોતાની પત્ની યેલેના સેગાલના સહયોગમાં લખાયેલી તેમની કૃતિ 'મનુષ્ય વિરાટ કેમ કરી બન્યો' અને તેમની અન્ય કૃતિઓની પરદેશી ભાષાની આવૃત્તિઓની મુક્ત કંઠે પ્રશંસા કરતા અસંખ્ય લેખોના ઉતારા અમે આપી શકીએ તેમ છીએ. એવા લેખો અમેરિકાનાં, મેક્સિકોનાં, જાપાનનાં, ઇંગ્લેંડનાં, હંગેરિનાં, ઑસ્ટ્રિયાનાં અને જર્મનીનાં અખબારો-સામયિકોમાં છપાયા છે. મારી પરદેશની યાત્રાઓ દરમિયાન વિશ્વસંસ્કૃતિના ખજાનામાં સોવિયેત કલા તથા સાહિત્યના ફાળા વિશે થતી ચર્ચાઓમાં ઉલ્લેખ પામતા પ્રથમ નામોમાં માયાકોવ્સ્કી, શોલોખોવ, આઇઝેન્સ્તાઇન, ઉલાનોવા, શોસ્તાકોવિચ,

ખાચાતુર્યાન અને મૂખિનાના નામોની સાથે ઘણી વાર મિખાઈલ ઈલ્યીનના નામનો ઉલ્લેખ પણ થતો.

ઈલ્યીનની કૃતિઓ વિશે સાહિત્યવિવેચકોએ લખેલા લેખો, અખબારો-સામયિકોએ કરેલાં તેમની કૃતિઓનાં અવલોકનો, વાચકોના પત્રો અને તેમની ઘણી કૃતિઓ વિશે પ્રખ્યાત લેખકો, વૈજ્ઞાનિકો, કવિઓ તથા નાગરિક નેતાઓ સાથેની મુલાકાતોના આધારે લખવામાં આવેલા લેખોને એકત્ર કરવામાં આવે તો એક મોટો ગ્રંથ બની જાય. સંભવ છે કે એવો કોઈ ગ્રંથ ભવિષ્યમાં ક્યારેક પ્રકાશિત થાય પણ ખરો...

એમ બને તો, તેમનાં પુસ્તકો જે કંઈ કહે છે તે ઉપરાંત આપણને એક નવો પ્રેરક ગ્રંથ મળે, અને એક મહાન કલાકાર તથા વૈજ્ઞાનિક સોવિયેત લેખકના સ્પષ્ટ, સંક્ષિપ્ત અને જ્ઞાનસભર શબ્દોએ, જીવનની આપણી રીતની પ્રેરણા આપનારા વિચારો માટે બીજા દેશોમાં જવાનો માર્ગ મોકળો કરીને, આપણા જીવનના મહાન સત્યને સમગ્ર દુનિયામાં કેવી રીતે પ્રસરાવ્યું, તેનું સ્મરણ લોકોને એ ગ્રંથ કરાવતો રહે.

લેવ કસ્સીલ

વાચકોને

અમારા આ પ્રકાશનના વસ્તુ, ભાષા, રંગરૂપ તથા છપાઈ જેવા પ્રત્યેક અંગ વિશે આપના અભિપ્રાયો મેળવતાં અમને અત્યંત આનંદ થશે. નવાં પ્રકાશનો વિશે આપનાં સલાહસૂચનોનું અમારા કાર્યાલયમાં સાભાર સ્વાગત થશે.

પ્રગતિ પ્રકાશન
૨૧, ઝુબોવ્સ્કી બૂલવાર
મોસ્કો (સોવિયેત સંઘ)